
પર્યુષણ પર્વ વિશેષાંક

## જૈન સાહિત્ય ગૌરવ ગ્રંથો

# પ્રબુદ્ધ જીવન

વર્ષ-૫૭ । અંક-૮-૯ । ઓગસ્ટ-સપ્ટેમ્બર ૨૦૧૦ । પાના ૭૬ । કીમત રૂા. ૨૫



## આચમન

એક વખત એક માણસ ભગવાન બુદ્ધ પાસે આવ્યો અને પ્રશ્ન પૂછ્યો કે, 'આ કિનારા પરની માછલીઓ આપમેળે મરી ગઈ છે. મેં મારી નથી–હિંસા કરી નથી. મારાથી એ ખવાય?' ભગવાન બુદ્ધે જવાબ આપ્યો કે 'તેં માછલી મારી નથી. તેં હિંસા કરી નથી, એટલે એ આપમેળે મરી ગયેલી માછલી ખાવામાં વાંધો નથી.' થોડાં સમય પછી મહાવીર સ્વામી વિહાર કરતાં કરતાં આ જગ્યાએ આવી પહોંચ્યા, ત્યારે એ જ માણસે ભગવાન મહાવીરને એ જ પ્રશ્ન પૂછ્યો. મહાવીરે સ્પષ્ટ ભાષામાં જવાબ આપતાં કહ્યું કે તારાથી એ માછલીઓ ખવાય નહીં. પેલા માણસે પૂછ્યું 'કેમ ન ખવાય? મેં તો માછલીઓ મારી નથી, તો પછી માછલી ખાવામાં વાંધો કઈ રીતે હોઈ શકે?' ભગવાન મહાવીરે કહ્યું કે 'એક વખત તું આ માછલી ખાશે અને તેનો સ્વાદ તને ગમી જશે, તો પછી માછલી મારીને ખાવાનું મન થશે, એટલે અત્યારે ભલે તેં માછલી મારી નથી – હિંસા કરી નથી, પણ અત્યારે તારાથી માછલી ખવાય નહીં.' કેટલી સૂક્ષ્મ દૃષ્ટિ! અને સ્પષ્ટ માર્ગદર્શન!

સૌજન્ય : 'કચ્છ રચના'

## જિન-વચન

### આત્માને જીતો

पंचिदियाणि कोहं माणं मायं तहेव लोभं च।

दुज्जयं चेव अप्पाणं सव्वमप्पे जिए जियं ।।

પાંચ ઇન્દ્રિયો તથા ક્રોધ, માન, માયા અને લોભને જીતવાં કઠિન છે. આત્માને જીતવો તેથી પણ વધુ કઠિન છે; પરંતુ આત્માને જીતવાથી સર્વ જીતી લેવાય છે.

It is difficult to conquer the five senses as well as anger, pride, delusion and greed. It is even more difficult to conquer the self. Those who have conquered the self have conquered everything.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'जिन वचन'માંથી)

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ટ |
|---|---|---|---|
| (૧) | પર્યુષણ પર્વ વિશેષાંક | ડૉ. ધનવંત શાહ | ૩ |
| (૨) | ભગવતી સૂત્ર | ડૉ. પ્રવીણ સી. શાહ | ૬ |
| (૩) | આચારાંગ સૂત્ર | ડૉ. પૂર્ણિમા એસ. મહેતા | ૧૨ |
| (૪) | કર્મગ્રંથ | પ્રા. ધિરેન્દ્ર આર. મહેતા | ૧૭ |
| (૫) | 'જીવ-વિચાર પ્રકરણ' ગ્રંથ અને ડાર્વિનનો ઉત્ક્રાંતિવાદ : એક અધ્યયન | માવજી કે. સાવલા | ૨૧ |
| (૬) | ઉમાસ્વાતિજી કૃત : પ્રશમરતિ પ્રકરણ | વિજયાબેન સી. શાહ | ૨૫ |
| (૭) | 'જૈન સાહિત્ય ગૌરવ ગ્રંથ'– પ્રાપ્ત શોધ નિબંધોની યાદી | — | ૩૦ |
| (૮) | શ્રી દશવૈકાલિક સૂત્ર | ડૉ. રશ્મિભાઈ જેઠાલાલ ઝવેરી | ૩૩ |
| (૯) | જૈન ધર્મ, ભારતીય દર્શનનો અને સ્વદેશપ્રેમનો ગૌરવ-ગ્રંથ : 'જૈન ફિલૉસોફી' | ડૉ. કુમારપાળ દેસાઈ | ૩૭ |
| (૧૦) | ઉપમિતિ ભવપ્રપંચ કથા | સુમનબેન પ્રવીણચંદ્ર શાહ | ૪૧ |
| (૧૧) | વરાંગચરિત | પ્રિતેશ વિનોદભાઈ શાહ | ૪૫ |
| (૧૨) | 'યોગ બિંદુ' | રશ્મિ ભેદા | ૪૭ |
| (૧૩) | પ્રબુદ્ધ રોહિણેય | ડૉ. રૂપા ચાવડા | ૫૦ |
| (૧૪) | શ્રી શાલીભદ્ર ચરિત્રમ્ | હિંમતલાલ કોઠારી | ૫૪ |
| (૧૫) | અભિધાન ચિંતામણિ નામ માલા | પ્રા. હિતેશ જાની | ૫૮ |
| (૧૬) | પ્રારંભ : શ્રી શ્રાધ્ધ પ્રતિક્રમણ સૂત્ર | ડૉ. કવિન શાહ | ૬૩ |
| (૧૭) | ગૌતમ-પૃચ્છા | ડૉ. ધનવંતીબેન નવીનચંદ્ર મોદી | ૬૭ |
| (૧૮) | તત્ત્વાર્થ સૂત્ર | ઈલાબેન શાહ | ૭૨ |
| (૧૮) | ખજાનો કદી પૂરો નહિ થાય જો.... | અનુ. પુષ્પાબહેન પરીખ | ૫ |
| (૧૯) | પંથે પંથે પાથેય...નવકાર મંત્રમાં આસ્થા અને આત્મશક્તિનોઅનુભવ | સુધાબહેન એસ. શાહ | ૭૫ |


મુખપૃષ્ટ સૌજન્ય :

પૂ. મુનિશ્રી કુલચંદ્ર વિજયજી સંપાદિત 'સચિત્ર સરસ્વતી પ્રાસાદ' ગ્રંથ પ્રકાશન સંવત ૨૦૫૫


'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨

૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું
એટલે નવા નામે

૩. તરૂણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭

૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯–૧૯૫૩

૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૧ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૦માં 'પ્રબુદ્ધ જીવન'નો ૫૭માં વર્ષમાં પ્રવેશ

પ્રબુદ્ધ વાચકોને પ્રણામ

પૂર્વ તંત્રી મહાશયો

જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

●વર્ષ 'પ્રબુદ્ધ જીવન' : ૫૭ ● અંક : ૮-૯ ● ઑગસ્ટ-સપ્ટેમ્બર ૨૦૧૦ ● વિક્રમ સંવત ૨૦૬૬ ● વીર સંવત ૨૫૩૭ ●શ્રાવણ વદ–તિથિ-૫ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા ● ● ●

(૧૯૨૯ થી પ્રારંભ, ૮૧મા વર્ષમાં પ્રવેશ)

# પ્રબુદ્ધ જીવન

● ● વાર્ષિક લવાજમ રૂા.૧૨૫/- ● ●          ● ● છૂટક નકલ રૂા. ૨૫/- ● ●

માનદ તંત્રી : ડૉ. ધનવંત શાહ

## પર્યુષણ પર્વ વિશેષાંક

પર્યુષણ પર્વના આઠ-દસ દિવસ ધર્મ મહોત્સવના દિવસો છે. આ કર્મક્ષય કરવાના દિવસો છે. પ્રાયશ્ચિત્ત અને પશ્ચાતાપની પળોના દર્શન કરી, ક્ષમા આપી ક્ષમા માગવાના આ ધન્ય દિવસો છે. આત્મા પર આરૂઢ થઈ ગયેલા રાગ, દ્વેષ, કામ, લોભ, મોહ વગેરે પાપસ્થાનકોને જ્ઞાન, તપ અને ભક્તિથી એ બધાંને નીચે ઊતારી અને હળવેકથી એમને વિદાય કરવાના આ દિવસો છે. જેમ જેમ આ અશુદ્ધ આવરણો દૂર થતાં જશે તેમ તેમ આતમજ્યોતિ પ્રકાશિત થશે, એ અનુભૂતિ શબ્દાતિત છે. જે મહાન આત્માને આ અનુભૂતિ થાય છે એ જીવનમુક્ત બની જાય છે. સંસારમાં રહીને પણ અસંસારી બની જીવી જાય છે, સાક્ષીભાવ સ્વરૂપે.આ ભવ્ય આત્મા મોક્ષના યાત્રિ બની જાય છે.

આ શિખરે પહોંચવા માટે જ્ઞાનતપ એ એક ઉમદા તપ છે. જ્ઞાન એ માત્ર પુસ્તક નથી, જ્ઞાન એ દેવ છે, એ જ્ઞાનદેવતા છે. એનું પૂજન આંખોથી, મનથી અને ધ્યાનથી જ થાય. એટલે પર્યુષણના આ પવિત્ર દિવસોએ અમે આપની પાસે જૈન સાહિત્યના સાગરસમા જ્ઞાન ભંડારમાંથી થોડું આચમન લઈને ઉપસ્થિત થઈ રહ્યા છીએ. પ્રતિ માસે આપના કરકમળમાં થોડું ભારે, થોડું હળવું 'પ્રબુદ્ધ જીવન' આપને અર્પણ કરતા હતા એવો આ સંયુક્ત અંક નથી, પણ થોડો ભારે ભારે છે. પરંતુ આ તપના દિવસોમાં તો આત્માને ભર્યું ભર્યું કરે એવું ભવ્ય ભવ્ય જ દર્શાવાય ને!

**<u>આ સંયુક્ત અંકના સૌજન્યદાતા</u>**

**ઓગસ્ટ : શ્રી કાલીદાસ સાકળચંદ દોશી પરિવાર (પાલનપુરવાળા)**

**સપ્ટેમ્બર : શ્રી–શ્રીમતી કલ્પા હસમુખ ડી. શાહ પરિવાર**

**સ્મૃતિ–શ્રદ્ધાજલિ: દીપચંદકેશરીમલ શાહની ૧૬મી પુણ્યતિથિ પર**

આ વર્ષે પર્યુષણ પર્વ ૪ સપ્ટેમ્બરથી શરૂ થાય છે, એટલે દર મહિનાની પંદરમી તારીખે નિયમિત પ્રકાશિત થતું 'પ્રબુદ્ધ જીવન' જો ૧૫મી ઑગસ્ટે પર્યુષણ વિશેષાંક તરીકે પ્રકાશિત કરીએ તો ઘણું વહેલું થાય, અને તા. ૧૫ સપ્ટેમ્બરના આ વિશેષાંક પ્રગટ કરીએ તો ઘણું મોડું થાય, તેમ જ ચાર સપ્ટેમ્બરથી અગિયાર સપ્ટેમ્બર સુધી પર્યુષણના દિવસો હોઈ, તા. ૧૫ સપ્ટેમ્બરનો અંક પ્રકાશિત કરવો શક્ય ન બને. એટલે મધ્યમ માર્ગ પસંદ કરી તા. ૩૦ ઑગસ્ટે, ઑગસ્ટ-સપ્ટેમ્બરનો સંયુક્ત અંક પ્રકાશિત કરવો એ બધી રીતે ઉચિત લાગ્યું. પ્રસંગના વાજાં પ્રસંગે વાગે તો જ એ નાદ કર્ણપ્રિય અને મનભાવન લાગે. ચિત્ત પ્રસન્ન થાય.

આ નિર્ણય પછી માનસિક સંઘર્ષ શરૂ થયો. આ વિશેષાંકમાં શું પીરસવું? પર્યુષણ પર્વ, તીર્થંકર ભગવાનો, તપ, ધાર્મિક ક્રિયાઓ વગેરે વિશે તો ઘણું જ લખાઈ ગયું છે.

જૈન સાહિત્ય સાગર જેવું વિશાળ અને ગહન છે. ભગવાન મહાવીર પહેલાં અને પછી જૈન સાહિત્યનું સર્જન થતું જ રહ્યું છે. જ્યારે લિપિ અને લેખન કળા ન હતી ત્યારે આ સાહિત્ય ગુરુ ભગવંતો દ્વારા શ્રુત પરંપરાથી જળવાયું અને પછી આ આગમ સાહિત્ય લેખન સામગ્રી પર લિપિ બદ્ધ થયું. આ વિશે વિશેષ વિગતો આ અંકમાં અન્યત્ર છે એટલે અહીં પુનરાવર્તન નથી કરતો.

ઈ.સ.ના બારમા શતકમાં શરૂ થયેલા પ્રાચીન ગુજરાતી જૈન

સાહિત્યનો પ્રવાહ ૧૪૫૦ થી ૧૬૦૦ સુધીના દોઢસો વર્ષના ગાળામાં વધારે પુષ્ટ અને વેગવાળો બન્યો, ત્યાર પછી તે આજ સુધી પ્રતિ વર્ષે જૈન સાહિત્યનું સર્જન થતું જ રહ્યું છે. કહેવાય છે કે ભારતના જૈનોના જ્ઞાન ભંડારોમાં હજુ વીસ લાખ હસ્તપ્રતો સંશોધકોની રાહ જોતી પોતાનો શબ્દ ધબકાર કરી રહી છે. એવું મનાય છે કે વિશ્વમાં ક્યાંય ને ક્યાંય અલગ અલગ ભાષામાં પ્રતિદિન એક એક જૈન ગ્રંથનું સર્જન થઈ રહ્યું છે. જૈન સાહિત્ય એટલું સદ્‌ભાગી છે કે આ દિશામાં આ સાહિત્યની ચિંતા અને ખેવના કરનાર પૂ. મુનિ ભગવંતો, પ્રકાંડ પંડિતો, જિજ્ઞાસુઓ અને ધનપતિઓ આજે પણ એટલા જ સક્રિય છે, એ નિમિત્તે ઘણી સંસ્થાઓ કાર્યરત છે અને પ્રગતિને પંથે છે. આ સંસ્થાઓ વિશે એક દીર્ઘ ગ્રંથ લખી શકાય. જૈનોના ચતુર્વિધ સંઘે જ્ઞાનને તીર્થંકર જેટલું જ મહત્ત્વ આપી એની પૂજા કરી છે. पढमं नाणं तओ दया। પહેલાં જ્ઞાન, પછી જ દયારૂપ ધર્મ અને અનુષ્ઠાનો.

એટલે અમને પણ એવો વિચાર આવ્યો કે 'પ્રબુદ્ધ જીવન' દ્વારા અમે પણ યત્કિંચિત જ્ઞાનભાવ શાસનને અને વાચકને સમર્પીએ.

જૈન સાહિત્ય બે વિભાગમાં વિભાજિત થયેલ છે. અતિ પ્રાચીન આગમ એટલે તીર્થંકર વાણી જે શ્રુતપરંપરા પછી લિપિ બદ્ધ થયા, અને ત્યાર પછીનું આગમેતર સાહિત્ય, આ આગમેતર સાહિત્યનું સર્જન કર્યું જૈન મુનિ ભગવંતો, પ્રકાંડ પંડિતો અને શ્રાવક-શ્રાવિકાઓએ. આ સાહિત્યમાં વિવિધ વિષયો છે તો એ સાહિત્ય વિવિધ સ્વરૂપમાં પણ છે. દા. ત. કથા, રાસ, પ્રબંધ, નાટક, વ્યાકરણ, કાવ્યશાસ્ત્ર, ન્યાય, તત્ત્વજ્ઞાન વગેરે. આ સાહિત્ય માત્ર વૈરાગ્યનું સાહિત્ય નથી, વિવિધ રસોથી એ છલકાતું સાહિત્ય છે. જૈન સાહિત્ય રાજ્યાશ્રિત ન હતું, ત્યારે અને આજે પણ એ સર્જનમાં સંઘનો સાથ અને સંઘનો આ સર્જન પ્રતિ અહોભાવ, ખેવનાભાવ અને ધન્યભાવ રહ્યો છે. જૈન શાસન અને જૈન સાહિત્ય આટલું બધું સદ્‌ભાગી છે.

'પ્રબુદ્ધ જીવન'ના વાચકો જૈન છે, અને બૌદ્ધિક જૈનેતરો પણ છે. આ જૈન જિજ્ઞાસુ વાચકોને અને જૈનેતર બૌદ્ધિકોને જૈન સાહિત્યનો, એના ઊંડાણનો, એના તત્ત્વજ્ઞાનનો થોડો પરિચય થાય એવું સાહિત્ય આ અંકમાં આપવાના ભાવ અમારામાં જાગૃત થયા.

આકાશ જેવા વિશાળ અને સમુદ્ર જેટલા ગહન સાહિત્યમાંથી મોતી જેવાં થોડાં બિંદુ શોધવાનું કામ કઠિન તો હતું જ. સમય પણ થોડો હતો.પણ અમારી ટીમે નિર્ણયને કાર્યમાં પરિણત કરવાની પ્રતિજ્ઞા જ લઈ લીધી. અમારા પૂ. પુષ્પાબેન પરીખ, કોમ્પ્યુટર મુદ્રણના શ્રી જવાહરભાઈ શુક્લ અને અમારા સર્વેની વચ્ચે દોડાદોડ કરનાર કડી જેવો અમારો અશોક, બધાં કાર્યરત થયા. સૌ પ્રથમ આ ત્રિપુટી પ્રત્યે મારો આનંદ અને સંતોષ ભાવ પ્રગટ કરું છું.

શ્રી મહાવીર જૈન વિદ્યાલય દ્વારા રૂપમાણક ભંશાલી ટ્રસ્ટના સૌજન્યથી આ વર્ષના જાન્યુઆરીના અંતમાં રતલામમાં ત્રિદિવસીય વીસમા જૈન સાહિત્ય સમારોહનું આયોજન કરાયું. આ સમારોહનો વિષય હતો: **'જૈન સાહિત્ય ગૌરવ ગ્રંથ'**. લગભગ ૧૫૦ જૈન-જૈનેતર વિદ્વાનો આ સમારોહમાં પધાર્યા. ૧૧૦ જેટલાં જૈન ગ્રંથો ઉપર શોધનિબંધો પ્રાપ્ત થયા અને સર્વે વિદ્વાનોએ પોતાની સમય મર્યાદામાં રહીને એ શોધનિબંધોનું અલ્પ અલ્પ વાંચન પણ કર્યું. એક જ્ઞાન મહોત્સવનું વાતાવરણ રચાઈ ગયું, અને જૈન સાહિત્ય માટે આ એક ઐતિહાસિક ઘટના બની રહી. આ સર્વે શોધનિબંધો રૂપમાણક ભંશાલી ટ્રસ્ટના વીરતત્ત્વ પ્રકાશન મંડળ શિવપુરી દ્વારા 'જૈન ગ્રંથ નિધિ' શીર્ષકથી પ્રકાશિત થશે અને એનું સંપાદન કાર્ય જૈન ધર્મના પંડિત એલ. ડી. ઈન્સ્ટિટ્યૂટ અમદાવાદના નિયામક ડૉ. જિતેન્દ્ર શાહ કરશે.

આ બધાં શોધનિબંધો અમારી પાસે તૈયાર હતા જ. બધાં શોધનિબંધો ઉત્તમ અને સંશોધનાત્મક. આ નિબંધોની વિગતે યાદી આ અંકમાં અન્યત્ર આપી છે, જેથી જિજ્ઞાસુઓ એ મહાનુભાવોનો સંપર્ક કરી શકે. આ નિબંધમાંથી 'પ્રબુદ્ધ જીવન'ના વિશેષાંક માટે થોડાં નિબંધો પસંદ કરવાનું કામ આ લખનાર માટે ખૂબ જ સંઘર્ષમય બન્યું. જ્યાં બધું જ પસંદ હોય ત્યાં ક્યું પસંદ કરવું ? ઉપરાંત 'પ્રબુદ્ધ જીવન'ના વાંચકોને મનસમક્ષ રાખી, પૃષ્ટની મર્યાદા સ્વીકારીને આ નિબંધોની દીર્ઘતાનું સંપાદન કરવું પડે. કારણ કે અહીં તો માત્ર ગ્રંથ પરિચયનો જ અભિગમ રાખ્યો છે. એટલે વિષય અને સાહિત્ય સ્વરૂપોની દૃષ્ટિએ થોડાં નિબંધો વિચાર્યા, પરંતુ જે નિબંધોને સ્થાન ન અપાયું એ માટે પારાવાર દુઃખ અને મનોમંથન પણ અનુભવ્યું. એટલે જે અન્ય ઉત્તમ નિબંધો સમાવી નથી શકાયા એનું કારણ પૃષ્ટ મર્યાદા છે એનો સ્વીકાર કરી એ અન્ય વિદ્વાન મહાનુભાવોની હું ક્ષમા માગું છું. સાથોસાથ એ નિર્ણય પણ પ્રગટ કરું છું કે શક્ય હશે ત્યારે એ નિબંધો એની દીર્ઘતાનું સંપાદન કરીને 'પ્રબુદ્ધ જીવન'ના હવે પછીના અંકોમાં પ્રકાશિત કરીશું, જેથી 'પ્રબુદ્ધ જીવન'ના જૈન-જૈનેતર જિજ્ઞાસુ વાંચકોને જૈન સાહિત્યની વિશાળતાનો અને ગહનતાનો પરિચય થતો રહે.

અહીં પ્રસ્તુત થયેલા શોધનિબંધોની દીર્ઘતાનું સંપાદન કરતી વખતે પણ મનમાં વ્યથા તો અનુભવી જ. પ્રત્યેક નિબંધ મૂળ દશથી પંદર પાનાના છે, એ પૂરેપૂરા અક્ષરમાં પ્રગટ કરીએ તો બહુ થોડાં જ નિબંધોને સમાવી શકાય, અને વૈવિધ્યનો છેદ ઊડી જાય. ઉપરાંત 'પ્રબુદ્ધ જીવન'નો વધુ વાચકવર્ગ પંડિતવર્ગ કે એકેડેમિક વર્ગ નહિ જ, એટલે એ જિજ્ઞાસુ વર્ગને મનસમક્ષ રાખી, એમની રસ અને ગ્રાહ્યશક્તિને લક્ષમાં રાખીને આ દીર્ઘ નિબંધોની દીર્ઘતાનું સંપાદન કરતા ખૂબ મથામણ અનુભવી છે જ. અનુભવ છે કે પોતાના લેખનો

એક શબ્દ પણ કપાય તો લેખક પોતાની નસ કપાયાનું દુઃખ અનુભવે છે. મારે અનિચ્છાએ પણ આ કાર્ય કરવું પડ્યું છે. આ સર્વ વિદ્વાન લેખકોની હું ક્ષમા ચાહું છું. અહીં માત્ર ગ્રંથ પરિચય છે. એના મુખ્ય ભાવનું આચમન છે. ફૂલ નથી ફૂલની સુગંધ છે.

આ લેખો વાંચ્યા પછી જે કોઈ વાચકને એમાં ક્ષતિ જણાય અથવા શાસ્ત્રદોષ દેખાય તો એ સર્વ વિદ્વદ્જનને અમારી વિનંતી છે કે પત્ર લખીને અમને તરત જ જણાવે, જે અમે પછીના અંકમાં પ્રગટ કરીશું. જેથી શાસ્ત્ર અશુદ્ધિ કે કોઈ અસત્ય આગળ વધતાં અટકે. જ્ઞાન એ દેવતા છે. અને એ શુદ્ધ સ્વરૂપે જ દૃશ્યમાન હોવા જોઈએ.

આ સર્વ લેખોની પ્રાપ્તિ માટે પુનઃ શ્રી મહાવીર જૈન વિદ્યાલય અને રૂપ-માણક ભંશાલી ટ્રસ્ટનો અમે આભાર માનીએ છીએ.

'પ્રબુદ્ધ જીવન'ના નિયમિત વાચકો પાસે આ સંયુક્ત અંક એક વિશિષ્ટતા લઈને આવે છે એટલે પૂર્વનાં બધાં અંકોની જેમ મનગમતું કે ઝટપટ માણી શકાય એવું વાંચન આ મહાનુભાવોને નહિ મળે, ઉપરાંત નિયમિત પ્રગટ થતા વિભાગો પણ અહીં દૃશ્યમાન નહિ થાય, કારણ એ જ કે એ વિભાગો પછી તો આવવાના જ છે. પરંતુ એ સ્થાને અહીં વધુ ગ્રંથોનો પરિચય-લાભ આપી શકાય, એ ભાવ અંતરમાં રાખ્યો છે, એટલે વાચકની એ અપેક્ષા પૂર્ણ ન થઈ હોય એવું લાગે તો એ વાચક અમને ક્ષમા કરે.

આ અંકનું વાંચન બુદ્ધિરંજન, મનરંજન, ચિત્તરંજન અને ચિત્તવિકાસનું જ માત્ર વાંચન નથી, પરંતુ આગમથી અર્વાચીન સુધીની આ લઘુ શબ્દયાત્રા વાચકને આત્મિક અને આધ્યાત્મિક વિકાસના શિખર તરફ દૃષ્ટિ કરાવશે એવી શ્રદ્ધા છે.

સર્વ વાચક મહાનુભાવોને પર્યુષણ પર્વ માટે શુભ પ્રાર્થના. આ પવિત્ર દિવસોમાં કર્મક્ષયના ઉત્સવો આપ ઉજવો એવી ઊર્જા આપ સર્વેને પ્રાપ્ત થાય એવી શાસન દેવને પ્રાર્થના.

વિતેલા વર્ષ દરમિયાન અમારી લેખન ક્ષેત્રે જે કાંઈ ભૂલ થઈ હોય, પ્રગટ થયેલ સાહિત્યથી આપનું ક્યાંય મન દુભાયું હોય તો અમે અંતઃકરણ પૂર્વક આપની ક્ષમા માગીએ છીએ.

ખામેમિ સવ્વ જીવે, સવ્વે જીવા ખમંતુ મે, મિત્તિ મે સવ્વ ભૂએસુ, વેરં મજ્ઝં ન કેણઈ.

મિચ્છામિ દુક્કડમ્.

**☐ધનવંત શાહ**

drdtshah@hotmail.com

# ખજાનો કદી પૂરો નહિ થાય જો...

**☐ અનુવાદક : પુષ્પા પરીખ**

જે રોકે છે તે સડે છે, જે છોડે છે તે પામે છે. ખાબોચીયામાં પાણી સૂકાઈ જાય, ઘટી જાય અને દુષિત થાય પરંતુ વહેતા ઝરણામાં હંમેશા ગતિશીલતાની સાથે સાથે સ્વચ્છતા પણ રહે છે. નથી એ સૂકાતું કે નથી એ સડતું. એનો સ્રોત કદિ પૂર્ણ થતો નથી. જે ગતિશીલતાનો નિયમ તોડે છે, સંચય કરે છે તેને અલ્પ પ્રાપ્ત થાય છે, અક્ષય અનુદાનની પાત્રતાથી તે વંચિત રહી જાય છે.

ધરતી પોતાનું જીવનતત્ત્વ વનસ્પતિઓને નિરંતર આપે છે. આ ક્રમ અનાદિકાળથી ચાલી આવે છે. સર્વે પ્રાણી ધરતીમાંથી જ પોતાનો આહાર પ્રાપ્ત કરે છે. ધરતીનો ભંડાર કદી ખાલી થતો નથી. વનસ્પતિના સૂકા પાંદડા અને પ્રાણીઓનો મળ, ગોબર એની શક્તિને કદી ઘટવા નથી દેતા. પ્રકૃતિ એ પ્રાણીઓના દાનના બદલામાં એમને અઢળક વૈભવ આપતી જ રહી છે. સર્વેના પેટ ભરવાવાળી ધરતીએ કદી પોતાનું પેટ ખાલી હોવાની ફરિયાદ નથી કરી.

વનસ્પતિઓ પોતાની હરિયાળી અને જીવવાની શક્તિ નિરંતર પ્રાણીઓને પ્રદાન કરે છે. એમ લાગે કે એનો ભંડાર આજે નહીં તો કાલે જરૂર ખાલી થશે, પરંતુ વૃક્ષોના મૂળીયાં એટલા મજબૂત હોય છે અને ધરતીના ઊંડાણ સુધી ઘૂસી જઈને વનસ્પતિની સંપત્તિ યથાવત્ જીવંત રાખી શકે છે.

સમુદ્ર વાદળો આપે છે. વાદળોની માંગણી કદી પૂરી નથી થતી છતાં સૃષ્ટિની શરૂઆતથી આજ સુધી ચાલી આવતી આ યાચનાને કદી ઈન્કાર સાંભળવો પડ્યો નથી. નદીઓએ સમુદ્રના આંગણે પહોંચી તેનો ભંડાર ભરવાના સોગંદ લીધા અને આજ સુધી નિભાવે છે. સમુદ્ર આજ સુધી યથાવત્ છે. વાદળાંઓએ જે આપ્યું છે કે આપે છે તે નદીઓ ભરપાઈ કરે છે. તો નદીઓને ખોટ જતી હશે ! વાદળ કંઈ નદીઓ પર એટલી વર્ષા નથી કરતા કે જેથી નદી દ્વારા અપાયેલ અનુદાનનો બદલો વાળી શકે. આ ખોટને હિમાલય પરનો બરફ પૂરી કરે છે અને શાનદાર નદીઓને ખોટમાં નથી રહેવા દેતો. બરફ પીગળ્યા કરે છે અને નદીઓના પેટ ભરાતા રહે છે. તો પીગળતો હિમાલય બાંડો થઈ જતો હશે ? ના એ પણ નથી થતું, આસમાનના ખજાનામાં એટલો બરફ ભરેલો છે કે નદીઓને આપેલું અનુદાન પણ એ પૂર્ણ કરી શકે. હિમાલયના હિમ શિખરો હજારો વર્ષો પૂર્વે જેવા હતા તેથી જરાયે ઓછા નથી થયા.

જે આપ્યું તે ક્યારે પાછું આવશે તેનો હિસાબ માંડવાની જરૂર નથી. આપવાવાળાનો ખજાનો કદી ખૂટતો નથી એ ઉક્તિ પર વિશ્વાસ રાખવો જરૂરી છે. કાલે નહીં તો પરમે એક હાથે અપાયેલ અનુદાન બીજા હાથમાં આવી જ જાય છે. પાનખરમાં પાંદડાઓ જમીન પર પડતા રહે છે જેથી ભૂમિને ખોરાક મળતો રહે છે અને એની ફળદ્રુપતામાં ઘટાડો થતો નથી. પીળા પર્ણો ખર્યા નથી કે નવી કૂંપળો ફૂટવા માંડે છે અને વૃક્ષ પહેલાં કરતાં પણ અધિક હરિયાળું બની જાય છે. ફળોનો સિલસિલો પણ આજ પ્રમાણે ચાલ્યો આવે છે. તોડવાવાળા ફળ તોડવામાં કસર નથી કરતા પરંતુ તેમાં વૃક્ષ કંઈ ગુમાવતું નથી. વર્ષમાં બે વાર વૃક્ષ પર ફળ બેસે છે અને કોઈ ખોટ પડતી નથી. ઉન આપનાર ઘેટાંઓનું પણ એવું જ છે. બાળકોના ગરમ કપડાં બનાવવા કે સ્વેટર બનાવવા ઘેટાંઓ ઉન આપ્યા જ કરે છે અને નવું ઉન ઉગ્યા કરે છે. પૂરી ઉંમર એ આપ્યા જ કરે છે પણ કદિ ઉન વગરનું ઘેટું નજરે નથી પડતું.

✷✷✷ ('તીર્થંકરના સંકલનો'માંથી)

ફોન : ૦૨૨-૨૩૮૭૩૬૧૧

# ભગવતી સૂત્ર

□ ડૉ. પ્રવીણ સી. શાહ

*લેખક જૈન ધર્મના ઊંડા અભ્યાસી, વક્તા અને જૈન ધર્મ વિષયક ગ્રંથોના કર્તા છે. વર્ષો સુધી અમેરિકામાં વસવાટ કરી વર્તમાનમાં અમદાવાદમાં સ્થાયી થઈ વિશ્વભરમાં જૈન જ્ઞાન સાહિત્યનો પ્રચાર કરી રહ્યાં છે.*

હિંદુ દર્શનના વેદ–વેદાંત–ઉપનિષદ–પુરાણ વગેરે શાસ્ત્રોમાં પારંગત બ્રાહ્મણ પંડિતોએ જ્યારે જૈનદર્શનનું શરણું સ્વીકારી દ્વાદશાંગીના શ્રુત સાગરમાં ડોકીયું કરીને અનેક અમૂલ્ય શાસ્ત્ર પદાર્થોના મોતી જોયા ત્યારે અત્યંત પ્રભાવિત થઈ ગયા. ભલે પછી ઈન્દ્રભૂતિ ગૌતમ આદિ ધુરંધરો હોય કે નવાંગી ટીકાકાર અભયદેવસૂરિ, ભદ્રબાહુ, હરિભદ્રસૂરિ જેવા વિદ્વાન મહર્ષિઓ હોય.

હરિભદ્રસૂરિએ તો લખ્યું–

બોધાગાદ્યં સુપદ પદવી નીરપુરા ભીરામં
જીવા હિંસા વિરલ લહરિ સંગમાગાહ દેહં
ચૂલા વેલં ગુરુગમમણી સંકુલં દૂર પારં
સારંવિરાગમ જલનિધિં સાદરં સાધુ સેવે.

આજે આવા અમૂલ્ય પારસમણી જેવા એક ગ્રંથનો પરિચય આપવાનું મને સૌભાગ્ય પ્રાપ્ત થયું છે તે છે ભગવતી સૂત્ર એટલે વિવાહ પન્નતિ નામનો પાંચમો આગમ ગ્રંથ.

**આગમનો પરિચય :**

જિણંદા તેરા આગમ છે અવિકારા

આમ જૈનધર્મની જડ હોય તો તે આગમ છે. એના જ આધારે જૈનધર્મની ઈમારત આજ વર્ષોના વર્ષો પછી પણ અનેક ઝંઝાવાતો વચ્ચે ય મેરુપર્વતની જેમ અડોલપણે ખડી રહી છે. એને જૈનધર્મના પ્રાણરુપ ગણવામાં પણ કશી જ હરકત નથી. એટલે કે જેનાથી વસ્તુતત્વનો સ્પષ્ટપણે બોધ થાય તેને આગમ કહેવામાં આવે છે. શ્રી અરિહંત પ્રરુપિત અને ગણધરગુંફિત આગમો દ્વારા લોકાલોક સ્વરૂપને હાથમાં રહેલા આમળાની જેમ જાણી શકાય છે.

જેમ બ્રાહ્મણો વેદને, બૌદ્ધો ત્રિપિટકને, ખ્રિસ્તિઓ બાઈબલને, મુસ્લિમો કુરાને શરીફને અને પારસીઓ ખુર્દે અવેસ્તાને પરમ પવિત્ર ગ્રંથ ગણવાપૂર્વક પ્રમાણભૂત માને છે તેવી જ રીતે જૈન માટે આગમગ્રંથો પરમ માન્ય છે. આને પ્રવચન, શ્રુત-સૂત્ર તથા સિદ્ધાંત આદિ શબ્દથી પણ ઓળખવામાં આવે છે.

૪૫ આગમોમાં–૧૧ અંગ, ૧૨ ઉપાંગ, ૧૦ પયન્ના, ૬ છેદસૂત્રો, ૪ મૂળસૂત્ર તથા નંદીસૂત્ર અને અનુયોગદ્વાર સૂત્ર. આ રીતે ગણવામાં આવે છે.

મહર્ષિ બાલચંદ્રમુનિ સ્નાતસ્યાની થોયમાં શ્રુતજ્ઞાનની સ્તુતિ કરતા લખે છેઃ

અર્હદવક્ત્ર પ્રસ્તુતં ગણધર રચિતં દ્વાદશાંગં વિશાલમ્
ચિત્રં બહ્વર્થયુક્તં મુનિગણ ઋષભૈર્ ધારિતં બુદ્ધિ મદભિઃ
મોક્ષાગ્રદ્વાર ભૂતં વ્રતચરણ ફલં જ્ઞેય ભાવ પ્રદિપં
ભક્ત્યા નિત્યં પ્રબદ્યે શ્રુતમહમખિલં સર્વ લોકૈક સારમ્

આગમ સૂત્રો શ્રી અરિહંત (ભાવતીર્થંકર) દેવના મુખમાંથી અર્થ રુપે પ્રકટ થયેલા છે ને તે વિશાલ જૈન પ્રવચનોની સૂત્ર રુપે રચના કરનારા બીજબુદ્ધિ વગેરે લબ્ધિનિધાન શ્રી ગણધરો છે તથા અનેક અર્થોથી તે જૈન પ્રવચનો ભરેલા હોવાથી ચિત્ર (આશ્ચર્ય ઉપજાવનારા) કહેવાય છે. તેમજ મહાબુદ્ધિ વિનયાદિ સદ્ગુણી મુનિવરો જ આ શ્રી આગમજ્ઞાન વિશિષ્ટ પ્રદિપ્ત અજવાળા પાથરનાર દીપક સમાન છે, તથા તે જૈન પ્રવચનોને ભણીને કે સાંભળીને જાણનારા ભવ્ય જીવો અણુવ્રત મહાવ્રતાદિની સાત્વિકિ આરાધના રુપ ફલને પામે છે એટલે તેઓ નિયાણાંનો ત્યાગ કરીને વિધિપૂર્વક નિર્દોષ મોક્ષમાર્ગને આરાધીને સિદ્ધિપદને પામે છે કારણ કે સર્વલોકના સારરુપ છે.

જૈન આગમ સાહિત્ય પર નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણી, ટીકા, વિવરણ, વૃત્તિ, દીપિકા, અવચૂરી, અવચૂર્ણિ, વિવેચન, વ્યાખ્યા, છાયા, અક્ષરાર્થ, પંજિકા, ટબ્બા, ભાષાટીકા, વચનિકા, જેવું ઘણું સાહિત્ય પણ લખાયેલું છે. કમનસીબે તેમાંથી ઘણું જ ઓછું સાહિત્ય બચ્યું છે. આમ છતાં ઘણું સાહિત્ય ભંડારોમાં સચવાયેલું છે. જે ધીરે ધીરે વિદ્વાનોની નજરે આવતાં પ્રકાશિત થતું જાય છે.

**પંચાગીનો પરિચય :**

(૧) સૂત્ર : ગણધર ભગવન્ત, પ્રત્યેક બુદ્ધ મહાપુરુષ, ચૌદ પૂર્વધર ભગવન્ત અને દશપૂર્વધર ભગવન્ત દ્વારા રચવામાં આવેલ ગ્રંથને સૂત્ર તરીકે માનવામાં આવેલા છે.

(૨) નિર્યુક્તિ : વ્યાખ્યાત્મક સાહિત્યમાં નિર્યુક્તિનું સ્થાન મહત્ત્વનું છે. અર્થોને કોઈ એક નક્કી સૂત્રમાં બાંધ્યા હોય તેને નિર્યુક્તિ (અર્થયુક્ત સૂત્રો) કહે છે. નિર્યુક્તિ આર્યાછંદમાં એટલે પ્રાકૃત ગાથાઓમાં લખાયેલા સંક્ષિપ્ત વિવેચન છે. તેના વિષય-વસ્તુમાં અનેક કથાનકો, ઉદાહરણો અને દૃષ્ટાંતોનો સંક્ષેપમાં ઉપયોગ થયેલો છે.

(૩) ભાષ્ય સાહિત્ય : ભાષ્યસાહિત્ય પણ નિર્યુક્તિની જેમ જ સંક્ષિપ્ત ગાથાઓમાં લખાયેલું સાહિત્ય છે. ભાષ્યોની ભાષા નિર્યુક્તિની જેમ જ અર્ધમાગધી છે. અનેક જગ્યાએ માગધી અને શૌરસેનીનો પ્રયોગ થયલો છે. તેમાં મુખ્ય આર્યા છંદ છે. ભાષ્યોનો સમય સામાન્ય રીતે ઈ. સ. ની ૪થી ૫મી શતાબ્દી મનાય છે.

(૪) ચૂર્ણિસાહિત્ય : આગમ પર લખાયેલ વ્યાખ્યાસાહિત્યમાં ચૂર્ણિનું સ્થાન અગત્યનું છે. તેની રચના ગદ્યમાં છે. તેની ભાષા

સંસ્કૃત મિશ્રિત પ્રાકૃત છે. ચૂર્ણિઓમાં લૌકિક અને ધાર્મિક કથાઓ અનેક છે. તેમાં પ્રાકૃત ભાષામાં શબ્દોની ઉત્પત્તિ આપી છે. તથા સંસ્કૃત અને પ્રાકૃત પદ્યો પણ છે.

(૫) ટીકા સાહિત્ય : આગમો પર વિસ્તૃત ટીકાઓ લખાઈ છે. આગમસિદ્ધાંતને સમજવા માટે આ સાહિત્ય અગત્યનું છે. ટીકા સાહિત્ય મોટે ભાગે સંસ્કૃતમાં લખાયેલું છે. તેમાંનો કથાભાગ પ્રાકૃતમાં છે. આગમની વલભી વાચના પહેલાં ટીકા સાહિત્ય લખવામાં આવેલું.

મૂળસૂત્રની જેમજ તેની નિર્યુક્તિ-ટીકા-ચૂર્ણિ અને ભાષ્ય એ ચારેય પ્રામાણિક છે અને તેથી તેની માન્યતામાં કોઈપણ જાતનો વિવાદ ઊભો કરવો જોઈએ નહિ. આ પાંચેય મળીને પંચાગી સાહિત્ય બને છે.

મૂળસૂત્રના યથાર્થ ભાવો જાણવા માટે નિર્યુક્તિ ટીકા આદિનો સહારો લેવો જ પડે છે. તેના વગર કેટલીયે જગ્યાએ અર્થનો અનર્થ થતાં વાર નથી લાગતી. વળી સૂત્રકારની જેમ જ નિર્યુક્તિ-ટીકા-ભાષ્ય અને ચૂર્ણિના રચયિતા મહાપુરુષો પણ પ્રબળ ક્ષયોપશમવન્ત અને ભવભીરુ હતા તેથી તેમની રચનામાં કોઈ અન્યથા ભાવ થવાનો સંભવ રહેતો નથી.

**ભગવતી સૂત્રના નામો:**

ભગવતી સૂત્ર ને વિઆહપન્નત્તી કહેવાય છે. એનું સંસ્કૃતરુપ છે–વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ. પ્રશ્નોત્તરની શૈલીમાં લખાયેલ આ ગ્રંથ વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ કહેવાય છે. વ્યાખ્યાનો અર્થ છે વિવેચન કરવું અને પ્રજ્ઞપ્તિનો અર્થ છે સમજવું. જેમાં વિવેચનપૂર્વક તત્ત્વ સમજાવવામાં આવે છે તેને વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ કહેવાય છે. નંદીસૂત્રમાં ચાર પ્રજ્ઞપ્તિનો ઉલ્લેખ છે–જંબુદ્વિપપ્રજ્ઞપ્તિ, દ્વીપસાગરપ્રજ્ઞપ્તિ, ચંદ્રપ્રજ્ઞપ્તિ અને સૂર્યપ્રજ્ઞપ્તિ. જ્યારે કષાયપાહુડમાં પાંચમી વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ પણ બતાવી છે. શ્વેતાંબર સાહિત્યમાં વ્યાખ્યાપ્રજ્ઞપ્તિનો ઉલ્લેખ માત્ર દ્વાદશાંગીના પાંચમા અંગના રુપમાં જ મળે છે. અભયદેવસૂરિએ સૂત્રના પ્રારંભમાં વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ પદની વ્યાખ્યા કરી છે. એ અનુસાર પ્રસ્તુત આગમમાં ગૌતમસ્વામી ગણધરે પૂછેલા પ્રશ્નોના ઉત્તરમાં પ્રભુ મહાવીરે જે પ્રતિપાદન કર્યું તેની પ્રજ્ઞાપના છે તેથી તેનું નામ વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ છે. એમણે તેના ચાર અર્થ બીજા કર્યા છે.

૧. વ્યાખ્યા+પ્રજ્ઞા+આપ્તિ=વ્યાખ્યાપ્રજ્ઞાપ્તિ ૨. વ્યાખ્યા+પ્રજ્ઞા +આત્તિ=વ્યાખ્યાપ્રજ્ઞાત્તિ. આમાં વ્યાખ્યાની પ્રજ્ઞાથી અર્થની પ્રાપ્તિ થાય છે તેથી વ્યાખ્યાપ્રજ્ઞાપ્તિ અથવા વ્યાખ્યાપ્રજ્ઞાત્તિ એવું નામ છે. ૩. વ્યાખ્યાપ્રજ્ઞ+આપ્તિ=વ્યાખ્યાપ્રજ્ઞાપ્તિ ૪. વ્યાખ્યાપ્રજ્ઞ+ આત્તિ=વ્યાખ્યાપ્રજ્ઞાત્તિ.

વ્યાખ્યાકાર ભગવાન મહાવીર દ્વારા ગણધરોને અર્થની પ્રાપ્તિ થઈ તેની તેનું નામ વ્યાખ્યાપ્રજ્ઞાપ્તિ અથવા વ્યાખ્યાપ્રજ્ઞાત્તિ છે.

આ ચારે અર્થ બૌદ્ધિક છે. પ્રાકૃત વ્યાકરણની દૃષ્ટિથી કરવામાં આવ્યા છે.

અભયદેવસૂરિએ આ સૂત્રનું બીજું નામ વિઆહુપળ્ળત્તિની વ્યાખ્યા કરી છે.

(૧) વિ+વાદ+પ્રજ્ઞપ્તિ=વિવાદપ્રજ્ઞપ્તિ–આમાં વિવિધ અથવા વિશિષ્ટ અર્થપ્રવાહોનું પ્રજ્ઞાપન છે તેથી વિવાદપ્રજ્ઞપ્તિ કહેવાય છે.

(૧) વિ+વ્યાધ+પ્રજ્ઞપ્તિ=વિવ્યાધપ્રજ્ઞપ્તિ–આમાં બાધારહિત અર્થાત્ પ્રમાણથી અબાધિત અર્થનું નિરુપણ છે તેથી વિવ્યાધપ્રજ્ઞપ્તિ કહેવાય છે.

પ્રસ્તુત આગમનું નામ ભગવતી છે. ભગવતી એ વ્યાખ્યાપ્રજ્ઞપ્તિનું વિશેષણ હતું. પોતાની વિશિષ્ટતાને લીધે મળેલું આ વિશેષણ આગળ જતા તેનું નામ બની ગયું જે વધુ પ્રચલિત બન્યું. વળી એમ પણ કહેવાય છે કે ભગવતી એ નામ સૂત્રની પૂજ્યતાને સૂચવનારું છે. વળી ગૌતમસ્વામી અગ્નિભૂતિ-વાયુભૂતિ-મંડિતપુત્ર-માકંદીપુત્ર-રોહક-જયંતિ શ્રાવિકા-અન્યતીર્થક સ્કંદક પરિવ્રાજક વગેરેએ પૂછેલા ૩૬૦૦૦ સવાલોના જવાબો તેમાં છે તેથી તેનું ઘણું મહત્ત્વ હોવાથી આ પાંચમા અંગનું નામ ભગવતી છે.

**ભગવતીસૂત્રના રચનાકાર :**

અગિયાર ગણધર ભગવાનોના દીક્ષાપર્યાયમાં સૌથી વધારે લાંબા સમયનો દીક્ષાપર્યાય પાંચમા ગણધર ભગવાન શ્રી સુધર્માસ્વામીજીનો હતો; અને એથી જ ભગવાન શ્રી મહાવીર પરમાત્માએ, પોતાના અગિયાર ગણધરો પૈકી પાંચમા ગણધર ભગવાન શ્રી સુધર્માસ્વામીજીને, પોતાની પાટે સ્થાપિત કર્યા હતા. ભગવાન શ્રી મહાવીર પરમાત્મા નિર્વાણને પામ્યા તે સમયે, એ તારકના અગિયાર ગણધરો પૈકી માત્ર બે જ ગણધર ભગવાનો વિદ્યમાન હતા. પહેલા ગણધર ભગવાન શ્રી ગૌતમસ્વામીજી અને પાંચમા ગણધર ભગવાન શ્રી સુધર્માસ્વામીજી, એ બે સિવાયના નવેય ગણધર ભગવાનો, ભગવાન શ્રી મહાવીર પરમાત્મા નિર્વાણને પામ્યા તે પહેલાં જ નિર્વાણને પામી ચૂક્યા હતા. નિયમ એવો છે કે ગણધર ભગવાનો પોતાના નિર્વાણને પામવાના સમયથી એક મહિના પૂર્વે પાદોપગમન અનશનને સ્વીકારે છે, એટલે એ નવેય ગણધર ભગવાનોએ પાદોપગમન અનશનને સ્વીકારતાં પહેલાં, પોતપોતાનો ગણ, પાંચમા ગણધર ભગવાન શ્રી સુધર્માસ્વામીજીને સુપ્રત કર્યો હતો. ભગવાન શ્રી મહાવીર પરમાત્માના નિર્વાણ બાદ વર્ષો પહેલાં ગણધર ભગવાન શ્રી ગૌતમસ્વામીજી પણ નિર્વાણને પામ્યા છે, એટલે એ તારકે પણ નિર્વાણ પામ્યાના એક મહિના પહેલાં જ પોતાનો ગણ પાંચમા ગણધર ભગવાન શ્રી સુધર્માસ્વામીજીને સુપ્રત કર્યો હતો. આથી એમ સમજી શકાય છે કે ભગવાન શ્રી મહાવીર પરમાત્માના નિર્વાણ બાદ લગભગ બાર વર્ષે, એ તારકના પાંચમા ગણધર ભગવાન શ્રી સુધર્માસ્વામીજીની નિશ્રામાં, ભગવાન શ્રી મહાવીર પરમાત્માના શાસનના સમસ્ત મુનિગણો આવી ગયા હતા. આમ થવાથી, એ

તદ્દન જ સ્વાભાવિક છે કે પાંચમા ગણધર ભગવાન શ્રી સુધર્માસ્વામીજીએ રચેલી દ્વાદશાંગીની જ પરંપરા ચાલે તેમજ ભગવાન શ્રી મહાવીર પરમાત્માના શાસનના મુનિઓની પરંપરા પણ તેઓશ્રીની જ ગણાય.

પ્રસ્તુત આગમ દ્વાદશાંગીનું પાંચમું અંગ છે. એમાં પ્રભુ મહાવીરની વાણી સુધર્મા ગણધર દ્વારા સંકલિત છે તેથી તેના મૂળ પ્રણેતા પ્રભુ મહાવીર છે, અને રચનાકાર ગણધર સુધર્મા છે. આમાં ઘણો ભાગ નષ્ટ થઈ જવા પામ્યો છે પણ આ કાળમાં દ્વાદશાંગીના આ અંગનો જે ભાગ વિદ્યમાન છે તેના રચનાકાર સુધર્માસ્વામી જ છે. અને આ સૂત્રના વિવરણકાર (ટીકાકાર) નવઅંગી ટીકાકાર આચાર્ય અભયદેવસૂરિ છે.

અત્યાર સુધીમાં અનન્તી ઉત્સર્પિણીઓ અને અનન્તી અવસર્પિણીઓ થઈ છે તેમજ ભવિષ્યમાં અનન્તી ઉત્સર્પિણીઓ અને અનન્તી અવસર્પિણીઓ થવાની છે; એટલે અત્યાર સુધીમાં જેમ અનન્તા શ્રી તીર્થંકર ભગવંતો થયા છે અને તે તારકોના અનન્તા શ્રી ગણધર ભગવાનો થયા છે, તેમ ભવિષ્યકાળમાં પણ અનન્તા શ્રી તીર્થંકરદેવો થવાના છે અને તે તારકોના શ્રી ગણધર ભગવાનો પણ અનન્તા થવાના છે. એ થયેલા અને થનારા અનન્તા શ્રી ગણધર ભગવાનો પોતપોતાની દ્વાદશાંગીને રચે, એટલે અનન્તી દ્વાદશાંગીઓ થઈ; પણ એ દ્વાદશાંગીઓના અર્થની દૃષ્ટિએ કહીએ, તો એ અનન્તી દ્વાદશાંગીઓમાંથી એક દ્વાદશાંગીમાં પણ કશી જ ભિન્નતા હોઈ શકે નહિ. આમ અર્થની અપેક્ષાએ ભિન્નતા ન હોય. અનન્તી દ્વાદશાંગીઓમાં પણ શબ્દની અપેક્ષાએ પરસ્પર ભિન્નતા સંભવી શકે, પણ અર્થની અપેક્ષાએ તો અનન્તી દ્વાદશાંગીઓમાં પણ અભિન્નતા જ હોય.

ભગવાન શ્રી જિનેશ્વરદેવના શ્રીમુખે ઉચ્ચારાયેલ ત્રિપદીના શ્રવણથી, ગણધર ભગવંતોને ગણધર–નામકર્મનો ઉદય થાય છે અને તેઓને પોતપોતાના જ્ઞાનાવરણીય કર્મનો એવો તો સુંદર ક્ષયોપશમ થાય છે, કે જેથી તેઓને ઉત્કૃષ્ટ કોટિનું મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન પ્રાપ્ત થાય છે. ગણધર-નામકર્મનો ઉદય થવાથી અને ઉત્કૃષ્ટ મતિજ્ઞાન તથા શ્રુતજ્ઞાન પ્રાપ્ત થવાથી, શ્રી ગણધર ભગવંતો એક મુહૂર્ત માત્રમાં જ દ્વાદશાંગીની રચના કરી શકે છે.

આચાર્ય ભગવાન શ્રીમદ્ અભયદેવસૂરીશ્વરજી મહારાજાએ શ્રી ભગવતીજી સૂત્રનું આ વિવરણ લખેલું છે. શ્રી ઠાણાંગ સૂત્રથી લઈને શ્રી વિપાકસૂત્ર સુધીના નવ અંગસૂત્રોના વિવરણો આ આચાર્ય ભગવાન શ્રીમદ્ અભયદેવસૂરીશ્વરજી મહારાજાએ રચેલાં છે અને એથી જ આ મહાપુરુષ આપણા સમાજમાં નવાંગી ટીકાકાર તરીકેની ખ્યાતિને પામેલા છે.

**અભયદેવસૂરિજીની ઓળખ**

ટીકાકાર અભયદેવ વિક્રમના ૧૧મા સૈકાથી તે બારમા સૈકા સુધીમાં હયાત હતા. તેમને લગતી વિગતવાર હકીકત પ્રભાવકચરિત્રમાં અભયદેવસૂરિના પ્રબંધમાં આપેલી છે. તે મૂળ ધારાનગરીના હતા, તેમના પિતાનું નામ મહિધર અને માતાનું નામ ધનદેવી હતું. અને આ આચાર્યનું મૂળ નામ અભયકુમાર હતું. વર્ધમાનસૂરિના શિષ્ય બુદ્ધિસાગરસૂરિ અને જિનેશ્વરસૂરિ હતા. આ અભયદેવસૂરિ એ જિનેશ્વરસૂરિના શિષ્ય હતા. એ જમાનામાં આ આચાર્ય હતા તે જમાનામાં સાધુ સંસ્થા બહુ શિથિલ દશામાં હતી. ચૈત્યવાસીઓનું પ્રબળ ખૂબ હતું. ચૈત્યવાસીઓ આચારમાં એટલા બધા શિથિલ થઈ ગયા હતા કે તેઓ પગારથી નોકરી કરવાની હદ સુધી પહોંચી ગયા હતા. આ આચાર્ય અને એમના ગુરુઓ એ શિથિલતાને દૂર કરવાનો પ્રયત્ન કરતા હતા. નવઅંગ સૂત્રો ઉપર આમની ટીકાઓ વિદ્યમાન છે. ઉપરાંત એમણે પંચાશક વગેરે અનેક પ્રકરણો ઉપર વિવરણો લખેલાં છે અને બીજા કેટલાંક નવાં પ્રકરણો પણ બનાવેલાં છે. સૂત્રો ઉપરની ઘણી ખરી ટીકાઓ તેમણે પાટણમાં કરી છે તેમ તેઓ જણાવે છે. પ્રસ્તુત સૂત્રની ટીકા તેમણે ૧૧૨૮માં પાટણમાં કરી છે એમ તેઓ ટીકાને પ્રાન્તે જણાવે છે.

**ભગવતીસૂત્ર રચનાનો પ્રસંગ**

શ્રીમાન્ અભયદેવસૂરિજીના સમયમાં દુકાળના ઉપદ્રવને લીધે દેશની દુર્દશા થવા પામી અને તેથી સિદ્ધાંત તથા તેની વૃત્તિનો ઉચ્છેદ થવા લાગ્યો. તેમાંથી જે કાંઈ સૂત્રો બચી જવા પામ્યાં, તેમાં પ્રેક્ષાનિપુણ મુનિઓને પણ શબ્દાર્થ દુર્બોધ થઈ પડ્યો.

શાસ્ત્રોને અંગે આવી સ્થિતિ ઉપસ્થિત થવા પામી, તે દરમ્યાનમાં એક વાર એવું બનવા પામ્યું કે શાસનદેવી આચાર્ય શ્રી અભયદેવસૂરિજી મહારાજાની પાસે આવ્યાં.

મધ્યરાત્રિનો એ સમય હતો. મધ્યારાત્રિના સમયે પણ શ્રીમાન્ અભયદેવસૂરિજી મહારાજા તો સાવધાનપણે ધર્મધ્યાનમાં મગ્ન બનીને બેઠા હતા.

શાસનદેવીએ આવી, તેમને નમસ્કાર કરીને કહ્યું કે શ્રી શીલાંગકોટિ નામના આચાર્યશ્રીએ પૂર્વે અગિયાર અંગસૂત્રોની જે વૃત્તિઓ બનાવી હતી, તેમાંથી હાલ માત્ર બે જ અંગસૂત્રોની વૃત્તિઓ વિદ્યમાન છે અને બાકીના નવ અંગસૂત્રોની વૃત્તિઓ દુષ્કાળને અંગે વિચ્છિન્ન થઈ જવા પામી છે; આથી, શ્રીસંઘ ઉપરના અનુગ્રહને માટે તમે, જે નવ અંગસૂત્રોની વૃત્તિઓનો વિચ્છેદ થઈ જવા પામ્યો છે, તે નવ અંગસૂત્રોની વૃત્તિઓની રચના કરો!

શાસનદેવીના આવા સૂચનને સાંભળતાં, શ્રી અભયદેવસૂરિજી મહારાજા, તો આશ્ચર્યચકિત બની ગયા. નવ અંગસૂત્રોની વૃત્તિઓને રચવાની તેઓશ્રીને કદી કલ્પના પણ નહિ આવેલી. પોતે એ વાતમાં પણ શંકિત જ હતા કે મારામાં એવું સામર્થ્ય જ ક્યાં છે, કે જેથી હું નવ અંગસૂત્રોની વૃત્તિઓને રચી શકું? બીજી તરફ સૂચન શાસનદેવીનું હતું. આ કારણે શ્રીમાન અભયદેવસૂરિજીએ

મનોવ્યગ્રતા અનુભવી અને તે વ્યગ્રતાને શાસનદેવી સમક્ષ પ્રગટ કરતાં કહ્યું કે, માતા! હું તો અલ્પમતિ જડ જેવો છું. ગણધર ભગવાન શ્રી સુધર્માસ્વામીજીએ રચેલા ગ્રન્થોને યથાર્થ રુપમાં જોવા જોગી બુદ્ધિ પણ મારામાં નથી, એટલે હું તેની વૃત્તિ રચું અને મારા અજ્ઞાનપણાથી તેમાં જો કોઈ પણ ઉત્સૂત્ર મારાથી કહેવાઈ જાય, તેથી મને મહાપાપ લાગે! ઉત્સૂત્રકથન કરનારને અનંત સંસારમાં પરિભ્રમણ કરવું પડે, એવું પૂર્વાચાર્ય પરમર્ષિઓનું કથન છે. આ એક મુંઝવણ અને મારી બીજી મુંઝવણ એ છે કે તમારી વાણી પણ અલંઘનીય છે; માટે તમે જ કહો કે મારે કરવું શું?

શ્રી અભયદેવસૂરિજી મહારાજાને શાસનદેવીએ પણ સુંદર અને સચોટ જવાબ દીધો છે. શાસનદેવીએ કહ્યું કે હે સુજ્ઞશિરોમણિ! સિદ્ધાંતના અર્થની વ્યાજબી વિચારણા કરવાની તમારામાં યોગ્યતા છે, એવી મારી ખાત્રી છે. આમ છતાં પણ, જો ક્યાંક સંદેહ પડે તો તમે મને યાદ કરજો, એટલે હું તરત જ તમારી પાસે હાજર થઈશ અને તમારી સૂચવેલી સંદેહવાળી બાબત ભગવાન શ્રી સીમંધરસ્વામીજીને પૂછી આવીને તમને જણાવીશ.

શાસનદેવીએ આ પ્રમાણે ઉત્સાહ અને આશ્વાસન આપવાથી, આચાર્ય ભગવાન શ્રીમદ્ અભયદેવસૂરીશ્વરજી મહારાજાએ, શ્રી આચારાંગ અને શ્રી સૂયગડાંગ નામના બે અંગસૂત્રો સિવાયના, શ્રી ઠાણાંગસૂત્ર આદિ નવ અંગસૂત્રોની વૃત્તિઓની રચના કરવાનો સ્વીકાર કર્યો. આવા દુષ્કર કાર્યનો સ્વીકાર કરવાની સાથે, એ મહાપુરુષે એવી પણ દુષ્કર પ્રતિજ્ઞા ગ્રહણ કરી કે જ્યાં સુધી શ્રી ઠાણાંગસૂત્ર આદિ નવેય અંગસૂત્રોની વૃત્તિઓને રચવાનું કાર્ય હું પરિપૂર્ણ કરું નહિ, ત્યાં સુધી મારે હંમેશાને માટે આયંબિલ જ કરવું.

નવાંગી ટીકાકાર આચાર્ય ભગવાન શ્રીમદ્ અભયદેવસૂરીશ્વરજી મહારાજાએ, શાસનદેવીની પ્રેરણાને પામીને નવ અંગસૂત્રો ઉપરની વૃત્તિઓની રચના કરી, એવું શ્રી પ્રભાવકચરિત્રના રચયિતા આચાર્ય શ્રી પ્રભાચન્દ્રસૂરિજીએ જણાવ્યું છે.

આપણા ઉપર એ મહાપુરુષનો પણ અસાધારણ કોટિનો ઉપકાર છે. આજે આપણે આ શ્રી ભગવતીજી સૂત્રનો રસાસ્વાદ લઈ શકીએ, સૂત્રોના અર્થો કરીને રહસ્યને સમજી શકીએ છીએ, તે નવાંગી ટીકાકાર શ્રી અભયદેવસૂરીશ્વરજી મહારાજાના પુણ્યપ્રાગ્ભારનો પ્રભાવ છે. એ મહાપુરુષે શ્રી ઠાણાંગસૂત્ર આદિ નવ અંગસૂત્રો ઉપર એવી તો સરળ, સરસ અને સવિસ્તર ટીકાઓ રચી છે કે એના જ પ્રતાપે, ગણધર ભગવાન શ્રી સુધર્માસ્વામીજીએ સૂત્રોમાં ગૂંથેલી શ્રી જિનવાણીનું આપણે સુધાપાન કરી શકીએ છીએ. અગિયાર અંગસૂત્રોના શબ્દાર્થને સમજવાને માટે, શ્રી શીલાંકાચાર્ય મહારાજાની બનાવેલી શ્રી આચારાંગસૂત્ર અને શ્રી સૂયગડાંગસૂત્રની બે ટીકાએ તથા શ્રી અભયદેવસૂરિજી મહારાજાની બનાવેલી શ્રી ઠાણાંગસૂત્ર આદિ નવ અંગસૂત્રોની નવ ટીકાઓ, એ જ આપણે માટે આ કાળમાં અજોડ અને પરમ ઉપયોગી સાધન છે.

**વિષયવસ્તુ**

સમવાયાંગ અને નંદી અનુસાર પ્રસ્તુત આગમમાં ૩૬૦૦૦ પ્રશ્નોનું વ્યાકરણ છે. એમાં ચર્ચેલા વિષય સંબંધી અનેક સૂચનાઓ પ્રાપ્ત થાય છે. તેમાં સમય, પરસમય, જીવ, અજીવ, લોક અને અલોક વ્યાખ્યાન છે. સમવાયાંગ અનુસાર ગૌતમ ગણધર ઉપરાંત અનેક દેવ, દેવી, શ્રાવક-શ્રાવિકાઓએ પૂછેલ પ્રશ્નોનો તેમાં ઉલ્લેખ છે.

આ આગમનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરવાથી ખ્યાલ આવે છે કે પ્રસ્તુત આગમમાં વર્તમાન વૈજ્ઞાનિક શોધોનું પ્રકરણ કરેલું છે. પ્રસ્તુત ગ્રંથ તત્ત્વવિદ્યાનો આકારગ્રંથ છે તેમાં ચેતન-અચેતન બંને તત્ત્વોની વિશદ જાણકારી ઉપલબ્ધ છે. ટૂંકમાં વિશ્વવિદ્યાની કોઈ એવી શાખા નહીં હોય જેની આ ગ્રંથમાં પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ રીતે ચર્ચા કરી ન હોય. તત્ત્વવિદ્યાનો આટલો વિશાળ ગ્રંથ હજુ સુધી જ્ઞાત નથી. આ આગમમાં એવા સેંકડો વિષયોનું પ્રતિપાદન કરેલું છે જે બુદ્ધિ દ્વારા ગ્રાહ્ય નથી.

જ્ઞાનના સાગર એવા આ ભગવતિસૂત્રમાં જો કે ગણિતાનુયોગની પ્રધાનતા છે તો પણ દ્રવ્યાનુયોગ, ચરિતાનુયોગ અને કથાનુયોગના પાઠ પણ જોવા મળે છે. સૂત્રમાં ઉપદેશ અને સિદ્ધાંતનો સંયોગ થવાથી સૂત્ર વધારે ઉપાદેય, શ્રદ્ધેય અને પૂજ્ય બને છે.

સૂત્રમાં અસંવૃત અણગાર, સંસ્વૃત અણગાર, કર્મોના પ્રકારો, લેશ્યાઓ, જીવોની વિવિધ જાતિ, દેવગતિ અને મનુષ્યગતિનું વિસ્તૃત વિવેચન, ઈન્દ્રલોકની સભાનું વર્ણન વગેરે અનેક વિષયોની ચર્ચા કરેલી છે. વળી પ્રસ્તુત આગમમાં ગતિવિજ્ઞાન, ભાવિતાત્મા દ્વારા આકાશ ગમન, પૃથ્વી આદિ સ્થાવર જીવોના શ્વાસ-ઉચ્છ્વાસ, સાર્વભૌમ ધર્મોનું પ્રવચન, ગતિપ્રવાદ અધ્યયનની પ્રજ્ઞાપના, કૃષ્ણરાજિ, તમસ્કાય, પરમાણુની ગતિ, દૂરસંચાર આદિ અનેક મહત્ત્વપૂર્ણ પ્રકરણ છે જેનું વૈજ્ઞાનિક દૃષ્ટિથી અધ્યયન અપેક્ષિત છે.

પ્રસ્તુત આગમનો પૂર્ણ આકાર આજે ઉપલબ્ધ નથી પરંતુ જેટલો ઉપલબ્ધ છે તેમાં હજારો પ્રશ્નો ચર્ચીત થયેલા છે. ઐતિહાસિક દૃષ્ટિથી આચાર્ય મંખલિ ગોશાલ, જમાલિ, શિવરાજર્ષિ, સ્કંદક સંન્યાસી વગેરે પ્રકરણ બહુ જ મહત્ત્વપૂર્ણ છે. તત્ત્વચર્ચાની દૃષ્ટિથી જયન્તી, મદ્દુક, શ્રમણોપાસક, રોહ અણસાર, સોમિત બ્રાહ્મણ, ભગવાન પાર્શ્વના શિષ્ય કાલાસવેસિય, તુંગિયા નગરીના શ્રાવકો વગેરે પ્રકરણો પઠનીય છે. ગણિતની દૃષ્ટિએ ગાંગેય અણગારના પ્રશ્નોત્તર બહુ મુલ્યવાન છે. પ્રસ્તુત આગમમાં એવા અનેક પ્રસંગો પ્રાપ્ત થાય છે જેમાં તત્ત્વની ચર્ચાઓ કરતા જુદા જુદા ધર્મોના આચાર્યોમાં ધાર્મિક ઉદારતાનો યથાર્થ પરિચય પ્રાપ્ત થાય છે. કુણિક અને ચેટક વચ્ચેના યુદ્ધનું માર્મિક વર્ણન પણ છે.

વળી પ્રસ્તુત આગમમાં ચતુર્દશપૂર્વી દ્વારા એક વસ્તુના હજારો પ્રતિરુપોનું નિર્માણ, આદિની ચર્ચા કરેલી છે જે ઘણી મહત્ત્વપૂર્ણ છે.

પ્રસ્તુત આગમ પ્રભુ મહાવીરની તત્ત્વ વિદ્યાનું પ્રતિનિધિ સૂત્ર છે. આ આગમમાં પ્રભુ મહાવીરનું વ્યક્તિત્વ જેટલું પ્રસ્ફૂરિત થયું છે તેટલું અન્યત્ર નથી. ડૉ. વૉલ્ટર સુબ્રીમોએ પ્રસ્તુત આગમના સંદર્ભમાં ભગવાન મહાવીરને સમજાવતા માર્મિક ભાષા પ્રસ્તુત કરી છે. તેમણે લખ્યું છે કે મહાવીર એક સુવ્યવસ્થિત અને નિરૂપણના પુરસ્કર્તા છે. તેમણે પોતાના નિરૂપણમાં પ્રકૃતિમાં મળતા તત્ત્વોને સ્થાન આપ્યું છે. જેમ કે વાયુ ને અગ્નિ સંબંધી જીવોની વ્યાખ્યા, વગેરે અનેક વિષયોમાં ભગવાન મહાવીર સર્વશ્રેષ્ઠ, અસાધારણ, સર્વાધિક વિદ્વાન તરીકે ઝબકી ઉઠે છે. ડૉ. ડેલ્યુએ લખ્યું છે કે હું નિષ્કર્ષરૂપે કહેવા માંગુ છું કે પ્રસ્તુત આગમ મહાવીરના વ્યક્તિત્વને એક ચિંતક અને પ્રણેતાના રૂપમાં પ્રરૂપિત કરે છે, અને સાથે તે અદ્ભુત યુગનું પણ ચિત્રણ કરે છે કે જ્યારે ધર્મ અને દર્શનનો સર્જનાત્મક દોર ચાલી રહ્યો હતો.

ભગવતી સૂત્ર એક જ એવું આગમસૂત્ર છે જેમાં મંગલાચરણમાં નવકારમંત્ર પ્રસ્થાપિત કરી મંગલરૂપે પંચપરમેષ્ઠિ ભગવંતોને નમસ્કાર કરવામાં આવ્યા છે. પૂરા સૂત્રને માટે મંગલાચરણ કર્યા પછી પ્રથમ શતકની શરૂઆતમાં દ્વાદશાંગી રૂપ શ્રુતજ્ઞાનને નમસ્કાર કરે છે કારણ કે શ્રુતજ્ઞાન અર્હત પ્રવચન રૂપ હોવાથી માંગલિક છે. સાથે કુંભકર, બ્રહ્મશાંતિ, યક્ષ, વૈરુટ્યા વિદ્યાદેવી, અંતહુડી દેવીનો ઉલ્લેખ છે.

આ ગ્રંથમાં પ્રભુ મહાવીરે જીવ અને પુદ્ગલનું જે વિશ્લેષણ કર્યું છે તેનું વર્ણન પ્રાચીન ભારતીય ધર્મ કે દર્શન ગ્રંથોમાં અન્યત્ર જોવા મળતું નથી. પ્રસ્તુત આગમ પ્રત્યેક અધ્યેતા માટે જ્ઞાનવર્ધક, સંયમ ને સમતાની ભાવનાનું પ્રેરકસ્તોત્ર છે.

**વિભાગ–અવાંતર વિભાગ :** આ સૂત્ર હાથી સમાન બહુ વિશાળ છે. સમવાયાંગ અને નંદીસૂત્ર અનુસાર પ્રસ્તુત આગમના સૌથી અધિક અધ્યયન, દશહજાર ઉદ્દેશક અને દશહજાર સમુદ્દેશક છે. ૩૬૦૦૦ પ્રશ્ન તથા ૨ લાખ ૨૮૦૦૦ પદ સંખ્યા છે. પ્રભુ મહાવીરના નિર્વાણ પછી ૯૮૦ વર્ષે દેવર્ધિ ક્ષમાશ્રમણના આધિપત્ય નીચે આગમોને લિપિત કરવાનું મહાભારત જેવું કામ કરવામાં આવ્યું ત્યારે જુદા જુદા આગમોની જે રચના કરવામાં આવી તે અનુસાર વર્તમાન ભગવતી સૂત્ર છે. વર્તમાનમાં તેના ૧૩૮ શતક અને ૧૯૨૫ ઉદ્દેશક મળે છે. પ્રથમ ૩ શતક સ્વતંત્ર છે. ૩૩ થી ૩૯ શતક બાર-બાર શતકોનો સમવાય છે. ચાલીસમો શતક ૪૧મા શતકનો સમવાય છે. ૪૧મો શતક સ્વતંત્ર છે. કુલ ૧૩૮ શતક થાય છે તેમાંથી ૪૧ મુખ્ય અને શેષ અવાન્તર શતક છે.

પ્રસ્તુત આગમમાં અધ્યયનને શત કહેવામાં આવે છે. બન્ને પર્યાયવાચી શબ્દ છે. શતનો અર્થ સો થાય છે જેમાં સો શ્લોક અથવા પ્રશ્ન હોય તેને શતક કહેવાય છે.

**રચના શૈલી :** પ્રસ્તુત આગમમાં ૩૬૦૦૦ વ્યાકરણોનો ઉલ્લેખ છે, તેથી તેની રચના પ્રશ્નોત્તર શૈલીમાં કરવામાં આવી છે. વર્તમાન આકારમાં પણ તે પ્રશ્નોત્તર શૈલીનું આગમ છે.

પ્રશ્ન અને ઉત્તરની ભાષા સહજ અને સરળ છે. અનેક સ્થાનો પર ગદ્યકાવ્ય જેવી છટા દૃષ્ટિગોચર થાય છે. અધિકતમ પ્રશ્નોત્તર પદ્ધતિમાં પ્રત્યક્ષ શૈલીનો પ્રયોગ છે. પ્રશ્નકર્તા પ્રશ્ન પૂછે છે અને ભગવાન ઉત્તર આપે છે. ક્યાંક ક્યાંક રચનાકારે પરોક્ષ શૈલીનો ઉપયોગ કર્યો છે. ક્યાંક ક્યાંક સ્ફૂટ પ્રશ્ન છે તો ક્યાંક ક્યાંક એક જ પ્રકરણથી સંબંધિત પ્રશ્નોત્તરની શૃંખલા છે.

શતકના પ્રારંભમાં સંગ્રહણી ગાથા હોય છે જેમાં તે શતકના બધા ઉદ્દેશકોની સૂચિ મળી જાય છે. ગદ્યની મધ્યમાં પણ સંગ્રહણી ગાથા પ્રચુર રૂપમાં મળે છે. ઉદાહરણ તરીકે ચોથા શતકનું પાંચમા અને આઠમા અને છઠ્ઠા શતકનું ૧૩૨, ૧૩૪મું સૂત્ર દૃષ્ટવ્ય છે.

પ્રસ્તુત આગમના બે સંસ્કરણ મળે છે. એક સંક્ષિપ્ત સંસ્કરણ અને બીજું વિસ્તૃત સંસ્કરણ. વિસ્તૃત સંસ્કરણ સવાલાખ શ્લોક પ્રમાણે છે તેથી તેને સવાલકખી ભગવતી કહેવાય છે. બન્ને સંસ્કરણોમાં કોઈ ભૌતિક ભેદ નથી.

**ભગવતી સૂત્રના વ્યાખ્યા ગ્રંથ :**

**નિર્યુક્તિ :** પ્રસ્તુત આગમની નિર્યુક્ત વર્તમાનમાં ઉપલબ્ધ નથી. આગમ ગ્રંથોમાં નિર્યુક્તિ સ્વતંત્ર વ્યાખ્યાનગ્રંથ રૂપે હોવાનો ઉલ્લેખ છે પણ હાલ તે પ્રાપ્ત નથી. પ્રસ્તુત આગમનાં કેટલાક નિરુક્ત મળે છે. જેને નિર્યુક્તિ કહી શકાય.

**ચૂર્ણિ :** ચૂર્ણિ પણ મુદ્રિત નથી. હસ્તલિખિત મળે છે. તેની પ્રત સંખ્યા ૮૦ છે. ને ગ્રંથપ્રમાણ ૩૫૬૦ શ્લોક પ્રમાણ છે. તેના પ્રારંભમાં મંગલાચરણ નથી અને અંતમાં પ્રશસ્તિ નથી. રચનાકાર અને રચનાકાળનો કોઈ ઉલ્લેખ નથી. વિદ્વાનો અનુસાર ભગવતી ચૂર્ણિના રચનાકાર જીનદાસ મહત્તર છે.

**વૃત્તિ :** પ્રસ્તુત આગમ પર નવઅંગી ટીકાકાર અભયદેવસૂરિની વૃત્તિ ઉપલબ્ધ છે. વિક્રમ સંવત ૧૧૨૮ અણહિલપુર પાટણ નગરમાં આ વૃત્તિનું નિર્માણ થયું. તેનું ગ્રંથમાન અનુષ્ટ્પ શ્લોકના અનુપાત્ર પ્રમાણે ૧૮૬૭૯ છે. વૃત્તિનો પ્રારંભ મંગલાચરણથી કર્યો છે. આ વૃત્તિ અત્યંત વિશદ, સ્પષ્ટ તથા વિષયસ્પર્શિની હોવાથી સર્વગ્રાહ્ય છે.

વૃત્તિની પરિસમાપ્તિ પર પ્રશસ્તિના ૧૬ શ્લોક છે. તેમાં પરંપરાનો પરિચય, ગુરુ પ્રતિ કૃતજ્ઞતા, સહાયકો પ્રતિ આભાર, રચનાપૂર્તિનો કાળ તથા ગ્રંથમાનનો ઉલ્લેખ છે.

વર્તમાનમાં પંડિતરાજ બેચરદાસ દોશીએ આ સૂત્ર પર ટીકા લખી છે.

પ્રસિદ્ધ વ્યાખ્યાનકાર આચાર્ય લબ્ધિસૂરિ મહારાજે પણ આ સૂત્ર

પર વ્યાખ્યાન સંગ્રહો તૈયાર કર્યા છે.

પંડિત ભગવાનદાસ હરખચંદ દોશી પણ ભગવતી સૂત્રના અનુવાદક અને સંશોધક છે.

**ભગવતી સૂત્રના વચનામૃતના નમૂના**

આ પંચમાંગ શ્રી ભગવતીજી સૂત્રના અર્થોનું જ્ઞાનામૃતપાન, આત્માની સ્વાભાવિક એવી જે અજરામર અવસ્થા, તેને પ્રાપ્ત કરાવનાર છે. મુક્તિગામી આત્માઓ જ આનું શ્રવણ ભાવપૂર્વક કરી શકે છે.

મહા વિરાગી અને મહા ત્યાગી એવા પરમ ઉપકારી આચાર્ય ભગવાન શ્રીમદ્ અભયદેવસૂરીશ્વરજી મહારાજા સઘળાય ભગવાન શ્રી જિનેશ્વરદેવોની પ્રયત્નપૂર્વક સ્તવના કરતાં, એ તારકોને શુદ્ધ ભાવથી ઉલ્લાસપૂર્વક નમસ્કાર કરતાં, એ તારકોને માટે પંદર વિશેષણોનો ઉપયોગ કરે છે; અને એમ ભગવાનના ગુણોની સ્તવના કરવાની સાથે, આપણને પણ એ તારકોની ઓળખ કરાવે છે.

એક સ્થળે ભગવાનને તેમના મુખ્ય શિષ્ય ઈન્દ્રભૂતિ ગૌતમે પૂછ્યું કે, ગુણવંત શ્રમણ વા બ્રાહ્મણની સેવાથી શું લાભ થાય છે? ભગવાને જણાવ્યું કે હે ગૌતમ! તેમની સેવા કરવાથી આર્ય પુરુષોએ કહેલાં વચનો સાંભળવાનો લાભ થાય છે અને તેથી તેને સાંભળનારને પોતાની સ્થિતિનું ભાન થાય છે, ભાન થવાથી વિવેક પ્રાપ્ત થાય છે, વિવેકી થવાથી સ્વાર્થીપણું ઓછું થઈ ત્યાગભાવના કેળવાય છે અને તે દ્વારા સંયમ ખીલે છે અને સંયમની ખીલવણીથી દિવસે દિવસે શુદ્ધ તથા તપશ્ચર્યાપરાયણ થાય છે,તપશ્ચર્યાથી મોહમળ દૂર થાય છે અને મોહમળ દૂર થવાથી અજન્મા દશાને પામે છે.

એક સ્થળે મંડિતપુત્રના પ્રશ્નના ઉત્તરમાં ભગવાન કહે છે કે, અનાત્મભાવમાં વર્તતો આત્મા હંમેશાં કંપ્યા કરે છે, ફફડ્યા કરે છે, ક્ષોભ પામ્યા કરે છે અને તેમ કરતો તે હિંસા વગેરે અનેક જાતના આરંભમાં પડે છે. તેના તે આરંભો જીવ માત્રને ત્રાસ ઉપજાવનારા થાય છે. માટે હે મંડિતપુત્ર! આત્માએ આત્મભાવમાં સ્થિર રહેવું જોઈએ અને અનાત્મભાવ તરફ કદી પણ ન જવું જોઈએ.

આ જ પ્રમાણે આઠમા શતકના દશમા ઉદ્દેશકમાં ભગવાન કહે છે કે કોઈ મનુષ્ય, માત્ર શ્રુતસંપન્ન હોય પણ શીલસંપન્ન ન હોય તે દેશથી અંશથી વિરાધક છે. જે માત્ર શીલસંપન્ન હોય પણ શ્રુતસંપન્ન ન હોય તે દેશથી આરાધક છે, જે શ્રુત અને શીલ બંનેથી સંપન્ન હોય તે સર્વથી આરાધક છે અને જે બંને વિનાનો છે તે સર્વથા વિરાધક છે.

આ કથનમાં પ્રજ્ઞા અને આચાર બંને જીવનશુદ્ધિમાં એક સરખાં ઉપયોગી છે એમ ભગવાન બતાવે છે. પ્રજ્ઞા વિનાનો આચાર બંધનરૂપ થાય છે અને આચાર વિનાની પ્રજ્ઞા ઉચ્છૃંખલતા પોષે છે. આ જ કારણથી બુદ્ધ ભગવાને પણ બુદ્ધપદ પામતાં પહેલાં પ્રજ્ઞાપારમિતા, સત્યપારમિતા અને શીલપારમિતા કેળવી હતી.

કહેવાનું એ છે કે ભગવાન મહાવીર અને બુદ્ધ એ બંન્નેએ પોતાનાં પ્રવચનોમાં જ્ઞાન અને ક્રિયાને એકસરખું સ્થાન આપેલું છે.

ભગવાન, ગૌતમને કહે છે કે હે ગૌતમ! હાથી અને કુંથવો એ બંનેનો આત્મા એક સરખો છે. એમના એ કથનમાં નાના મોટા દરેક પ્રાણીઓ પ્રત્યે સરખો ભાવ રાખવાનો આપણને સંદેશો મળે છે.

ભગવાન મહાવીરે ધ્યેયરૂપ જીવનશુદ્ધિને ધ્યાનમાં રાખીને જ આ સૂત્રમાં સૃષ્ટિવિજ્ઞાનની ચર્ચાઓ અનેક રીતે કરેલી છે. એ બધી ચર્ચાઓ પણ પરંપરાએ જીવનશુદ્ધિની પોષક છે એમાં શક નથી, જો સમજનાર ભગવાનના મર્મને સમજી શકે તો.

એક સ્થળે પોતાના શિષ્ય રોહક અણગારને સમજાવતાં ભગવાન કહે છે કે જેમ કૂકડી અને ઈંડું એ બે વચ્ચે ક્યું કાર્ય અને ક્યું કારણ એવો ક્રમવાળો વિભાગ થઈ શકતો નથી પણ બન્નેને શાશ્વત માનવા પડે છે, તેમ લોક, અલોક, જીવ, અજીવ વગેરે ભાવોને પણ શાશ્વત માનવાના છે. એ બે વચ્ચે કશો કાર્યકારણનો ક્રમ નથી.

ભાષા-શબ્દ સ્વરુપની ચર્ચા કરતાં શબ્દોની ઉત્પત્તિ, શબ્દોનો આકાર, બોલાયેલ શબ્દ જ્યાં પર્યવસાન પામે છે તે અને શબ્દના પરમાણુઓ વગેરે વિષે વિસ્તારથી જણાવેલું છે. પન્નવણાસૂત્રમાં ભાષાના સ્વરુપને લગતું ભાષાપદ નામનું એક ૧૧મું પ્રકરણ જ છે.

વનસ્પતિ વિષે વિચાર કરતાં એક જગ્યાએ તે સૌથી ઓછો આહાર ક્યારે લે છે અને સૌથી વધારે આહાર ક્યારે લે છે? એ પ્રશ્નના ઉત્તરમાં ભગવાને જણાવેલું છે કે પ્રાવૃટ્ઋતુમાં એટલે શ્રાવણ અને ભાદરવા મહિનામાં, અને વર્ષાઋતુમાં એટલે આસો અને કારતક માસમાં વનસ્પતિ સૌથી વધારેમાં વધારે આહાર લે છે. અને પછી શરદ, હેમંત અને વસંતઋતુમાં ઓછો ઓછો આહાર લે છે. પણ સૌથી ઓછો આહાર ગ્રીષ્મઋતુમાં લે છે.

છઠ્ઠા શતકના સાતમા ઉદ્દેશકમાં ભગવાનને ગૌતમ પૂછે છે કે હે ભગવાન! કોઠામાં અને ભરેલાં અને ઉપરથી છાણથી લીપેલાં, માટી વગેરેથી ચાંદેલા એવા શાલ, ચોખા, ઘઉં તથા જવની ઉગવાની શક્તિ ક્યાં સુધી ટકી રહે? ઉત્તર આપતાં ભગવાન કહે છે કે હે ગૌતમ! ઓછામાં ઓછું અંતર્મુહૂર્ત અને વધારેમાં વધારે ત્રણ વર્ષ સુધી એ બધાં અનાજની ઉગવાની શક્તિ કાયમ રહી શકે છે.

એક સ્થળે પદાર્થોના પરસ્પરના બંધ વિષે કહેતાં ભગવાન મહાવીરે ગૌતમને કહ્યું કે બંધ બે પ્રકારના છે. જે બંધ જીવના પ્રયત્નથી થતો દેખાય છે તે પ્રયોગબંધ કહેવાય છે. જે બંધ જીવના પ્રયત્ન વગર એમને એમ થતો દેખાય તે વીસસાબંધ કહેવાય છે.

**અનેકાંતદષ્ટિ**

ભગવાને જ્યાં જ્યાં આચાર કે તત્ત્વનું પ્રતિપાદન કરેલું છે ત્યાં તેની બધી અપેક્ષાઓ સાથે વિચાર કરેલો છે એટલે કે કોઈ એક પદાર્થ તેના મૂળ દ્રવ્યની દૃષ્ટિએ અમુક જાતનો હોય છે, તેના પરિણામની દૃષ્ટિએ કોઈ જુદી જાતનો હોય છે. તે જ પ્રમાણે ક્ષેત્ર,

કાળ, ભાવ વગેરે બાજુઓ લક્ષમાં રાખીને પણ વિચાર કરવામાં આવેલો છે.

સ્કંદકના પ્રશ્નના ઉત્તરમાં ભગવાને તેને કહ્યું છે કે, લોક સાંત પણ છે, લોક અનંત પણ છે. કાળ અને ભાવથી લોક અનંત છે અને દ્રવ્ય અને ક્ષેત્રથી લોક સાંત છે. જીવ પણ દ્રવ્ય અને ક્ષેત્રથી સાંત છે અને ભાવ અને કાળથી અનંત છે.

પરમાણુને લગતો વિચાર કરતાં દ્રવ્ય દૃષ્ટિનો અને પ્રદેશ દૃષ્ટિનો ઉપયોગ કરેલો છે.

આચારની બાબતમાં સમન્વયની દૃષ્ટિ કેશી અને ગૌતમના સંવાદમાં સુપ્રસિદ્ધ છે.

**ઉપસંહાર**

સંક્ષિપ્તમાં આ ભગવતી સૂત્ર વિષે એટલું લખવાનું મન થાય છે કે આ સૂત્રમાં ચર્ચેલી જીવનશુદ્ધિ, વિશ્વવિચાર, રુઢિચ્છેદ વગેરે મીમાંસા વિષે જે કહેવામાં આવ્યું છે તે આજથી અઢીહજાર વર્ષ પહેલાના સત્યના અને જીવનશુદ્ધિના ઉપાસકોની અગાધ બુદ્ધિ અને શુદ્ધિનું ઊંડાણ બતાવવાને પૂરતું છે. ✷✷✷

**સંદર્ભ :** (૧) ઓરીજીનલ શ્રીમદ્ ભગવતી સૂત્ર : પં. ભગવાનદાસ દોશી (૨) વ્યાખ્યાનો : લબ્ધિસૂરિજી. (૩) વ્યાખ્યાનો : ધર્મસૂરિજી

૯૪, લાવણ્ય સોસાયટી, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : (૦૭૯) ૨૬૬૦૪૫૯૦ / ૨૬૬૧૨૮૬૦.

# આચારાંગ સૂત્ર

□ ડૉ. પૂર્ણિમા એસ. મહેતા

*ડૉ. પૂર્ણિમાબહેન એસ. મહેતા ગુજરાત વિદ્યાપીઠ-અમદાવાદ-ની આંતરરાષ્ટ્રીય જૈન વિદ્યા અધ્યયન કેન્દ્રના અધ્યક્ષા છે. જૈન ધર્મ ઉપરના પુસ્તકોના કર્તા છે તેમજ પીએચ.ડી.ના વિદ્યાર્થી માટે માર્ગદર્શક છે.*

**પ્રસ્તાવના**

આચાર એટલે આચરણ...વ્યવહાર. સમગ્ર વ્યવહાર જીવનનો પાયો આચરણ છે. ભારતીય ધર્મ અને દર્શન-ચિંતનમાં આચાર ઉપર ઊંડું ચિંતન કરવામાં આવ્યું છે. મનુસ્મૃતિ ગ્રંથમાં आचार प्रथमो धर्मः કહીને તમામ ધર્મોમાં પણ આચારને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. કારણ કે સમાજ, જીવન અને રાષ્ટ્રના નિર્માણમાં આચરણનો ફાળો અતિ મહત્ત્વપૂર્ણ છે.

અન્ય ધર્મો અને પરંપરાઓ કે દર્શન-તત્ત્વજ્ઞાનની જેમ જૈન પરંપરાએ પણ આચારને ચિંતનનું કેન્દ્ર બનાવ્યું છે. સમગ્ર જૈન ચિંતનના સંગ્રહરુપ જે દ્વાદશાંગી છે ગણિપિટક છે, આગમ શાસ્ત્રો છે એમાં સર્વપ્રથમ સ્થાન આચારને છે.

સમસ્ત આગમોના વિષયોને અછડતી નજરે જોઈએ તો પણ આચરણ એજ પ્રધાન વિષય અને પ્રસ્તુતિ તરીકે તરી આવે છે.

જૈન પરંપરામાં શાસ્ત્રોને આગમ શબ્દની સંજ્ઞા આપવામાં આવી છે.[૧]

આંગ ઉપસર્ગ સાથે भ्वादिगणीय गम्लृ-गतौ ધાતુથી अच प्रत्यय કરવાથી **આગમ** શબ્દની ઉત્પત્તિ થાય છે.[૨] જૈન પરંપરામાં આગમની વ્યાખ્યા અનેક રીતે કરવામાં આવી છે.

આપ્તપુરુષ પોતે જ આગમસ્વરૂપ છે.[૩]

જેનાથી અર્થનો અવબોધ થાય, જ્ઞાન થાય એ આગમ છે.[૪] આપ્તજ્ઞાની પુરુષોના વચન એ આગમ છે.

આપ્ત પુરુષોની વાણી દ્વારા જે જ્ઞાન ઉત્પન્ન થાય છે એ આગમ છે.[૫]

આપ્ત પુરુષોની વ્યાખ્યા કરતા સ્યાદ્વાદમંજરી નામના ગ્રંથમાં આચાર્ય મલ્લિષેણ કહે છે કે જેમના રાગ-દ્વેષ અને મોહનો એકાંતે અને સર્વથા ક્ષય થયો હોય તે આપ્ત છે.[૬]

આવા આપ્તજનોની વાણી એજ આગમ છે.[૭]

જોકે આપ્તજનોની શ્રેણિમાં તીર્થંકર, ગણધર, ચતુર્દશપૂર્વધર અને પ્રત્યેક બુદ્ધનો સમાવેશ કરવામાં આવ્યો છે.[૮]

આગમ એજ શ્રુત છે, સમયક્જ્ઞાન છે. આચાર્ય ઉમાસ્વાતિએ પણ આગમ શબ્દને શ્રુતના પર્યાયવાચી તરીકે સ્વીકાર્યો છે.[૧૦]

જૈન પરંપરામાં આગમોની સંખ્યા અંગે વિવિધ માન્યતાઓ પ્રવર્તિ રહી છે. સામાન્યતયા જૈન આગમ ૪૬ ગ્રંથોમાં પ્રસરેલું હતું, જે અંગ અને ઉપાંગ સાહિત્ય તરીકે પ્રસિદ્ધ છે.[૧૧]

બીજા અર્થમાં અંગપ્રવિષ્ટ અને અંગબાહ્ય રૂપે સુપ્રતિષ્ઠિત છે. વર્તમાનમાં ૪૫ આગમો પ્રચલિત છે.[૧૨]

૧૨ અંગ, ૧૨ ઉપાંગ, ૧૦ પ્રકીર્ણક, ૬ છેદસૂત્ર અને ૬ મૂળ સૂત્ર, આમાં ૧૨ અંગોમાંનો ૧૨મો દૃષ્ટિવાદ નામનો અંગ લુપ્ત છે, નષ્ટ છે માટે ૧૧ અંગોની ગણના પ્રસિદ્ધ થઈ છે. ૧૧ અંગોના નામ આ પ્રમાણે છે.

૧. આચારાંગ, ૨. સૂયગડાંગ, ૩. ઠાણાંગ, ૪. સમવાયાંગ, ૫. વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ, ૬. જ્ઞાતાધર્મકથા, ૭. ઉપાસક દશા, ૮. અંતકૃત દશા, ૯. અનુત્તરોપપાતિક દશા, ૧૦. પ્રશ્નવ્યાકરણ, ૧૧. વિપાક સૂત્ર

એક રસપ્રદ વાત એ છે કે આ બાર અંગો જેને દ્વાદશાંગીના નામે જાણવામાં આવે છે એના આધારે શ્રુતપુરુષ-આગમ પુરુષની કલ્પના પણ કરવામાં આવી છે.[૧૩] શ્રુતપુરુષના ૧૨ અંગો આ પ્રમાણે છે.

૧ મસ્તક (માથું), ૧ ગ્રીવા (ગરદન), ૨ બાહુ, ૧ પેટ, ૨ સાથળ, ૨ જાંઘ, ૧ પીઠ અને ૨ પગ.

સામાન્ય રીતે બાર અંગોમાં પ્રથમ અંગ તરીકે આચારાંગને સ્થાન અપાયું છે. છતાંયે એકથી વધારે ઠેકાણે એ અંગે જુદો મત પણ દર્શાવ્યો છે.[૧૫]

આચાર્ય મલયગિરિની નંદવૃત્તિ અને સ્થાનાંગ સમવાયાંગની વૃત્તિમાં આચારાંગને સ્થાપનાની દૃષ્ટિથી પ્રથમ તથા રચનાની દૃષ્ટિથી બારમું અંગ માને છે.[૧૬]

જ્યારે એજ ગ્રંથોમાં સંરચના અને સ્થાપના બંને દૃષ્ટિએ આચારાંગને પ્રથમ અંગની માન્યતા પણ આપવામાં આવી છે.[૧૭]

નિર્યુક્તિકાર આચાર્ય ભદ્રબાહુસ્વામી, ચૂર્ણિકાર જિનદાસગણિ અને ટીકાકાર આચાર્ય શીલાંકના મત મુજબ ૧૨ અંગોમાં આચારાંગનો ઉપદેશ અને ગ્રંથરચના સહુપ્રથમ છે.[૧૮]

એક અત્યંત મહત્ત્વપૂર્ણ વાત તરીકે આચારાંગ સાહિત્યના ચૂર્ણિકારો અને વૃત્તિકારોના મતે તીર્થંકરો સર્વપ્રથમ આચારનો જ ઉપદેશ આપે છે અને ત્યારબાદ ક્રમિક રીતે અન્ય અંગોનું પ્રતિપાદન કરે છે.[૧૯]

શ્રુતકેવળી ભગવાન ભદ્રબાહુસ્વામી આચારાંગને દ્વાદશાંગીનો સાર કહીને મોક્ષના અવ્યાબાધ સુખની પ્રાપ્તિનું મૂળ કારણ તરીકે દર્શાવે છે.[૨૦]

આચારાંગના અધ્યયનથી જ શ્રમણધર્મનું સ્વરૂપ યથાર્થરૂપે જાણી શકાય છે. આચારાંગને ભગવાન તરીકે પણ પ્રતિષ્ઠિત કરવામાં આવ્યું છે.

નિશીથસૂત્રકારે આચારાંગના મહત્ત્વનું આકલન કરતાં કહ્યું છે કે આચારાંગના અધ્યયન કર્યા બાદ જ મુનિ અન્ય શાસ્ત્રોનું અધ્યયન કરવા માટે યોગ્ય બને છે. જો એ આચારાંગના અધ્યયન વગર અન્ય આગમોનું અવગાહન કરે છે, તો એ ચાતુર્માસિક પ્રાયશ્ચિત્તનો ભાગી બને છે.

વ્યવહાર સૂત્રમાં આચારાંગના અધ્યયનનું જે ભારપૂર્વક મહત્ત્વ બતાવાયું છે એ જોતાં આ આગમ સ્વયંમાં અત્યંત આદરણીય બની જાય છે. ત્યાં કહેવાયું છે કે તરુણ-યુવા કે વૃદ્ધ તમામ ભિક્ષુઓ-મુનિઓ માટે આનો સ્વાધ્યાય અનિવાર્ય છે. રોગી અને બિમાર કે અશક્ત મુનિએ સૂતા સૂતા પણ આનો (આચારાંગનો) સ્વાધ્યાય કરવાનો છે.[૨૩]

પરિસ્થિતિ કે સ્થિતિ ગમે તે હોય આચાર એજ અધ્યયન-ચિંતન-મનન અને અનુપ્રેક્ષાનો વિષય બને છે. કારણ કે આચરણથી જ જીવનનું નિર્માણ થાય છે, જીવનને સાચી દિશા સાંપડે છે, મર્યાદાપૂર્વકનું આચરણ એજ આચાર છે.

**આચારાંગના કર્તા**

આચારાંગના કર્તૃત્વ સંબંધમાં તેનું ઉપદ્‌ઘાતાત્મક પ્રથમ વાક્ય કંઈક પ્રકાશ પાડે છે. એ વાક્ય આ પ્રમાણે છેઃ सुयं मे आउसं ! तेणं भगवया एवमक्खायं-હે ચિરંજીવ! મેં સાંભળ્યું છે કે તે ભગવાને આમ કહ્યું છે. આ વાક્યરચના ઉપરથી એ સ્પષ્ટ છે કે કોઈ ત્રીજો પુરુષ કહી રહ્યો છે કે મેં આવું સાંભળ્યું છે કે ભગવાને આમ કહ્યું છે. આનો અર્થ એ છે કે મૂળ વક્તા ભગવાન છે. જેણે સાંભળ્યું છે તે ભગવાનનો સાક્ષાત શ્રોતા છે. અને તે જ શ્રોતા પાસેથી સાંભળીને અત્યારે જે સંભળાવી રહ્યો છે તે શ્રોતાનો શ્રોતા છે. આ પરંપરા એવી જ છે કે જેમ કોઈ એક મહાશય પ્રવચન કરતા હોય, બીજા મહાશય તે પ્રવચનને સાંભળતા હોય અને સાંભળીને તે ત્રીજા મહાશયને સંભળાવતા હોય. આમાંથી એવો ધ્વનિ નીકળે છે કે ભગવાનના મુખેથી નીકળેલા શબ્દો તો જેમ જેમ બોલાતા ગયા તેમ તેમ વિલીન થતા ગયા. ત્યારબાદ ભગવાને કહેલી વાત જણાવવાનો પ્રસંગ આવતાં સાંભળનાર મહાશય એમ કહે છે કે મેં ભગવાન પાસેથી આમ સાંભળ્યું છે. આનો અર્થ એ થયો કે લોકોની પાસે ભગવાનના પોતાના શબ્દો નથી આવતા પરંતુ કોઈ સાંભળનારાના શબ્દો આવે છે. શબ્દોનો એવો સ્વભાવ હોય છે કે તે જે રૂપે બહાર આવે છે તે જ રૂપે ક્યારેય ટકી શકતા નથી. જો તેમને તે જ રૂપમાં સુરક્ષિત રાખવાની કોઈ વિશેષ વ્યવસ્થા હોય તો જરૂર તેવું થઈ શકે છે. વર્તમાન યુગમાં આ પ્રકારના વૈજ્ઞાનિક સાધનો ઉપલબ્ધ છે. એવા સાધનો ભગવાન મહાવીરના સમયમાં વિદ્યમાન ન હતાં. આથી આપણી સામે જે શબ્દો છે તે સાક્ષાત્ ભગવાનના નહિ પરંતુ તેમના છે કે જેમણે ભગવાન પાસેથી સાંભળ્યાં છે. ભગવાનના પોતાના શબ્દો અને શ્રોતાના શબ્દોમાં શબ્દના સ્વરૂપની દૃષ્ટિએ વાસ્તવિક રીતે ઘણું અંતર છે. છતાં પણ આ શબ્દો ભગવાનના જ છે, એ પ્રકારની છાપ મનમાંથી ક્યારેય ખસી શકતી નથી. તેનું કારણ એ છે કે શબ્દયોજના ભલેને શ્રોતાની હોય, આશય તો ભગવાનનો જ છે.

**આચારાંગનો સમય**

આધુનિક વિદેશી વિદ્વાનોએ એ વાત માની છે કે ભલે દેવર્ધિએ પુસ્તક-લેખન કરીને આગમોનું સુરક્ષાકાર્ય આગળ વધાર્યું પરંતુ તેઓ, જેવું કેટલાક જૈન આચાર્યો પણ માને છે, તેમના કર્તા નથી. આગમો તો પ્રાચીન જ છે. તેઓએ તેમને અત્રતત્ર વ્યવસ્થિત કર્યાં.[૧] આગમોમાં કેટલોક અંશ પ્રક્ષિપ્ત હોઈ શકે છે પરંતુ તે પ્રક્ષેપના કારણે સમગ્ર આગમસાહિત્યનો સમય દેવર્ધિનો સમય થઈ જતો નથી. તેમાં કેટલાય અંશો એવા છે જે મૌલિક છે. આથી સમગ્ર આગમસાહિત્યનો રચનાસમય એક નથી. તે તે આગમનું પરીક્ષણ કરીને કાળનિર્ણય કરવો જરૂરી છે. સામાન્ય રીતે વિદ્વાનોએ અંગ-આગમોનો કાળ, પ્રક્ષેપો છોડીને, પાટલિપુત્રની વાચનાના કાળને માન્યો છે. પાટલિપુત્રની વાચના ભગવાન મહાવીર પછી છઠ્ઠા આચાર્ય ભદ્રબાહુના સમયમાં થઈ અને તેમનો કાળ છે ઈ. સ. પૂ. ૪થી શતાબ્દીનો બીજો દશક.[૧] ડૉ. જેકોબીએ છંદ વગેરેની દૃષ્ટિએ અધ્યયન કરીને એવો નિર્ણય કર્યો હતો કે કોઈ પણ હાલતમાં

આગમોનો પ્રાચીન અંશ ઈ. સ. પૂ. ૪થી શતાબ્દીના અંતથી માંડીને ઈ. સ. પૂ. ૩જી શતાબ્દીના પ્રારંભથી પ્રાચીન ઠરતો નથી.[૨] આમ બધી રીતે આપણે એટલું તો માની જ શકીએ કે આગમોનો પ્રાચીન અંશ ઈ. પૂર્વનો છે. તેમને દેવર્ધિના કાળ સુધી લાવી શકાશે નહિ.

**આચારાંગની ભાષા**

ભાષાની દૃષ્ટિએ તપાસતાં સમસ્ત જૈન આગમમાં શ્રીઆચારાંગની ભાષા પ્રાચીનતમ છે. પૂર્વાર્ધમાં આર્ષમાગધી (એટલે અર્ધમાગધી)નાં નામ, ક્રિયાપદ, સર્વ નામના જૂનાં રૂપો ઉત્તરાર્ધ કરતાં વધારે પ્રમાણમાં મળી આવે છે. વર્તમાન ત્રી. પુ. એ. વ. પરસ્મૈ-ત્તિ પૂર્વાર્ધમાં તિ જ રહે છે. (ઉદા. અ. ૨, ઉ. ૧. પમુચ્ચતિ) જ્યારે ઉત્તરાર્ધમાં તે ઈ તરીકે વારંવાર દેખાય છે. (ઉદા પરિત્રડઈ વગેરે વાક્યરચનામાં પણ પૂર્વાર્ધના વાક્યો સાદાં અને ટૂંકા છે. ઉતરાર્ધનાં મિશ્ર, સાલંકાર અને લાંબાં છે.[૪] આ રીતે પૂર્વાર્ધ તથા ઉતરાર્ધને વસ્તુ, શૈલી અને ભાષાની દૃષ્ટિએ તપાસતાં પૂર્વાર્ધ ઘણું જ જૂનું અને ઉત્તરાર્ધ તેની અપેક્ષાએ આધુનિક ઠરે છે. પૂર્વાર્ધ તત્ત્વજ્ઞાનનો ગ્રંથ છે, ઉત્તરાર્ધ ધાર્મિક યમોનિયમબોધક ગ્રંથ છે.

શૈલીની દૃષ્ટિએ પ્રથમ અંગ આચારાંગમાં ગદ્યાત્મક અને પદ્યાત્મક બંને પ્રકારની શૈલી છે. દ્વિતીય અંગમાં પણ આ જ પ્રકારની શૈલી છે. ત્રીજાથી માંડી અગિયારમા અંગ સુધી ગદ્યાત્મક શૈલીનો જ આધાર લેવામાં આવ્યો છે. તે બધામાં ક્યાંય એક પણ પદ્ય નથી એવું તો કહી ન શકાય, પરંતુ મુખ્યપણે તે બધાં ગદ્યમાં જ છે. તેમાં પણ જ્ઞાતાધર્મકથા વગેરેમાં તો વસુદેવહિંડી અથવા કાદંબરીની સમકક્ષ કહી શકાય તેવી ગદ્ય શૈલીનો ઉપયોગ થયો છે. આ શૈલી તેમના રચનાકાળ પર પ્રકાશ નાંખવા માટે પણ સમર્થ છે. આપણા સાહિત્યમાં પદ્ય શૈલી અતિ પ્રાચીન છે તથા કાવ્યાત્મક ગદ્ય શૈલી તેની અપેક્ષાએ અર્વાચીન છે. ગદ્ય યાદ રાખવું ઘણું મુશ્કેલ હોય છે એટલા માટે ગદ્યાત્મક ગ્રંથોનો અહીંતહીં સંગ્રહગાથાઓ આપવામાં આવે છે કે જેનાથી વિષય યાદ રાખવામાં સહાય મળે છે. જૈન ગ્રંથોને પણ આ જ વાત લાગુ પડે છે.

એ બતાવવું આવશ્યક છે કે આચારાંગસૂત્રમાં પદ્ય સંખ્યા અલ્પ નથી. પરંતુ અતિ પ્રાચીન સમયથી ચાલી આવતી આપણા પૂર્વજોની એ વિષયની અનભિજ્ઞતાને કારણે વર્તમાન સમયમાં આચારાંગનું અનેકવાર પ્રકાશન થવા છતાં પણ તેમાં ગદ્ય-પદ્ય વિભાગનું પૂર્ણપણે પૃથ્થકરણ કરી શકાયું નથી. એમ લાગે છે કે વૃત્તિકાર શીલાંકને પણ આ વિષયમાં પૂરી જાણકારી ન હતી. તેમનાથી પહેલાં વિદ્યમાન ચૂર્ણિકારોના વિષયમાં પણ આ વાત કહી શકાય છે. વર્તમાન મહાન સંશોધક શ્રી શુબ્રિંગે અતિ પરિશ્રમપૂર્વક આચાંરાંગના સમસ્ત પદ્યોનું પૃથક્કરણ કરી આપણા પર મહાન ઉપકાર કર્યો છે. ખેદ એ વાતનો છે કે આ પ્રકારનું સંસ્કરણ આપણી સમક્ષ હોવા છતાં આપણે નવીન પ્રકાશન વગરેમાં તેનો પૂરો ઉપયોગ કરી શક્યા નથી. આચારાંગના પદ્યો ત્રિષ્ટુભ, જગતી વગેરે વૈદિક પદ્યો સાથે મળતાં આવે છે.

ભાષાની દૃષ્ટિએ જોતાં આગમોની ભાષા સાધારણપણે અર્ધમાગધી કહેવાય છે. વૈયાકરણો તેને આર્ષ પ્રાકૃત કહે છે. જૈન પરંપરામાં શબ્દ અર્થાત્ ભાષાનું વિશેષ મહત્ત્વ નથી, જે કાંઈ મહત્ત્વ છે તે અર્થ અર્થાત્ ભાવનું છે. એટલા માટે જૈન શાસ્ત્રોમાં ક્યારેય ભાષા પર જોર દેવામાં આવ્યું નથી. જૈન શાસ્ત્રોમાં સ્પષ્ટ દર્શાવવામાં આવ્યું છે કે ચિત્રવિચિત્ર ભાષાઓ મનુષ્યની ચિત્તશુદ્ધિ કે આત્મવિકાસનું નિર્માણ કરતી નથી. જીવનની શુદ્ધિનું નિર્માણ તો સદ્ વિચારો દ્વારા જ થાય છે. ભાષા તો વિચારોનું વાહન એટલે કે માધ્યમ છે. આથી માધ્યમ હોવા સિવાય ભાષાનું કોઈ મૂલ્ય નથી. પરંપરાથી ચાલતું આવેલું સાહિત્ય ભાષાની દૃષ્ટિએ પરિવર્તિત થતું આવ્યું છે. આથી તેમાં પ્રાકૃત ભાષાનું એક સ્વરૂપ સ્થિર રહ્યું છે એમ કહી શકાય નહિ. એટલા માટે હેમચંદ્રે જૈન આગમોની ભાષાને આર્ષ પ્રાકૃત નામ આપ્યું છે.

**આચારાંગ ગ્રંથ કર્તાનો વિગતે પરિચય**

**આચારાંગની વાચનાઓ**

નંદિસૂત્ર અને સમવાયાંગમાં લખ્યું છે કે આચારાંગની અનેક વાચનાઓ છે. વર્તમાન સમયમાં આ બધી વાચનાઓ ઉપલબ્ધ નથી, પરંતુ શીલાંકની વૃત્તિમાં સ્વીકૃત પાઠરૂપે એક વાચના અને તેમાં નાગાર્જુનીય નામે ઉલ્લિખિત બીજી વાચના–એમ બે પ્રકારની વાચનાઓ મળે છે. નાગાર્જુનીય વાચનાના પાઠભેદો વર્તમાન પાઠો કરતાં અત્યંત વિલક્ષણ છે.

**આચારાંગસૂત્રનો વિષય અને વિષય નિરુપણ**

પ્રથમ આગમ આચારાંગ એક દીર્ઘકાળ મહાગ્રંથ છે જેમાં ૨ શ્રુતસ્કંધ, ૨૫ અધ્યયન, ૮૫ ઉદ્દેશનકાળ, ૮૫ સમુદ્દેશન પદોથી યુક્ત છે, તથા સંખ્યાતા અનંત ગમો અને અનંત પર્યાયોથી પરિવૃત છે.[૨૪] નંદીસૂત્ર તથા સમવાયાંગના સૂત્ર ૮૯માં આ અંગે વિશદ વિવરણ કરવામાં આવ્યું છે. જોકે સમવાયનું વિવરણ વધારે છે.[૨૫]

**આચારાંગ સૂત્રમાં બે શ્રુતસ્કંધ**

પહેલા શ્રુતસ્કંધમાં અભ્યંતર શુદ્ધિ કેમ કરાય તેના નવ અધ્યયન છે. તેથી તેને નવ બ્રહ્મચર્ય અધ્યયન પણ કહેવામાં આવે છે. બીજા શ્રુતસ્કંધમાં ૧૬ અધ્યયન છે. ઉપરોક્ત ૨૫ અધ્યયનના ૮૫ ઉદ્દેશો કહ્યા છે.

**પ્રથમ શ્રુતસ્કંધ**

| અધ્યયનનું નામ | સંક્ષિપ્ત વિષય |
|---|---|
| ૧ શસ્ત્ર પરિજ્ઞા | ષડજીવનિકાયની યતના |
| ૨ લોકવિજય | સંસારસંબંધી મમતાનો ત્યાગ |
| ૩ શીતોષ્ણીય | ઠંડી-ગરમી (અનુકુળ-પ્રતિકુળ), વગેરે પરિષહો પર વિજય |

| | |
|---|---|
| ૪ સમ્યકત્વ | તીર્થંકરના વચનમાં અચળ દૃઢ શ્રદ્ધા |
| ૫ લોકસાર | સંસારથી ઉદ્વેગ-વૈરાગ્યભાવ, કર્મોને ક્ષીણ કરવાનો ઉપાય |
| ૬ ધૂતાખ્યં | કર્મોને ક્ષીણ કરવાનો ઉપાય |
| ૭ મહાપરિજ્ઞા (વિચ્છેદ) | વૈયાવૃત્ય (સેવા)નો પ્રયત્ન |
| ૮ વિમોક્ષ | તપની વિધિ |
| ૯ ઉપધાન શ્રુત | સ્ત્રી સંગનો ત્યાગ (જ્ઞાન ભણતા) તપ |
| | **બીજો શ્રુતસ્કંધ** |
| ૧૦ પિંડેષણા | વિધિપૂર્વક ભીક્ષાગ્રહણ |
| ૧૧ શય્યા | સ્ત્રી, પશુ, વગેરે રહિત ઉપાશ્રયાદિ સ્થાનનું સેવન |
| ૧૨ ઈર્યાખ્યા | ગતિ શુદ્ધિ એટલે આવવા જવાની શુદ્ધિ |
| ૧૩ ભાષાસમિતિ | ભાષા શુદ્ધિ |
| ૧૪ વસ્ત્રૈષણા | વસ્ત્રની એષણા–વસ્ત્ર લેવાની વિધિ |
| ૧૫ પાત્રૈષણા | પાત્રની એષણા–પાત્ર |
| ૧૬ અવગ્રહ | અવગ્રહ શુદ્ધિ–આજ્ઞા |
| ૧૭ ચેષ્ટિકા | સ્થાન શુદ્ધિ-ઊભા રહેવાનો વિધિ |
| ૧૮ નિસીહો | નિષધા શુદ્ધિ-બેસવાની |
| ૧૯ ઉચ્ચાર પાસવણ | વ્યુત્સર્ગ શુદ્ધિ–લઘુ નેવડીનીતની |
| ૨૦ શબ્દ | શબ્દાસક્તિ પરિત્યાગ |
| ૨૧ રૂપાખ્યા | રૂપાસક્તિ પરિત્યાગ |
| ૨૨ પ્રક્રિયા | પરિક્રિયા વર્જન |
| ૨૩ અન્યોન્યક્રિયાખ્યા | અન્યોન્યક્રિયાવર્જન |
| ૨૪ ભાવનાખ્યા | મહાવ્રતોની દૃઢતા– ૨૫ ભાવનાનું કથન છે. |
| ૨૫ વિમુક્તિ | સર્વસંગથી વિમુક્ત– સાધુની ઉપમા આપી છે. |

સમવાયાંગ સૂત્ર મુજબ નિર્ગ્રંથ શ્રમણોનો સુપ્રશસ્ત આચાર, ગોચરી-ભિક્ષા, વિનય, વૈનયિક, સ્થાન, ગમન, ભ્રમણ, પ્રમાણ, યોગ-યોજન, ભાષા, સમિતિ, ગુપ્તિ, શય્યા, ઉપધિ, ભક્તપાન (ભોજન તથા પાણી) ઉદ્ગમવિશુદ્ધિ (આહાર સંબંધી), ઉત્પાદન વિશુદ્ધિ, એષણાવિશુદ્ધિ, શુદ્ધાશુદ્ધ ગ્રહણનો વિવેક, વ્રત, નિયમ, તપ ઉપધાન વગેરેનું નિરૂપણ છે.[૨૬]

નંદીસૂત્ર મુજબ આચારાંગમાં શ્રમણનિર્ગ્રંથના આચાર, ગોચર, વિનય, વૈનાયિક, શિક્ષા ભાષા-અભાષા, ચરણ-કરણ, યાત્રા માત્રા વૃત્તિનું આખ્યાન છે.

તત્ત્વાર્થ વાર્તિક ઉપર સિદ્ધસેનીય ટીકામાં આચારાંગને સાધુઓના આચાર સંબંધી નિયમોનો આચાર દર્શાવ્યો છે. અજિતદેવસૂરિએ આચારાંગ ઉપર જે દીપિકા ટીકા લખી છે એમાં આચારાંગમાં મોક્ષના અંગભૂત જ્ઞાન-આચારનું નિરુપણ બતાવ્યું છે.[૨૯]

પ્રથમ શ્રુતસ્કંધના અધ્યયનોમાં જ્ઞાનાચાર, દર્શનાચાર ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર ઈત્યાદિ પાંચ આચારોનું વિશદ વર્ણન કરવામાં આવ્યું છે.

નિર્યુક્તિકાર અને ટીકાકારો મુજબ પ્રથમ શ્રુતસ્કંધમાં જે વિષયો નથી કહેવાયા અથવા સંક્ષેપમાં કહેવાયા છે, એને જ બીજા શ્રુતસ્કંધમાં વિસ્તારથી કહેવામાં આવ્યા છે.

રાગ-દ્વેષ, મોહ-મમત્વ અને કષાયોનો સંપૂર્ણપણે ત્યાગ એજ મોક્ષ–મુક્તિને મેળવવામાં સક્ષમ છે. આ વાતને જુદા જુદા રૂપકો અને દાખલાથી આ આગમમાં સમજાવાઈ છે.

વીતરાગતાથી જન્મ-મરણનો ચકરાવો સદા માટે સમાપ્ત થઈ જાય છે. એ વાત પણ દર્શાવાઈ છે. આચાર ધર્મના વિવેચનની દૃષ્ટિએ આચારાંગ અત્યંત મહત્ત્વપૂર્ણ છે. અલબત્ત મોટા ભાગના આચારોનો સ્પષ્ટ સંબંધ શ્રમણજીવન સાથે છે. આચારાંગ સર્વપ્રથમ ઉપદેશ હોવાથી ભગવાન મહાવીર સમક્ષ એમના શિષ્યો–શ્રમણો હોય એ સ્વાભાવિક છે.

જોકે થોડાક ઊંડાણથી સર્વતોમુખી દૃષ્ટિએ વિચારીએ તો આચારાંગમાં ષડજીવથી બચવાની વિવેચના છે. ખાસ કરીને એની હિંસાથી વિરત થવા માટે જે ભારપૂર્વક ભલામણ છે. જાતજાતના ઉદાહરણો, તુલનાઓ અને વ્યાખ્યાઓ દ્વારા એના રક્ષણ-સંરક્ષણ માટેનો ઉપદેશ છે. એમાં પર્યાવરણ અને પ્રદૂષણથી બચવાની વાત પ્રતિધ્વનિત થાય છે. જીવમાત્રનો જીવવાનો અધિકાર પડઘાય છે.

તત્કાલીન લોકમાનસ, ખાસ કરીને ગ્રામ્ય જનપદ, જંગલના અંતરિયાળ વિસ્તારમાં રહેનારી જનજાતિઓના સ્વભાવ–વ્યવહાર અંગેની પ્રાસંગિક વાતો દ્વારા માનવ મનનો ઊંડો અભ્યાસ–વ્યવહાર કરવાની તક મળે છે.

આચારાંગના સૂત્રો અત્યંત અર્થગંભીર અને સંક્ષેપમાં છે. જોકે ચૂર્ણિ, નિર્યુક્તિ અને ટીકાઓના માધ્યમથી વિશદ વિવેચના કરવાના અનેક પ્રયત્નો થયા છે.

**એ સમયના રાજકીય અને સામાજિક સંદર્ભમાં આચારાંગ ગ્રંથની મહત્તા અને જૈન શાસનમાં તેનો પ્રભાવ**

પ્રથમ શ્રુતસ્કંધના ઉપધાનશ્રુત નામક નવમા અધ્યયનના બે ઉદ્દેશકોમાં ભગવાન મહાવીરની ચર્યાનું ઐતિહાસિક દૃષ્ટિએ અતિ મહત્ત્વપૂર્ણ વર્ણન છે. આ વર્ણન જૈન ધર્મના પાયારૂપ તથા આંતરિક અને બાહ્ય અપરિગ્રહની દૃષ્ટિએ પણ અત્યંત મહત્ત્વનું છે. વૈદિક પરંપરાના હિંસારૂપ આલંબનનો સર્વથા નિષેધ કરનાર અને અહિંસાને જ ધર્મરૂપ બતાવનાર શસ્ત્રપરિજ્ઞા નામક પ્રથમ અધ્યયન પણ ઓછા મહત્ત્વનું નથી. તેમાં હિંસારૂપ સ્નાન આદિ શૌચધર્મને પડકારવામાં આવેલ છે. સાથોસાથ જ વૈદિક અને બૌદ્ધ પરંપરાના

મુનિઓની હિંસારૂપ ચર્યા વિષયમાં પણ સ્થાને સ્થાને વિવેચન કરવામાં આવ્યું છે તથા સર્વ પ્રાણોનું હનન કરવું જોઈએ એ પ્રકારનું કથન અનાર્યોનું છે તથા કોઈ પણ પ્રાણનું હનન ન કરવું જોઈએ એ પ્રકારનું કથન આર્યોનું છે, એવા મતની પુષ્ટિ કરવામાં આવી છે. अवरेण पुव्वं न सरंति एगे, तहागया उ ઈત્યાદિ ઉલ્લેખો દ્વારા તથાગત બુદ્ધના મતનો નિર્દેશ કરવામાં આવ્યો છે. यतो वाचो निवर्तन्ते જેવાં ઉપનિષદવાક્યો સાથે મળતા सव्वे सरा नियट्टंति, तक्का जत्थ न विज्जइ ઈત્યાદિ વાક્યો દ્વારા આત્માની અગોચરતા બતાવવામાં આવી છે. અચેલક–સર્વથા નગ્ન, એકવસ્ત્રાધારી, દ્વિવસ્ત્રાધારી તથા ત્રિવસ્ત્રાધારી ભિક્ષુઓની ચર્યાસંબંધી મહત્ત્વપૂર્ણ ઉલ્લેખો પ્રથમ શ્રુતસ્કંધમાં મળે છે. આ ઉલ્લેખોમાં સચેલકતા અને અચેલકતાની સંગતિરૂપ સાપેક્ષ મર્યાદાનું પ્રતિપાદન છે. પ્રથમ શ્રુતસ્કંધમાં આવતી બધી વાતો જૈન ધર્મના ઈતિહાસની દૃષ્ટિએ, જૈન મુનિઓની ચર્યાની દૃષ્ટિએ અને સમગ્ર જૈન સંઘની અપરિગ્રહાત્મક વ્યવસ્થાની દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ છે.

**આચારાંગ ઉપર વિવેચન સાહિત્ય નિર્યુક્તિ**

આચાર્ય ભદ્રબાહુ સ્વામી દ્વારા રચિત નિર્યુક્તિ ૩૫૬ ગાથાની પ્રાકૃત ભાષામાં લખાયેલી છે. ૨૮૫ ગાથામાં પ્રથમ શ્રુતસ્કંધના સૂત્રોની વ્યાખ્યા કરવામાં આવી છે, જ્યારે બાકીની ૬૪ ગાથાઓમાં બીજા શ્રુતસ્કંધની સંક્ષિપ્ત વ્યાખ્યા કરવામાં આવી છે જે સંસ્પર્શ માત્ર છે. ૭ શ્લોકો લુપ્ત અધ્યયન મહાપરિજ્ઞા ઉપર માત્ર લખાયા છે. વિષય પ્રતિપાદન માટે દૃષ્ટાંતો, ઉદાહરણો, કથાનકો વર્ણવ્યા છે પણ ભાષા સાંકેતિક અને સંક્ષેપ હોવાના લીધે ભાષ્ય અને ટીકાની સહાયતા વગર સમજવી અઘરી છે.

**ચૂર્ણિ**

આના કર્તા જિનદાસ ગણી મહત્તર છે. આમનો સમય ઈસ્વી ૬૭૨ (અથવા ૫૭૪ ઈસ્વી)નો છે. આની ભાષા સંસ્કૃત–પ્રાકૃત મિશ્ર છે. આમાં અનેક લૌકિક–ધાર્મિક કથાઓ અને વાતોને વણી લેવાઈ છે.

ટીકા આચારાંગસૂત્ર ઉપર શીલાંકાચાર્ય (સમય ઈસ્વી ૮૭૨ અથવા ૮૬૯) ની વિસ્તૃત ટીકા છે. ટીકાનો આધાર નિર્યુક્તિ અને ચૂર્ણિ છે. જો આ ટીકાનો સહારો ના લેવાય તો નિર્યુક્તિ અને ચૂર્ણિ સમજવા અત્યંત દુરાહ છે.

આચાર્ય ગંધહસ્તિની શસ્ત્રપરિજ્ઞા ટીકા જે હાલમાં ઉપલબ્ધ છે. વિક્રમ સંવત ૧૫૭૧માં નિજહંસે ટીકા લખી હતી. લક્ષ્મીકલ્લોલ ગણી, અજિતદેવસૂરિ (વિ. સ. ૧૬૨૯) ની ટીકાઓ પણ લખાઈ છે.

આ ઉપરાંત પ્રાદેશિક ભાષાઓમાં તથા વિદેશી જર્મન અને અંગ્રેજી ભાષામાં પણ આના અનુવાદો (હિન્દી-ગુજરાતી) વિવેચનાઓ પ્રગટ થઈ છે.

સુપ્રસિદ્ધ જર્મન વિદ્વાન પ્રો. યકોબીના મંતવ્ય મુજબ ભાષા, શૈલી અને વિષયવસ્તુની દૃષ્ટિએ આચારાંગ તમામ આગમોમાં પ્રાચીન અને મહત્ત્વપૂર્ણ લાગે છે. આ ગ્રંથમાં માત્ર ભિક્ષુના આચારોનું વર્ણન મળે છે એવું નથી પણ તત્કાલીન શાસન, સમાજ, ઈતિહાસ, સંસ્કૃતિ સાથે જોડાયેલા અનેક મહત્ત્વપૂર્ણ તથ્યો ઉજાગર થાય છે.

આ સૂત્રના અધ્યયન ઉપરાંત જ સાધક શ્રમણધર્મનો જ્ઞાતા અને આચાર્યપદનો અધિકારી બને છે. (આચા. નિર્યુ. ગાથા ૧૦)

દશવૈકાલિકની રચના પહેલા શ્રમણોમાં એક પરંપરા હતી કે દીક્ષાર્થીને આચારાંગના શસ્ત્રપરિજ્ઞા (પ્રથમ અધ્યયન)નો અભ્યાસ કરાવવામાં આવતો તથા નવદીક્ષીતને આચારાંગના પિંડેષણા સંબંધી અધ્યયન પછી જ સ્વતંત્ર રૂપે ભિક્ષા લેવા જવા માટે અધિકાર અપાતો. (૪. ગાથા ૧૭૪–૧૭૬)

**ફળ શ્રુતિ (સમા લોચના)**

આચારાંગ જૈન આચાર દર્શનનો પ્રથમ અને પ્રાચીનતમ ગ્રંથ છે. આચારાંગ ક્રોધ, માન માયા અને લોભ આ ચાર કષાયો પર વિજયનો માર્ગ બતાવે છે. આચારાંગ અનુસાર આ કષાયો પર વિજયનો એક જ માર્ગ છે અને તે છે તેના પ્રતિ અપ્રમત અને જાગૃત રહેવું. આચારાંગ બહુ સ્પષ્ટ રૂપથી પ્રતિપાદિત કરે છે કે આત્મા જ્યારે વિષય-વાસનાઓ અને કષાયો પ્રતિ જાગૃત થઈ જાય છે ત્યારે તે વૃત્તિઓ એક મનના માલિકના જાગવા પર ચોર ચુપચાપ ચાલ્યો જાય તેમ ચાલી જાય છે.

આચારાંગમાં સાધના માર્ગનું વિશિષ્ટ અર્થમાં પ્રતિપાદન કરવામાં આવ્યું છે. આચારાંગ ત્રિવિધ સાધના માર્ગને પ્રસ્તુત કરે છે, તેની પોતાની એ વિશેષતા છે એમાં અહિંસા, સમાધિ અને પ્રજ્ઞાના રૂપમાં ત્રિવિધ સાધના માર્ગનું વિવેચન થયું છે.

આચારાંગના આ સાધના માર્ગ દ્વારા બૌદ્ધ ધર્મના પ્રજ્ઞા, શીલ અને સમાધિરૂપ ત્રિપથ સાધના પથનું સ્મરણ થાય છે. ફરક માત્ર એટલો છે કે જ્યાં બૌદ્ધ દર્શનમાં શીલ શબ્દનો પ્રયોગ થયો છે, ત્યાં આચારાંગમાં અહિંસા શબ્દનો પ્રયોગ થયો છે, કારણ કે આચારાંગની દૃષ્ટિમાં અહિંસા શીલનો પર્યાયવાચી શબ્દ છે.

જૈનધર્મ મૂળતઃ એક નિવૃત્તિ પ્રધાન ધર્મ છે અને આ કારણે તેમાં શ્રમણ જીવનનું મહત્ત્વપૂર્ણ સ્થાન છે. જૈન પરંપરામાં આચારના નિયમોને બે ભાગોમાં વિભાજીત કરવામાં આવે છે. (૧) શ્રમણાચાર, (૨) ગૃહસ્થાચાર. પરંતુ આચારના બંને શ્રુતસ્કંધોમાં ગૃહસ્થાચારનું વિવેચન પ્રાપ્ત થતું નથી. ગૃહસ્થાચાર સંબંધી નિયમોનો તેમાં અભાવ છે.

સમગ્રપણે આચારાંગનું અધ્યયન જીવસૃષ્ટિના તમામ જીવોની સ્વતંત્ર ચેતના, સત્તા અને અસ્તિત્વનો ભારપૂર્વક સ્વીકાર કરે છે. માટે જ કોઈપણ જીવની હિંસા કરવી, પીડા પહોંચાડવી, સંતાપ

પમાડવો – આ બધી ક્રિયાઓનો સ્પષ્ટરૂપે નિષેધ કરે છે. સાથે જ પોતાના પુરુષાર્થને પ્રગટ કરીને જાતને જ્વલંત બનાવાવની વાત કરે છે.

ષડજીવનિકાયના રક્ષણ, સંરક્ષણની વાત આજના વર્તમાન યુગમાં વકરી રહેલા પર્યાવરણ–પ્રદુષણ તથા વૈશ્વિક હવામાનની કથળતી સ્થિતિના સંદર્ભમાં અતિ મહત્ત્વની બની રહે છે.

જીવોને અભય આપીને, ભયની સંજ્ઞા દૂર કરી શકે છે. અન્યને અભય આપીને જ સ્વયં અભય બની શકાય. અન્યની સ્વતંત્ર સત્તાનો સ્વીકાર કરીને જ અદ્વેષને આરાધી શકાય અને પોતાની ચેતનાને ઉર્ધ્વારોહી બનાવીને અખેદની ભૂમિકા પામી શકાય. અભય-અદ્વેષ અને અખેદને આરાધવામાં આચારાંગનું અધ્યયન અનેક રીતે સાર્થક બને છે. આજ મોક્ષનો, મુક્તિનો માર્ગ છે. સ્વને શોધવાની કેડી છે, સ્વને પીછાણવાની પ્રક્રિયા છે અને સ્વને પામવાનો પંથ છે.

**સંદર્ભસૂચિ :**

૧ મનુસ્મૃતિ, પૃ. ૧૦૮, નિર્ણયસાગર પ્રેસ, મુંબઈ, ૧૯૪૬. ૨. जैन आगम में दर्शन, पृ. २३, जैन विश्व भारती, लाडनूं, २००५.३. વ્યવહારભાષ્ય, ગાથા-૩૧૮, સં. આચાર્ય મહાપ્રજ્ઞજી, જૈન વિશ્વભારતી સંસ્થાન લાડનૂં. ૪. आवश्यक चूर्णि, पृ. १६, (णज्जांति अत्था जेण सो आगमो), जिनदास गणि, रतलाम, १९२८.५. प्रमाणनयतत्त्वालोण, वादिदेवसूरि, ४.१, દિપચંદ બાંઠિયા, ઉજ્જૈન, ૧૯૮૯. ૬. स्याद्वादमंजरी, पृ. ७, आचार्य माल्लिषेण, अगास, १९७९.

७. अनुयोगद्वारचूर्णि, पृ. १६, जिननदासगणिमहत्तर, रतलाम, १९२८. ८. ओघनिर्युक्ति, આગમોદય પ્રકાશન સમિતિ સુરત. ૯. सुतनिपात, सूत्र-३५, अनु. ભિક્ષુવર્જ્રરત્ન, ભિક્ષુસંધરત્ન, મહાબોધિ, સારનાથ, ૧૯૫૧. ૧૦. समाष्य तत्त्वार्थसूत्रम, १-२०, आचार्य उमास्वाति, अगास, १९३२. ११. आचारांगसूत्र एक अध्ययन, पृ. ३ डॉ. परमेष्ठीदास जैन, बनारस, १९८७. १२. नंदीसूत्र, ૭૩, જૈન વિશ્વભારતી સંસ્થાન, લાડનું, ૧૯૯૭. ૧૩. નંદીચૂર્ણિ પેજ નં. ૪૯, સં. પા. મુનિશ્રી પુષ્પવિજયજી, પ્રાકૃત ટેક્સ્ટ સોસાયટી, બનારસ, ૧૯૬૬. ૧૪. એજન. ૧૫. आचारांगचूर्णि-पृ.१ जिनदासगणि, ऋषभदेवजी, केशरीमलजी श्वेताम्बर संस्था, रत्नपुर (मालवा). १६. नंदी मलयागिरिवृत्ति-पत्र शा. આચાર્ય મલયગિરિ, આગમોદય, સમિતિ, સુરત, ૧૯૧૭. ૧૭. आचारांग निर्युक्ति, ગાથા-૮, આચાર્ય ભદ્રબાહુ, આગમોદય, મુંબઈ-૧૯૨૮. ૧૮. आचारांग निर्युक्ति, गाथा-८, એજન. ૧૯. आचारांग निर्युक्ति, गाथा-८, એજન. ૨૦. आचारांग निर्युक्ति, गाथा-८, એજન. ૨૧. आचारांग निर्युक्ति, गाथा-१०४, એજન. ૨૨. निशीथ भाष्य-चूर्णिसहित, भाग ४-१९.१, કમલમુનિ, સન્મતિ, આગરા, ૧૯૬૦. ભાગ ૪-૧૯.૧. ૨૩. વ્યવહારભાષ્ય, ઉદ્દેશ-૩-વિ. ૪ ગાથા-૧૭૪ થી ૧૭૬, આચાર્ય મહાપ્રજ્ઞ, જૈન વિશ્વભારતી, લાડનૂં, ૧૯૯૬. ૨૪. जैन आगम में दर्शन, पृ. ३५, સમણી મંગલપ્રજ્ઞા, જૈન વિશ્વભારતી, લાડનૂં, ૨૦૦૫. ૨૫. સમવાય સૂત્ર–૮૯, નંદીસૂત્ર–૮૦. ૨૬. સમવાય સૂત્ર–૮૯. ૨૭. નંદીસૂત્ર–૮૦. ૨૮. તત્ત્વાર્થ સિદ્ધસેનીય ટીકા-૯૧, લાલભાઈ જૈન પુસ્તકો દ્વારકન્ડ, મુંબઈ-૧૯૮૬. ૨૯. आचारांगदीपिका पेज-१, - પૃષ્ઠ-૧૯, આગમોદય પ્રકાશન સમિતિ, સુરત. ૩૦. સમવાયાંગ સૂત્ર–૮૯. ૩૧. आचारांगभाष्य-भूमिका- પૃષ્ઠ-૧૯, આચાર્ય મહાપ્રજ્ઞ જૈન ૧૯૯૪. ૩૨. जैन आगम में दर्शन-૩૬, સમણી મંગલપ્રજ્ઞા, જૈન વિશ્વભારતી, લાડનૂં, ૨૦૦૫. ૩૩. आचारांग निर्युक्ति-૩૧-૩૨, આચાર્ય ભદ્રબાહુ, આગમોદય, સમિતિ, મુંબઈ. ૩૪. आचारांग निर्युक्ति-२८८-२९१, એજન. ૩૫. आचारांग निर्युक्ति-२९७, એજન. ૩૬. आचारांग निर्युक्ति-२९७, એજન. ૩૭. आचारांगसूत्र एक अध्ययन, पृ. २५, डॉ. परमेष्ठीदास जैन, પાર્શ્વનાથ વિદ્યાશ્રમ શોધ સંસ્થાન વારાણસી, ૧૯૮૭. ૩૮. निशीथ एक अध्ययन-पेज-१५. ३९. आचारांग एक अध्ययन-पेज-१४, डॉ.परमेठीदास जैन, पार्श्वनाथ विद्याश्रम शोध संस्थान वाराणसी, १९८७. ✷ ✷ ✷

સરનામું: ગુજરાત વિદ્યાપીઠ - અમદાવાદ-૩૮૦૦૧૪.

# કર્મગ્રંથ

☐ પ્રા. ધિરેન્દ્ર આર. મહેતા

*પ્રા. ધિરેન્દ્ર આર. મહેતા. ભાવનગર શહેરની શામળદાસ આર્ટ્સ કૉલેજમાં તત્ત્વજ્ઞાન વિષયનું શૈક્ષણિક કાર્ય છેલ્લા ૨૦ વર્ષથી કરે છે. આંતરરાષ્ટ્રીય કક્ષા સુધી ધર્મ/તત્ત્વજ્ઞાનના સેમિનારોમાં ભાગ લીધો છે.*

**૧. પ્રારંભ :**

સમગ્ર સંસારમાં કઈ વ્યક્તિ એવી છે, કે જે સુખ-શાંતિ, આનંદ અને મુક્તિ ન ઈચ્છે? એક અર્થમાં પ્રાણીમાત્ર સુખ-શાંતિ, આનંદ અને મુક્તિ ઈચ્છે છે. એનું કારણ અજ્ઞાન છે. આ પરિસ્થિતિ જીવનમાં નિર્માણ થવાનું પાયાનું કારણ કર્મ છે. સૃષ્ટિના અન્ય અટલ નિયમોની જેમ જ કર્મનો અટલ નિયમ કર્મસત્તા છે. આ નિયમ (સિદ્ધાંત) આદિકાળથી અસ્તિત્વમાં છે. તેની સત્તા આત્મા પર જબ્બર છે. અનાદિ અનંત કાળથી કર્મ સાથે જ આત્માને જન્મ-મરણના સંસાર ચક્રના પરિભ્રમણનો કોઈપણ રીતે શુદ્ધ યોગથી નાશ કરી પોતાનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ કરવું એજ બધા આત્માઓનું અંતિમ ધ્યેય છે. આ કક્ષાએ તો સદ્જ્ઞાનની પ્રાપ્તિ થાય તો જ પહોંચાય. આવા જ્ઞાનની પ્રાપ્તિમાં સરળતા તો જ રહે કે; જ્યારે કર્મનું રહસ્ય જાણીએ. આ રહસ્ય તો કર્મનું તત્ત્વજ્ઞાન જાણીને સમજીએ તો જ મળે. આ સમજ જેમાં સમજાવેલ છે એ ગ્રંથનું નામ છે કર્મગ્રંથ...!

**૧. ગ્રંથનું નામ :** કર્મગ્રંથ ભાગ ૧ થી ૬ (૧) કર્મ વિપાક (૨) કર્મસ્તવ્ (૩) બંધ સ્વામિત્વ (૪) ષડ્ શીતિ (૫) શતક (૬) સત્તરિ.

**૨. ગ્રંથના કર્તા :** શ્રીમાન શિવશર્મુસૂરીશ્વરજી મહારાજા અને પૂજ્ય શ્રી ચંદ્રર્ષિ મહત્તર

**નવ્ય ગ્રંથકર્તા :** તપાગચ્છાચાર્ય શ્રીમદ્ દેવેન્દ્ર સૂરીશ્વરજી મહારાજા

**૩. ગ્રંથની ભાષા :** મુખ્યત્વે સંસ્કૃત, પ્રાકૃત અને માર્ગધી. ઉપરાંત પ્રાદેશીક ભાષાઓ : હિન્દી, ગુર્જર (જૂની ગુજરાતી) અને કર્ણાટકી.

**૪. ગ્રંથનો રચનાકાળ :** પ્રાચીન ગ્રંથ ભાગ ૧ થી ૬ જુદા જુદા સમયે.

**નવ્ય કર્મગ્રંથ ભાગ ૧ થી ૫ :** વિક્રમી ૧૩મી સદીનો ઉત્તરાર્ધ ૧૪મી સદીનો પ્રારંભ.

**૫. ગ્રંથનો વિષય :** તત્ત્વજ્ઞાન.

**૬. વર્તમાન કાળમાં ગ્રંથના સંપાદક અને પ્રકાશક :**

૧. કર્મગ્રંથ ભાગ–૧ : સંપાદક પંડિત ભગવાનદાસ હરખચંદ – પ્રકાશક :– જૈન શ્રેયસ્કર મંડળ, મહેસાણા

૨. પંચમ શતક કર્મગ્રંથ : આચાર્ય દેવવિજયસૂર્યોદય સૂરીશ્વરજી મહારાજ. પ્રકાશક : ધર્મકૃપા ટ્રસ્ટ, ડભોઈ.

**૩. કર્મગ્રંથ ૧–૬ :** ૨૦૦૮–૯ : આચાર્યશ્રી વિજયશેખર સૂરિ. પ્રકાશક : ભારતીય પ્રાચ્યતા પ્રકાશન સમિતિ, પિંડવાડા

**૨. વિશેષ વિગત :**

**કર્તાની વિગત : (પ્રાચીન કર્મગ્રંથ) (નવ્ય કર્મગ્રંથ)**

કર્તા તપાગચ્છાચાર્ય પૂજ્ય શ્રીમાન દેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજાના જન્મ, દીક્ષા અને સુરિપદના નિશ્ચિત સમયનો નિર્દેશ ક્યાંય દૃશ્યમાન નથી, છતાં પણ તેમના ગુરુ બૃહતપાગચ્છીય પૂજ્ય શ્રીમાન જગચ્ચંદ્રસૂરીશ્વરજી મહારાજે વિક્રમ સંવત ૧૨૮૫માં તપાગચ્છની સ્થાપના કરી. ત્યારબાદના કોઈપણ સંવતમાં શ્રીમાન દેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજને દીક્ષા બાદ સુરિપદ (અર્પણ) સમર્પણ કર્યાનું અનુમાન ગુર્વાવલીમાં રહેલ સ્પષ્ટ ઉલ્લેખને આધારે કહી શકાય છે. પણ તેમણે આચાર્યપદ ગ્રહણ કર્યા પછી જે ઘટનાઓ ઘટી તેના આધારે કહી શકાય કે તેમનો વિહાર માળવા કે ગુજરાત હતો. તેથી તેઓશ્રીએ તેમના વિહાર સ્થળે પંચમહાભૂતાત્મક દેહ ધારણ કર્યો હશે એ સંભવ છે. પૂજ્ય શ્રીમાન દેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજને ગુરુ મહારાજા તરફથી અપાયેલ. આચાર્યપદની સાર્થકતા તેઓશ્રીની અસાધારણ વિદ્વતા, ચારિત્ર્યશીલતા અને ગંભીરતાના મુખ્ય ગુણોને કારણે જણાઈ આવે છે.

તેમના પ્રથમ શિષ્ય શ્રીમાન વિદ્યાનંદસૂરિજી અંગે નિર્દેશ છે કે સંવત ૧૩૦૨માં ઉજ્જયિની નગરીના શ્રેઠી શ્રી જિનચંદ્રના પુત્ર શ્રી વિરધવલને લગ્ન સમયે પ્રતિબોધ કરી તેમના પિતાશ્રીની સંમતિપૂર્વક તેમને દીક્ષા આપી હતી. ૧૯૨૩માં ગુજરાતના પ્રહ્‌લાદનપુર (પાલણપુર/પાલનપુર)માં તેઓશ્રીને સુરિપદ અર્પણ કરેલ. તેમના આ શિષ્ય શ્રીમાન વિદ્યાનંદસૂરિજી આગમના વિદ્વાન હતા એટલું જ નહિ પણ, તેઓશ્રીએ 'વિદ્યાનંદ' નામના નવીન વ્યાકરણની રચના પણ કરેલ, કે જે વ્યાકરણ આજે નામશેષ જેવું થઈ ગયું છે.

તેમના બીજા શિષ્ય ધર્મકીર્તિ ઉપાધ્યાય આચાર્યશ્રી ધર્મઘોષસૂરિજી કે, જે પ્રતિભાશીલ વિદ્વાન, વિશુદ્ધ ચારિત્ર્યશીલ અને વિશિષ્ટ પ્રભાવક પુરુષ હતા. તેમના રચેલ 'સંઘાચાર ભાષ્ય' અને 'ચમક સ્તુતિ' જેવા ગ્રંથો વિદ્યમાન છે.

શ્રીમદ્ દેવેન્દ્રસૂરિજી મહારાજ જૈનશાસ્ત્રના સંપૂર્ણ વિદ્વાન હતા તેમાં કોઈ પણ પ્રકારનો સંશય નથી કારણ કે તેમના રચેલ ગ્રંથો જ સાક્ષી રૂપે છે. જેવા કે, (૧) શ્રાદ્ધદિન કૃત્યસૂત્ર વૃત્તિ (૨) સટીક (૫) પંચ નથ્ય કર્મગ્રંથો (૩) સિદ્ધશિકા સૂત્રવૃત્તિ (૪) ધર્મરત્ન પ્રકરણ બૃહદ વૃત્તિ (૫) સુદર્શના ચરિત્ર (૬) ચૈત્યવંદનાદિ ભાષ્યત્રય (૭) સિદ્ધદંડીકા (૮) વંદારૂ વૃત્તિ (૯) સારવૃત્તિ દશા (૧૦) શ્રી વૃષભ વર્ધમાન પ્રમુખ સ્તવન 'ગુર્વાવલી'માં તેઓશ્રીની વિદ્વતા અંગે નિર્દેશ છે કે; તેઓ શ્રી ષડ્દર્શનના વિદ્વાન હતા તે કારણે જ તેઓશ્રી પંચ કર્મગ્રંથ સટીકના કર્તા બન્યા હતા. તેઓશ્રીની આ ટીકા સ્પષ્ટ, સરળ અને વિદ્વતાપૂર્ણ છે.

શ્રીમદ્ દેવેન્દ્રસૂરિજી મહારાજ ફક્ત વિદ્વાન જ ન હતા. પરંતુ તેઓશ્રી પોતાના ચારિત્ર્યમાં અતિ દૃઢ હતા, આ અંગે એટલું જ કહેવું (બસ) પર્યાપ્ત છે, કે એ સમયે સાધુભગવંતોશ્રીઓમાં ક્રિયા શિથિલતા પ્રવેશી ગયેલ; તે જોઈ તેમના ગુરુમહારાજાશ્રી તપાગચ્છાચાર્ય શ્રીમાન જયચ્ચંદ્રસૂરિજીએ અતિ સખત પુરુષાર્થ અને ત્યાગ દ્વારા ક્રિયોદ્વાર કરેલ અને તેનો નિર્વાહ શ્રીમદ્ દેવેન્દ્રસૂરિજીએ કર્યો હતો.

આ મહાન પુણ્યાત્મા શ્રીમદ્ દેવેન્દ્રસૂરિજી મહારાજાશ્રીએ પંચમહાભૂતાત્મક નશ્વર સ્થૂળ દેહત્યાગ કરી વિક્રમ સંવત ૧૩૩૭માં સ્વર્ગારોહણ કર્યું.

**૩. ગ્રંથનો વિગતે વિષય :**

**ગ્રંથનો વિષય અને તેનું (વિષય) નિરૂપણ**

● **કર્મગ્રંથ–૧–૬ કર્મવિપાક ક્રમગ્રંથ નં. ૧ :** આ ગ્રંથના નામ માત્રથી તેનો વિષય કર્મનો અર્થ કર્મના ૮ (આઠ) પ્રકારો/ભેદ–પ્રભેદ, કર્મનું સ્વરૂપ અને પ્રત્યેક કર્મ વિપાક અર્થાત્ ફળ અથવા કર્મ કેવી અસર નિપજાવી શકે? તેનું વર્ણન સદૃષ્ટાંત કર્મવિપાક નામના પ્રથમ/પહેલા/નં. ૧ કર્મગ્રંથમાં થયેલ છે.

● **કર્મસ્તવ–કર્મગ્રંથ નં. ૨ :** આ ગ્રંથના નામનો અર્થ રજૂ કરતા કહી શકાય કે, 'બંધ, ઉદીરણા અને સત્તામાં પ્રાપ્ત થયેલ કર્મનો ગુણસ્થાન દ્વારા ક્ષય કરવા વડે સ્તુતિ કરવી. આ ગ્રંથમાં શ્રમણ મહાવીર સ્વામી પરમાત્માની સ્તુતિ કરવા માટે ૧૪ ગુણસ્થાનકોનું સ્વરૂપ અને (૧) પ્રથમ કર્મગ્રંથ કર્મવિપાકમાં વર્ણવેલ કર્મની પ્રકૃતિઓ પૈકી બંધ, ઉદીરણા અને સત્તા સ્થાને કેટલી પ્રકૃતિઓ છે અને કેટલી પ્રકૃતિઓ વિચ્છિન્ન થયેલી હોય છે એ અભિધેય વિષયનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

● **બંધ સ્વામિત્વ–કર્મગ્રંથ નં. ૩ :** આ ગ્રંથમાં માર્ગણા તેમાં પણ ૧૪ મૂળ માર્ગણા અને તેના પેટાભેદ સાથે લેતા કુલ ૬૨ માર્ગણા સ્થાનોની અપેક્ષાએ જીવોના કર્મ પ્રકૃતિ અંગે બંધ સ્વામિત્વનું વર્ણન થયેલ છે.

સ્વાભાવિક અને વૈભાવિક પર્યાયો દ્વારા જીવનું અનેક પ્રકારે પૃથ્થકરણ કરવું એ માર્ગણા સ્થાનક અને મોહનીય કર્મના ઉદય, ક્ષયોપશમ, ઉપશમ અને લક્ષ્ય દ્વારા જીવ વિકાસની તારતમ્યસૂચક ભૂમિકાઓને ગુણસ્થાનક કહે છે.

બીજા ગ્રંથમાં રહેલ ગુણસ્થાનકને આશ્રયી બંધ સ્વામિત્વનું કથન ત્રીજા કર્મગ્રંથમાં રહેલ છે.

● **શડશીતિ–કર્મગ્રંથ નં. ૪ :** આ ગ્રંથમાં જીવસ્થાન, માર્ગણાસ્થાન, ગુણસ્થાન, ભાવ અને સંખ્યા એવા ૫ (પાંચ) વિભાગમાં ૮૬ ગાથાઓનો સમાવેશ કરી તેનું વિસ્તારથી વિવેચન કરવામાં આવ્યું છે. આ ગ્રંથમાં ૮૬ ગાથાઓ હોવાથી ગ્રંથનું નામ ષડ્શીતિ પડેલ છે. ૫ પૈકી ૩ વિભાગ સાથે જીવ, ગુણસ્થાન, યોગ, ઉપયોગ, લેશ્યા, બંધ, ઉદય, ઉદીરણા અને સત્તાબંધારણ નિર્દેશી આ બધાનો વિષય ચર્ચ્યો છે. સાથોસાથ આ નવેય (૯) વિષયોનું વર્ણન પણ છે. આ ગ્રંથના અંતિમ બન્ને એટલે કે ચોથા (૪) પાંચમા (૫) વિભાગમાં ભાવ અને સંખ્યાનું વર્ણન કોઈપણ વિષયમાં મિશ્રિત નથી. આ વિવેચનાત્મક વર્ણન કર્મના વિષય સાથે જ્ઞાન પાકું થાય એટલા માટે અમુક પ્રકીર્ણ વિષયોને કર્મબદ્ધ અને પદ્ધતિસર આપવામાં આવેલ છે.

● **શતક–કર્મગ્રંથ નં. ૫ :** આ ગ્રંથમાં ૧૦૦ ગાથાઓ સમાવિષ્ટ થયેલ હોવાથી આ ગ્રંથનું શતક નામ રૂઢ થયેલ છે. શતક નામના આ પંચમ કર્મગ્રંથમાં પ્રથમ (૧) કર્મગ્રંથમાં વર્ણવેલ પ્રકૃતિઓ પૈકી જઘન્ય (એવી) જેવી કે, ધ્રુવબંધિની, અધ્રુવબંધિની, ધ્રુવોદયા, અધ્રુવોદયા, ધ્રુવસતાકા, અધ્રુવસતાકા, પરાવર્તમાન પ્રકૃતિ અને ઉત્કૃષ્ટ એવી અધ્રુવઘાતિની, દેશઘાતિની, સર્વઘાતિની, પુણ્ય, પાપ અને અપરાવર્તમાન પ્રકૃતિઓના સ્વરૂપ સાથે અનાદિ, આદિ અનંત અને શાંતિ સાથે જોડીને જ ભાંગામાં અવતરણ કરી આ પ્રકૃતિઓ પૈકી કઈ કઈ પ્રકૃતિઓનું ધ્રુવાધ્રુવપણું બતાવી ૪ (ચાર) પ્રકારનો વિપાક જેવો કે ક્ષેત્રવિપાકી, જીવવિપાકી, ભવવિપાકી અને પુદ્ગલવિપાકી છે? તે અંગે ૪ પ્રકારના બંધ જેવા કે ભૂયસ્કાર અલ્પત્તર, અવ્યવસ્થિત અને અવક્તવ્ય બંધનું લક્ષણ અને સ્વરૂપ અંગે મોદકના દૃષ્ટાંત સાથે મુખ્યત્વે વિચાર આપવામાં આવ્યો છે. પ્રત્યેક કર્મના બંધસ્થાન જેવા કે જઘન્ય બંધ, ઉત્કૃષ્ટ બંધ, જઘન્ય ઉત્કૃષ્ટ આ બાધાકાળનું સ્વરૂપ જણાવ્યા પછી સ્થિતિ બંધ, રસબંધ અને પ્રદેશ બંધનું ઘણું નિરૂપણ કરતા વચ્ચે પ્રાસંગિક યોગ સ્થાનો, સ્થિતિ સ્થાનોના સ્વરૂપ અને સ્વામિના વર્ણન પછી સ્થિતિબંધ્યવસ્થાનો, સાત બંધ, નિરંતર બંધ, રસાણુઓનું સ્વરૂપ, અનુભાગ સ્થાનો, ગ્રાહ્યાગ્રાહ્ય ઔદારિકાદિ પુદ્ગલ વર્ગણાઓનું સ્વરૂપ દર્શાવી ગ્રહણ કરેલ પ્રદેશાગ્રમાંથી કયા કયા કર્મની કઈ કઈ પ્રકૃતિને કેટલા દલિકનો ભાગ આવે તેના વિસ્તારપૂર્વક વર્ણન પછી ૪ પ્રકારના પુદ્ગલ પરાવર્તનનું સ્વરૂપ દર્શાવી ૧૧ ગુણ શ્રેણીઓ, પલ્યોપમ, સાગરોપમ, ધનીકૃતલોક, સુચીશ્રેણી, પ્રતરધનનું બંધારણ વર્ણવી અને ઉપશમ શ્રેણી અને ક્ષપક શ્રેણીનું નિરૂપણ કરી યદ્યપિ ઉદિષ્ટ ૨૬ દ્વારો છે. તો પણ પ્રાસંગિક અનેક વિષયો ગ્રંથકાર મહર્ષિ તપાગચ્છાચાર્ય શ્રીમદ્ દેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજે દાખલ કરી ૫ (પાંચમા) ગ્રંથની (રચના) વિરચના પૂર્ણ કરેલ છે.

અહીં દર્શાવાયેલ (અર્વાચીન/નવ્ય પંચ) કર્મગ્રંથની રચના તપાગચ્છાચાર્ય શ્રીમદ્ દેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજાશ્રીએ કરેલ જણાય છે. આમ છતાં આ ગ્રંથોની મૂળભૂત રચના તો પ્રાચીન સમયે થઈ ગયેલ આચાર્યોએ જુદા જુદા સમયે કરેલ છે. છતાં પણ બંને ગ્રંથોમાં ભગવાન મહાવીર સ્વામીએ ઉપદેશેલ કર્મના સિદ્ધાંતની પરંપરા આ મહાન પૂર્વાચાર્યોશ્રીએ આજ પર્યંત જાળવી રાખી છે.

● **સત્તરિ/દૃષ્ટિવાદના ઝરણા/સપ્તતિકા–કર્મગ્રંથ નં. ૬ :** આ ગ્રંથ દૃષ્ટિવાદ નામના ૧૨મા અંગમાંથી ઉદરણ કરેલ હોવાથી દૃષ્ટિવાદના ઝરણા તરીકે ઓળખાય છે. સાથો સાથ એ ઉલ્લેખ પણ ધ્યાને આવે છે કે દૃષ્ટિવાદ નામનું ૧૨મું પ્રકરણ અગ્રાયણીય પૂર્વમાં રહેલું છે. તેમાંથી ઉદ્ધાર કર્યો હોય એવું જણાય છે.

આ ગ્રંથની રચના અતિ ગંભીર અને પ્રસન્ન છે તેને જ યથાવત રાખીને તેમાંથી ૭૦ ગાથાઓ સ્વરૂપે આ ગ્રંથનું સર્જન થતાં આ ગ્રંથનું નામ સત્તરી એવું દૃઢ થયેલ છે. આ ગ્રંથમાં કર્મ પ્રકૃતિના બંધ, ઉદીરણા અને સત્તાના સંવેધનો વિચાર કરવામાં આવ્યો છે, કે જે સ્થિતિ અને સંવેધોને સમજવા ભૂમિકા પૂરી પાડે છે.

ખરેખર તો આ (૫) પાંચ પછી છઠ્ઠો (૬) કર્મગ્રંથ છે જ નહીં. પણ તપાગચ્છાચાર્ય શ્રીમદ્ દેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજ વિરચીત (૫) કર્મગ્રંથને ભણ્યા પછી આ ગ્રંથ ભણવામાં આવતો હોવાથી (૬) છઠ્ઠો કર્મગ્રંથ કહેવાય છે. હકીકતમાં આ ગ્રંથ તો અહીં જણાવેલ પાંચેય ગ્રંથ કરતાં પણ પ્રાચીન છે. આપણને ખ્યાલમાં છે જ કે આ ગ્રંથના કર્તાનો પૂર્વધર પ્રાચીન આચાર્ય શ્રીમાન ચંદ્રર્ષિ મહત્તર મહારાજાશ્રી છે.

અહીં નિર્દિષ્ટ ગ્રંથનો (સંક્ષિપ્ત) વિષય, કર્મગ્રંથ ૧ થી ૬ ને ક્રમબદ્ધપણે સંયોજીને સળંગ સૂત્રતા માટે કહી શકાય કે, ગ્રંથ-૧ માં ઉલ્લેખ મુજબ કર્મ વિપાક અસર કેવી નિપજાવી શકે? આ પ્રશ્ન અંગે અન્ય પ્રશ્નો પણ અસ્તિત્વમાં આવે છે, જેવા કે આત્મા અને કર્મનો સંબંધ ક્ષીરનીરવત્ કેવા પ્રકારનો છે? આ પ્રશ્નના પ્રત્યુત્તરમાં જ કહી શકાય કે આત્માના અસંખ્ય પ્રદેશો પૈકી પ્રત્યેક આત્મ પ્રદેશ ઉપર અનંત કાર્મણ સ્કંધો કાર્મણ વર્ગણા (રૂપે) અતિ ચિકાસથી ચોંટીને સત્તા જમાવી રહેલા છે; કે જે ફળ આપે છે. એ જ બંધ અર્થાત્ બંધનમાં બાંધે છે. આ બંધ જ કર્મનો ક્ષય ન થવા દેતા ઉદીરણા, અને સત્તા અસ્તિત્વમાં લાવે છે. તેનો ક્ષય કરવા માટે જ ભગવાન મહાવીર સ્વામીની સ્તુતિ કરવા ગુણસ્થાનકોના બંધારણમાં કર્મ પ્રકૃતિઓ પૈકી કઈ અને કેટલી કર્મ પ્રકૃતિઓ સત્તાસ્થાને રહીને વિચ્છિન્ન છે એ વિષયનું નિરુપણ કર્મસ્તવ નામના બીજા ગ્રંથમાં છે. જ્યારે તેના કારણે જ માર્ગણા સ્થાનોની અપેક્ષાએ કર્મ પ્રકૃતિઓના બંધસ્વામિત્વના વર્ણનનો વિષય કર્મગ્રંથ નં. ૩ બંધ સ્વામિત્વમાં થયેલ છે. ગ્રંથ નં. ૪ માં જીવસ્થાન, માર્ગણાસ્થાન

અને ગુણસ્થાનનું વિસ્તારથી વિવેચન કરીને બીજા (૨) ગ્રંથમાં દર્શાવેલ. બંધ ઉદીરણાસત્તા અને લેશ્યાના વિષયનું નિરૂપણ કર્યા બાદ નિર્વાણપદ માટે આવશ્યક જ્ઞાન પાકું કરાવવાના હેતુ સાથે પ્રકીર્ણ વિષયનું પદ્ધતિસર નિરૂપણ આ ગ્રંથમાં શબ્દબદ્ધ થયેલ છે.

આ સંદર્ભ લઈ કર્મગ્રંથ-૧ માં નિરૂપેલ કર્મ વિપાક પ્રકૃતિઓના વિપાક દ્વારા વિસ્તારથી વિગતે દર્શાવીને કર્મગ્રંથ ૨-૩-૪ માં બંધસ્થાન સંદર્ભે તેનું લક્ષણ અને સ્વરૂપ મોદકના દૃષ્ટાંત સાથે મુખ્ય વિષય તરીકે વર્ણવીને પુદ્ગલ અને અન્ય વર્ગણાઓ પણ આત્માએ ગ્રહણ કરેલ પ્રદેશાગ્રમાંથી કર્મની પ્રકૃતિને કેટલા દલિકનો ભાગ આપે છે, તેના પર આધારીત ૧૫ ગુણ શ્રેણીના બંધારણાત્મક વર્ણન પછી તેના ઉદીષ્ટ ૨૬ દ્વારો છે. આ પૈકી પોતાને નિર્વાણપદ સુધી પહોંચવા માટે જ વ્યક્તિએ કર્મનું વિશિષ્ટ રહસ્યમય સ્વરૂપ જાણીને સમજવાનું છે. આમ, આ કર્મના રહસ્યને જ મુખ્ય વિષય તરીકે કર્મગ્રંથ ૧-૬ માં નિરૂપવામાં આવેલ છે.

ટૂંકમાં પ્રાચીન કર્મગ્રંથકારોએ કર્મગ્રંથ ૧-૬માં કર્મના રહસ્યનું નિરૂપણ કરેલ છે. એજ, નિરૂપણ નવ્ય કર્મગ્રંથમાં તેના કર્તા તપાગચ્છાચાર્ય શ્રીમદ્ દેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ કરેલ હોવાથી ગ્રંથનો મુખ્ય વિષય કર્મ છે. અને તેનું રહસ્ય સમજાતું હોવાથી એનું જ નિરૂપણ વિષય તરીકે થયેલ છે.

ભગવાન મહાવીર સ્વામીએ સ્થાપેલ સંઘ વ્યવસ્થામાં ધાર્મિક સાધકોના શ્રમણ અને શ્રાવક એવા બે (૨) વર્ગ પૈકી શ્રમણી વર્ગમાં સમાવિષ્ટ થતા સાધક મહારાજ સાહેબશ્રીઓએ તપાગચ્છાચાર્ય શ્રીમદ્ દેવેન્દ્ર સૂરીશ્વરજી મહારાજ વિરચિત નવ્ય કર્મગ્રંથ કે જૈનો આધાર પ્રાચીન કર્મગ્રંથ તો છે જ સાથે સાથે મહર્ષિ મહામુનિ શ્રીમાન પૂજ્ય ચંદ્રર્ષિ મહત્તર મહારાજ કૃત ષષ્ઠી કર્મગ્રંથના સંદર્ભ સહ દર્શાવાયેલ કર્મનો સરળતમ્ અર્થ, મુખ્ય અને ગૌણ પ્રકારોની સહેલી સમજ, બંધ-બંધ સ્વામિઓના ગુણ સ્થાનકો સમજાવી ક્રમશઃ સહજ પણ કામના ત્યાગ કેળવી, કર્મ-ક્ષય કરતા કરતા ગ્રંથમાં પગથિયા ચડવા માટે તપશ્ચર્યા (ઉપવાસ-માસખમણ-અઠ્ઠાઈ વગેરે) કરીને દેહની સહનશીલતાનો ગુણ કેળવવા, કપરા (દુષ્કર) કષ્ટો સહન કરતા કરતા શીલનો પમરાટ (મહેક,ભભક) ચોતરફ પ્રસરાવી કર્મક્ષય દ્વારા નિર્વાણ (મોક્ષ/મુક્તિ) પ્રદ પ્રાપ્ત કરવાનું છે. ખાસ તો આ તપશ્ચર્યાત્મક સાધના કાળ દરમ્યાન સાધક મહારાજશ્રીઓએ શક્ય તેટલા વધુ સૂક્ષ્માતિ-સૂક્ષ્મપણે અહિંસાવ્રતના ચુસ્ત પાલન દ્વારા શુદ્ધ નિઃસ્વાર્થ પ્રેમ કેળવીને, સંયમી બનીને શ્રેષ્ઠતમ ચારિત્ર્ય નિર્માણ જ્યારે શ્રમણ કરે ત્યારે કર્મક્ષયની પ્રક્રિયા સહજપણે ચાલુ થઈ જાય છે.

સાથે સાથે ભગવાનશ્રી મહાવીર સ્વામીશ્રી સ્થાપિત સંઘ વ્યવસ્થા પૈકી બીજો શ્રાવક વર્ગ કે જે ત્યાગી નથી થઈ શકતો છતાં શ્રાવકોને પણ અધ્યાત્મજ્ઞાન તો પ્રાપ્ત કરવાનું છે, ને તે યત્કિંચિત સેવાના ગુણ દ્વારા. આ ત્યારે જ શક્ય બનશે કે, જ્યારે શ્રમણ વર્ગ સ્વયં ધાર્મિક ગુણો જેવા કે (અહિંસકતા, શ્રેષ્ઠ ચારિત્ર્ય શીલતા, વિશેષજ્ઞાન, સંયમીતતા, સહજ ન્યાયપણું, પ્રેમાળતા, સદાચારીતા અને સેવા) ખીલવશે તો જ શ્રાવક વર્ગના મુમુક્ષુ ગૃહસ્થો પર સહજ કર્મના સિદ્ધાંત (નિયમ) મુજબ ઘેરી અસર પડ્યા વિના નહી રહે, અર્થાત્ આ શ્રાવક વર્ગ ગૃહસ્થી હોવા છતાં તપાગચ્છાચાર્ય શ્રીમદ્ દેવેન્દ્રસુરીશ્વરજી મહારાજે સમજાવેલ કર્મ રહસ્યની અસરકારકતાથી પોતાનું જીવન ઉચ્ચ કક્ષાએ પહોંચાડે છે.

જૈન શાસનમાં કર્મગ્રંથનો પ્રભાવ અદ્વિતીય રહ્યો છે, જે નિરૂપતા કહી શકાય કે, જૈન સાહિત્યમાં કર્મગ્રંથનું ઘણું ઉચ્ચ સ્થાન છે. જૈન દર્શન કાળ-સ્વભાવ-નિયતિ વગેરે કારણોને માનવા છતાં આ દર્શને અમુક વસ્તુસ્થિતિ અને દર્શનાન્તરોની માન્યતાઓ ધ્યાને લઈ કર્મના સિદ્ધાંત પર કંઈક વધુ ભાર મૂકેલ છે. તેથી જૈન દર્શન અને જૈન આગમોનું યથાર્થ અને પૂર્ણજ્ઞાન કર્મતત્ત્વને જાણ્યા વિના કોઈ પણ રીતે થઈ શકતું નથી. આ વિશિષ્ટ જ્ઞાન પ્રાપ્તિ માટે આરંભિક મુખ્ય સાધન જો કોઈ હોય તો એ ફક્ત કર્મગ્રંથો જ છે. કર્મ પ્રકૃતિ, પંચ સંગ્રહ વગેરે કર્મ સાહિત્ય વિશાળ સમુદ્ર સમાન મહાગ્રંથોમાં પ્રવેશવા માટેની પ્રાથમિક લાયકાત જો કોઈ હોય તો, એ ફક્ત કર્મગ્રંથનો અભ્યાસ જ ખૂબ અનિવાર્ય છે. આથી જ કર્મગ્રંથોનું સ્થાન જૈન સાહિત્યમાં અતિ ગૌરવભર્યું રહે છે. એટલે જ જૈન સાહિત્યમાં કર્મગ્રંથનો સવિશેષ પ્રભાવ રહેલ છે. તેથી જૈન ધર્મ અને જૈન સાહિત્યમાં આ કર્મગ્રંથનું સ્થાન આજ પર્યંત અદ્વિતીય છે.

**સમાલોચના**

આ ચર્ચાની સમાલોચના કરતા હું એટલું જ કહીશ કે, સૃષ્ટિના જીવ માત્રને પોતાના સકંજામાં લેતા કર્મને કારણે જ જીવની સારી-ખરાબ ગતિ થતી આવી છે. તેથી જ જીવને રાગ-દ્વેષ અને કષાયની વિષ્ટામાં રગદોળાવું પડે છે. એટલું જ નહિ અરે! અનંત સાગરસમા જીવને આજ કર્મ અલ્પ-કુંઠિત શક્તિમાં કેદ કરી લાચાર બિચારો પણ બનાવે છે. તેમાંથી તારનાર શ્રી અરિહંત ભગવંતો જીવતા અરિ (શત્રુ)રૂપ કર્મોને સર્વથા હણી સ્વયં અરિહંતનોબને જ છે. એટલું જ નહિ, સમવસરણમાં વહેતી ધર્મદેશનાના માધ્યમે એ કર્મોનું વાસ્તવિક યથાર્થ સ્વરૂપ એ જ કર્મનું રહસ્ય છે કે જેને જાણ્યા પછી સમજીને વ્યક્તિ માત્ર અરિહંત તો બને જ છે, પણ નિર્વાણપદ સુધી પહોંચી શકે છે. એ ત્યારે કે જ્યારે કર્મ ક્ષય દ્વારા વિશ્વને કર્મ મુક્ત થવાનો મંગલમય માર્ગ દર્શાવાય છે એ નિરૂપણને જ કર્મ સાહિત્ય શબ્દથી ઓળખીએ છીએ. તેમાં કર્મગ્રંથો જૈન સાહિત્ય ગૌરવ ગ્રંથમાં કોહીનુર હીરાની જેમ આજે પણ એટલા જ તેજથી પ્રકાશી રહ્યા છે.

✶ ✶ ✶

મોબાઈલ ફોન નં. ૦૯૮૨૪૯૮૦૫૦૬ છે.

## વાદિવેતાલ શાંતિસૂરિજી (૧૧મી સદી) રચિત

# 'જીવ–વિચાર પ્રકરણ' ગ્રંથ અને ડાર્વિનનો ઉત્ક્રાંતિવાદ : એક અધ્યયન

❑ માવજી કે. સાવલા

*[જન્મ ૧૯૩૦. વ્યવસાયે ઠેઠથી વેપારી એવા કચ્છ–ગાંધીધામના માવજી કે. સાવલાએ સને ૧૯૬૮માં ફિલસૂફીના વિષયમાં એમ.એ. કર્યું. ૧૯૬૮ થી ૧૯૭૪ એમણે પી.એચડી.ના થિસીસ માટે તત્ત્વજ્ઞાનના સંદર્ભે ઉત્ક્રાંતિવાદનું સઘન અધ્યયન કર્યું. ૧૯૭૪ થી ૭૭ કચ્છ આદિપુરની તોલાણી આર્ટ્સ કૉલેજમાં ફિલસૂફી વિભાગમાં તેઓ અધ્યાપક પણ રહ્યા. ફિલસૂફીના વિષયને કેન્દ્રમાં રાખીને એમણે લખેલ પુસ્તકોની સંખ્યા પચાસેકની છે.]*

'જગતનું કારણ બ્રહ્મ શું છે? આપણે શામાંથી ઉત્પન્ન થયા છીએ? આના આધારે આપણે જીવી શક્યા છીએ? કોના નિયમ તળે રહીને આપણે સુખદુ:ખ અનુભવીએ છીએ?'

-શ્વેતામ્બર ઉપનિષદઃ પ્રથમ મંત્ર

બાળક દોઢેક વર્ષની ઉંમરનું થતાં જ બોલતાં શીખે એટલે પોતાની આસપાસ જે કંઈ જુએ એ શું છે તે જાણવા માટે સતત પ્રશ્નો કરતું રહે છે. મનુષ્યની આ કુતૂહલવૃત્તિને પણ આહાર, મૈથુન અને ભયની જેમ મૂળભૂત વૃત્તિ ગણી શકાય. પુખ્ત ઉંમરે પહોંચતાં પોતાની આસપાસના જગતને વધુ ને વધુ જાણવાની વૃત્તિ તીવ્ર થતી જાય છે. પ્રાકૃતિક વિજ્ઞાન અને માનવવિદ્યાની અનેકવિધ શાખાઓનો વિકાસ એમાંથી જ થયો છે. વેદ ગ્રંથોમાંના 'વેદ' શબ્દનું મૂળ છે 'વિદ્' એટલે કે જાણવું. જુદા જુદા ધર્મના મૂળ ગ્રંથોમાં મનુષ્યને જાણવા માટેનું બધું જ આવી જાય છે એવું જે–તે ધર્મને અનુસરનારાઓનું મનોવલણ હોય છે. 'દુનિયાના તમામ ગ્રંથો ભલે કોઈ કારણસર નાશ પામે પણ એક માત્ર કુરાનનો ગ્રંથ બચી જાય તો પણ એમાંથી માનવીને જીવનપાથેય મળતું રહેશે' એવું કુરાન વિશે કહેવાયું છે. ભારતીય ધર્મગ્રંથો વિશે પણ એવું કહી શકાય. માત્ર ધર્મગ્રંથો જ નહિ, પરંતુ ગ્રીક તત્ત્વચિંતક સોક્રેટિસના શિષ્ય પ્લેટોના 'રિપબ્લિક' ગ્રંથ વિશે આવું જ વીસમી સદીના પ્રસિદ્ધ વિદ્વાન ઈમર્સને કહ્યું છે.

'પિંડે સો બ્રહ્માંડે–બ્રહ્માંડે સો પિંડે' એવા સૂત્રનો અર્થ ઘણો ઊંડો છે. આજના વિજ્ઞાને પદાર્થ જગતના ૧૧૫ થી વધુ મૂળ તત્ત્વો(elements) ની ઓળખ કરી લીધી છે એટલું જ નહિ પરંતુ માનવશરીરમાં આ બધા જ તત્ત્વો મોજૂદ હોય છે એવું પણ વિજ્ઞાને જ સિદ્ધ કરી બતાવ્યું છે. 'બ્રહ્માંડે સો પિંડે' આ અર્થમાં પણ બરાબર સમજી શકાય છે.

જગતને જાણવાનો માર્ગ ઘણો ઘણો લાંબો અને કદાચ અંતહીન છે. જ્યારે વાસ્તવમાં ધર્મ-અધ્યાત્મક્ષેત્રનો પોતાને જાણવા માટેનો માર્ગ સાવ ટૂંકો છે. 'એક સધ–સબ સધે' જેવો પોતાને જાણવાનો માર્ગ છે.

જ્ઞાન પ્રાપ્તિનો-કેવળજ્ઞાનનો-આત્મજ્ઞાનનો-આત્મસાક્ષાત્કારનો માર્ગ એ પોતાને જાણવાનો માર્ગ છે. તીર્થંકરો-કેવળજ્ઞાનીઓ ક્ષણમાત્રના ઉપયોગથી સંસારની તમામ બાબતો-બનાવો-હકીકતોને જાણી શકે છે તે આ અર્થમાં જ.

ચાર્લ્સ ડાર્વિને જુદા જુદા અનેક ટાપુઓ પર ભ્રમણ કરીને અનેક વનસ્પતિઓ, એક કોષી જીવ-અમીબાથી કરીને મનુષ્ય સુધીની-જીવસૃષ્ટિના વિકાસની-ઉત્ક્રાન્તિવાદના સિદ્ધાંતની જગતને ધારણા આપી. એણે એનું આખું જીવન એની પાછળ વીતાવ્યું. જૈન આગમગ્રંથોમાં સંસારની રચના વિશેની આવી બધી બાબતોમાં જીવજગત અંગેની વિસ્તારથી સમજણ અપાઈ છે. આગમ પ્રણિત જૈન દર્શનમાં દ્રવ્યના સિદ્ધાંતમાં જીવતત્ત્વ અને અજીવતત્ત્વ એવા બે મુખ્ય ભેદો કહ્યા છે. ભારતીય પરંપરામાં જન્મજન્માંતરમાં ચોર્યાસી લાખનું ચક્કર-ચોર્યાસી લાખ યોનિની વાત ઠેઠથી કહેવાતી જ રહી છે, પરંતુ જગતના કોઈપણ ધર્મ કે તત્ત્વજ્ઞાનમાં આ ચોર્યાસી લાખ યોનિની વિગતો-વર્ગીકરણ અને લક્ષણો સહિતની સંખ્યાની પ્રસ્તુતી જોવા-જાણવામાં આવી નથી; એટલે જ વિક્રમ સંવત ૧૦૦૪માં થઈ ગયેલ વાદિવેતાલ શ્રી શાંતિસૂરીશ્વરજી મહારાજ વિરચિત 'જીવ-વિચાર પ્રકરણ'નું મહત્ત્વ અને મૂલ્ય આજે મોડે મોડે મને સમજાયું છે. આજે પ્રથમ આ ગ્રંથનો અને એમાંની સામગ્રીનો પરિચય આપવાનો ઉપક્રમ છે; એના અનુસંધાને ચાર્લ્સ ડાર્વિનના ઉત્ક્રાન્તિવાદને કંઈક તપાસવાનો હેતુ છે.

ગ્રંથકર્તા શાંતિસૂરિજીનો તપાગચ્છની પટ્ટાવલીમાં આ પ્રમાણે ઉલ્લેખ છેઃ 'સંવત ૧૦૦૪માં 'જીવ વિચાર પ્રકરણ'ના કર્તા વડગચ્છના વાદિવેતાલ શાંતિસૂરિ થયા. આ વાદિવેતાલનું બિરૂદ તેઓશ્રીને લઘુભોજરાજાએ આપ્યું હતું. ચક્રેશ્વરી અને પદ્માવતી દેવીની સહાયથી ૧૦૯૭માં તેમણે શ્રીમાળીના ૭૦૦ ગોત્રને ધુલિકોટ પડવાની આગાહી જણાવી તેમનું રક્ષણ કર્યું હતું. ઉત્તરાધ્યયન સૂત્રની મોટી ટીકા ૧૮૦૦૦ શ્લોક પ્રમાણની તેમણે રચી છે, જે ઉત્તરાધ્યનની પાઈઅ ટીકા કહેવાય છે. કાન્હોડ નગરમાં સંવત ૧૧૧૧માં તેમનું સ્વર્ગગમન થયું.'

ધનપાલ પંડિત કૃત 'તિલકમંજરી'નું પણ એમણે સંશોધન કરેલ છે. તે ઉપરથી આ 'જીવ-વિચાર પ્રકરણ' એમણે અગિયારમા સૈકામાં

રચ્યું હોવાનું પ્રમાણ મળે છે. શાંતિસૂરિજીના 'જીવ-વિચાર પ્રકરણ' ઉપર પાઠક રત્નાકરજીએ સંવત ૧૬૧૦માં બૃહદ્‌વૃત્તિ રચી છે. સંવત ૧૭૮૫માં મુનિ ક્ષમાકલ્યાણજીએ એના પર લઘુવૃત્તિ રચી છે.

'જીવ-વિચાર પ્રકરણ'ની મંગળાચરણ રૂપે પ્રથમ ગાથા છેઃ

'ભુવણપઈવં વીરં નમિઊણ ભણામિ અબુહ-બોહત્થં ।

જીવસરૂવં કિંચિ વિ જહ ભણિયં પુવ્વસૂરીહિં ।।'

અર્થાત્ 'ભુવનમાં દીપક સમાન મહાવીર સ્વામીને નમસ્કાર કરી પૂર્વના આચાર્યોએ જેમ કહ્યું છે તેમ હું જીવોનું ટૂંક સ્વરૂપ અજ્ઞાન-જીવોને સમજાવવા કહું છું.'

ષડદર્શનોમાં વેદાતંદર્શન એક જ તત્ત્વને (બ્રહ્મ) માન્ય કરે છે. કપિલમુનિ રચિત 'સાંખ્યદર્શન' પુરુષ અને પ્રકૃતિ એમ બે તત્ત્વોથી સૃષ્ટિનું નિરૂપણ કરે છે. પાતંજલ રચિત યોગદર્શન પુરુષ, પ્રકૃતિ અને ઈશ્વર એમ ત્રણ તત્ત્વોથી સંસારની રચનાને સમજાવે છે જ્યારે જૈનદર્શને નવ તત્ત્વોમાં સંસારનું નિરૂપણ કર્યું છે. નવતત્ત્વ પ્રકરણની પ્રથમ ગાથા આ પ્રમાણે છેઃ

જીવાડજીવા પુણ્ણં, પાવાડડસવ સંવરો ય નિજ્જરણા।

બન્ધો મુકખો ય તહા, નવતત્તા હુંતિ નાયવ્વા।।

અર્થાત્ : જીવ-અજીવ-પુન્ય-પાપ-આશ્રવ-સંવર-નિર્જરા-બંધ અને મોક્ષ એમ નવ તત્ત્વ જાણવા.

આમ અહીં શાંતિસૂરિજીએ નવ તત્ત્વમાંના એક જીવ તત્ત્વનું વિસ્તારથી અને તદ્દન તાટસ્થ્યપૂર્વક જ્ઞાનીઓએ જોયા-ભાખ્યા પ્રમાણેનું નિરૂપણ કર્યું છે.

અગાઉ આપણે ઉલ્લેખ કર્યો એમ ચોર્યાસી લાખ જીવયોનિઓ વિશે અન્ય કોઈ ભારતીય ધર્મો કે દર્શનશાસ્ત્રોમાં વર્ગીકરણ ભેદો-પ્રભેદોના આધારે આ ચોર્યાસી લાખની સંખ્યા મારા જોવા જાણવામાં આવેલ નથી.

'જીવ-વિચાર પ્રકરણ'ની ગાથા ક્રમાંક ૪૫-૪૬ અને ૪૭માં આ ચોર્યાસી લાખ જીવ પ્રકારોનું વર્ણન છે, જેના સાર રૂપે સંક્ષેપમાં આ વર્ગીકરણ આ મુજબ અહીં નોંધીએઃ

| | |
|---|---|
| પૃથ્વીકાય | ૭ લાખ |
| અપકાય | ૭ લાખ |
| તેઉકાય | ૭ લાખ |
| વાયુકાય | ૭ લાખ |
| પ્રત્યેક વનસ્પતિકાય | ૧૦ લાખ |
| સાધારણ વનસ્પતિકાય | ૧૪ લાખ |
| બે ઈન્દ્રિય | ૨ લાખ |
| ત્રણ ઈન્દ્રિય | ૨ લાખ |
| ચાર ઈન્દ્રિય | ૨ લાખ |
| તિર્યંચ પંચેન્દ્રિય | ૪ લાખ |
| દેવતા | ૪ લાખ |
| નારકી | ૪ લાખ |
| મનુષ્યો | ૧૪ લાખ |
| કુલ | ૮૪ લાખ |

અહીં પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાઉકાય અને બે પ્રકારના વનસ્પતિકાય જીવોને એક જ જ્ઞાનેન્દ્રિય એટલે કે સ્પર્શેન્દ્રિય માત્ર હોવાનું કહેવાયું છે. પૃથ્વીકાય-અપકાય-તેઉકાય અને વાઉકાય એ પંચમહાભૂતોમાંના ચાર મહાભૂતનો પર્યાય (પૃથ્વી, જળ, અગ્નિ અને વાયુ) સમજી શકાય એમ છે.

જૈનધર્મનો પાયો અહિંસા છે, એટલું જ નહિ પણ અહિંસાની જેટલી હદે સૂક્ષ્મ વિચારણા જૈનદર્શનમાં છે એટલી સૂક્ષ્મ વિચારણા વિશ્વના કોઈપણ ધર્મ-દર્શનમાં નથી જ થઈ. અહીં આપણે જૈનોના નિત્યકર્મ સમાન પ્રતિક્રમણનું ઉદાહરણ લઈએ; પ્રતિક્રમણ એટલે પાપથી પાછા ફરવું અર્થાત્ ક્ષમાભાવ દ્વારા પાપકર્મથી મુક્ત થતા જવું. સવારે અને સાંજે ૪૮ મિનિટના આ પ્રતિક્રમણ દ્વારા ચોવીસ કલાકમાં થતાં પાપકર્મોનો એકરાર અને એમાંથી પાછા ફરવાનો ભાવ છે. એટલે જ પ્રતિક્રમણમાં બોલાતા સૂત્રોમાંનું એક સૂત્ર 'સાત લાખ...' છે જેમાં ૮૪ લાખ પ્રકારના જીવોની જાણ્યે–અજાણ્યે થયેલી હિંસા માટેની ક્ષમાયાચનાનો ભાવ છે.

'જીવ-વિચાર પ્રકરણ' ગ્રંથમાં જીવતત્ત્વનું પ્રાથમિક વર્ગીકરણ પ્રત્યેક વર્ગની યોનિની સંખ્યાના આધારે કરીને કુલ્લે ૮૪ લાખની સંખ્યા આપણને મળે છે. આધુનિક વિજ્ઞાનની જીવશાસ્ત્ર અને વનસ્પતિશાસ્ત્ર (બાયોલોજી અને બોટોની)માં યોનિ શબ્દના પર્યાય તરીકે 'જાતિ' અને 'પ્રજાતિ' (જાતિ અને ઉપજાતિ) શબ્દ પ્રયોજાય છે અને આપણે પણ શક્ય હશે ત્યાં એ અર્થમાં આવા પર્યાયનો આશ્રય લઈશું.

જીવજાતિઓના વર્ગીકરણ જુદા-જુદા લક્ષણોથી પણ અહીં આપણને જોવા મળે છે. દા. ત. સૂક્ષ્મ અને બાદર એવા બે વિભાગોમાં વર્ગીકરણ; સૂક્ષ્મ એટલે નરી આંખે જોઈ ન શકાય એવાં; બાદર એટલે નરી આંખે જોઈ શકાય એવા જીવ. એવી જ રીતે ત્રસ અને સ્થાવર એવા બે ભેદે પણ વર્ગીકરણ કરવામાંઆવે છે. ત્રસ એટલે હલનચલન કરનાર અને સ્થાવર એટલે કે સ્થિર.

'જીવ-વિચાર પ્રકરણ' ગ્રંથની માત્ર અનુક્રમણિકા પર નજર કરીએ તો આશ્ચર્યચકિત થઈ જઈએ. પરંતુ અહીં આપણે એની વિગતોમાં નહિ જઈએ, છતાં સંક્ષેપમાં થોડોક ખ્યાલ આપવા માટે કેટલાક મુદ્દાઓની નોંધ કરીએ.

કેટલીક જાતિઓના આયુષ્ય, કદ ઉપરાંત વિધવિધ લાક્ષણિકતાઓનું અહીં વિગતે વર્ણન મળે છે. દેવલોક અને નરકલોકના જીવની પણ આવી વિગતો અહીં આપવામાં આવી છે. વળી પાંચ જ્ઞાનેન્દ્રિયો (સ્પર્શ, રસ, ગંધ, શ્રવણ અને દૃષ્ટિ)ના સંદર્ભે

પણ અહીં આ પાંચ વિભાગની જીવ-જાતિઓના ઉદાહરણોથી પણ આ બાબત ગાથા ક્રમાંક ૧૫થી ૨૪માં વિસ્તારથી સમજાવવામાં આવી છે. દા. ત. ગાથા ક્રમાંક ૧૭નો અનુવાદ અહીં નોંધીએઃ

કાનખજૂરા, માંકડ, જૂ, કીડી, ઊધઈ, મંકોડા, ઈયળ, ધિમેલ (લાલ રંગનું મંકોડાની જાતનું જીવડું), સાવા અને ઝીંગૂર (એક પ્રકારનું તમરું)ની જાતો તથા ગધ્ધૈયા, વિષ્ટાના જીવડાં, છાણનાં જીવડાં, ધનેડાં, કંથવા, ગોપાલિક, ઈયળ, ગોકળગાય વગેરે તેઈન્દ્રિય જીવો છે એટલે કે સ્પર્શ, રસ અને ગંધ એ ત્રણ જ્ઞાનેન્દ્રિયો આ જીવોને હોય છે.

આજથી એક હજાર વર્ષ પૂર્વે જ્યારે વિજ્ઞાન અને ટેકનોલોજીએ શોધેલા સાધનો દ્વારા પ્રયોગો અને ચકાસણીના કોઈ સાધનો જ નહોતા ત્યારે અનેકવિધ જીવ-જાતિઓની આટલી સૂક્ષ્મ અને સચોટ વિગતો અહીં અપાઈ છે; દેખીતી વાત છે કે કોઈ પ્રયોગશાળા જેવાં પરીક્ષણોથી નહિ પરંતુ તીર્થંકરો–જ્ઞાનીઓને એક પળ માત્રમાં થઈ શકતા સમગ્ર બ્રહ્માંડના જ્ઞાન-દર્શનથી જ આ હકીકતો આપણને મળે છે.

પંચમહાભૂતોમાંના ચાર મહાભૂત (પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ)નો પણ અહીં જીવ-જાતિમાં સમાવેશ કરવામાં આવેલ છે, એટલું જ નહિ એ પ્રત્યેક જીવ-જાતિના નામ સહીત થોડા ઉદાહરણો આપવામાં આવ્યા છે. દા. ત. ગાથા ક્રમાંક ૩ અને ૪ :

સ્ફટિક, મણિ, રત્ન, પરવાળાં, હિંગળો, હડતાલ, માગસીલ, પારો, સોનું વગેરે ધાતુઓ, ખડી, રમચી, અરણેટ્ટી, પાષાણ, અબરખ, તેજંતુરી, ખારો, માટી, સુરમો મીઠું વગેરે પૃથ્વીકાય જીવોના ભેદો છે.

કેવી આશ્ચર્યજનક આ બાબત છે! આ પૃથ્વીકાય જીવોને એક જ જ્ઞાનેન્દ્રિય–સ્પર્શેન્દ્રિય હોય છે. 'કાય' શબ્દ અહીં કાય એટલે કે શરીરના અર્થમાં છે.

વેદાંત દર્શનના સૂત્ર 'સર્વ ખલુ ઈદમ્ બ્રહ્મમ્' પણ શું આવો જ સંકેત નથી આપતું?

અહીં આ નિબંધનું કેન્દ્રવર્તી લક્ષ્ય પાંચ જ્ઞાનેન્દ્રિયો દ્વારા સમગ્ર જીવોના વર્ગીકરણને કેટલાંક સંદર્ભોથી મૂલવવાનું છે; એ સંદર્ભે ડાર્વિનના ઉત્ક્રાંતિવાદને સંક્ષેપમાં સમજી લેવો આવશ્યક છે.

વીસમી સદીમાં માનવજીવનના ઘણા બધાં પાસાંઓ પર ભારે ઊંડો પ્રભાવ પાડનાર ત્રણ વ્યક્તિઓએ પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતો છે.

(૧) ચાર્લ્સ ડાર્વિન [૧૮૦૯-૧૮૮૨]નો ઉત્ક્રાંતિવાદ-વિકાસવાદનો સિદ્ધાંત.

(૨) કાર્લ માર્ક્સ [૧૮૧૮-૧૮૮૩]નો સામ્યવાદ.

(૨) સિગ્મંડ ફ્રોઈડ [૧૮૫૬-૧૯૩૯]ની મનોવિજ્ઞાનિક ક્ષેત્રે સાઈકો એનાલિસિસની વિચારધારા.

ચાર્લ્સ ડાર્વિને બે દાયકાથી વધુ સમયના રઝળપાટ, અભ્યાસ, સંશોધન, નિરીક્ષણો, ઊંડી વિચારણા તેમજ એ વિષય સંબંધિત અનેક વૈજ્ઞાનિક ગ્રંથોના અધ્યયન પછી પોતાના મહાન ગ્રંથ Origin of Species દ્વારા પ્રાકૃતિક વિજ્ઞાનક્ષેત્રે સૌ પ્રથમવાર આ પૃથ્વી પરની જીવસૃષ્ટિના ઉદ્‌ગમ અને વિકાસનો પોતાનો સિદ્ધાંત સ્થાપિત કર્યો. જ્યારે તે પોતાના આખરી નિષ્કર્ષ પર પહોંચ્યો ત્યારે તેણે કહ્યું હતું – 'સૃષ્ટિની રચના અને વિકાસના રહસ્યો આડેનો મારી આંખ સામેનો પરદો ખસી ગયો છે.' શું છે ડાર્વિનનો આ વિકાસવાદ? આપણે સંક્ષેપમાં એના મુખ્ય આધારોની જ વાત કરીશું.

આ પૃથ્વી નામના ગ્રહ ઉપર આજથી આશરે અઢી અબજ વર્ષ પૂર્વે સૌ પ્રથમ એકકોષી જીવોનો (અમીબા) આરંભ થયો. અઢી અબજ વર્ષના આ સમયગાળા દરમિયાન આ જીવસૃષ્ટિનો વિકાસક્રમ મનુષ્ય સુધી પહોંચ્યો. એને પણ પચાસેક લાખ વર્ષ થઈ ચૂક્યાં છે. પુરાતત્ત્વિય અવશેષોની કડક વૈજ્ઞાનિક પદ્ધતિએ ચકાસણીઓ પછી એવું પણ પ્રસ્થાપિત કરાયું છે કે આજથી સત્તર લાખ વર્ષ પૂર્વેના મનુષ્યની ઊંચાઈ ત્રણેક ફૂટ હતી અને એના મગજનું કદ સાતસો સી. સી. હતું. આજના માનવીની સરેરાશ પાંચેક ફૂટથી વધુ ઊંચાઈ અને મગજનું કદ ૧૩૦૦-૧૪૦૦ સી. સી. થવામાં ૧૭ લાખ વર્ષ લાગ્યાં છે. જીવસૃષ્ટિના આ વિકાસમાં કારણભૂત એવાં ચાર પરિબળો ડાર્વિન આ પ્રમાણે ગણાવે છેઃ

(૧) આકસ્મિક વૈવિધ્ય [Accidental Variations]

(૨) પ્રકૃતિની પસંદગી [Natural Selection]

(૩) અસ્તિત્વ ટકાવવા માટેનો સંઘર્ષ [Struggles for Existance]

(૪) અસ્તિત્વ માટેના આ સંઘર્ષમાં વધુ સક્ષમ જીવોનું ટકી રહેવું. [Survival of the fittest]

કોઈ પણ એક જાતિના બધા જ જીવો બધી જ બાબતોમાં એકસમાન હોતા નથી. દા.ત. બધા જ હરણની દોડવાની ગતિ એક સમાન હોતી નથી. આથી જેઓ વધુ ઝડપથી દોડીને વાઘ-સિંહ જેવાં હિંસક પ્રાણીઓનાં શિકાર થતાં બચી શકે છે તેઓ અસ્તિત્વ માટેના સંઘર્ષમાં ટકી શકે છે અને એ પ્રાણીઓ પોતાની વિશેષ શક્તિઓ પોતાની સંતતિને વારસામાં પણ આપે છે. અર્થાત્ 'જીસકી લાઠી ઉસકી ભેંસ'ના ન્યાયની જેમ સબળાઓને ટકી રહેવાના અને પોતાનો ખોરાક મેળવવા તેમજ અન્ય હિંસક પ્રાણીઓથી બચવાના વધુ સંજોગો હોય છે. આમ વારસા દ્વારા મળેલ વિશેષ શક્તિઓ–સક્ષમતાને કારણે કેટલીક જીવજાતિઓ હજારો–લાખો વર્ષના સમયગાળા દરમિયાન આશ્ચર્યજનક વિકાસ અને પરિવર્તન પામે છે. આજનો ઘોડો લાખો વર્ષ પૂર્વે એક ઉંદર જેવો હતો

'વાંદરામાંથી મનુષ્ય થયો' એવું ડાર્વિનના નામે કહેવું એ અધકચરી વાત છે. ૧૭ લાખ વર્ષ પહેલાંનો માનવી અને આજની વાનરોની સૌથી વિકસિત પેટાજાતિના વાનરના ફોટોગ્રાફ

સાથોસાથ રાખીને જોવાથી આ વાત કંઈક સમજાશે.

જૈનદર્શનના સંદર્ભે ડાર્વિનના ઉત્ક્રાંતિવાદને જોવા-તપાસવામાં વિચારણીય મુદ્દાઓ આ પ્રમાણે નોંધી શકાય.

ડાર્વિને માત્ર આ પૃથ્વી પરની જીવસૃષ્ટિને જ ધ્યાનમાં લીધી છે. આજના વિજ્ઞાનક્ષેત્રે હવે ચાલી રહેલ સંશોધનો પણ એવા સંકેતો આપે છે કે પૃથ્વી સિવાયના અન્ય ગ્રહો પર પણ કદાચ જીવસૃષ્ટિ હોય. જૈનાગમો પ્રમાણે આ પૃથ્વી (ભરતક્ષેત્ર) સિવાય મહાવિદેહક્ષેત્રનું વિસ્તારથી અને સવિગત છે, જ્યાં આપણી પૃથ્વી કરતાં વધુ વિકસિત એવી સંસ્કૃતિ હોવાનું સહજ સ્વીકૃત છે.

દેખીતી વાત છે કે હિન્દુ દર્શનો સિવાય પુનર્જન્મની બાબત અન્ય કોઈ ધર્મ કે દર્શનમાં માન્ય નથી. પરંતુ હવે જે સંશોધનો થઈ રહ્યાં છે, નવી નવી ઘટનાઓ–હકીકતો આપણી સામે આવી રહી છે એમાં પુનર્જન્મના વધુ ને વધુ કિસ્સાઓ પ્રકાશિત થતા રહે છે. હાલમાં જ પ્રકાશિત પુસ્તક `Many lives'ના મનોચિકિત્સક લેખક Britan Weissએ પોતાની પ્રેકટીસ દરમિયાન કેટલાક દરદીઓને સારવારના છેલ્લા વિકલ્પ તરીકે હિપ્નોટીઝમનો આશ્રય લીધો હતો અને એવા દરદીઓએ બસો, પાંચસો, પંદરસો વર્ષ પૂર્વેના પોતાના જન્મોની ઘટનાઓ હિપ્નોસીસ દરમિયાન કહી સંભળાવી હતી અને એ બધી દાસ્તાનોના રેકોર્ડિંગના આધારે આ પુસ્તક લખાયું છે. અહીં એ પણ ધ્યાનમાં લેવાનું છે કે ખ્રિસ્તી ધર્મમાં પુનર્જન્મ જેવી ધારણાને સ્થાન જ નથી.

ફરી એકવાર આપણે'જીવ-વિચાર પ્રકરણ' ગ્રંથમાં વર્ગીકરણના એક મહત્ત્વના મુદ્દા પર આવીએ :

જ્ઞાનેન્દ્રિયોના આધારે વર્ગીકરણમાં ચૈતન્યના વિકાસની બાબત ઘણી મહત્ત્વની બની રહે છે. વળી પુનર્જન્મ સાથે અનિવાર્ય એવી કર્મ અને કર્મફળની બાબતને સમજી લેવાથી ડાર્વિનના તારણોની થોડીક મર્યાદાઓ છતી થઈ જાય છે. અમીબાથી લઈને મનુષ્ય સુધીના વિકાસક્રમની સાંકળમાં ડાર્વિને પોતે પણ કેટલીક ખૂટતી કડીઓ [Missing link]નો સ્વીકાર અને એકરાર કર્યો છે. આ બ્રહ્માંડમાં ગ્રહો અને ઉપગ્રહોની સંખ્યા તો અબજોની છે. કોઈપણ જીવ પોતાના કર્મના પુદ્‌ગલો સાથે લઈને ચૈતન્ય રૂપે અબજો માઈલ દૂરના કોઈ પણ ગ્રહ ઉપર નવો જન્મ લઈ શકે છે એ તો આપણે ભારતીયોને સહજ સમજાય અને પ્રતીતિકારક લાગે તેવી વાત છે. ડાર્વિને જે ખૂટતી કડીઓની વાત કરી છે એનું અનુસંધાન કદાચ આમાં જ હોય.

કર્મના પુદ્‌ગલો સાથે લઈને આત્મા આ બ્રહ્માંડના વિધવિધ પ્રદેશોમાં પોતાના કર્માનુસાર ફરી ફરીને જન્મ ધારણ કરે છે અને પોતાના સંચિત કર્મો મુજબ પંચમહાભૂતના તત્ત્વોને ગ્રહણ કરીને આ ૮૪ લાખ યોનિમાંથી કોઈપણ એક જીવજાતિ તરીકે દેહ ધારણ કરે છે. આ સંદર્ભે નરસિંહ મહેતાની આ બે પંક્તિઓમાં પણ આવો જ કંઈક ગહન અર્થ સમાયેલો છેઃ

*'પંચમહાભૂત તો પરબ્રહ્મથી ઉપન્યાં*
*અણુઅણુમાં રહ્યાં છે તેહ વળગી.'*

ફિલસૂફીની જુદી જુદી વિદ્યાશાખાઓમાં એક શાખા 'સૃષ્ટિરચના' [COSMOLOGY] તરીકે ઓળખાય છે. આ પૃથ્વી પર જીવસૃષ્ટિના વિધવિધ જીવજાતિઓના વિકાસ ક્રમને ચાર્લ્સ ડાર્વિને ઉત્ક્રાંતિ જેવો શબ્દ આપ્યો છે. દેખીતી રીતે જ ઈસ્લામ અને ખ્રિસ્તી ધર્મમાં સૃષ્ટિના ઉદ્‌ભવની જે ધારણાઓ છે એ ડાર્વિનના ઉત્ક્રાંતિવાદને સ્વીકારી શકે નહિ. અમેરિકાના પાઠ્યપુસ્તકોમાં–પાઠમાળાઓમાં ડાર્વિન વિશેના લેખો હતા જ અને એ લેખો કાઢી નખાવવા માટે અમેરિકાના કેન્સાસની અદાલતમાં કેસ પણ દાખલ કરાયા હતા.

આધુનિક તત્ત્વચિંતકોએ પણ ઉત્ક્રાંતિ–વિકાસવાદ જેવી કેટલીક ધારણાઓ આપી છે. એની વિગતોમાં અહીં આપણે ન જઈએ પરંતુ શ્રી અરવિંદે પ્રસ્તુત કરેલ ધારણા તાત્ત્વિક દૃષ્ટિએ મહત્ત્વની જણાય છે. શ્રી અરવિંદે ઉત્ક્રાંતિના ક્રમમાં નીચે મુજબનો ક્રમ દર્શાવ્યો છેઃ

(૧) ભૌતિક દ્રવ્ય [MATTER]
(૨) પ્રાણ [LIFE]
(૩) મન [MIND]
(૪) બ્રહ્મ [ABSOLUTE]

શ્રી અરવિંદ કહે છે કે આ ચક્રાકાર વિકાસ સતત ચાલ્યા કરે છે. બ્રહ્મતત્ત્વ દ્રવ્યમાં ઉતરીને પ્રાણ, મનના સ્તરો પાર કરીને ફરી બ્રહ્મમાં પહોંચે છે, એટલે કે ચડ-ઊતરના ક્રમમાં વિકાસની આ માળા ફરતી રહે છે. આ ચડ-ઊતરના ક્રમ માટે અરવિંદે Descent (બ્રહ્મતત્ત્વનું ભૌતિક દ્રવ્ય સુધી ઊતરવું) અને Ascent (ભૌતિક દ્રવ્યમાંથી ક્રમશઃ ફરી absolute [બ્રહ્મ] સુધી પહોંચવું) એવા શબ્દો પ્રયોજ્યા છે. શ્રી અરવિંદે મનના સ્તરથી ઉર્ધ્વીકરણમાં સુપર માઈન્ડ અને ઓવર માઈન્ડની વાત પણ કરી છે. એક માત્ર આપણા આગમ- ગ્રંથોમાંથી તારવેલ 'જીવ-વિચાર પ્રકરણ'માં વિશ્વમાં સૌ પ્રથમ વાર ઓછી-વધુ વિકસિત જીવસૃષ્ટિની આ બ્રહ્માંડના વિધવિધ ગ્રહો પર હોવાની વાત કરી છે. માત્ર આપણી સૂર્યમાળામાંના ગ્રહોની સંખ્યા કરોડોની છે, અને એવી તો બ્રહ્માંડમાં અસંખ્ય સૂર્યમાળાઓ છે એવું વિજ્ઞાને નોંધ્યું છે. આપણી સાત નારકી, સોળ દેવલોક વગેરેને બ્રહ્માંડમાંના જુદા જુદા ગ્રહો પરની સૃષ્ટિની વિકસિત જીવજાતિ ગણી શકાય.

'જીવ-વિચાર પ્રકરણ'માં જેને જૈન ભૂગોળ કહી શકાય એવો અઢી દ્વીપનો નકશો આકૃતિરૂપે આપવામાં આવ્યો છે; જે પ્રમાણે જંબુદ્વીપ, ઘાતકીખંડ દ્વીપ અને અર્ધપુષ્કરાવર્ત દ્વીપ એમ અઢી દ્વીપમાં જ લોકો રહે છે.

માત્ર આ પૃથ્વી પરની જીવસૃષ્ટિના વિકાસના સંદર્ભે એક મહત્ત્વનું અને દિશાસૂચક સૂત્ર ફ્રેન્ચ તત્ત્વચિંતક ટેલહાર્ડ દ શાર્ડીનના ગ્રંથોમાંથી મને યાદ રહી ગયેલ છે. શાર્ડીન કહે છે કે મનુષ્યના

પ્રાગટ્ય અગાઉ આ વિકાસ પ્રકૃતિના અંધ પરિબળોથી લોહીના વારસાના માધ્યમથી (ઈન્ટરબ્રીડીંગથી) થતો રહ્યો. હવે મનુષ્યનો આગળ ઉપરનો વિકાસ ચિંતન-જ્ઞાનના આદાનપ્રદાન એટલે કે વિનિમય (ઈન્ટરથીંકીંગથી)થી જ થશે. શાર્દીને આ વિષય પર ૪-૫ ગ્રંથોની એક શ્રેણી જ આપી છે.

અને છેલ્લેઃ

ડાર્વિનની ઉત્ક્રાંતિની પ્રક્રિયામાંના ચાર પરિબળોમાં પ્રથમ પરિબળ તરીકે 'આકસ્મિક વૈવિધ્ય'ને ગણાવ્યું છે. આકસ્મિક એટલે શું? કોઈ એક જીવજાતિમાં જુદા જુદા જીવોમાં જે ભિન્નતા-વૈવિધ્ય દેખાય છે એમાં કર્મના પુદ્ગલો – કર્મ અને કર્મફળ અને પુનર્જન્મના સિદ્ધાંતને જો જોડવામાં આવે તો આ સૃષ્ટિની રચના પાછળના તમામ રહસ્યો આડેનો પરદો હટી જાય છે. અન્ય ત્રણ પરિબળોનું પણ મૂળ ચાલક બળ એમાં જ સમાયેલું છે. ધી લાઈફ ડીવાઈનમાંના શ્રી અરવિંદના શબ્દોમાં હવે સમાપનઃ

`Rebirth is an indispensable machinery for the working out of a spiritual evolution; it is the only possible effective condition, the obvious dynamic process of such a manifestation in the material universe.' ✱✱✱

**સંદર્ભ સૂચિ : (૧) જીવ-વિચાર** (અર્થસહિત) : શાંતિસૂરીશ્વરજી વિરચિત : પ્રકાશક : શ્રી જૈન શ્રેયસ્કર મંડળ, મહેસાણા, છઠ્ઠી આવૃત્તિ (સને ૧૯૫૩). **(૨) નવતત્ત્વ પ્રકરણ** (સાર્થ) : પ્રકાશક : શ્રી જૈન શ્રેયસ્કર મંડળ, મહેસાણા, બીજી આવૃત્તિ (સને ૧૯૩૪). **(૩) સમણસુત્તં** (જૈનધર્મસાર) : અનુવાદક : મુનિશ્રી ભુવનચંદ્રજી, પ્રકાશક : યજ્ઞ પ્રકાશન, ભૂમિપુત્ર, હુજરાતપાગા, વડોદરા-૩૯૦૦૦૧. ત્રીજી આવૃત્તિ (સને ૨૦૦૭). **(૪) The Origin of Species and The Descent of Man :** by Charles Darwin (બન્ને ગ્રંથોની સંયુક્ત આવૃત્તિ) Publisher : The Modern Library, New York (Sixth Edition– 1st Edition 1859). **(૫) શ્રી જિનપ્રણીત કર્મવિજ્ઞાન :** લેખક અને પ્રકાશક : કીર્તિ માણેકલાલ શાહ, પ્રાપ્તિસ્થાન : શ્રી પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ (૧૯૮૩) **(૫) Sri Aurobindo and The Theories of Evolution :** by Rama Shankar Srivastava. Publisher : Chowkhana Sanskrit Series Offce, Varanasi-1. (1968). **(૬) The Vision of the Past :** by Pierre Teilhard de Chardin. English Translation by J. M. Cohen. Publisher : Colins-London.(1966)

એન.-૪૫, ગાંધીધામ, કચ્છ–૩૭૦ ૨૦૧
ટેલિફોન : (૦૨૮૩૬) ૨૧૫૨૬, ૨૨૦૮૭૭..

# ઉમાસ્વાતિજી કૃત : પ્રશમરતિ પ્રકરણ

**□ વિજયાબેન સી. શાહ**

એમનો કાળ નિર્ણય કરવો મુશ્કેલ છે. છતાં લોકોનું એમ માનવું છે કે મહાવીર સ્વામીના નિર્વાણ પછી લગભગ ૪૦૧ વર્ષે ઉમાસ્વાતિજી થયા. વિક્રમનો 'પ્રથમ શતાબ્દીકાળ' માનવામાં આવે છે. મૂળ નાગર બ્રાહ્મણ. ગુરુના ઉપકારથી જૈન તત્ત્વાર્થ સૂત્રોની રચના કરી. પોતાના જીવનકાળમાં ૫૦૦ ગ્રંથોની રચના કરી. જેમાંથી હાલ પાંચ ગ્રંથો ઉપલબ્ધ છે. 'જમ્બુદ્વીપસમાજ પ્રકરણ', 'પૂજાપ્રકરણ', 'શ્રાવક પ્રજ્ઞપ્તિ', 'ક્ષેત્રવિચાર' વગેરે. એમના દીક્ષાગુરુ ધોષનન્દિ અગિયાર અંગના ધારક હતા. કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યે ઉમાસ્વાતિજીને સર્વોત્કૃષ્ટ સંગ્રહકાર કહેલ.

એઓ એ તત્ત્વાર્થ સૂત્રમાં આહર્ત ગુણોના પદાર્થોનો અદ્ભુત સંગ્રહ કરેલ છે. પ્રથમરતિમાં પણ આ આહર્ત શ્રુતના ઢગલાબંધ પદાર્થોનો સંગ્રહ કરેલ છે. પૂર્વધર મહર્ષિ ઉમાસ્વાતિજીને બન્ને સંપ્રદાયો **'શ્વેતાંબર અને દિગંબર'** બહુ માનપૂર્વક માને છે. તેઓ શ્વેતાંબર પરંપરાના બહુશ્રુત મહર્ષિ હતા.

એ સમયના રાજકીય વાતાવરણમાં કર્મકાંડી બ્રાહ્મણોનું વર્ચસ્વ હતું. મહર્ષિ પણ મૂળ નાગર બ્રાહ્મણ હતા. ભગવાન શ્રી મહાવીરના બધા ગણધરો પણ પ્રકાંડ ક્રિયાકાંડી બ્રાહ્મણો હતા. પણ જિનેશ્વરની સર્વજ્ઞતા એમને પ્રભાવિત કરી ગઈ. અને તેઓ જૈનાગમ તરફ આકર્ષાઈ ગયા. ૧૪૪૪ ગ્રંથોના રચયિતા શ્રી હરિભદ્રસૂરિ પણ એક મહાન વિજયી પ્રકાંડજ્ઞાની બ્રાહ્મણ હતા. પણ 'યોગીની મહતરાના સૂન' બની જૈન ધર્મના આગમજ્ઞાતા બની ગયા. તેઓશ્રીનું જૈન સમાજમાં આદરણીય સ્થાન રહ્યું છે. તેઓ મોક્ષગતિના રાહગીર બન્યા.

આ ગ્રંથના અધ્યયનથી અંતર આનંદ અનુભવે છે. પ્રશમરતિમાં મુખ્ય બાવીસ વિષયોની સંકલના છે. (૧) પંચ મહાવ્રત (૨) કષાય (૩) રાગાદિ (૪) કર્મ (૫) અષ્ટ કર્મ (૬) કરણ (૭) મદસ્થાન (૮) આચાર (૯) બાર ભાવના (૧૦) ધર્મ (૧૧) કથા (૧૨) જીવરાશિની જાળ (૧૩) ઉપયોગ (૧૪) ભાવ (લેશ્યા) (૧૫) દ્રવ્ય (૧૬) ચરણ (૧૭) શિલાંગ (૧૮) ધ્યય (૧૯) શ્રેણી (૨૦) સમુઘઘાત (૨૧) યોગનિરોધ (૨૨) શિવાગમ.

મૂળ ગ્રંથ સંસ્કૃત શ્લોકમાં પછી એની ટીકા સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી, હિન્દી, અંગ્રેજી અને અન્ય ભાષામાં કરવામાં આવી. ૫૦૦ ગ્રંથના રચયિતા, જૈન શાસનના જ્યોતિર્ધર મહાન આચાર્ય શ્રી ઉમાસ્વાતિજી ચરમશરીરી જિનેશ્વરોની પ્રથમ શ્લોકોમાં જય પોકારે છે. સર્વજ્ઞ જિનેશ્વરોની જય બોલાવે છે. બહુશ્રુત આચાર્યશ્રીએ મંગલાચરણ કરતા કુશળતાપૂર્વક રાગ-દ્વેષ પર વિજયી બનવાના અણમોલ ઉપાયોને ગર્ભિત રીતે નિર્દેશ કરી દીધા છે.

(૧) પાંચ મહાવ્રતોનું પાલન

(૨) નવપદ સમગ્ર આરાધના

(૩) દશ પ્રકારનાં શ્રમણ ધર્મનું યથાર્થ પાલન

(૪) કષાયો પર વિજય

શરીર અને આત્માનો અંતિમ સંયોગ. જ્યાં સુધી શરીર અને આત્માનો સંયોગ છે ત્યાં સુધી જ પરાજય છે. રાગદ્વેષમાં ત્રાસ છે અને સંસારમાં પરિભ્રમણ છે. આત્મા શરીરના બંધનમાંથી મુક્ત થયો તે વિજેતા બન્યો-**'રાગદ્વેષથી મુક્ત'**.

પંચમહાવ્રતો અને દશ પ્રકારના શ્રમણધર્મની સાધના માટે દૃઢ મનોબળ અને અપૂર્વ આત્મશક્તિ જોઈએ. જિન, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સર્વ સાધુઓને નમન કરીને પ્રશમ (વૈરાગ્ય)માં પ્રીતિભાવની નિશ્ચલતા માટે ઉમાસ્વાતિજી કંઈક કહેવા માગે છે. મહર્ષિ સંસારના સંતપ્ત આત્માઓને પ્રશમરસ સાથે સુદૃઢ પ્રીતિ કરાવે છે. જીવાત્માઓના સર્વે આશ્રવોના દ્વાર બંધ કરી દીધા વિના આંતરસુખનો અનુભવ સંભવિત નથી. પ્રશમરસથી રાગ-દ્વેષના કાળકૂટ ઝેર અમૃત બની જાય છે. જનમ-જનમના વેરી વાસનાઓના ભૂતળા ભાગી જાય છે. જીવાત્મા સ્વસ્થ, શાંત અને પ્રસન્ન બની જાય છે. ગ્રંથકાર આચાર્યદેવની સામે એવી અનેક ગ્રંથ રચના પડેલી છે કે જે વૈરાગ્યરસથી મુમુક્ષુ આત્માઓને તરબોળ કરી દે છે. પ્રથમરસના શીતલ સરોવરમાં સર્વાંગીન સ્નાન કરાવી દે છે. મહર્ષિને પ્રશમ ઉપશમ વિષય ખૂબ જ પ્રિય છે. ભક્તિભાવથી શક્તિ પ્રગટે છે. ચૌદ પૂર્વધર મહર્ષિઓની ગ્રંથ રચનાના અંશો ગ્રંથકારને મળી ગયા હતા. અને એ અંશોની સંકલના કરીને મહાસ્વાતિજીએ આ ગ્રંથની રચના કરી છે.

ગ્રંથકાર મહર્ષિ પૂર્વધર પૂર્વોના જ્ઞાનના વિલક્ષણ પ્રતિભાશાળી પ્રકાંડ વિદ્વાન હતા. પાંચસો ગ્રંથના રચયિતા મહાન શાસ્ત્રકાર હતા. ઉદ્દેશ્ય–મનુષ્યને રાગ-દ્વેષથી મુક્ત કરીને શાંત સમુદ્રમાં નિમગ્ન કરીને આત્મા પરમ આહ્લાદ અનુભવ કરે. સર્વજ્ઞ વિતરાગોની વાણીને જે ગણધરોએ સૂત્રબદ્ધ કરી તે વાણીનું અનુશીલન આ પ્રશમરતિ છે.

રાગ-દ્વેષ હલાહલ ઝેરથી પણ અતિ ખતરનાક ઝેર છે. મોક્ષ પર રાગ અને સંસાર પર દ્વેષ એ વિચારોને કેન્દ્રબિંદુ બનાવી જન્મ-જરા-મૃત્યુ, આધિ-વ્યાધિ-ઉપાધિથી ભરપૂર આ સંસારનું ચિંતન કરાવી વૈરાગ્યની ભાવનાને પ્રબળ બનાવે છે.

માધ્યસ્થ, વૈરાગ્ય, વિરાગતા, શાંતિ, ઉપશમ, પ્રશમ, દોષક્ષય અને કષાય વિજય વૈરાગ્યના પર્યાય છે. **પ્રશમ એટલે રાગ-દ્વેષનો ઉત્કૃષ્ટસમ**. જ્યારે આ ઉત્કૃષ્ટસમ હોય ત્યારે આત્મભાવ અત્યંત વિશુદ્ધ હોય છે. પ્રશમરસમાં સ્થિરતા પ્રાપ્ત કરવા માટે આ ગ્રંથની રચના કરી છે.

જ્યારે મિથ્યાત્વનું ભૂતળું જ્ઞાનદૃષ્ટિ હણી નાંખે છે ત્યારે દૃષ્ટિમાં મલિનતા આવી જાય છે. બુદ્ધિની નિર્મળતા પલાયન થઈ જાય છે. હિંસા, જૂઠ, ચોરી, અબ્રહ્મ અને પરિગ્રહના આશ્રય ગીધડાનાં ટોળે-ટોળાં ચિચિયારીઓ કરતા આત્મભૂમિ પર ધસી આવે છે. મિથ્યાત્વ અને મલીનમતિ ગીધડાઓનું સ્વાગત કરે છે. અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહના મૃતદેહોની એ ગીધડા મોજથી ઉજાણી કરે છે. પાંચે ઈન્દ્રિયો આ ઉજાણીમાં ભળે છે. બસ પછી બાકી શું રહે?

**પરિણામ-વિપુલ ઘોર કર્મબંધ**

ચાર કષાયો : ક્રોધ, માન, માયા, લોભ, મૈથુન સંજ્ઞાથી પ્રગટ થાય છે. આત્મા આઠ કર્મોના નિયંત્રણ નીચે છે. એ નિયંત્રણ ચાર પ્રકારે જીવ પર લદાયેલું છે. (૧) સ્પષ્ટ (૨) બદ્ધ (૩) નિધત (૪) નિકાચિત. બસ પછી તો જન્મતો અને મરતો જીવ કર્મોને બાંધતો ભારેખમ બને છે. વારંવાર ચારગતિમાં ભ્રમણ કરે છે. તેથી અનંત ભ્રમણાઓમાં અટવાઈ જાય છે. ભ્રાંત આત્મા કષાયોનો શિકાર બને છે.

આઠે ક્રમોને બાંધતો નિકાચિત ફરતો આત્મા નિરંતર ૮૪ લાખ યોનીમાં ભ્રમણ કરતો અને ભ્રાંતિઓમાં ભ્રમિત થઈ ગયેલો કષાયોની ક્રૂરતાનો ભોગ બને છે. જ્યાં સુધી આત્મા કર્મો બાંધતો રહેશે, એ કર્મબંધથી ભારે થયેલો સહસ્ર ગતિમાં જન્મ-મરણ કરતો ભટકતો રહેશે, વિવિધ રૂપોને ધારણ કરતો રહેશે, ત્યાં સુધી એ કષાયોથી મુક્ત નહીં થાય. અને પાંચે ઈન્દ્રિયોને વશ થઈ આત્મા ક્રોધી, માની, લોભી, માયાવી બની જશે.

અતિ દુર્જય એવા ક્રોધ, માન, માયા અને લોભથી પરાભૂત થયેલ એ જીવ કષાય પરંપરાને વશ થઈ જીવ આપત્તિઓનો ભોગ બને છે. કષાયોએ જીવ પર એવું કામણ કર્યું છે કે કષાયો એને હિતકારી અને સુખકારી લાગે છે. દુઃખના દાવાનળ વચ્ચે પણ તે કષાયોને વળગી રહે છે. કષાયના વિચારો, કષાયયુક્ત વચનો અને કષાય ભરપૂર પ્રવૃત્તિઓ એને મીઠી અને કરવા જેવી લાગે છે. જે કરતો જાય છે અને દુઃખી થાય છે. ઘોર અનર્થોનો શિકાર બને છે.

કરૂણાપૂર્ણ હૃદયવાળા ગ્રંથકાર કહે છે : ક્રોધને ક્ષમાથી, માનને વિનયથી, માયાને નિર્મળ હૃદયથી, લોભને સંતોષથી જીતી લો. આ રીતે ક્રોધ, માન, માયા, લોભ, જીવના હેતુ માટે દુઃખના હેતુ હોવાથી નરકાદિમાં લઈ જનારા છે.

આ ક્રોધાદિના મૂળ બે પદ છે – **'મમકાર અને અહંકાર'** જે રાગ-દ્વેષના પર્યાય છે.

**'મમકાર'** એટલે રાગ કહી શકાય.

**'અહંકાર'** એટલે દ્વેષ કહી શકાય.

રાગ-દ્વેષ મોહરાજાના મહામંત્રીઓ છે. મિથ્યાત્વ, અનીતિ, પ્રમાદ, મન-વચન-કાયાના યોગ આ ચારે રાગ-દ્વેષના ઉપકારીત છે. તે મિથ્યાત્વથી ઉપગ્રહીત રાગ અને દ્વેષ આઠ પ્રકારના કર્મબંધના

કારણ બને છે. એકલા રાગ-દ્વેષ કર્મબંધના કારણ બની શકતા નથી. આ સહાયક મંડળીથી જ એમનું અસ્તિત્વ છે. સહાયક મંડળી નહીં તો રાગ-દ્વેષ નહીં. આ ચાંડાળચોકડી તોડી નાંખવામાં આવે તો રાગ-દ્વેષ મહાન ઉપકારી બને છે. મિથ્યાત્વનો સંઘ ત્યજી સમ્યક્ત્વનો સહારો લે. અવિરતી તજી વિરતી સાથે પ્રેમ લાવે છે. પ્રમાદને ત્યજી અપ્રમાદને મિત્ર બનાવે, રાગ-દ્વેષ આત્માને ન્યાલ કરી દે. મન-વચન-કાયા જો આત્માના પવિત્ર સહયોગમાં આવી જાય તો આત્મોન્નતિ જ ઉન્નતિ છે.

**કર્મબંધ આઠ પ્રકારના છે**

'જ્ઞાનાવરણીય', 'દર્શનાવરણીય', 'મોહનીય', 'વેદનીય', 'આયુષ', 'નામ', 'ગોત્ર' અને 'અંતરાય'. આત્માનું ભૌતિક સ્વરૂપ જે અનંત જ્ઞાન, અનંત દર્શન, અવ્યાબાધ સ્થિતિ, વિતરાગતા, અક્ષયસ્થિતિ, અગુરુલઘુતા અને અનંત વીર્ય છે તે તો આવરાયેલું છે, દબાયેલું પડ્યું છે. આત્માનો સ્વભાવ-જ્ઞાન આવરત કરીને વિભાવદશામાં રમણતા કરાવનારા આ આઠ કર્મો સમગ્ર સૃષ્ટિ પર છવાયેલા છે. કોઈ પણ જીવ આ કર્મોના પ્રભાવથી બચેલ નથી. જ્યારે આ કર્મો બંધાય છે ત્યારે તેની સ્થિતિ, એના રસ અને એના પ્રદેશો પણ સાથે જ બંધાય છે. સ્થિતિ, રસ, પ્રદેશના બંધથી પ્રકૃતિ વિશિષ્ટ બને છે.

ચાર પ્રકારના બંધમાં મન-વચન-કાયાનો યોગ થાય છે. તે પ્રદેશબંધ કર્મના અનુસાર કષાય થાય છે અને સ્થિતિનો જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ સ્થિતિનું નિર્માણ લેશ્યાઓથી થાય છે. જીવ મનથી વિચાર કરે છે, વચનથી બોલે છે, કાયાથી પાંચ ઈન્દ્રિયોને પ્રવર્ત કરે છે. માટે તે કર્મોનો ઢગલો આત્મામાં આવીને મળે છે. મનથી, વચનથી અને કાયાથી કોઈ પણ સૂક્ષ્મ કે સ્થૂળ પ્રવૃતિ કરી કે આઠ કર્મોના પુદ્ગલો આત્મામાં આવ્યા જ સમજો. એ કર્મ પુદ્ગલોનો સારા-નરસા પ્રભાવનો અનુભવ કષાયોના માધ્યમથી થાય છે. ક્રોધ, માન, માયા, લોભ આ ચાર મુખ્ય કષાયો આત્મપ્રદેશમાં રહેલા છે. કર્મ પુદ્ગલોનું સુખાત્મક અને દુખાત્મક સંવેદન આ કષાયો વિના થઈ શકતું નથી. આત્માની સાથે બંધાયેલા કર્મ પુદગલોની સ્થિતિનો નિર્ણય આ કર્મ કષાયો કરતા નથી, તે કામ લેશ્યાઓનું છે.

કર્મોની નિર્જરામાં પરિણામોનું શુભ હોવું આવશ્યક હોય છે. કર્મબંધમાં અને કર્મનિર્જરામાં પરિણામ, અધ્યવસાય અને લેશ્યાઓનું સંપૂર્ણ યોગદાન હોય છે.

જે કર્મો બાંધ્યા હોય છે તે જ ઉદયમાં આવે છે. બધા બાંધેલા કર્મો ઉદયમાં આવે ત્યારે સુખ અને દુખનો અનુભવ ન પણ થાય છતાં ઉદયમાં આવી જાય અને ભોગવી જાય એને પ્રદેશોધય કહેવાય છે. શરીરનું નિર્માણ તૈયાર જ હોય છે. એ સાથે ઈન્દ્રિયોનું નિર્માણ થતું જ હોય છે. જીવાત્મા આ ઈન્દ્રિયોના માધ્યમથી વિષયો ગ્રહણ કરે છે.

ઈષ્ટ વિષયનિમિતક સુખાનુભવ છે.

અનિષ્ટ વિષયનિમિતક દુખાનુભવ છે.

તે વિષયને ગ્રહણ કરવાનું કાર્ય ઈન્દ્રિયોનું છે. સુખ અને દુઃખના અનુભવ કરવાનું કામ મનનું છે. જીવાત્મા ઈન્દ્રિયોથી વિષય ગ્રહણ કરે છે અને મનથી સુખ અને દુઃખના અનુભવ કરે છે. મન વિનાના જીવોને પણ સંજ્ઞા (ઈચ્છા) તો હોય જ છે.

મોહનો અંધાપો તો ઊંધી જ સમજ આપે છે અને અવળી પ્રવૃત્તિ જ કરાવે છે. મોહનીયકર્મ જળોની જેમ આત્માને ચીટકી પડે છે. એક સમજને બીજો પ્રવૃતિ ને રફે-દફે કરી નાંખે છે. મન-વચન-કાયાનું તીવ્ર ઝેર આ કાયામાં ભળે છે ત્યારે આત્માનો મહાવિનાશ સર્જાય છે. મન અશાંત અને અસ્વસ્થ બને છે, વાણી દીનતાભરી ઉશ્કેરાટવાળી, અને ઈન્દ્રિયો ચંચળ અને બેકાબૂ બને છે–પ્રચંડ કર્મબંધ બંધાય છે પણ આ પ્રક્રિયા જોવા માટે આત્મા આંધળો બની જાય છે.

પાપકર્મોનો બંધ અને ઉદય થતા ભયંકર યાતનાઓ, વેદનાઓ અને રીબામણ જીવને પ્રાપ્ત થાય છે. મોહનીયકર્મની વિશાળ સેનામાં ઘેરાયેલો જીવ સંસારને સાચું, અનિત્યને નિત્ય માનવા લાગે છે. ભવોની પરંપરા વધારે છે અને અનંતાઅનંત દુઃખોને પામે છે.

ફક્ત એક જ ઈન્દ્રિયની પરવશતા જીવલેણ હોય છે. કાન – રાગથી હરણજાળમાં બંધાય છે. આંખ – દૃષ્ટિના કારણે પતંગિયું દીપકમાં બળે છે. નાક – ઘ્રાણેન્દ્રિયની લાલચથી ભ્રમર કમળમાં ફસાય છે. જીભ – સ્વાદેન્દ્રિયની લાલચમાં માછલી જાળમાં ફસાય છે. સ્પર્શ – ઈન્દ્રિયથી હાથી બંધનમાં પડી પ્રાણ ગુમાવે છે. પાંચે ઈન્દ્રિયોના વશમાં થઈને માનવી ભવ-ભ્રમણમાં અટવાય છે. અને અસહ્ય દુઃખોને પામે છે. સમજુ જીવે મનને વધુ સમયે ઈન્દ્રિયોમાં રાચવા ન દેવું.

પરમજ્ઞાની, કરુણાવંત ઉમાસ્વાતિજી જ્યારે સમગ્ર જીવરાશિને જુએ છે, શારીરિક અને માનસિક વેદનાઓમાં અને દુર્ગતિમાં પડેલા જુએ છે ત્યારે તેમનો આત્મા કકળી ઉઠે છે. સંસાર સમુદ્ર માંથી એ જીવાત્માઓને બહાર કાઢવા મથામણ કરે છે. આત્મા, મન અને ઈન્દ્રિયો એકમેકના થઈને પરસ્પર સાથ-સહકારથી જ્યારે વિષયોનો સંઘ કરે છે ત્યારે આત્મા એવો મૂઢ થઈ જાય છે, એવો લંપટ થઈ જાય છે કે એના ભાવ પ્રદેશોનું નિકંદન નીકળી રહ્યું છે એનું એને ભાન નથી રહેતું. શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શથી આકર્ષાયેલી પાંચે ઈન્દ્રિયોની પરવશતા એ સ્વચ્છંદ આત્માને ભિષણભવ સમુદ્રમાં પટકી દે છે. ઈન્દ્રિયો કોઈ પણ સમયે તૃપ્ત થતી નથી સદાય તરસી જ હોય છે. રોજ તૃપ્ત કરો અને આ ઈન્દ્રિયો અતૃપ્ત જ રહે છે. એ

જ એનો મૂળ સ્વભાવ છે. સાચી તૃપ્તિ ઈન્દ્રિયોને વિષયભોગથી રોકવામાં જ છે. શુભાશુભ કલ્પના માત્ર જ છે. જ્યારે મન રાગી હોય ત્યારે વિષય પ્રિય લાગે છે, અને જ્યારે મન દ્વેષી હોય ત્યારે અપ્રિય લાગે છે. ઈન્દ્રિયજન્ય સુખ સ્થાયી નથી, અનિત્ય અને ક્ષણિક છે.

ઈષ્ટ લાગતા વિષયોમાં ઈન્દ્રિયો પ્રવર્ત થાય છે, અને અનિષ્ટ લાગતા વિષયોમાં ઈન્દ્રિયો નિવર્ત થાય છે. આ ઈન્દ્રિયોની પ્રવૃત્તિ અને નિવૃત્તિ પાછળ અગ્ર દોરી સંચાર મનની કલ્પનાઓનો હોય છે.

શ્રુતધર મહર્ષિએ આ ગહન વાતોનો માત્ર મનુષ્યને જ એની બૌદ્ધિક યોગ્યતા જોઈને તત્ત્વોપદેશ આપી શકાય. જેની બુદ્ધિ નિર્મળ, શુદ્ધ, સૂક્ષ્મધારદાર બની વિવેકથી સુશોભિતે એવા જીવોને જ ઉપદેશ આપી શકાય. આના માટે હવે આત્મ નિરીક્ષણની આવશ્યકતા છે. મનની પરીણતા અને પરીણામોને ઓળખતા કોઈ વિષય ખરાબ નથી, પ્રિય કે અપ્રિય નથી. બધા રાગ-દ્વેષના ખેલ છે. વિશ્વમાં ઈષ્ટ કે અનિષ્ટ, પ્રિય કે અપ્રિયની કલ્પનાઓ જીવાત્માઓના રાગ-દ્વેષમાંથી જન્મે છે.

ઈન્દ્રિયોના જે વિષયમાં રાગ-દ્વેષયુક્ત જીવ શુભ કે અશુભ ચિત પરિણામ સ્થાપિત કરે છે, તે ચિત પરિણામ કર્મબંધનું કારણ બને છે. સમગ્ર સંસારમાં રહેલા અનંતોઅનંત જીવાત્માઓના સુખ અને દુઃખનો આધાર આ કર્મબંધ છે. કર્મોને બાંધનાર અને ભોગવનાર જીવ જ છે. જે સુખ અને દુઃખને અનુભવી રહ્યા છીએ એનું કારણ પૂર્વ ઉપાર્જીત કર્મોના પ્રભાવથી ઉત્પન્ન પુણ્યોદય અને પાપોદયનો ઉદય છે. ચિત પરિણામ કર્મબંધના અસાધારણ કારણો છે. મનના વિચારો જ કર્મબંધના મુખ્ય હેતુ બને છે. શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શના અસંખ્ય વિષયોમાંથી ગમે તે વિષયમાં તમે રાગી બનો–આ વસ્તુ સારી છે, ગમે છે, આ વસ્તુ સારી નથી એ પ્રમાણે રાગી-દ્વેષી બન્યા એટલે કર્મોએ આવર્ત કર્યા સમજો. વિચાર કરવાની સાથે જ કર્મો હાજર. રાગી કે દ્વેષી જીવોના ઈષ્ટ કે અનિષ્ટ વિષય કર્મબંધના અસાધારણ કારણ બને છે. રાગ અને દ્વેષથી સ્નિગ્ધ કર્મો આત્માને ચોંટે છે. ચૌદ રાજલોકમાં જ્યાં-જ્યાં જીવો છે ત્યાં સર્વત્ર કાર્મણ્ય વર્ગણાના પુદ્ગલો રહેલાં જ છે. જે વિષયિક વિચારો કરે, વ્યક્ત કે અવ્યક્ત, તુરંત જ કર્મો આત્માને ચોંટે છે. આત્માના અસંખ્ય પ્રદેશો રાગ-દ્વેષની ચીકાસથી ખરડાયેલા છે. એ કાર્મણ્ય વર્ગણાના પુદ્ગલો આત્માને ચોંટે તે પછી એ પુદ્ગલો, આઠ કર્મોરૂપે પરિણમી જાય છે.

પ્રતિક્ષણ, પ્રતિસમય આત્મા સાથે કર્મ પુદ્ગલો ચોંટે છે. અનંત અનંત પુદ્ગલોના ઢગલા આત્મપ્રદેશમાં ખડકાઈ જાય છે, પરંતુ રાગ-દ્વેષથી મૂઢ બનેલા જીવાત્માને આ સૂક્ષ્મ પ્રક્રિયાનું જ જ્ઞાન નથી હોતું. એ તો ત્યારે માથા પછાડે છે જ્યારે કર્મો ઉદયમાં આવીને ઘોર ત્રાસ આપે છે. ભયંકર, શારીરિક અને માનસિક વેદનાઓ મળે છે. આવા રાગ અને દ્વેષ, મોહનીય-મિથ્યાત્વ અને અવિરતી, પ્રમાદસહિત યોગો (મન-વચન-કાયા)ને અનુસરીને કર્મ ગ્રહણ કરે છે. રાગ-દ્વેષથી કર્મબંધ થાય છે, પરંતુ સહયોગી એ પ્રમાદગ્રસ્ત મન, વચન, કાયાના યોગો હોય છે, માટે કર્મબંધ થાય છે. એવી જ રીતે કષાયો, મિથ્યાત્વ અને અવિરતીથી કર્મબંધ થાય છે. પરંતુ પ્રમત યોગના સહયોગ હોય તો જ, સ્વતંત્ર રીતે નહીં. કર્મનો વિકાર સંસાર છે. સંસારના કારણે દુઃખ છે. માટે રાગ-દ્વેષ વગેરે જ ભવપરંપરાનું મૂળ છે. કર્મોએ જ આત્માની સ્વભાવદશાને આવર્ત કરેલ છે. સંસારમાં ક્યાંય શુદ્ધ અને શાશ્વત સુખ છે જ નહીં.

રાગ-દ્વેષના તાણાવાણાથી ગૂંથાયેલી આ જાળ કેવી રીતે ગૂંથાય છે અને કેવી રીતે તૂટે છે એ જાણવું ખૂબ આવશ્યક છે. આત્મામાં આ જાળને છેદવાનો ઉત્સાહ જન્મે છે અને મુક્ત થઈ અનંતજ્ઞાન આકાશમાં મુક્ત મને ઉડવાને હૃદયમાં તલસાટ જાગે છે. એવા જીવાત્માઓનું સમગ્ર વ્યક્તિત્વ ગ્રંથકારે અહીં બતાવ્યું છે. મોહજાળનો વિચ્છેદ કરનાર આત્મા પ્રમાદ કે ભયથી બેસી ના રહે. એવા માણસોની વાતો આ જીવાત્મા કાન પર ધરતા નથી.

જ્ઞાન, દર્શન, ચારિત્ર્ય, તપ, સ્વાધ્યાય અને ધ્યાનથી યુક્ત ભગવાન મહાવીરે ત્રણ પ્રકારના તત્ત્વો બતાવ્યા છે-હેય, ગેય અને ઉપાદેય. જ્ઞાન વિના ધ્યાન નહીં અને ધ્યાન વિના કેવળજ્ઞાન નહીં. અત્યંત વિશુદ્ધ આત્મા શુકલ ધ્યાનમાં પ્રવેશે છે.

રાગજન્ય આનંદ કરતા વૈરાગ્યજન્ય આનંદ દીર્ઘજીવી, પરિશુદ્ધ અને પુણ્યબંધક હોય છે. સિદ્ધાંતોમાં ભાવના જ્ઞાનની ગુણવત્તાને જોનારા હોય છે.

જ્ઞાન ત્રણ પ્રકારના છે. (૧) શ્રુતજ્ઞાન (૨) ચિંતાજ્ઞાન (૩) ભાવજ્ઞાન. શ્રુતજ્ઞાન-આગમસૂત્રોના અર્થ ગ્રહણ કરી એમની સ્મૃતિના ભંડારામાં ભરવું. ચિંતાજ્ઞાન-સ્મૃતિના ભંડારોમાં ભરેલા સિદ્ધાંતોના જ્ઞાનને લય અને પ્રમાણથી કસીને બુદ્ધિગમ્ય કરવાં. ભાવજ્ઞાન-બુદ્ધિગમ્ય કરેલ સિદ્ધાંતોને આત્મસાત્ કરી અને પરમાર્થના પ્રકાશ પામવા. ભાવના જ્ઞાનથી વિનય પ્રગટે છે. સંસારસુખના રાગથી સંસારનો દ્વેષ જન્મે છે. પાંચ ઈન્દ્રિયોના વિષય સુખના ભોગ-ઉપભોગનું પરિણામ ત્રાસ અને વિડંબનાઓ મળે છે. સ્વહિતાર્થે મોક્ષસુખમાં મનથી રમણ કરનારાને મોક્ષમાર્ગનું જ્ઞાન જોઈએ. પ્રબળ આકર્ષણ જોઈએ તથા ત્યાં જવાની પૂર્ણ તૈયારી જોઈએ. આત્મસાધક અતિદુર્લભ મળેલા મનુષ્યભવમાં ક્ષણનો પણ વિલંબ કર્યા વગર આત્મસાધના કરી લે છે.

વિષ તો એક જ ભવ ખતમ કરે જ્યારે વિષયો ભવોભવ ભટકાવે,

જીવનું અધ:પતન કરે છે. વૈરાગ્યનું અમૃત મનને–જીવને આનંદથી ભરી દે છે.

પ્રશાંત આત્મા જ નિજાનંદના આનંદની મસ્તી માણી શકે છે. પ્રશાંત મનુષ્ય જ અગમ-અગોચર સુખની મધુર અનુભૂતિ કરી શકે છે, જે સાધુઓ પરચિંતાથી મુક્ત છે તેઓ અદ્‌ભુત સ્વાધીન જીવયાત્રા કરી રહ્યા છે.

સર્વે દોષોથી રહીત કર્મનિર્જરામાં ઉન્નત જીવ આત્માના શુદ્ધ સ્વરૂપને પામે છે. આચાર્ય ભગવંતે ખૂબ સુંદર રીતે પ્રશમરતિમાં આલેખ્યું છે. તત્ત્વાર્થથી ભરપૂર એક-એક વાતને ખૂબ સૂક્ષ્મ રૂપે વર્ણવી છે. સંપૂર્ણ વિતરાગ (રાગ-દ્વેષ) દશાનું સુંદર આલેખન કર્યું છે. તત્ત્વશ્રોતની આ અજોડ કૃતિ છે, જેમાં સૂક્ષ્મ જ્ઞાનનું વર્ણન છે. ક્રમે-ક્રમે જીવ સર્વે કર્મોને ક્ષય કરી કેવી રીતે સિદ્ધત્વ દશા પ્રાપ્ત થાય, તેનું ખૂબ જ ઝીણવટથી આલેખન કર્યું છે. મોક્ષમાર્ગના દુર્ગમ રાહને વર્ણન દ્વારા સ્પષ્ટ કરી અનેક જીવોના ઉપકાર કરવા આચાર્ય ભગવંતે આ ગ્રંથની રચના કરી છે.

તે સમયમાં બ્રાહ્મણો અને બૌદ્ધ પંડિતોથી રાજા અને રાજદરબાર પ્રભાવિત હતા. દા. ત. વિક્રમ રાજાને સિદ્ધસેન દિવાકરસૂરિએ અને કુમારપાળને હેમચંદ્રાચાર્યે પોતાના જ્ઞાનના પ્રભાવથી પ્રતિબોધ પમાડ્યા હતા.

જો જીવ પંમચમહાવ્રતમય બની જાય તો શ્રમણ ધર્મનું સર્વાંગી સુંદર પાલન થઈ જાય. નવપદોનું હૃદયકમળમાં ધ્યાન રમતું થઈ જાય તો ચરમશરીરી બનતાં વાર જ નહીં. તે શરીર સાથે આત્માનો અંતિમ સંયોગ બની જાય. પાંચમહાવ્રતો ને દશ પ્રકારના શ્રુતધર્મની સાધનામાં દૃઢ મનોબળ જોઈએ, ત્યારે અપૂર્વ આત્મશક્તિ પ્રગટે છે. નવપદોની આરાધનાથી આત્મા અરિહંત આદિના પદોમાંથી અનંત શક્તિના જે ભંડાર ભર્યા છે તેમને ધ્યાન અને ઉપાસનાથી ઉપાસક આત્મામાં ભરી દે છે. ઉપાસના અને ભક્તિથી શક્તિ પ્રગટે છે.

ઈચ્છા, મૂર્છા, કામ, સ્નેહ, ગૃદ્ધતા, અભિલાષા એ રાગના પર્યાય છે. ઈર્ષ્યા, રોષ, દ્વેષ, પરિવાર મત્સર, અસૂયા, વેર પ્રપંચ વગેરે દ્વેષના પર્યાય છે. જીવ આઠ કર્મોના નિયંત્રણ નીચે છે. સ્પષ્ટ–આત્મ પ્રદેશો સાથે સામાન્ય મિલન. બદ્ધ–આત્મ પ્રદેશોનો કર્મો સાથે વિશિષ્ટ બંધ. નિધત-આત્મા સાથે કર્મો એકમેક થઈ જાય. નિકાચિત-તેલ લગાવેલ રેશમના દોરાને ગાંઠ બાંધવામાં આવે અને ખેંચવાથી મજબૂત બનાવી દેવામાં આવે તો ખોલી ના શકાય તેવા આ ચીકણા કર્મો છે. આ રીતે હજારો ગતિઓમાં જન્મતો અને મરતો જીવ કર્મોને બાંધતો ભારેખમ થઈ વારંવાર ચારે ગતિઓમાં ભ્રમણ કરતો અનંત ભ્રમણાઓમાં અટવાઈ જાય અને કષાયોનો શિકાર આત્મા બનતો જાય. તીર્થંકરો દ્વારા પ્રણિત (અર્થમાં) ગણધરો તથા ગણધરોના શિષ્યો દ્વારા પ્રરૂપિત જે ભાવો અને પદાર્થોનું અનેકવાર અનુકિર્તન – જ્ઞાન, દર્શન અને ચારિત્ર્યની પુષ્ટિ કરનારૂં છે. કર્મોની નિર્જરા કરી મોક્ષ આપનારૂં છે.

સાધકને સમ્યક્દષ્ટિ દ્વારા પ્રશમવૃત્તિમાં પહોંચવાનું છે, શાસ્ત્રજ્ઞાનને સહારે ઉપસમરસના ભરેલા શીતલ જળમાં ભીંજાવાનું છે. પરમાત્માના ધ્યાનની તીવ્ર ભરતીના માધ્યમથી સંસારના મૃગજળ–આકર્ષણોથી મુક્ત થવાનું છે. ઉગ્ર તપસ્યાથી વિષયવાસનાઓને બાળી નાંખવાની છે. પ્રશાંત આત્મા જ નિજાનંદ માણી શકે છે. પ્રશાંત મનુષ્ય જ અગમ અગોચર સુખની મધુર અનુભૂતિ કરી શકે છે. એવા સાધક આત્મા પરચિંતાથી મુક્ત થઈ, સ્વસ્થતાથી જીવનયાત્રા કરી રહ્યા છે. તેમના રાગ-દ્વેષ, મોહ અને કષાય શાંત થઈ ગયા છે. લોકવિરૂદ્ધ અને ધર્મવિરૂદ્ધ આચારોનો ત્યાગ કરી–આહાર, પાત્ર, મકાન રાગ-દ્વેષ રહીત સમભાવે પ્રાપ્ત કરે છે.

જે ઉગે છે તે આથમે છે, જે ખીલે છે તે કરમાય છે, જે જન્મે છે તે મૃત્યુ પામે છે, આખું જગત વિનાશી છે. સર્વ સંયોગો ક્ષણિક છે. તેથી કોઈ વ્યક્તિ કે વસ્તુનો મોહ કરવા જેવો નથી. આધિ, વ્યાધિ, ઉપાધિ અને મોત આવે ત્યારે કોઈ બચાવી શકતું નથી. દેવ, ગુરુ અને ધર્મ સિવાય આ જગતમાં કોઈ શરણભૂત નથી. આ સંસાર દુઃખમય છે, ડગલે ને પગલે પાપ કરાવનારો છે, અનેક વિચિત્રતાઓથી ભરેલો છે, સંસારમાં સહુ સ્વાર્થના સગા છે, માટે આ સંસાર અસાર છે. આ જગતમાં હું એકલો આવ્યો છું, અહીંથી એકલો જવાનો છું. મન-વચન-કાયાની શુભ પ્રવૃત્તિઓથી અશુભ કર્મોનો બંધ અટકે છે માટે હંમેશા શુભ પ્રવૃત્તિમાં જ મગ્ન રહેવા જેવું છે. બાર પ્રકારના તપની આરાધનાથી આત્માને વળગેલા કર્મો નાશ પામે છે માટે તપમાં ખૂબ ઉદ્યમ કરવો જોઈએ. અનંત પુણ્યના ઉદયથી જૈન શાસનની પ્રાપ્તિ થઈ. આવા દુર્લભ ધર્મની પ્રાપ્તિ થયા પછી ક્ષણનો પણ પ્રમાદ કરવા જેવો નથી. ધર્મ મહાસત્તાનો અજબ-ગજબનો પ્રભાવ વર્તી રહ્યો છે માટે જ દરિયો માઝા મૂકતો નથી, સૂર્ય અગ્નિ ઓકતો નથી અને વિશ્વ ટકી રહ્યું છે. જીવ અને જડથી બનેલા આ આખા વિશ્વનું કેવું આબેહૂબ સ્વરૂપ સર્વજ્ઞ ભગવંતે બતાવ્યું છે! ધન્ય છે સર્વજ્ઞના શાસનને અને ધન્ય છે આચાર્ય મહર્ષિને જેને પ્રભુના પ્રરૂપેલા તત્ત્વોનું સાકાર ચિત્રણ કર્યું છે.

✶ ✶ ✶

૫૦૬, નરીમાન કોમ્પલેક્ષ, શ્રીમાન લક્ષ્મી ટોકિઝ રોડ પાસે,
આણંદ-૩૮૮૦૦૧ (ગુજરાત)

# શ્રી મહાવીર જૈન વિદ્યાલય આયોજિત: સૌજન્ય રૂપ–માણેક ભંશાલી ટ્રસ્ટ

## જાન્યુઆરી ૨૯, ૩૦, ૩૧, સ્થળ–રતલામ–વિષય 'જૈન સાહિત્ય ગૌરવ ગ્રંથ'–પ્રાપ્ત શોધ નિબંધોની યાદી

| ક્રમ | નામ | સ્થાન | મોબાઈલ નંબર | ટેલિફોન નંબર | ગ્રંથનું નામ |
|---|---|---|---|---|---|
| ૧ | ડૉ. અભયભાઈ દોશી | મુંબઈ | ૯૮૯૨૬૭૮૨૭૮ | — | લલિતવિસ્તરા |
| ૨ | ડૉ. અજિતસિંહ આઈ. ઠાકોર | આણંદ | ૯૯૨૫૭૧૧૬૩૯ | — | કાવ્ય કલ્પલતા – શ્રી અરિસિંહ રચિત |
| ૩ | ડૉ. અનેકાંતકુમાર જૈન | ન્યૂ દિલ્હી | ૯૮૬૮૦૯૮૩૯૬ | ૯૭૧૧૩૯૭૭૧૬ | પંકાસ્તિકાય |
| ૪ | અર્ચનાબેન કે. પારેખ | અમદાવાદ | ૯૪૨૬૩૨૮૮૭૦ | — | સમરાદિત્ય કેવલી ચરિત્ર |
| ૫ | ડૉ. અરુણ પ્રતાપ સિંહ | યુ.પી. | ૯૪૧૫૮૧૦૭૬૭ | ૦૫૪૨-૨૫૭૫૪૪૬ | મૂલાચાર – એક અધ્યયન |
| ૬ | અરવિંદ સ્વરૂપચંદ સંઘવી | રાધનપુર | ૯૮૭૯૫૮૬૦૪૯ | — | ધર્મરત્ન પ્રકરણ |
| ૭ | બાબુભાઈ એમ. શાહ | સુરત | ૯૮૨૪૭૦૧૮૯૯ | ૦૨૬૧-૨૭૬૫૬૬૦ | અષ્ટાન્હિકા વ્યાખ્યાન |
| ૮ | ભાનુબેન શાહ | મુંબઈ | ૯૮૯૨૪૨૨૫૩૫ | ૦૨૨-૨૩૮૭૫૦૭૬ | કવિ ઋષભદાસ |
| ૯ | ભરતભાઈ દોશી | મુંબઈ | ૯૮૭૦૪૦૨૮૨૯ | ૯૮૨૧૧૪૩૩૬૪ | |
| ૧૦ | ભરતકુમાર એમ. ગાંધી | રાજકોટ | ૯૮૨૪૪૮૫૪૧૦ | ૯૩૭૫૯૬૭૮૪૫ | જ્ઞાતા ધર્મ કથા સૂત્ર |
| ૧૧ | ભાવેશભાઈ આર. દોશી | અમદાવાદ | ૯૮૨૪૬૫૫૩૫૧ | ૦૭૯-૨૬૬૦૬૪૩૨ | વિતરાગ સ્તોત્ર – હેમચંદ્રાચાર્ય કૃત |
| ૧૨ | ચંદ્રકાંતભાઈ એસ. સંઘવી | પાટણ | ૯૯૦૯૪૬૮૫૭૨ | ૦૨૭૬૬-૨૩૧૬૦૩ | દ્વ્યાશ્રય મહાકાવ્ય |
| ૧૩ | ચેતનભાઈ સી. શાહ | ભાવનગર | ૯૮૭૯૫૧૨૬૫૧ | ૦૨૭૮-૨૨૨૪૯૮૨ | વસ્તુપાલ ચરિત્ર |
| ૧૪ | છાયાબેન શાહ | અમદાવાદ | — | ૦૭૯-૨૬૬૧૨૮૬૦ | પરમ તેજ – ભૂવનભાનુ સૂરીશ્વરજી મ.સા. |
| ૧૫ | ડૉ. ધનવંતભાઈ ટી. શાહ | મુંબઈ | ૯૮૨૦૦૦૨૩૪૧ | — | નાટ્ય દર્પણ |
| ૧૬ | ડૉ. ધનવંતીબેન એન. મોદી | મુંબઈ | ૯૮૧૯૮૨૬૨૦૬ | ૦૨૨-૨૫૦૦૧૬૩૩ | ગૌતમ પૃછા |
| ૧૭ | ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા | સુરત | ૯૮૯૮૩૩૦૮૩૫ | ૦૨૬૧-૨૭૬૩૦૭૦ | વિશેષાવશ્યક ભાષ્ય |
| ૧૮ | ધીરેન્દ્રભાઈ આર. મહેતા | ભાવનગર | ૯૮૨૪૯૮૦૫૦૬ | ૯૦૧૬૩૩૮૪૭૨ | કર્મગ્રંથ ૧–૬ |
| ૧૯ | દીનાનાથ શર્મા | અમદાવાદ | ૯૨૮૨૪૫૯૪૪ | ૦૭૯-૨૬૩૦૫૧૫૭ | ધૂર્તાખ્યાન |
| ૨૦ | દિનેશભાઈ વી. જાની | વડોદરા | ૯૬૮૭૩૦૯૧૧૦ | ૦૨૬૫-૨૫૮૦૨૦૭ | પ્રબંધ કોશ |
| ૨૧ | દિનેશચંદ્ર કે. મહેતા | અમદાવાદ | ૯૪૨૮૪૨૨૨૭૪ | ૦૭૯-૨૭૫૦૫૨૯૧ | ભાષ્યત્રયમ્ |
| ૨૨ | દીક્ષા એચ. સાવલા | આણંદ | ૯૩૨૭૯૧૪૪૮૪ | ૯૮૨૫૧૮૫૧૬૭ | કવિ શિક્ષા (વિજયચંદ્ર સૂરિ કૃત) |
| ૨૩ | ડૉ. ફાલ્ગુનીબેન પી. ઝવેરી | મુંબઈ | ૯૯૩૦૪૯૫૭૪૫ | ૦૨૨-૨૬૧૬૯૧૬૧ | દ્વાત્રિંશત્દ્વાત્રિંશિકા – ઉપાધ્યાય યશોવિજયજી કૃત |
| ૨૪ | ફૂલચંદ્ર જૈન | વારાણસી | ૯૪૫૦૧૭૯૨૫૪ | ૯૪૫૫૫૮૭૭૧૫ | ન્યાયકુમુદચંદ્ર |
| ૨૫ | ગ્રીષ્માબેન એસ. શાહ | શુજાલપુર | ૯૪૨૫૪૨૮૫૩૯ | — | ન્યાયાવતાર |
| ૨૬ | ડૉ. હંસાબેન શાહ | મુંબઈ | ૯૮૧૯૭૨૦૩૯૮ | ૦૨૨-૬૫૨૪૯૩૧૩ | સ્યાદ્વાદ મંજરી |
| ૨૭ | હર્ષદભાઈ પી. મહેતા | જામનગર | ૯૪૨૯૧૪૧૨૦૭ | ૯૨૨૮૨૪૧૪૨૮ | નયચક્ર |
| ૨૮ | હિંમતલાલ એ. શાહ | મુંબઈ | ૯૩૨૪૫૩૦૨૯૨ | ૦૨૨-૨૮૦૭૦૬૬૦ | ધર્મ બિન્દુ |
| ૨૯ | હિંમતલાલ જી. કોઠારી | સુરેન્દ્રનગર | — | — | શાલિભદ્ર ચરિત્ર |
| ૩૦ | હિંમતલાલ એસ. ગાંધી | મુંબઈ | ૯૩૨૩૩૩૧૪૯૩ | ૦૨૨-૨૨૦૮૧૨૯૪ | વિજયાનંદ સૂરિ |
| ૩૧ | હિના વિજયકુમાર દોશી | અમદાવાદ | ૯૯૨૫૦૩૮૧૪૮ | ૦૭૯-૨૬૭૩૨૫૩૫ | કષાય પ્રાભૃત |
| ૩૨ | હિતેશભાઈ બી. જાની | ભાવનગર | ૯૩૨૮૯૫૨૯૫૮ | ૦૨૭૮-૨૫૧૭૨૭૦ | અભિધાન ચિંતામણિ નામમાલા |
| ૩૩ | હિતેશભાઈ વી. પંડ્યા | અમદાવાદ | ૯૮૨૫૯૨૮૮૨૨ | ૦૭૯-૨૭૯૧૩૧૬૪ | જ્ઞાનાવર્ણ (લેખક : શુભચંદ્ર) |
| ૩૪ | ઈલા શાહ | મુંબઈ | ૯૮૨૦૬૯૭૬૫૭ | ૦૨૨-૨૪૩૮૩૩૫૭ | તત્ત્વાર્થાધિગમ સૂત્ર |

| ક્રમ | નામ | સ્થાન | મોબાઈલ નંબર | ટેલિફોન નંબર | ગ્રંથનું નામ |
|---|---|---|---|---|---|
| ૩૫ | જાગૃતિબેન એન. ઘીવાલા | અમદાવાદ | ૯૪૨૮૯૧૩૭૫૧ | ૦૨૨-૨૬૬૧૪૮૪૮ | ઉત્તરાધ્યયન સૂત્ર |
| ૩૬ | જસવંતભાઈ ડી. શાહ | વાપી | ૯૪૨૬૧૧૬૯૭૬ | ૦૨૬૦-૨૪૨૬૬૫૬ | પરમાત્મ પ્રકાશ (આચાર્ય યોગેન્દુ કૃત) |
| ૩૭ | ડૉ. જયંતભાઈ ઉમરેઠીયા | વડોદરા | ૯૪૨૭૮૪૯૮૪૩ | — | સંદેશ રાસક |
| ૩૮ | જયંતીલાલ એમ. શાહ | મુંબઈ | — | ૦૨૨-૨૩૬૯૩૫૭૮ | કલ્પસૂત્ર |
| ૩૯ | ડૉ. જયકુમાર જલજ | રતલામ | ૯૪૦૭૧૦૮૭૨૭ | ૦૭૪૧૨-૨૬૦૯૧૧ | યોગસાર |
| ૪૦ | જયપ્રકાશ એન. દ્વિવેદી | જામનગર | ૯૭૨૩૪૩૨૦૦૪ | ૦૨૮૮-૨૩૪૨૦૮ | ગાથા સપ્તશતી |
| ૪૧ | ડૉ. જયશ્રીબેન એ. ઠાકોર | આણંદ | ૯૯૨૫૭૧૧૬૩૯ | — | પ્રબંધ ચિંતામણિ – માનતુંગાચાર્ય કૃત |
| ૪૨ | જયશ્રીબેન બી. દોશી | મુંબઈ | ૯૮૭૦૪૦૨૮૨૯ | ૯૮૨૧૧૪૩૩૬૪ | શાલીભદ્ર ચરિત્ર |
| ૪૩ | જ્હોની કે. શાહ | મુંબઈ | ૯૨૨૩૨૭૨૫૧૫ | ૦૨૨-૬૫૨૪૯૩૧૩ | પરિશિષ્ટ પર્વ |
| ૪૪ | કે. ટી. સુમરા | ભાવનગર | ૯૫૩૭૧૬૧૩૨૨ | ૦૨૭૮-૨૫૬૪૮૯૦ | જૈન તર્ક ભાષા |
| ૪૫ | કૈલાશબેન કે. મહેતા | કોલકાતા | ૯૪૩૨૨૯૧૧૫૯ | ૦૩૩-૨૪૮૬૮૫૭૮ | ગુણસ્થાનક સમારોહ |
| ૪૬ | ડૉ. કલાબેન શાહ | મુંબઈ | — | ૦૨૨-૨૨૯૨૩૭૫૪ | પ્રાકૃત વ્યાકરણ |
| ૪૭ | કાનજીભાઈ ડી. બગડા | ભાવનગર | ૯૬૬૨૫૪૯૨૦૦ | ૦૨૭૮-૨૫૬૪૮૯૦ | યોગ શાસ્ત્ર |
| ૪૮ | કાનજીભાઈ મહેશ્વરી | કચ્છ | ૯૪૨૬૭૮૯૬૭૦ | ૦૨૮૩૬-૨૫૨૮૨૫ | પ્રબુધ્ધ રૌહિણેયમ |
| ૪૯ | ડૉ. કાંતિભાઈ બી. શાહ | અમદાવાદ | ૯૪૨૯૦૬૪૧૪૧ | ૦૭૯-૨૫૫૦૨૩૪૮ | ઉપદેશ માલા |
| ૫૦ | ડૉ. કવિનચંદ્ર એમ. શાહ | બિલીમોરા | — | ૦૨૬૩૪-૨૮૮૭૯૨ | શ્રાધ્ધ પ્રતિક્રમણ સૂત્ર |
| ૫૧ | ડૉ. કેતકી શરદભાઈ શાહ | મુંબઈ | ૯૩૨૦૯૯૫૩૭૨ | ૦૨૨-૨૬૧૨૨૯૨૦ | શ્રી મહાવીર કથા – ગોપાળભાઈ પટેલ કૃત |
| ૫૨ | ડૉ. કેતકી યોગેશભાઈ શાહ | મુંબઈ | ૯૩૨૩૫૬૮૯૯૯ | ૦૨૨-૨૫૦૦૪૦૧૦ | ધર્મ સંગ્રહ |
| ૫૩ | કિર્તીભાઈ એન. શાહ | ખંભાત | ૯૪૨૮૫૬૪૯૪૮ | ૦૨૬૯૮-૨૨૦૧૯૭ | જૈન પરંપરાનો ઈતિહાસ |
| ૫૪ | ડૉ. કોકિલાબેન એચ. શાહ | મુંબઈ | ૯૩૨૩૦૭૯૯૨૨ | ૦૨૨-૨૫૧૩૮૪૬૩ | શાંત સુધારસ |
| ૫૫ | ડૉ. કુમારપાળ દેસાઈ | અમદાવાદ | ૯૮૨૪૦૧૯૯૨૫ | ૦૭૯-૨૬૬૦૨૬૭૫ | વીરચંદ રાઘવજીનું સાહિત્ય |
| ૫૬ | ડૉ. માલતી કિશોરકુમાર શાહ | ભાવનગર | — | ૦૨૭૮-૨૨૦૫૯૮૬ | ષડ્ દર્શન સમુચ્ચય |
| ૫૭ | મનહરબાલા કે. શાહ | અમદાવાદ | — | ૦૭૯-૨૬૬૧૦૦૩૭ | મૂલાચાર |
| ૫૮ | મનહરભાઈ ડી. શાહ | મુંબઈ | ૯૩૨૨૬૯૭૦૦૬ | ૯૩૨૨૨૭૪૯૮૧ | જૈન રામાયણ |
| ૫૯ | ડૉ. મનોજભાઈ એ. ઉપાધ્યાય | વડોદરા | ૯૮૨૫૬૮૬૩૧૨ | — | સમરાદિત્ય મહાકથા |
| ૬૦ | મનુભાઈ જે. શાહ | ભાવનગર | ૯૪૨૯૫૦૫૭૫૬ | ૦૨૭૮-૨૫૭૦૬૭૦ | કુમારપાળ ચરિત્ર |
| ૬૧ | ડૉ. મીતા જે. વ્યાસ | ભાવનગર | ૮૦૦૦૮૧૯૩૩૪ | ૦૨૭૮-૨૯૩૯૦૬૬ | છંદોનુશાસન – હેમચંદ્રાચાર્ય |
| ૬૨ | મિલિંદ એસ. જોષી | વડોદરા | ૯૮૨૫૩૧૭૪૯૨ | — | શ્રી ગુણવર્મ ચરિત્રાન્તર્ગતા-કથા-૧૭ પૂજા |
| ૬૩ | ડૉ. મુકુંદભાઈ એલ. વાડેકર | વડોદરા | ૯૪૨૭૩૪૭૬૪૫ | ૦૨૬૫-૨૪૨૫૧૨૧ | યોગવિંશિકા |
| ૬૪ | ડૉ. નલિનીબેન ડી. શાહ | મુંબઈ | ૯૮૬૯૨૦૦૧૯૩ | ૦૨૨-૨૬૭૩૫૯૦૫ | ગણિતસાર સંગ્રહ (મહાવીરાચાર્ય કૃત) |
| ૬૫ | નિકીતા પારસકુમાર શાહ | સુરત | ૯૪૨૯૪૧૯૮૨૬ | — | શ્રીપાળ રાજાનો રાસ |
| ૬૬ | નિરાલી કે. શાહ | અમદાવાદ | ૯૪૨૮૪૨૦૩૦૩ | ૦૭૯-૨૬૬૩૧૭૮૩ | અધ્યાત્મ સાર |
| ૬૭ | પારૂલબેન બી. ગાંધી | રાજકોટ | ૯૪૨૮૪૭૪૦૪૫ | — | પ્રત્યેક બુધ્ધ ચરિત્ર |
| ૬૮ | ડૉ. પાર્વતીબેન એન. ખીરાની | મુંબઈ | ૯૮૬૯૭૮૭૬૯૨ | ૦૨૨-૨૪૦૧૧૬૫૭ | પ્રજ્ઞાપના સૂત્ર |
| ૬૯ | પ્રદિપભાઈ અમૃતલાલ ટોલિયા | રાજકોટ | ૯૯૨૪૯૨૦૯૫૦ | ૯૮૨૪૮૭૩૩૫૬ | દર્શન અને ચિંતન (પંડિત સુખલાલજી) |
| ૭૦ | ડૉ. પ્રફુલ્લા રસિકલાલ વોરા | ભાવનગર | — | ૦૨૭૮-૨૫૨૩૯૪૯ | શીલોપદેશ માલા |
| ૭૧ | પ્રફુલભાઈ એન. શાહ | અમદાવાદ | ૯૩૭૪૫૬૯૦૯૦ | ૯૯૯૮૪૭૯૪૮૩ | વૈરાગ્ય શતક |
| ૭૨ | પ્રતાપકુમાર જે. ટોલિયા | બેંગલોર | ૯૬૧૧૨૩૧૫૮૦ | ૦૮૦-૨૬૬૬૭૮૮૨ | જૈન વાસ્તુ શાસ્ત્ર પ્રકરણ |

| ક્રમ | નામ | સ્થાન | મોબાઈલ નંબર | ટેલિફોન નંબર | ગ્રંથનું નામ |
|---|---|---|---|---|---|
| ૭૩ | ડૉ. પ્રવીણભાઈ સી. શાહ | અમદાવાદ | ૯૮૯૮૭૮૧૯૩૨ | ૦૭૯-૨૬૬૦૪૫૯૦ | ભગવતી સૂત્ર |
| ૭૪ | પ્રિતેશ વિનોદભાઈ શાહ | અમદાવાદ | ૯૪૨૭૩૮૦૭૪૩ | ૦૭૯-૨૭૫૦૧૬૦૨ | વરાંગ ચરિત્ર |
| ૭૫ | ડૉ. પૂર્ણિમા એસ. મહેતા | અમદાવાદ | ૯૪૨૭૦૨૧૨૨૧ | ૦૭૯-૪૦૦૧૬૩૨૩ | આચારાંગ સૂત્ર |
| ૭૬ | રજ્જન કુમાર | બરેલી | ૯૪૧૨૯૭૮૭૧૨ | — | જિવાજિવાભિગમ્ પ્રજ્ઞાપના સૂત્ર |
| ૭૭ | રાજવી ઓઝા | અમદાવાદ | ૯૩૭૫૦૨૯૧૨૩ | ૦૭૯-૨૭૬૮૦૯૩૪ | કુવલયમાલા |
| ૭૮ | ડૉ. રક્ષાબેન જે. શાહ | મુંબઈ | ૯૮૧૯૧૦૨૦૬૦ | ૦૨૨-૨૬૪૯૦૧૬૪ | અષ્ટાન્હિકા પ્રવચન |
| ૭૯ | ડૉ. રમણલાલ સોની | વડોદરા | ૯૨૨૮૨૧૫૨૭૫ | ૦૨૬૫-૨૩૫૭૧૮૭ | સમુદ્ર વહાણ સંવાદ |
| ૮૦ | રામનાથ પાંડે | વડોદરા | ૯૯૯૮૨૮૧૩૬૬ | — | કાવ્યાનુશાસન |
| ૮૧ | રશ્મિબેન ભેદા | મુંબઈ | ૯૮૬૭૧૮૬૪૪૦ | ૦૨૨-૨૬૧૭૧૭૭૦ | યોગબિન્દુ |
| ૮૨ | ડૉ. રશ્મિભાઈ ઝવેરી | મુંબઈ | ૯૮૨૧૬૮૧૦૪૬ | ૦૨૨-૨૪૦૯૪૧૫૭ | દશવૈકાલિક |
| ૮૩ | ડૉ. રતનબેન કે. છાડવા | મુંબઈ | ૯૮૯૨૮૨૮૧૯૬ | ૦૨૨-૨૩૮૦૬૭૨૨ | ઉપાસક દશાંગ સૂત્ર |
| ૮૪ | ડૉ. રેખાબેન વોરા | મુંબઈ | ૯૮૨૦૮૨૪૨૮૧ | ૦૨૨-૨૮૦૭૮૭૯૪ | ભક્તામર સ્તોત્ર |
| ૮૫ | ડૉ. રેણુકા જે. પોરવાલ | મુંબઈ | ૯૮૨૧૮૭૭૩૨૭ | ૦૨૨-૨૫૬૧૬૨૩૧ | પાવર પૉઈન્ટ પ્રેઝન્ટેશન– મથુરામાં પ્રાપ્ત જૈન શિલ્પો |
| ૮૬ | રેશ્મા ડી. પટેલ | આણંદ | ૯૮૨૫૧૮૫૧૬૭ | — | મલ્લિકા મકરંદ – શ્રી રામચંદ્ર સૂરિકૃત |
| ૮૭ | ડૉ. રૂપા ચાવડા | ગાંધીનગર | ૯૮૨૫૧૬૪૩૫૬ | — | પ્રબુદ્ધ રૌહિણેય |
| ૮૮ | રૂપાલીબેન અજય બાફના | ધુલે | ૯૪૦૩૦૮૬૫૭૧ | ૦૨૫૬૩-૨૫૬૮૭૧ | જિન ધમ્મો – આચાર્ય નાલાલજી |
| ૮૯ | ડૉ. સાગર મકવાણા | ભાવનગર | ૯૭૨૭૪૧૭૨૩૪ | — | ભરતેશ્વર બાહુબલિવૃત્તિ |
| ૯૦ | ડૉ. સાગરમલજી જૈન | સાજાપુર | ૯૩૬૪૨૨૭૪૨૫ | ૦૭૩૬૪-૨૨૨૨૧૮ | જૈન સાહિત્ય |
| ૯૧ | સંદિપ જૈન | ન્યૂ દિલ્હી | — | — | અમૃતાશીતિ – યોગીન્દુ કૃત |
| ૯૨ | શીતલ એમ. શાહ | અમદાવાદ | ૯૪૨૬૪૨૫૬૦૦ | ૦૭૯-૨૬૬૨૦૩૬૧ | યોગસાર |
| ૯૩ | ડૉ. શેખરચંદ્ર જૈન | અમદાવાદ | — | ૦૭૯-૨૫૮૫૦૭૪૪ | જ્ઞાનાર્ણવ |
| ૯૪ | શોભના પી. જૈન | નવસારી | ૯૪૨૭૮૬૯૩૬૯ | ૯૪૨૬૮૮૧૫૯૧ | અન્તગઢ સૂત્ર |
| ૯૫ | શોભનાબેન આર. શાહ | અમદાવાદ | ૯૮૯૮૧૦૯૨૭૩ | — | મનોરમા કથા |
| ૯૬ | શ્રીકાંતભાઈ આર. ધ્રુવ | મુંબઈ | ૯૮૬૯૩૨૨૪૫૭ | — | ધર્મ પરિચય |
| ૯૭ | સ્મિતાબેન પી. જૈન | નંદરબાર | ૯૪૨૩૯૮૧૩૬૭ | ૦૨૫૬૫-૨૨૩૮૬૭ | દેવરચના હરમ્શરાય કૃત |
| ૯૮ | સુદર્શના પી. કોઠારી | મુંબઈ | — | ૦૨૨-૨૩૮૬૮૮૬૫ | ઈન્દ્રિય પરાજય શતક |
| ૯૯ | ડૉ. સુધાબેન પંડ્યા | વડોદરા | ૯૪૨૭૫૩૯૨૭૯ | ૦૨૬૫-૨૭૯૪૨૭૯ | આરામશોભા કથા |
| ૧૦૦ | સુમનબેન શાહ | મુંબઈ | ૯૯૮૭૬૬૮૮૬૬ | ૯૮૨૦૯૯૯૭૭૭ | ઉપમિતિભવ પ્રપંચ કથા |
| ૧૦૧ | સુવર્ણા જૈન | મુંબઈ | ૯૮૧૯૮૨૦૭૫૮ | ૯૯૨૦૧૧૮૦૯૨ | સમયસાર પ્રકરણ |
| ૧૦૨ | ઉર્વશી મનુભાઈ પંડ્યા | મુંબઈ | ૯૮૨૧૬૭૩૫૭૭ | ૯૯૮૭૦૧૬૩૦૬ | વસુદેવ–હિંડી |
| ૧૦૩ | ઉષા આર. પટેલ | મુંબઈ | ૯૨૨૪૪૪૪૯૮૧ | ૦૨૨-૩૨૦૮૪૦૨૪ | પ્રમાણ મીમાંસા – હેમચંદ્ર સૂરિ |
| ૧૦૪ | ડૉ. ઉત્પલા કાંતિલાલ મોદી | મુંબઈ | ૨૬૮૩૬૦૧૦ | ૨૬૮૩૩૯૬૧ | ત્રિષષ્ઠીશલાકા પુરુષ ચરિત્ર |
| ૧૦૫ | વર્ધમાન આર. શાહ | મુંબઈ | ૯૮૯૨૩૬૪૪૨૦ | — | અષ્ટક પ્રકરણ |
| ૧૦૬ | વર્ષાબેન વી. શાહ | મુંબઈ | ૯૭૫૭૧૨૪૨૮૨ | ૦૨૨-૨૬૮૩૪૦૬૧ | વિશેષાવશ્યક ભાષ્ય |
| ૧૦૭ | વિજયાબેન સી. શાહ | વલ્લભ વિદ્યાનગર | — | ૦૨૬૯૨-૨૫૧૫૨૦ | પ્રશમરતિ પ્રકરણ |
| ૧૦૮ | ડૉ. વિજયકુમાર પંડ્યા | અમદાવાદ | ૯૮૯૮૦૫૯૪૦૪ | ૦૭૯-૨૬૩૦૩૯૨૯ | તરંગવતી કથા |
| ૧૦૯ | વિનયકાંત પી. બખાઈ | રાજકોટ | ૯૮૨૪૪૮૫૪૧૦ | ૯૩૭૫૯૬૭૬૮૪૫ | — |

# શ્રી દશવૈકાલિક સૂત્ર

□ ડૉ. રશ્મિભાઈ જેઠાલાલ ઝવેરી

*લેખક વ્યવસાયે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે. જૈન ધર્મના ઊંડા અભ્યાસી અને સામાજિક કાર્યકર છે. બાર ભાવનાની અનુપ્રેક્ષા ઉપર શોધપ્રબંધ લખી લેખકે પીએચ.ડી.ની ઉપાધિ હાંસલ કરી છે.*

ભગવાન મહાવીરની વાણી ગણધરોએ ઝીલી અને એને સૂત્રબધ્ધ કરીને આગમોની રચના કરી. જૈનાગમના મુખ્ય બે ભેદ છે–અંગપ્રવિષ્ટ અને અંગબાહ્ય. શ્વેતાંબર માન્યતા પ્રમાણે આજે ૪૫ અથવા ૩૨ આગમો ઉપલબ્ધ છે. એમાં ૧૧ અંગ, ૧૨ ઉપાંગ સહિત મૂલ સૂત્ર, છેદ સૂત્ર આદિનો સમાવેશ થાય છે.

દશવૈકાલિક સૂત્ર એ 'મૂલ' સૂત્રના વર્ગીકરણમાં આવે છે. વ્યાખ્યાક્રમ અથવા વિષય ગત વર્ગીકરણની દૃષ્ટિએ દશવૈકાલિક સૂત્ર 'ચરણ કરણાનુયોગ'ના વિભાગમાં આવે છે. કારણ કે એમાં શ્રમણોના આચાર વિષે વિવેચન કરવામાં આવ્યું છે.

**નામ :** દશવૈકાલિક સૂત્રના દસ અધ્યયન છે અને એ વિકાલમાં રચવામાં આવ્યું છે એટલે એનું નામ 'દશવૈકાલિક' રાખવામાં આવ્યું છે.

**કર્તા :** આ સૂત્રના કર્તા છે શ્રુતકેવલી શય્યંભવ સ્વામી. એમણે એની રચના પોતાના પુત્ર મનક માટે કરી હતી.

**સમય :** આ સૂત્રની રચના વીર સંવત ૭૨ની આસપાસ 'ચંપા'માં થઈ હતી.

**ભાષા :** દશવૈકાલિકની ભાષા છે–અર્ધમાગધી. ભગવાન મહાવીર આ ભાષામાં જ ઉપદેશ આપતા હતા. એ સમયની એ દિવ્ય ભાષા હતી. અર્ધમાગધી એ પ્રાકૃત ભાષાનું જ એક રૂપ છે. એ મગધના એક ભાગમાં બોલાતી હતી, એટલે એને અર્ધ-માગધી કહેવામાં આવે છે. આચાર્ય હેમચંદ્રે એને 'આર્ષ' ભાષા કહી છે.

**રચનાકાર પરિચય**

શ્રૂત-શાર્દૂલ આચાર્ય શય્યંભવ ભગવાન મહાવીરના ચોથા પટ્ટધર હતા. પ્રથમ પટ્ટધર સુધર્માસ્વામી અને દ્વિતીય પટ્ટધર જંબુસ્વામી, કેવળજ્ઞાની હતા. તૃતીય પટ્ટધર પ્રભવસ્વામીને તથા એમના વિદ્વાન શિષ્ય આચાર્ય શય્યંભવને ૧૪ પૂર્વોનું જ્ઞાન હતું એટલે એ બંને 'શ્રુત-કેવલી' કહેવાયા.

એમનો જન્મ વીર નિર્વાણ ૨૬ (વિ. પૂ. ૪૩૪)માં રાજગૃહીમાં 'વત્સ' ગોત્રમાં બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. વેદ-વેદાંગ દર્શનનું જ્ઞાન અગાધ હતું. એક વિદ્વાન હોવા છતાં મહાભિમાની અને પ્રચંડ ક્રોધી હતા, તથા નિર્ગ્રન્થ ધર્મના પ્રબળ વિરોધી હતા.

આચાર્ય પ્રભવસ્વામીને પોતાના ઉત્તરાધિકારી તરીકે આ વિદ્વાન બ્રાહ્મણ યોગ્ય લાગ્યા કારણ કે એમનામાં વિદ્વત્તાની સાથે સમર્થ નેતૃત્વ કલા હતી. એટલે ધર્મ-સંઘના હિત માટે પ્રભવસ્વામીએ બે શ્રમણોને શય્યંભવના યજ્ઞવાદમાં મોકલ્યા. પણ ત્યાં એમનું ઘોર અપમાન કરી કાઢી મુકવામાં આવ્યા ત્યારે તેઓએ ઉપશાંત ભાવથી શય્યંભવને કહ્યુંઃ 'અહો કષ્ટમહો કષ્ટં, તત્ત્વં વિજ્ઞાયતે નહિ.' 'અહો ! ખેદની વાત છે કે તત્ત્વ જાણવામાં આવતું નથી.'

શય્યંભવ મહાભિમાની હોવા છતાં સાચા જિજ્ઞાસુ હતા. પ્રશાંત શ્રમણયુગલની ટકોરથી એ તત્ત્વ સમજવા આચાર્ય પ્રભવસ્વામી પાસે આવ્યા. પ્રભવસ્વામી અત્યંત સક્ષમ આચાર્ય હતા. એમણે શય્યંભવને યજ્ઞનું યથાર્થત સ્વરૂપ સમજાવી પોતાની પીયૂષવાણીથી એમને પ્રતિબોધ આપ્યો અને વી.નિ. ૬૪ (વિ.પૂ. ૪૦૬)માં પંડિત બ્રાહ્મણ શય્યંભવ ૨૮ વર્ષની વયે શ્રમણ બની ગયા. આચાર્ય પ્રભવ પાસે એમણે ૧૪ પૂર્વનું જ્ઞાન મેળવ્યું અને શ્રુતધરની પરંપરામાં એ બીજા શ્રુતકેવલી બની ગયા. વી.નિ. ૭૫માં તેઓ શ્રમણસંઘના આચાર્ય બન્યા.

એમણે દીક્ષા લીધી ત્યારે એમની પત્ની ગર્ભવતી હતી. એમના પુત્રનું નામ મનક હતું. એ જ્યારે આઠ વર્ષનો હતો ત્યારે એણે પોતાની માતા પાસેથી જાણ્યું કે એના પિતા જૈનાચાર્ય શય્યંભવ છે. એમને મળવા મનક ચંપા પહોંચ્યો. શય્યંભવે એને ઓળખી લીધો, પણ મનકને પોતાની ઓળખાણ ન આપી. મનકને એમણે અધ્યાત્મ-બોધ આપ્યો અને મનક એમની પાસે મુનિ બનીને રહ્યો. હસ્તરેખાના જાણકાર શય્યંભવને ખબર પડી ગઈ કે મનકનું આયુષ્ય બહું જ થોડું છે. એટલે એને શાસ્ત્રોના જ્ઞાનનો સાર શીખવવા એમણે પૂર્વોમાંથી દશાવૈકાલિક સૂત્રનું નિર્યૂહણ કર્યું, અને મનકને એનો ઊંડો અભ્યાસ કરાવ્યો.

અલ્પાયુષ મનકનો દીક્ષા પછી ૬ મહિનાની અંદર જ સ્વર્ગવાસ થઈ ગયો. આચાર્ય શય્યંભવને ૧૪ પૂર્વનું જ્ઞાન હતું પણ એ વીતરાગ થયા ન હતા. એટલે પુત્રમોહથી એમની આંખો ભીની થઈ ગઈ. અન્ય મુનિઓએ એનું કારણ પૂછતાં એમણે બધાને હકીકત બતાવી અને કહ્યું કે, 'મનક મારો પુત્ર છે એ વાત મેં જાણી જોઈને ગોપનીય રાખી હતી. કારણ કે નહીં તો તમે બધા એને સેવા કાર્યથી વંચિત રાખત.'

આચાર્ય પ્રભવ પાસેથી એમણે ૩૯ વર્ષની વયે આચાર્યપદ સંભાળ્યું અને વીતરાગ શાસનની એમણે વ્યાપક પ્રભાવના કરી. પોતાની અતિનિકટ એવા બ્રાહ્મણ સમાજને યજ્ઞનું અધ્યાત્મરૂપ સમજાવી એમને જૈનધર્મ તરફ આકર્ષ્યા. આ પ્રકાંત પંડિત શ્રુતધર

આચાર્ય ૬૨ વર્ષની વયે વી.નિ. ૯૮માં સ્વર્ગવાસી થયા.

**નિર્યૂહણ કૃતિ**

રચના બે પ્રકારની હોય છે–સ્વતંત્ર અને નિર્યૂહણ. દશવૈકાલિક સૂત્ર એ નિર્યૂહણ કૃતિ છે, સ્વતંત્ર નહીં. આચાર્ય શય્યંભવ ૧૪ પૂર્વોના જાણકાર (શ્રુત કેવલી) હતા અને એમણે ભિન્ન ભિન્ન પૂર્વોમાંથી આ સૂત્રનું નિર્યૂહણ કર્યું છે. આચાર્ય ભદ્રબાહુ રચિત દશવૈકાલિક નિર્યુક્તિ અનુસાર આ સૂત્રના દશ અધ્યયનનું નિર્યૂહણ થયું છે.

આવી રીતે દસ અધ્યયનની રચના આચાર્ય શય્યંભવે કરી હતી. ત્યાર બાદ 'રઈવક્કા' અને 'વિવિત્તચર્યા' નામની બે ચૂલિકાઓની રચના થઈ અને એને દશવૈકાલિક સૂત્ર સાથે જોડી દેવામાં આવી. સંયમમાં અસ્થિર મુનિના વિચારોને સ્થિર કરવા (સ્થિરીકરણ) માટે આ બન્ને ચૂલિકાઓનું સ્વાધ્યાય મજબૂત આલંબન-રૂપ બને છે.

આ સૂત્ર શ્વેતાંબર અને દિગંબર બંને પરંપરાઓમાં માન્ય છે. શ્વેતાંબર એનો સમાવેશ ઉત્કાલિક સૂત્રમાં ચરણકરણાનુયોગમાં કરે છે. એને 'મૂલ' સૂત્ર પણ કહેવામાં આવે છે. દિગંબર પરંપરામાં પણ આ સૂત્ર પ્રિય છે.

**દશવૈકાલિકઃ વિષય અને વિષય નિરૂપણ**

આ સૂત્રના દસ અધ્યયનો અને બે ચૂલ્લિકાઓ છે. એનું સંક્ષિપ્ત વિવેચન આ પ્રમાણે છે.

(૧) પહેલા અધ્યયનનું નામ છે- 'દ્રુમપુષ્પિકા' એમાં પાંચ શ્લોકો છે. પ્રથમ શ્લોક જૈનધર્મની વ્યાખ્યા અને સ્વરૂપ સમજાવે છે, જેનું સ્વાધ્યાય અત્યંત પ્રચલિત છે. આ શ્લોક આ પ્રમાણે છેઃ

'ધમ્મો મંગલ મુક્કિઠ્ઠં,
અહિંસા સંજમો તવો।'

આત્માની મુક્તિ માટે ધર્મની સાધના અત્યંત આવશ્યક છે. કારણ કે એ પ્રથમ અને પરમ મંગલ છે. એના લક્ષણો છે–અહિંસા, સંયમ અને તપ. આ જૈનધર્મનો સાર છે. આમાં કોઈ ધર્મનું નામ નથી–લેબલ નથી. જે ધર્મમાં આ ત્રણ હોય તે જ એકાંતિક, આત્યંતિક અને ઉત્કૃષ્ટ મંગલ છે, કલ્યાણકારી છે.

અહિંસા તો જૈન ધર્મનો પ્રાણ છે, આધાર છે. જૈન દર્શનમાં એની ગહનતમ ચર્ચા કરવામાં આવી છે. સર્વ જીવોને પોતાના આત્મા સમાન જાણીને તેમને મન, વચન અથવા કાયાથી કોઈપણ પ્રકારે પીડા ન આપવી, દુઃખ ન આપવું, ભયભીત ન કરવા, ઘાત ન કરવી, તે અહિંસા છે. જૈનાગમમાં અહિંસાનું જેવું સૂક્ષ્મતમ વર્ણન મળે છે તે કોઈ અન્ય દર્શનમાં નથી.

સંયમનો અર્થ છે 'ઉપરમ.' રાગ-દ્વેષ રહિત થઈને સમભાવમાં સ્થિત થવું એનું નામ છે સંયમ. હરિભદ્રસૂરિએ સંયમની વ્યાખ્યા કરી છે–'આશ્રવ દ્વારો પરમઃ'–અર્થાત કર્મ આવવાના દ્વારને બંધ કરવા. હિંસા, અસત્ય, ચોરી, મૈથુન અને પરિગ્રહ, આ પાંચ કારણથી કર્મ બંધાય છે. આ પાંચેય અવિરતિયોનો ત્યાગ કરવો, કષાય વિજય, ઇન્દ્રિય-નિગ્રહ, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું પાલન–આ બધાં અર્થ સંયમમાં સમાહિત છે.

તપ એટલે આઠ પ્રકારની નિર્જરા, જેનાથી આત્માની આંશિક વિશુદ્ધિ થાય. છ બાહ્ય નિર્જરા છે–અનશન, ઉણોદરી, ભિક્ષાચારી, રસ-પરિત્યાગ, કાર્યક્લેશ અને પ્રતિસંલીનતા. આ પ્રકારના તપ શરીર સંબંધી છે અને આભ્યંતર નિર્જરાની સાધના માટે ઉપયોગી છે. વધુ અગત્યના તપ–આભ્યંતર તપ–છ પ્રકારના છે–પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, ધ્યાન અને વ્યુત્સર્ગ.

બાકીના ચાર શ્લોકોમાં સાધુજીવનના નિર્વાહ માટે માધુકરી ભિક્ષા પધ્ધતિનું વર્ણન છે. જેમ મધુકર પુષ્પોને હાનિ પહોંચાડ્યા વગર, અલગ અલગ પુષ્પોમાંથી રસ લે છે, એમ સાધુ પણ અલગ અલગ ગૃહસ્થોના ઘરમાંથી પોતાના પરિવાર માટે બનાવેલા ભોજનમાંથી, એક દિવસના ખપ પૂરતા જ આહારની ભિક્ષા ગ્રહણ કરી, પોતાનો નિર્વાહ કરે છે. આ રીતે જે સાધુ અપ્રતિબધ્ધપણે ભિક્ષાચારી કરતાં અહિંસા, સંયમ અને તપ રૂપ મહામંગલકારી આત્મધર્મની આરાધના કરે છે, તે જ સાચો સાધુ છે.

(૨) બીજા અધ્યયનનું નામ છે–શ્રામણ્યપૂર્વક. એટલે કે સંયમમાં ધૃતિ અને એની સાધના. જે સંયમમાં શ્રમ કરે એ શ્રમણ કહેવાય છે. શ્રમણના ભાવને શ્રામણ્ય કહેવાય છે. અને એનું મૂળ બીજ છે ધૃતિ અને કામ-રાગ (ભોગવિલાસ-વિષય સેવન)નું નિવારણ.

(૩) (૬) ત્રીજા અને છઠ્ઠા અધ્યયનમાં શ્રમણ નિર્ગ્રંથના આચાર અને અનાચારનું વર્ણન છે, જે ત્રીજામાં સંક્ષિપ્ત રૂપમાં અને છઠ્ઠામાં વિસ્તૃત રૂપે છે. એટલે ત્રીજા અધ્યયનનું નામ છે 'ક્ષુલ્લકાચાર-કથા' અને છઠ્ઠાનું નામ છે 'મહાચાર-કથા'.

સંપૂર્ણ જ્ઞાનનો સાર છે–આચાર. મુખ્ય પાંચ આચાર છે–જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, વીર્યાચાર અને તપાચાર. જે આ પાંચ આચારનું શુધ્ધ રૂપે પાલન કરે એ જ સાધુ સંયમમાં સ્થિર રહી શકે છે. ત્રીજા અધ્યયનમાં ૫૪ પ્રકારના આચાર અને ૫૨ પ્રકારના અનાચારનું વર્ણન છે.

છઠ્ઠા અધ્યયનમાં આચારના ૧૮ સ્થાનોનું વર્ણન છે – ૧ અહિંસા, ૨ સત્ય, ૩ અચૌર્ય, ૪ બ્રહ્મચર્ય, ૫ અપરિગ્રહ, ૬ રાત્રિભોજન ત્યાગ, ૭-૧૨ છ કાયની યતના, ૧૩ અકલપ્ય, ૧૪ ગૃહસ્થનું ભાજન (વાસણ), ૧૫ પર્યંક, (ખુરસી, પલંગ આદિ) ૧૬ નિષદ્યા (ગૃહસ્થના ઘરમાં ન બેસવું) ૧૭ સ્નાન અને ૧૮ વિભૂષાવર્જન.

આ અઢાર સ્થાનનું જિનાજ્ઞાનુસાર પાલન કરવાથી આસક્તિભાવ ઘટે છે અને અનાદિકાલીન વાસનાઓ નિષ્ફળ જાય

છે.

(૪) ચોથું અધ્યયન છે 'ષડજીવનિકા' એટલે કે જીવ-સંયમ અને આત્મ-સંયમ.

આના પ્રથમ ૧થી ૧૦ શ્લોકોમાં છ કાયના નામ, સ્વરૂપ, લક્ષણ તથા જીવ-વધ ન કરવાનો ઉપદેશ છે. ૧૧થી ૧૭ શ્લોકોમાં પાંચ મહાવ્રત અને રાત્રિ-ભોજન-વિરમણનું વર્ણન છે. ૧૮થી ૨૨ શ્લોકોમાં છ કાયની યતના (જયણા)નો ઉપદેશ છે. ત્યાર બાદના શ્લોકોમાં અયતનાથી થતી હિંસા, બંધન અને પરિણામ દર્શાવ્યા છે. અંતમાં ધર્મ-ફળ, કર્મ-મુક્તિની પ્રક્રિયા અને સુમતિની ચર્ચા છે.

(૫) પાંચમું અધ્યયન 'પિંડષેણા' છે. એના પ્રથમ ઉદ્દેશકના ત્રણ વિભાગ છે. ૧ ગવેષણા, ૨ ગ્રહણૈષણા ૩ ભોગૈષણા. બીજા ઉદ્દેશકમાં સાધુએ ભોજન કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતોનો ઉપદેશ છે. આમ આ અધ્યયનમાં સાધુએ ભિક્ષા લેવા જવાના નિયમો, એનો સમય, ભિક્ષા ગ્રહણ કરવાની વિગતવાર વિધિ, ભોજન કરવાના નિયમો, એમાં લાગતા અતિચારો તથા એની આલોચના, સામુદાયિક ભિક્ષાનું વિધાન, આદિ, ભિક્ષા-ભોજનને લગતો ઉપદેશ છે.

(૭) સાતમા અધ્યયન 'વાક્ય શુદ્ધિ'માં ભાષા-વિવેકનો ઉપદેશ છે. મૌન રહેવું એ વચનગુપ્તિ છે અને ભાષાનો પ્રયોગ ભાષા-સમિતિનો પ્રકાર છે. માટે સાવદ્ય–અનવદ્ય ભાષાનું જ્ઞાન અને એનો વિવેક શ્રમણ માટે આવશ્યક છે. સત્ય ભાષા પણ જો સાવદ્ય થતી હોય તો એનો નિષેધ કરવામાં આવ્યો છે. એક નિર્ગંથ માટે વક્તવ્ય અને અવક્તવ્ય શું છે એનું બહુ સૂક્ષ્મ વિવેચન આ અધ્યયનમાં છે. અહિંસક વાણી ભાવ-શુદ્ધિનું નિમિત્ત બને છે.

આ અધ્યયનના ૫૭ શ્લોકો છે. આમાં અવક્તવ્ય, અસત્ય, સત્યાસત્ય, મૃષા, અનાચીર્ણ વ્યવહાર, સંદેહ કે શંકામાં નાખે તેવી, નિશ્ચયાત્મક, કઠોર, હિંસાત્મક, તુચ્છ, અપમાનજનક, અપ્રીતિકર, ઉપઘાતકર, આદિ ભાષાનો નિષેધ છે.

(૮) આઠમા અધ્યયન 'આચાર-પ્રણિધિ'માં આચારનું પ્રણિધાન છે. આચાર એક નિધિ છે અને એને મેળવીને નિર્ગ્રંથે કેમ પ્રવૃત્તિ કરવી જોઈએ એનો આમાં બોધ છે. પ્રણિધિનો બીજો અર્થ છે–એકાગ્રતા, સ્થાપના અથવા પ્રયોગ. આમાં પણ પ્રશસ્ત પ્રણિધિ-સુપ્રણિધાન શ્રમણ માટે આચરણીય છે, દુષ્પ્રણિધાન ત્યાજ્ય છે. આ અધ્યયનના ૩૫ શ્લોકોમાં આનું વિવેચન છે. પછીના ૩૬થી ૫૧ શ્લોકોમાં કષાય, વિનય, નિદ્રા, વાણી-વિવેક, આદિનો બોધ છે. ૫૦મા શ્લોકમાં ગૃહસ્થને નક્ષત્ર, સ્વપ્નફળ, વશીકરણ, નિમિત્ત, મંત્ર, આદિ બતાવવાનો નિષેધ કરવામાં આવ્યો છે, જે આજના યુગના સાધુઓએ વિશેષ સમજવા જેવા છે. ૫૨થી ૬૩ સુધીના શ્લોકોમાં બ્રહ્મચર્યની સાધના અને એના સાધનનું વર્ણન છે.

(૯) નવમા અધ્યયનનું નામ છે–'વિનય-સમાધિ.' વિનય એ તપનો પ્રકાર છે. અને તપ એ ધર્મ છે. માટે વિનય કરવો જોઈએ. વિનયનો અર્થ કેવળ નમ્રતા નથી. જૈનાગમોમાં 'વિનય'નો પ્રયોગ આચારના વિશાળ અર્થમાં થયો છે. જૈન ધર્મ આચાર-પ્રધાન ધર્મ છે, માત્ર વૈનયિક નહીં. વિનય તો ધર્મનું મૂળ છે. ઔપપાતિક સૂત્રમાં વિનયના સાત પ્રકાર છે–જ્ઞાન, દર્શન, ચારિત્ર, મન, વાણી, કાયા અને ઉપચાર. શ્રમણ નિર્ગ્રંથે ઉધ્ધત ભાવનો ત્યાગ કરી અનુશાસનનો સ્વીકાર કરવો અભિપ્રેત છે.

આ અધ્યયનના ચાર ઉદ્દેશક છે–પ્રથમ ઉદ્દેશકના ૧૭ શ્લોકોમાં વિનયથી થતા માનસિક સ્વાસ્થ્યની ચર્ચા છે. બીજાના ૨૩ શ્લોકોમાં 'અવિનીત અને સુવિનીત'નું વર્ણન છે. ત્રીજાના ૧૫ શ્લોકોમાં પૂજ્ય કોણ? પૂજ્યના લક્ષણ અને એની અર્હતાનો ઉપદેશ છે. ચોથામાં ૭ શ્લોકોમાં 'વિનય-સમાધિના સ્થાન' દર્શાવ્યા છે.

(૧૦) દસમા અધ્યયનનું નામ છે 'સભિક્ષુ'. આના ૨૧ શ્લોકોમાં શ્રેષ્ઠ ભિક્ષુના લક્ષણો અને એની અર્હતાનો ઉપદેશ છે. દશવૈકાલિક સૂત્રનો સાર આ અધ્યયનમાં છે. અહિંસક જીવન નિર્વાહ માટે જે ભિક્ષુ બને છે તે જ સાચો ભિક્ષુ છે. સંવેદ, નિર્વેદ, વિવેક (વિષય-ત્યાગ), સુશીલ-સંસર્ગ, આરાધના, તપ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, વિનય, ક્ષાંતિ, માર્દવ, આર્જવ, અદીનતા, તિતિક્ષા, આવશ્યક-શુધ્ધિ–આ બધા ભિક્ષુના લક્ષણો છે.

ઉત્તરાધ્યયન સૂત્રના પંદરમા અધ્યયનનું નામ પણ 'સભિક્ષુ' છે અને એમાંના વિષય અને પદોનું આ અધ્યયન સાથે ઘણું સામ્ય છે. ધમ્મપદના 'ભિકખુવગ્ગં'ની ગાથા (૨૫.૩) અને આ અધ્યયનની ગાથા ૧૫ લગભગ શબ્દશઃ મળતી આવે છે.

આ દસ અધ્યયનો પછી બે ચૂલિકાઓ છે. પ્રથમ ચૂલિકાનું નામ છે 'રતિવાક્યા.' આમાં સ્થિરીકરણના ૧૮ સૂત્રો છે. 'ગૃહવાસ બંધન છે અને સંયમ મોક્ષ છે'–એ આ ચૂલિકાનું મુખ્ય પ્રતિપાદ્ય છે. દ્વિતીય ચૂલિકા 'વિવિક્તચર્યા'માં શ્રમણની ચર્યા (આચરણ) ગુણો અને નિયમોનું નિરૂપણ છે.

ચૂલિકા એટલે શિખર, અગ્રભાગ. જે રીતે શિખર પર્વતની શોભા વધારે છે તેમ આ બંને ચૂલિકાઓ સમગ્ર સૂત્રના વિષયની શોભા રૂપ છે.

**ટીકા :** હરિભદ્રસૂરિએ સંસ્કૃતમાં આ સૂત્રની ટીકા લખી છે. ઉપરાંત અન્ય અનેક ભારતીય અને વિદેશી વિદ્વાનોએ આ સૂત્રનો અનુવાદ, વિવેચન કર્યા છે. જેમકે જર્મન વિદ્વાન શાર્પેન્ટિયરે જર્મન ભાષામાં, કે. વી. અભ્યંકરે અંગ્રેજીમાં 'દસવેયાલિય સૂત્ર', એમ. વી. પટવર્ધને પણ અંગ્રેજીમાં 'દસવૈકાલિક સૂત્ર–એ સ્ટડી',

ગોવિંદજી પટેલે ગુજરાતીમાં 'સમી સાંઝનો ઉપદેશ', ડો. સાધ્વી આરતી તથા સાધ્વી સુબોધિકાએ ગુજરાતીમાં 'શ્રી દશવૈકાલિક સૂત્ર (પરિચય)', ઉપાધ્યાય કમલમુનિએ હિંદીમાં, આદિ રચનાઓ ઉલ્લેખનીય છે.

વાચના પ્રમુખ આચાર્ય તુલસીના માર્ગદર્શન હેઠળ મુનિ નથમલે (હાલ આચાર્ય શ્રી મહાપ્રજ્ઞ) આ સૂત્ર પર અત્યંત મનનીય વિવેચન સહિત હિંદી ભાષામાં સંપાદન કર્યું છે, જે આ લઘુનિબંધનો મુખ્ય આધાર છે.

**દશવૈકાલિકની મહત્તા**

શ્રમણ જીવનની 'બાળપોથી' સમાન આ સૂત્ર અત્યંત પ્રચલિત અને ઉપયોગી આગમ ગ્રંથ છે. રચનાકારે એમાં સર્વ શાસ્ત્રોનો સાર આપવાનો પ્રયત્ન કર્યો છે. ખાસ કરીને સંયમી જીવનની સમાચારીનો સ્પષ્ટ બોધ કરાવ્યો છે. આ સૂત્રની રચના થઈ તે પહેલાં નવદીક્ષિત સાધુઓને પ્રથમ આચારાંગ અને પછી ઉત્તરાધ્યયન સૂત્રો ભણાવવામાં આવતા હતા, પણ આની રચના પછી આ સૂત્ર સાધુના અધ્યયન-ક્રમમાં સર્વ **પ્રથમ** છે, કારણ કે સાધુને સર્વ પ્રથમ આચારનું જ્ઞાન કરાવવું આવશ્યક છે, જે આ સૂત્ર સરળ અને સુગમ ભાષામાં કરાવી શકે છે. એના ચોથા અધ્યયન 'ષડજીવનિકા'નો અર્થ સહિત અભ્યાસ કરનારા સાધુ મહાવ્રતોની વિભાગતઃ ઉપસ્થાપના માટે યોગ્ય ગણાય છે. એ જ પ્રમાણે એના પાંચમા અધ્યયન 'પિંડેષણા'નો અર્થ સહિત અભ્યાસ કરનાર સાધુને 'પિંડકલ્પી' ગણવામાં આવે છે. આમાં જૈનદર્શન અને આચારના અત્યંત મહત્ત્વના સૂત્રોનો સમાવેશ થયો છે.

**ઉપસંહાર-ફળશ્રુતિ**

પ્રસ્તુત સૂત્રનું સાદ્યોપાંત અધ્યયન પ્રત્યેક શ્રમણ નિર્ગ્રંથ માટે અનિવાર્ય છે. એમાં સાધુજીવનની સમાચારી, ગોચરી, અહિંસક જીવન પધ્ધતિ, ધૃતિ, સંયમ, ભાષા વિવેક, બ્રહ્મચર્યની સાધના, ચાર પ્રકારની સમાધિ (વિનય-શ્રુત-તપ-આચાર), શ્રેષ્ઠ ભિક્ષુના લક્ષણો, આદિનું વિશદ વિવેચન છે. નિર્યુક્તિકાર ભદ્રબાહુસ્વામી (દ્વિતીય) અનુસાર એમાં બે પ્રકારના આચારનું વર્ણન છે–(૧) ચરણ-વ્રત, આદિ (૨) કરણ-પિંડ-વિશુદ્ધિ, આદિ. આથી એ ચરણ-કરણાનુયોગ આગમ છે. ધવલા અનુસાર આ સૂત્ર આચાર અને ગોચરની વિધિનું વર્ણન કરે છે. તત્ત્વાર્થની શ્રુતસાગરીય વૃત્તિ અનુસાર એમાં વૃક્ષ-કુસુમ આદિના ભેદનું અને યતિયોના આચારનું કથન છે. આચાર્ય મહાપ્રજ્ઞ અનુસાર આમાં આચાર-ગોચર સિવાય જીવ-વિદ્યા, યોગ-વિદ્યા, આદિ અનેક મહત્ત્વપૂર્ણ વિષયોનું નિરૂપણ છે. મૂળ શ્રમણો માટે રચાયેલ આ સૂત્રમાં શ્રાવકો માટે પણ અત્યંત ઉપયોગી બોધ છે, જે સૂક્ત અથવા સુભાષિતોના રૂપમાં અહીં આપ્યા છે.

પ્રસ્તુત સૂત્રમાં આપેલાં કેટલાંક મહત્ત્વના શ્લોકો અને સુભાષિતો આ પ્રમાણે છે.

૧. ધમ્મો મંગલમુક્કિટ્ઠં।। (૧/૧)
ધર્મ ઉત્કૃષ્ટ પરમ મંગલ છે.

૨. જયં ચરે, જયં ચિટ્ઠે, જયમાસે, જયં સએ,
જયં ભુજંતો ભાસંતો, પાવકમ્મં ન બંધઈ।। (૪।૮)
યતના (જયણા) પૂર્વક ચાલવાથી, ઊભા રહેવાથી, બેસવાથી, સુવાથી, ખાવાથી અને બોલવાથી પાપ કર્મનો બંધ નથી થતો.

૩. પઢમં નાણં, તઓ દયા ।। (૪/૧૦)
પ્રથમ જ્ઞાન પછી દયા-ક્રિયા-આચરણ.

૪. કાલે કાલં સમાયરે ।। (૫/૨/૪)
પ્રત્યેક કામ એના નિયત સમય પર કરો.
(Time Managementની આવશ્યકતા)

૫. અહિંસા નિઉણં દિટ્ઠા, સવ્વભૂએસુ સંજમો। (૬/૮)
સર્વ જીવો પ્રત્યે જે સંયમ છે તે જ અહિંસા છે.

૬. મુચ્છા પરિગ્ગહો વુત્તો ।। (૬/૨૦)
મૂર્ચ્છા-મમત્વ જ પરિગ્રહ છે.

૭. દેહે દુક્ખં મહાફલં ।। (૮/૨૭)
જે કષ્ટ આવી પડે, એને સહન કરો.

૮. નિયાસણ । (૮/૨૯)
ઓછું ખાવો.

૯. ઉવસમેણ હણે કોહં, માણં મદ્દવયા જિણે।
માયં મજ્જવભાવેણ, લોભં સંતોષઓ જિણે।। (૮/૩૮)
ઉપશમથી ક્રોધને હણો, મૃદુતાથી માનને જીતો, ઋજુભાવ (સરલતા)થી માયાને જીતો અને સંતોષથી લોભને જીતો.

૧૦. પિટ્ઠી મંસં ન ખાએજની । (૮/૪૦)
ચાડી-ચુગલી ન કરો. કોઈની પીઠ પાછળ એના વિષે ખરાબ બોલવું એ પીઠનું માંસ ખાવા બરાબર છે.

૧૧. અસંવિભાગી નહુ તસ્સ મોક્ખો। (૯/૨/૨૨)
જે સંવિભાગ (Share) નથી કરતો તેનો મોક્ષ નથી.

૧૨. નજાત્ય નિજ્જરટ્ઠથાએ તવમહિટ્ઠેજજા। (૯/૪/૬)
માત્ર નિર્જરા માટે જ તપ કરો. આ લોક કે પરલોકના સુખ માટે નહીં.

✷ ✷ ✷

અર્હમ, ૨૬૬, ગાંધીમાર્કેટ પાસે, સાયન (ઈસ્ટ) મુંબઈ-૪૦૦ ૦૨૨.
ટેલિફોન : ૦૨૨-૨૪૯૯૪૧૫૭.
મોબાઈલ : ૯૮૨૧૬૮૧૦૪૬.
E-Mail: rashmizaveri@yahoo.com.in

# જૈન ધર્મ, ભારતીય દર્શનનો અને સ્વદેશપ્રેમનો ગૌરવ-ગ્રંથ : 'ધી જૈન ફિલૉસોફી'

☐ ડૉ. કુમારપાળ દેસાઈ

*પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ જૈન ધર્મના ઊંડા ચિંતક, એકાવનથી ઉપરાંત પુસ્તકોના સર્જક, વિશ્વપ્રવાસી અને પ્રભાવક વક્તા છે.*

ગૌરવ ગ્રંથની યાત્રામાં આ એક એવો ગ્રંથ છે, જે સંસ્કૃતિ, ધર્મ અને દર્શનના ગૌરવની ભવ્ય ઝાંખી કરાવે છે. પોતાના રાષ્ટ્ર, સમાજ કે ધર્મબંધુઓ સમક્ષ એમના ભૂલાયેલા ગૌરવનું સ્મરણ કરાવવું સરળ છે; પરંતુ અહીં તો ગુલામીની બેડીમાં જકડાયેલા ભારતના આત્માને ઉજાગર કરતા વીરચંદ ગાંધીના આ પ્રવચનો ભારત વિરોધી અને ભારતીય ધર્મ અને સમાજ તરફ તિરસ્કારભરી દૃષ્ટિએ જોતા વિદેશીઓ સમક્ષ આપેલા છે. `The Jain Philosophy' નામના એમના પ્રવચન-સંગ્રહના આ પુસ્તકની પહેલી આવૃત્તિ ઈ. સ. ૧૯૧૧માં થઈ. બીજી આવૃત્તિ ઈ. સ. ૧૯૨૪માં થઈ અને એની ત્રીજી આવૃત્તિ પંચ્યાસી વર્ષ બાદ મુંબઈની વર્લ્ડ જૈન કન્ફેડરેશન સંસ્થાના સહયોગથી આ લેખના લેખકના સંપાદન સાથે પ્રગટ થઈ. આ ગ્રંથમાં સંગ્રહિત પ્રવચનોમાં એક વિરાટ પ્રતિભાની ઝાંખી થાય છે.

વીરચંદ ગાંધીના ગ્રંથસર્જનને જોઈએ તો એમના જીવનકાળ દરમ્યાન માત્ર બે જ પુસ્તકો મળે છે. એમનું એક પુસ્તક ઈ. સ. ૧૮૮૯માં મૂળ સંસ્કૃતમાંથી ગુજરાતી ભાષામાં અનુવાદિત 'સવીર્ય ધ્યાન' અને બીજું પુસ્તક તે ઈ. સ. ૧૮૯૪માં અમેરિકાના શિકાગો શહેરમાંથી પ્રસિદ્ધ કરેલો 'અનનોન લાઈફ ઑફ જિસસ ક્રાઈસ્ટ'નો અનુવાદ. આમ વીરચંદ ગાંધીની હયાતીમાં એમના માત્ર બે પુસ્તકો પ્રગટ થયા.

આ બંને પુસ્તકો પૂર્વે ઈ. સ. ૧૮૮૬માં એમણે બાવીસમા વર્ષે એક નિબંધ પ્રગટ કર્યો. એ નિબંધનો વિષય છે 'રડવા કૂટવાની હાનિકારક ચાલ વિષે નિબંધ'. આ નિબંધ કચ્છ-કોડા નિવાસી રવજી દેવરાજે લખ્યો હતો અને તેમાં બીજી ઘણી અગત્યની બાબતો ઉમેરીને વીરચંદ રાઘવજી ગાંધીએ એને પ્રકાશિત કર્યો હતો.

બાવીસ વર્ષની ઉંમરે આ યુવાનને ધર્મવિરોધી રડવા-કૂટવાની પ્રથા સામે આક્રોશ જાગે, એ વિશે નિબંધ-સ્પર્ધાનું આયોજન કરે, એમાં વિજેતા થનાર કચ્છના રવજી દેવરાજને પોતે જાહેર કરેલું રૂા. ૩૨૫નું ઈનામ આપે તે ઘટના કેટલું બધું સૂચવી જાય છે. વળી બાવીસ વર્ષની વયે વિવેકી જૈન બંધુઓને લક્ષ્યમાં રાખીને 'જૈન ભાઈઓમાં સસ્તું વાંચન' ફેલાવવાનો પ્રયત્ન અદ્યાપિ પર્યંત થયો નથી તેથી આવા પ્રયત્નોને કંઈક ઉત્તેજન મળે તેવી ઈચ્છાથી 'રંક અને શ્રીમંત' ખરીદી શકે તે માટે માત્ર બે આનાની કિંમત રાખીને તેઓ આ નિબંધ પ્રકાશિત કરે છે. જ્યારે એમણે લખેલું 'સવીર્યધ્યાન' એ દસમા સૈકાના થયેલા આચાર્ય શુભચંદ્ર વિરચિત 'જ્ઞાનાર્ણવ' ગ્રંથના ધ્યાન વિશેનાં પ્રકરણોનો શ્રી વીરચંદ ગાંધીએ કરેલો અનુવાદ છે. જૈન ધર્મની વિસ્મૃત થયેલી ધ્યાનપ્રણાલીને પુનઃ જાગ્રત કરનાર અને એને પરદેશીઓ સમક્ષ પ્રભાવશાળી રીતે રજૂ કરનાર વીરચંદ ગાંધીની ધ્યાનલગની આમાંથી જોઈ શકાય છે.

વિધિની એ કેવી વિડંબના કહેવાય કે વીરચંદ ગાંધીના પ્રવચનોનું એક પણ પુસ્તક તેઓ જીવંત હતા તે સમયે પ્રગટ થયું નથી. એમની વૈચારિક પ્રતિભાની ઓળખ આપવાનું શ્રેય 'ધ જૈન' અને 'પેટ્રિયેટ'ના તંત્રી શ્રી ભગુભાઈ કારભારીને જાય છે. એમના 'ધ જૈન ફિલૉસોફી' પુસ્તકમાં એમણે અમેરિકા અને ઈંગ્લૅન્ડમાં આપેલાં વ્યાખ્યાનો અને લેખોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ પુસ્તકમાં ગ્રંથસ્થ થયેલાં પ્રવચનોમાં વીરચંદ ગાંધીની જૈન ધર્મ વિશેની સિદ્ધાંતલક્ષી મર્મગામી છણાવટ તો મળે છે, પણ એની સાથોસાથ ભારતીય સંસ્કૃતિની ગહનતા, ભવ્યતા અને એના ગૌરવનો ખ્યાલ આવે છે. વીરચંદ ગાંધીએ આ ગ્રંથમાં જૈન, બૌદ્ધ, સાંખ્ય, વેદાંત અને ન્યાય જેવાં દર્શનોની તત્ત્વવિચારણાનો વિદેશી શ્રોતાઓ સમક્ષ પ્રકાશ પાડ્યો છે. આજથી એકસોને સોળ વર્ષ પૂર્વે પરાધીન, 'પછાત' ગણાતા ભારત પાસે આટલી સમૃદ્ધ તત્ત્વપ્રણાલીઓ છે એ વિશે સાંભળીને વિદેશી શ્રોતાઓને નવીન સમજ અને જ્ઞાન પામ્યાનો અનુભવ થયો હતો.

વીરચંદ ગાંધીનો સંબંધ માત્ર તત્ત્વજ્ઞાન સાથે જ નહોતો, બાળપણમાં પણ એમણે દેશની સ્થિતિ વિશે કાવ્યો રચ્યાં હતાં. યુવાનીમાં ધાર્મિક, સામાજિક અને રાજકીય વિષયો પર ભારતમાં મનનીય પ્રવચનો આપ્યાં હતાં, આથી અમેરિકામાં પણ તત્ત્વજ્ઞાન ઉપરાંત તેઓ આહાર-વિજ્ઞાન, યોગ-વિજ્ઞાન અને જીવન-વિજ્ઞાન વિશે વક્તવ્યો આપે છે. ગૂઢવિદ્યાથી માંડીને ધાર્મિક પ્રતીકોના રહસ્યો સુધીની વાતો એમના પ્રવચનમાં મળે છે. પ્રાચીન ભારતની સ્થિતિથી માંડીને વર્તમાન સમયમાં ભારતમાં ચાલતી મિશનરી પ્રવૃત્તિઓ અંગે એ વાત કરી શકે છે.

વિશ્વ સાથેના મનુષ્ય સંબંધનાં એક પછી એક પાસાંને તેઓ ઉજાગર કરે છે. એ તત્ત્વજ્ઞાન સાથે મનોવિજ્ઞાનનો સંબંધ જોડી આપે છે, તો બીજી બાજુ સ્મૃતિના ચમત્કારની ઘટનાઓથી માંડીને આભામંડળની વાત કરે છે. વીરચંદ ગાંધીએ ભારતીય દર્શનોનો ઊંડો અભ્યાસ કર્યો હતો, પરંતુ એની સાથોસાથ એ સમયે જર્મની

આદિ દેશોમાં પ્રાચ્યવિદ્યાના અભ્યાસીઓએ લખેલા અને સંશોધિત કરેલા ભારતના પ્રાચીન શાસ્ત્રગ્રંથો અને લેખોનો એટલો જ ઊંડો અભ્યાસ કર્યો હતો. એમના વક્તવ્યમાં એનો ઉપયોગ કરીને એને વધુ વિશદ બનાવતા હતા. પરિણામે તેઓ જૈન તત્ત્વજ્ઞાનને અંગ્રેજી ભાષામાં એનાથી પૂર્ણપણે અપરિચિત શ્રોતાઓને સરળતાથી સમજાવી શક્યા.

'ધ જૈન ફિલૉસોફી'માં `The Occult Law of Sacrifice' જેવા લેખમાં એમની મૌલિક વિચારધારા જોવા મળે છે. તેઓ મનુષ્યજાતિના ત્રણ પ્રકાર દર્શાવે છે. એક અધમ પ્રકાર, જેમાં અનૈતિક અને અજ્ઞાની માણસોનો સમાવેશ થાય છે. બીજો મધ્યમ પ્રકાર (મિડલ કલાસ), જે માત્ર પોતાની ઈન્દ્રિયોને ખુશ કરતો, દુન્યવી આનંદમાં ડૂબેલો રહે છે. જ્યારે ત્રીજા ઉચ્ચ વર્ગ (હાયર કલાસ)માં એવા લોકો છે કે જેઓ આધ્યાત્મિક કલ્યાણ કાજે પોતાનો સમય અને શક્તિ ખર્ચતા હોય છે.

આમ, માણસે પહેલું સમર્પણ ઈન્દ્રિય ભોગોનું આપવું જોઈએ. બીજું સમર્પણ વડીલો અને માતા-પિતા પ્રત્યે કરવું જોઈએ. ત્રીજું સમર્પણ ગરીબ અને જરૂરિયાતમંદ માટે કરવું જોઈએ. ચોથું સમર્પણ પ્રાણીઓના કલ્યાણ કાજે કરવું જોઈએ. પાંચમું સમર્પણ પોતાની આધ્યાત્મિક ઊર્ધ્વતા માટે ધન, સમય અને શક્તિ વાપરવાનું કરવું જોઈએ.

વીરચંદ ગાંધી કહે છે કે આવા પાંચ સમર્પણથી વ્યક્તિ 'ઍનિમલ મૅન'માંથી 'હ્યુમન' બનશે. આ સમર્પણના દૈવી કાયદાને ખોટી રીતે સમજવામાં આવ્યો અને પરિણામે માણસો મૂક-લાચાર પ્રાણીઓની હત્યા કરે છે. માંસાહારને ઉત્તેજન આપે છે. માણસ પ્રાણીઓથી ચડિયાતો છે, તો પછી તે પ્રાણીઓને નિર્દયતાથી હણે, એ કઈ રીતે સમર્પણ ગણાય?

આ લેખમાં વીરચંદ ગાંધી ભૌતિક ઉપભોગમાં જીવતા માનવીને આધ્યાત્મિક ઊર્ધ્વતાનું દર્શન કરાવે છે. અહીં એમની મૌલિક વિચારદૃષ્ટિનો પરિચય આપે છે. 'જૈનિઝમ' નામના લેખમાં એમણે કહ્યું છે કે બાઈબલમાં કહ્યું છે કે `Thou Shalt not kill', પરંતુ જૈનદર્શનમાં તો કોઈનીય હત્યા કરવી નહીં તેવું કહ્યું છે. જોકે તેઓ દર્શાવે છે કે ધર્મ-ધર્મ વચ્ચેના મર્મને જાણીએ, તો કોઈ સંઘર્ષ કે વિવાદ રહેતો નથી. પ્રત્યેક ધર્મ એ મંઝિલ છે શિખર પર પહોંચવાની.

વીરચંદ ગાંધીની પ્રતિભાનું ખરું તેજ ન્યૂયોર્કની નાઈન્ટીન્થ સેન્ચ્યુરી કલબના ખ્રિસ્તી શ્રોતાજનો સમક્ષ આપેલાં પ્રવચનમાં દેખાય છે. `Have Christian Missions to India been successful?' એ વિષય પરના વક્તવ્યમાં વીરચંદ ગાંધી ભારતીય સંસ્કૃતિના પ્રબળ અને તેજસ્વી પુરસ્કર્તા લાગે છે. અમેરિકામાં પ્રથમ પ્રવેશે જ અત્યંત નિર્ભયતાથી ભારત વિશેની અમેરિકાની પ્રવર્તમાન ભ્રાંતિઓ પર પ્રહાર કરવામાં વીરચંદ ગાંધીની સત્યનિષ્ઠા, સાહસ અને દેશભક્તિનું દર્શન થાય છે. એ સમયે લાખો રૂપિયા ખર્ચીને ખ્રિસ્તી ધર્મના પ્રસાર માટે ભારત મોકલવામાં આવતા મિશનરીઓની પ્રવૃત્તિઓ વિશે આટલી હિંમત, દૃઢતા અને તર્કબદ્ધતાથી બહુ વિરલ લોકોએ વાત કરી છે.

એમણે કહ્યું, 'મારે અમેરિકાના ખ્રિસ્તી ભાઈ–બહેનો આગળ એક નિખાલસ નિવેદન કરવાનું છે. આ દેશમાં આવ્યા પછી હું એવા સૂત્રો સાંભળી રહ્યો છું કે 'સારુંયે જગત ઈશુનું છે.' આ બધું શું છે? આનો અર્થ શો? એ કયો ઈશુ છે જેના નામે આપ વિશ્વ ઉપર વિજય મેળવવા ચાહો છો? શું કોઈ અત્યાચારી ઈશુ આપના મનમાં વસ્યો છે? શું અન્યાયનો કોઈ ઈશુ આપ સૌએ માની લીધો છે? શું માનવ અધિકારોનો નિષેધ કરનાર કોઈ ઈશુનું અસ્તિત્વ છે ખરું? અન્યાય અને અત્યાચારી કરબોજ લાદનાર કોઈ ઈશુ હોઈ શકે ખરો, જે એવી સરકારો કે સલ્તનતોની તરફદારી કરે અને જેની મદદથી અગર તો નામે અમારાં જ્ઞાન, વિચાર, ધર્મ અને સંમતિની ઉપરવટ જઈ માત્ર અમારી સામે ખડો રહે અને વિદેશીનો ભેદભાવ ઊભો કરે? જો એવા કોઈ ઈશુના નામ ઉપર આપ સૌ અમને જીતી લેવા માંગતા હો તો ખાતરી રાખજો કે અમે કદી પરાજિત નહિ થઈએ. પરંતુ આપ અમારી પાસે જો સદુપદેશ, બંધુત્વ અને વિશ્વપ્રેમથી નીતરતા ઈશુના નામે ઉપસ્થિત થશો, તો અમે જરૂર આપનું બહુમાન કરીશું. અમે તો એવા ઈશુને ઓળખીએ છીએ જેનો અમને ભય નથી કે બીક નથી.'

વીરચંદ ગાંધી ભારતીય તત્ત્વજ્ઞાનની ગરિમા દર્શાવીને સિદ્ધ કરવા માગે છે કે ભારત એ માત્ર વાઘ, કોબ્રા કે રાજાઓનો દેશ નથી, પરંતુ એની પાસે પોતીકું આગવું વિજ્ઞાન છે, એની ધર્મવિચારણા છે, સમૃદ્ધ ભાષા અને સાહિત્ય છે અને એવા ભારતની ખોટી વાતો ચગાવીને બદનામ કરવાની પ્રવૃત્તિનો ખ્રિસ્તી પ્રભાવથી ભરેલા ક્ષેત્રમાં વીરચંદ ગાંધીએ પ્રચંડ વિરોધ કર્યો. આમાં જરૂર પડે ત્યારે એમણે ભારતીય ઈતિહાસની, એના ગહન તત્ત્વજ્ઞાનની, એની ઉત્કૃષ્ટ શિક્ષણપ્રથાની ગરિમામય વિગતો શ્રોતાજનો સમક્ષ રજૂ કરી અને પોતાનો ફેંસલો આપતા હોય તેમ સહુને સંબોધીને કહ્યું,

`My brothers and sisters of America, there is not a shadow of hope of Christianizing India.'

વીરચંદ ગાંધી કહે છે કે ખ્રિસ્તી મિશનરીઓ પોતાના ધર્મપ્રચાર માટે અમેરિકન પ્રજામાં ભારતીય લોકો વિશે, એમની જીવનપદ્ધતિ વિશે અને એમની સામાજિક વ્યવસ્થા અંગે ખોટી માન્યતાઓ ફેલાવે છે. અમે ભારતીયો માત્ર એકાદ રવિવારે જ કરુણાની ભાવના પાળતા નથી, બલ્કે અમારી કરુણા તો માત્ર મનુષ્યો જ નહીં, બલ્કે પ્રાણી અને પ્રકૃતિ સુધી અવિરત વહે છે. અમારી ધર્મક્રિયાઓ અને તહેવારો પર અંધશ્રદ્ધાનો આક્ષેપ કરાય છે, પણ ખરેખર તો અમારા

આચાર અને ઉત્સવો વિજ્ઞાનના નિયમો પર આધારિત છે. પ્રત્યેક હિંદુ ભોજન સમયે હાથ અને પગ સ્વચ્છ કરે છે, તે વિજ્ઞાનનો એક નિયમ છે. જેને તમે વૈજ્ઞાનિક સિદ્ધાંત કહો છો, તે અમારી દૈનિક ક્રિયામાં વણાયેલા છે.

વીરચંદ ગાંધી કહે છે કે મારા મિશનરી મિત્રો ભારતીય લોકોને કેળવણી આપવાનું કહે છે, ત્યારે વીરચંદ ગાંધી સવાલ કરે છે કે શા માટે? શું એ માત્ર ખ્રિસ્તી જાળમાં હિંદુ માછલીઓને ફસાવવાનું પ્રલોભન તો નથી ને?

હજી આગળ વધીને વીરચંદ ગાંધી કહે છે કે આ મિશનરી શાળાઓ કે સરકારી અંગ્રેજી સ્કૂલો યુવાનોની પ્રકૃતિઓને રૂંધે અને વિકૃત બનાવે એવું શિક્ષણ આપે છે. આને માટે અમેરિકા અને ઈંગ્લૅન્ડથી લાખો ડૉલર ભારતમાં મોકલવામાં આવે છે. કેટલાક વિદ્વાન મિશનરીઓ પોતાના વાક્ચાતુર્યથી ભારત પર આક્ષેપો અને દોષારોપણ કરે છે અને હિંદુ ધર્મની ટીકા કરવામાં પોતાની શક્તિ વેડફી નાંખે છે. કોઈ પણ માણસ સંસ્કૃત ભાષાનું પૂરતું જ્ઞાન ધરાવતો ન હોય તો એ હિંદુ ધર્મને જાણી શકે નહીં. જો તેઓ સંસ્કૃતમાં મારી સાથે વાર્તાલાપ કરી શકે તો હું જરૂર એ પાદરીઓના શબ્દો પર ભરોસો મૂકું. પણ જો તેમ કરી શકે નહીં તો હું એમ પૂછીશ કે તેઓ અત્યાર સુધી ભારતમાં શું કરી રહ્યા હતા?

આ મિશનરીઓ ગરીબોના બેલી હોવાનો દેખાવ કરે છે. મારે પૂછવું છે કે સરેરાશ પચાસ સેન્ટની માસિક આવક ધરાવતી હિંદુઓની અર્ધી વસ્તી માત્ર એક ટંકનું ભોજન પામે છે, તેમ છતાં તેમના પર સરકાર દ્વારા રોજેરોજ વધારાનો કર નાંખવામાં આવે છે, આની સામે તેઓ કેમ સવાલ ઉઠાવતા નથી? રાણી વિક્ટોરિયાને ભારતના શાસક તરીકે જાહેર કરતાં જાહેરનામાની પાછળ લાખો ડૉલર એ સમયે ખર્ચાયા, જે સમયે ભારતમાં ભૂખમરાથી પાંચ હજાર માણસો મરી ગયા હતા. શા માટે કોઈ મિશનરીએ આની સામે અવાજ ઉઠાવ્યો નહીં? શા માટે મિશનરીઓએ આને માટે કોઈ કમિશન નીમવાની વાત કરી નહીં?

વીરચંદ ગાંધી પોતાના પ્રવચનને અંતે મિશનરીઓએ કેવી પદ્ધતિ અપનાવવી જોઈએ એની વાત કરે છે. એમણે પ્રત્યેક માનવીય આત્માની સુખાકારીની ભાવના સેવવી જોઈએ. તેઓ કહે છે,

`In one sentence, the method I advocate is that of self-recognition–the education of all the faculties of body and of soul, devoutly recognising responsibility to the Infinite or universal good. Such propagandism, whatever it may be supposed to lack, would never want success, would never fail to meet with responsive co-operation in all lands among all people and would from the start and for ever make the world better and better.'

ઈ. સ. ૧૮૯૪ની ૩૦મી નવેમ્બરે આ નાઈન્ટીન્થ સેન્ચ્યુરી નામની પ્રભાવશાળી સભ્યો ધરાવતી પ્રસિદ્ધ કલબ આગળ વીરચંદ ગાંધીએ આ પ્રવચન આપ્યું ત્યારે ૩૩ વર્ષ સુધી ભારતમાં રહેલા કલકત્તાના બિશપ થોર્બને વીરચંદ ગાંધી સાથે ચર્ચામાં ઊતર્યા. એ સમયે એવું બનતું હતું. સ્વામી વિવેકાનંદ સામે પણ ખ્રિસ્તી મિશનરીઓએ એક યા બીજું કારણ શોધીને ચર્ચાના વંટોળ જગાવ્યા હતા. વીરચંદ ગાંધીએ બિશપ થોર્બનેના પ્રશ્નોનો સબળ ઉત્તર આપ્યો હતો. બીજે દિવસે આ સંસ્થાના પ્રમુખે વીરચંદ ગાંધીને આભારપત્ર લખ્યો, જેમાં એમના વિચારોને આદર આપવાની સાથે સભામાં પધાર્યા તે બદલ પ્રસન્નતા વ્યક્ત કરી હતી.

વીરચંદ ગાંધીની વિરલ પ્રતિભાનો સ્પર્શ વૉશિંગ્ટન ડી.સી.માં એમણે આપેલા અને 'ધ જૈન ફિલૉસોફી'માં સંગ્રહિત થયેલા Symbolism નામના પ્રવચનમાં જોઈ શકાય છે. ધાર્મિક પ્રતીકોનું અર્થઘટન કરતા આ વિષયનો એમનો ઊંડો અને વ્યાપક અભ્યાસ પ્રગટ થાય છે. પર્શિયન, ગ્રીક, રોમન, ઈજિપ્શિયન અને પારસી ધર્મના પ્રતીકોની એ વાત કરે છે, પરંતુ વિશેષે તો એમણે હિંદુ અને જૈન ધર્મના પ્રતીકો વિશે વિસ્તૃત આલેખન કર્યું છે. એક જ પ્રતીક બંને ધર્મોમાં કેવા ભિન્ન ભિન્ન અર્થો ધરાવે છે તેની છણાવટ કરે છે. એમાં પણ ખાસ કરીને એ પ્રતીકો સાથે એ ધાર્મિક પરંપરાનું અનુસંધાન સાધી આપે છે. આકૃતિ દ્વારા જૈન સ્વસ્તિકનો અર્થ સમજાવીને કહે છે કે પશ્ચિમના લોકો માને છે તેમ સ્વસ્તિક એ ભારતીય પરંપરામાં માત્ર સદ્ભાવ (ગુડલક) આણનારું નથી, પરંતુ મુક્ત આત્માની ઓળખ આપનારું છે. સાત આંધળા અને હાથીનું અનેકાંતવાદ દર્શાવતું દૃષ્ટાંત કે પછી માનવીની તૃષ્ણાને દર્શાવતું મધુબિંદુનું દૃષ્ટાંત અથવા તો આખું વૃક્ષ કાપવાને બદલે જમીન પર પડેલાં જાંબુ લેવાનું લેશ્યાઓનું દૃષ્ટાંત સમજાવે છે. આઠ પાંદડીવાળા કમળનું પ્રતીક સમજાવે છે. વળી જરૂર પડે ત્યાં તેઓ ચિત્રો દોરીને વિચાર સ્પષ્ટ કરે છે.

જૈન તત્ત્વજ્ઞાન એ એક પૂર્ણ પદ્ધતિ છે અને કઈ રીતે સ્મૃતિશક્તિને ખીલવવી એ પણ શીખવે છે. અહીં વીરચંદ રાઘવજી ગાંધી કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય, શ્રીમદ્ રાજચંદ્ર અને પં. ગટુલાલજીના ઉદાહરણો આપીને ભારતમાં કેવા અદ્ભુત સ્મૃતિશક્તિ ધરાવતા મહાન પુરુષો પેદા થયા છે તેની વાત કરે છે. કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય વિશે તેઓ એમ કહે છે કે પ્રાતઃકાળે ચાલીસ જેટલા હસ્તપ્રતલેખન કરતા લહિયાઓને લખવા બેસાડતા. એક લહિયાને વ્યાકરણશાસ્ત્રની પહેલી લીટી લખાવે, લહિયો એ લખે ત્યારે તેઓ બીજા લહિયા પાસે જાય અને પોતાના બીજા ગ્રંથ અલંકારશાસ્ત્રની પહેલી પંક્તિ લખાવે. આમ પોતાના ૪૦ ગ્રંથોની પ્રથમ પંક્તિ લખાવ્યા બાદ તેઓ ફરી પ્રથમ ક્રમના લહિયા પાસે

જાય અને તેને વ્યાકરણશાસ્ત્રનું બીજું વાક્ય લખાવતા. આ રીતે તેઓ થોડા જ દિવસમાં એકસાથે ચાલીસ કૃતિની રચના કરી શકતા હતા.

એ સમયે શ્રીમદ્ રાજચંદ્ર જીવિત હતા અને વીરચંદ ગાંધી એમના અદ્ભુત શતાવધાનના પ્રયોગો અંગે વાત કરે છે. મુંબઈમાં વૈષ્ણવ સંપ્રદાયના પં. ગટુલાલજી અંધત્વને કારણે અભ્યાસ કરી શક્યા નહીં, પરંતુ બીજા પાસેથી સાંભળીને પોતાની સ્મૃતિશક્તિના બળે સાંભળેલા ફકરાઓ કોઈ પણ સમયે પુનઃ બોલી શકતા હતા.

પશ્ચિમના દેશોમાં ભારતીય લોકો વિશે તુચ્છ, જંગલી અને ક્રૂર સામાજિક રૂઢિ ધરાવનારાનો ખ્યાલ હતો, ત્યારે વીરચંદ ગાંધીના આ વિચારોએ અમેરિકનોના મનમાં ભારતની કેવી ભવ્ય છબી સર્જી હશે તે વિચાર આજે પણ રોમાંચિત કરે છે!

એ પછીના પ્રકરણમાં તેઓ હિંદુ ધર્મ, જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મના મહત્ત્વના સિદ્ધાંતોની ચર્ચા કરે છે અને આ ત્રણે વિચારધારા આત્મા, કર્મ અને પુનર્જન્મ જેવા સિદ્ધાંતો કેવી રીતે દર્શાવે છે તેની ચર્ચા કરે છે. આમાં દેવ, દેવીઓ, અસુર, પ્રજાપતિ વગેરેના અર્થો પણ સમજાવે છે.

`The True Laws of Life' માં પૂર્વ અને પશ્ચિમના જીવન વિશેની ભિન્નતાની વાત કરે છે. મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષાના ચાર સિદ્ધાંતો દર્શાવે છે. આમાં આત્મા અને દેહ વચ્ચેના સંબંધને પ્રગટ કરે છે. પૂર્વ અને પશ્ચિમની જીવનપદ્ધતિનાં મૂળ તત્ત્વોને દર્શાવે છે. બંને સુખની શોધ ચલાવે છે, પરંતુ પૂર્વનો સુખનો અર્થ આત્મા સાથે જોડાયેલો આધ્યાત્મિક અર્થ છે. પશ્ચિમનો સુખનો વિચાર શરીર સાથે જોડાયેલો છે અને શરીરસુખમાં જ એ સુખની સમાપ્તિ માને છે.

`Jain Doctrine of Karma' વિશે વીરચંદ ગાંધીએ વિશ્વનું સૌપ્રથમ ધ્યાન ખેંચ્યું. પશ્ચિમના જૈન ધર્મના વિદ્વાન ગ્લાસેનેપ જૈન કર્મસિદ્ધાંતના ઊંડા અભ્યાસી હતા અને પોતાનો ડૉક્ટરેટનો નિબંધ આ વિષય પર લખ્યો હતો. એમના કહેવા પ્રમાણે વીરચંદ ગાંધીના આ પ્રવચનો આજે પણ આ વિષયમાં નવો પ્રકાશ પાડનારાં છે. સ્વતંત્ર રીતે વિચારનારી બુદ્ધિપ્રતિભાની જીવંતતા જોવા મળે છે.

માત્ર એ દુર્ભાગ્ય ગણાય કે વીરચંદ ગાંધીએ આપેલા જૈન ધર્મના સિદ્ધાંત બહુ ઓછા લોકોના ધ્યાનમાં આવ્યા અને એને પરિણામે ભારતીય શાસ્ત્રોમાં ઊંડો રસ લેનારાઓએ પણ વીરચંદ ગાંધીએ આપેલા આ સિદ્ધાંતો વિશે બહુ ઊંડાણથી વિચાર કર્યો નહીં. વીરચંદ ગાંધી કર્મ વિશે વૈદિક, બૌદ્ધિક અને જૈન ધર્મની વિચારધારાઓને જાણતા હતા. કર્મ શબ્દના જુદા જુદા સમયે થયેલા અર્થોના પરિવર્તનને સમજતા હતા અને એથી તેમનો કર્મ વિશેનો ઊંડો અભ્યાસ 'ક્રમ ફિલોસોફી' નામના ગ્રંથમાં જોવા મળે છે.

`The Science of Eating' પ્રકરણ એક અર્થમાં ઐતિહાસિક કહી શકાય તેવું છે. આજના સમયમાં શાકાહારની તરફેણમાં માંસાહાર વિરુદ્ધ જે વિગતો રજૂ થાય છે, તે આમાં નજરે પડે છે. વીરચંદ ગાંધીની વ્યાપક, સૂક્ષ્મ અને સર્વગ્રાહી દૃષ્ટિનો ખ્યાલ આપે છે. વીરચંદ રાઘવજી ગાંધી શાકાહારી હતા અને કદાચ અમેરિકાની ધરતી પર પગ મૂકનાર પહેલા શાકાહારી હતા.

તેઓ કહે છે કે માણસ એ મૂળભૂત રીતે માંસાહારી પ્રાણી નથી. 'ઍનિમલ ફૂડ'થી માણસમાં 'ઍનિમલ નેચર' જાગે છે અને એનાથી અનેક પ્રકારના રોગો થાય છે. કૅન્સર જેવા રોગોમાં પણ આ ખોરાક કારણભૂત છે અને વળી માંસાહારી ખોરાક એ ખોરાક સાથે ઉત્તેજનાત્મક પીણું માગે છે. કોઈ કહે છે કે મારે ભૂખ્યા રહીને મરી જવું કે પછી માંસ આરોગવું? વીરચંદ ગાંધી કહે છે કે તો ભૂખ્યા રહીને મરવું બહેતર છે.

તેઓ એવો ઉપાય પણ બતાવે છે કે અમેરિકામાં પણ માંસાહાર કરવાની જરૂર નથી. કૅલિફૉર્નિયામાંથી પૂરતું અનાજ મળી શકે તેમ છે. બીજી બાજુ અમેરિકનોની ખોરાક રાંધવાની પદ્ધતિ વિશે પણ વીરચંદ ગાંધી કહે છે કે–

`When rice is cooked in he ordinary American fashion, it is cooked till it is paste, which might be very good to paste paper on a wall but is not good to eat.' (p. 195)

તેઓ નોંધે છે કે ભારતમાં બ્રિટિશ રાજ્ય આવ્યું તે પહેલાં ચાનો પણ પ્રકાર નહોતો. ભારતમાં સૌથી મોટું પીણું તે પાણી છે, જ્યારે વીરચંદ ગાંધી આશ્ચર્ય પ્રગટ કરે છે કે જર્મન લોકો પીવા માટે પાણી પૂરતું નહીં હોવાથી બીયર પીવાનું કહે છે–એવું ભારતમાં નથી. ભારતમાં તો કોઈ બીયરને અડે તો સ્નાન કરે છે. ભારતની સૂર્યાસ્ત પહેલાં ભોજન કરવાની પદ્ધતિની વૈજ્ઞાનિકતાની વાત કરે છે.

આશ્ચર્યજનક હકીકત એ છે કે જે સમયે માત્ર માંસાહારની બોલબાલા હતી, એ સમયે અને એ પ્રદેશમાં જઈને વીરચંદ ગાંધીએ શાકાહારનો મહિમા કર્યો હશે. એક બાજુથી માનવીને માટે યોગ્ય ખોરાકની ચર્ચા કરે છે, તો બીજી તરફ આભામંડળ જેવી ગહન બાબતની સમજણ આપે છે. જ્યારે Ancient India માં આર્ય પ્રજા, વૈદિક સાહિત્ય અને એ સમયની સમાજરચનાનો આલેખ આપે છે. `Contribution of Jainsism to Philosophy, History and Progress' નામના `Asiatic quarterly review' ના જુલાઈ ૧૯૦૦ના અંકમાં પ્રગટ થયેલા આ લેખમાં અને 'ધ જૈન ફિલૉસોફી'માં સંગ્રહિત થયેલા જૈન ફિલૉસોફીનાં મુખ્ય તત્ત્વોનો એમણે પરિચય આપ્યો છે. એના જુદા જુદા સિદ્ધાંતો દર્શાવ્યા છે. એની સાહિત્યિક ગતિવિધિઓ તેમજ જૈન સમાજનો શિક્ષણ માટેનો

પ્રેમ દર્શાવ્યાં છે.

૧૯૬૯ની ૨૪મી ડિસેમ્બરે જૈનદર્શનના મહાન વિદ્વાન, પ્રકાંડ પંડિત સુખલાલજીએ લખ્યું, 'હું પ્રથમ તો એ સૂચવું છું કે શ્રીયુત ગાંધીના એ ત્રણે પુસ્તકોનો પ્રામાણિક અનુવાદ કે સાર હિંદી, ગુજરાતી આદિ ભાષામાં જલદી પ્રકાશિત થવો જોઈએ, અને ધર્મતત્ત્વજ્ઞાનના જૈન પરંપરામાં ચલાવાતા વર્ગોમાં એનું સ્થાન અવશ્ય રહેવું જોઈએ. એમ થશે તો જ નવી પેઢીનું મન સંકુચિત બનવાને બદલે વિકસિત થશે અને ઉપેક્ષા પામતી ધાર્મિક પાઠશાળાઓના અભ્યાસીઓમાં કાંઈક તેજ આવશે. આજે ૪૧ વર્ષે પણ આપણે આમાંનું કશું કરી શક્યા નથી તેનો અફસોસ અનુભવાય છે. એમના અંગ્રેજી પ્રવચનોનો અનુવાદ હજી બાકી જ છે.

'જૈન ફિલૉસોફી' ગ્રંથના તેવીસ પ્રવચનોમાં પરાધીન ભારતમાં વસતા; પરંતુ સ્વતંત્રતા ઝંખતા આત્માનો અવાજ છે. જંગલી અને અમાનવીય સામાજિક રૂઢિ ધરાવતા સમાજ તરીકે વિદેશમાં ભારતની છબી ઉપસાવવામાં આવી હતી તેની સામે ભારતના વેદગ્રંથો અને વિદ્વાનોની ભવ્યતા સૂચવતો આ ગ્રંથ છે. પાશ્ચાત્ય સંસ્કૃતિ પૂર્વેની સંસ્કૃતિને દમનકારી શાસન અને વટાળપ્રવૃત્તિથી નષ્ટ કરવા ચાહતી હતી, ત્યારે એની સામે ઓગણત્રીસ વર્ષના ગુજરાતી યુવાનની વાસ્તવિક, પ્રમાણભૂત માહિતી સાથેની સત્ય-ગર્જના છે. જૈન ધર્મના તત્ત્વજ્ઞાનની સ્પષ્ટ, માર્મિક અને વિદેશી શ્રોતાજનોને સમજાય તેવી સચોટ રજૂઆત છે. આજે અમેરિકાની કદમબોસી કરવામાં આવે છે અને એના મૂલ્યોનો મહિમા કરાય છે, ત્યારે આ પુસ્તકમાં અમેરિકાને આ યુવાને આપેલો સંદેશ મળે છે. આજે જ્યારે ધર્મો-ધર્મો વચ્ચે ઈન્ટરફેઈથની મૂવમૅન્ટ ચાલે છે, ત્યારે એ સમયે વીરચંદ ગાંધીએ વૈશ્વિક ધર્મ(Universal religion) ની વ્યાપક ભાવનાનો ખ્યાલ આપ્યો. આ સર્વ દૃષ્ટિએ 'ધ જૈન ફિલૉસોફી' એક ભારતીય યુવાનની દાર્શનિક વિચારધારાથી માંડીને વૈશ્વિક ચેતના સુધીના એના વ્યાપનો પરિચય આપે છે. ✷✷✷

૧૩/બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી,
અમદાવાદ–૩૮૦ ૦૦૭. ટેલિફોન : ૦૭૯–૨૬૬૦૨૫૭૫.
મોબાઈલ : ૦૯૮૨૪૦૧૯૯૨૫.

# ઉપમિતિ ભવપ્રપંચ કથા

□ સુમનબેન પ્રવીણચંદ્ર શાહ

*શ્રીમતી સુમનબેન પ્રવીણચંદ્ર શાહ-B.A., LL.B., Ph.D. in Philosophy છે. તેમની થીસીસનો વિષય છે – કર્મથીઅરી ઓફ જૈનીઝમ બેઝ્ડ ઓન જૈનઆગમ. તેમણેબોમ્બે યુનિવર્સિટીમાંથી ૨ વર્ષનો જૈનીઝમનો ડિપ્લોમા કોર્સ કરેલ છે. તેમણે લાડનુ યુનિવર્સિટીની જૈનિઝમમાં એમ.એ.ની ડિગ્રી લીધેલ છે.*

આપણે આજે અહીં જે ગ્રંથનું વિશ્લેષણ કરીને તારતમ્ય મેળવવાનો પ્રયત્ન કરશું તે છે ઉપમિતિ ભવપ્રપંચ કથા.

ગ્રંથના કર્તા-કથાલેખક છે પૂજ્ય શ્રી સિદ્ધર્ષિગણિ. શ્રી સિદ્ધર્ષિ અતૂટ ઉપશમમાળા, સ્ફટિક જેવા નિર્મળ, પરહિત જોનારા, મહાભાગ્યશાળી હતા. આ ગ્રંથ તેઓશ્રીના વ્યક્તિત્વને છતું કરે છે.

તેઓએ ગ્રંથની નિર્વિઘ્ન સમાપ્તિ અર્થે, તે સમયની નીતિરીતિ પ્રમાણે પ્રારંભ નમસ્કાર અને મંગળાચરણથી કરેલ. આપણે તેમનો આદર કરી તે જ નમસ્કારને ઝીલીએ. ત્યારપછી તેઓ ચોવીસ તીર્થંકર, શ્રી વીર પરમાત્મા, ભગવાનની વાણી, સરસ્વતીદેવી, ગુરુમહારાજ, સર્વને નમસ્કાર કરે છે. ત્યારપછી પ્રસ્તાવનામાંથી જાણવા મળે છે કે ગ્રંથની પહેલી કોપી દુર્ગસ્વામીની શિષ્યા ગણાસાધ્વીએ લખી. ત્યાર પછી ભિલ્લમાલ નગરમાં કવિશ્રીએ આ કથા કહી.

ગ્રંથની શૈલી આગમપ્રમાણ છે. આગમોમાં આ સાહિત્ય પ્રાકૃતમાં છે જ્યારે તેનું ટીકા સાહિત્ય સંસ્કૃતમાં છે. જૈનધર્મનું કથા સાહિત્ય પ્રારંભકાળથી તે સત્તર, અઢારમી સદી સુધી અવિરત વિકાસ પામતું રહ્યું. શ્રમણવર્ગે પ્રાકૃત તો સામાન્યજને સંસ્કૃતભાષા સ્વીકારી.

ગ્રંથના રચનાકાળ વિશે આધારભૂત માહિતી નથી મળતી છતાં એમ લાગે છે કે જૈનસાહિત્યના બીજા આગમકાળ એટલે કે પૂજ્ય તીર્થંકર શ્રી મહાવીરના જન્મ પછીના ૪૫૦ થી ૫૦૦ વર્ષના સમયગાળા દરમ્યાન આ ગ્રંથની રચના થઈ. ગ્રંથમાં માહિતી છે કે સંવત ૯૬૨ નો સંવત્સર લગભગ પૂરો થતાં જેઠ સુદ પાંચમને ગુરૂવારના પુષ્યનક્ષત્રે આ ગ્રંથની સમાપ્તિ થઈ. એક મત પ્રમાણે તે ઈ. સ. ૯૦૫માં રચાયો.

ઉપમિતિ ભવપ્રપંચ કથા શુદ્ધ ધર્મ કથાના સ્વરૂપમાં પુણ્યબંધ અને કર્મનિર્જરા કરાવનાર છે તેથી તે સ્વર્ગ મોક્ષના કારણભૂત હોઈ ઉપાદેય છે. તે ધર્મ, અર્થ, કામ વગેરે સાધનભૂત ઉપાયોનું પ્રતિપાદન કરતા પ્રાણીઓને વિદ્વાન બનાવવાના હેતુરૂપ અને મોહાસક્ત પ્રાણીઓને ધર્માભિમુખ બનાવનાર બને છે ત્યારે તે સંકીર્ણ કથા બને છે. અનુભવગમ્ય પ્રસંગો, સ્વર્ગ, નર્ક, તિર્યંચની

વાતો વગેરે ખૂબ વિસ્તારથી કરેલ છે. વિવિધ વિષયગ્રાહી આદર્શો ને સિદ્ધાંતોને જનસમુદાય સુધી પહોંચાડવા માટેનો તેમનો પ્રયત્ન પ્રશંસનીય છે.

શ્રી સિદ્ધર્ષિગણિનો ગ્રંથ રચવા પાછળનો હેતુ સાંસારિક કલેશ અને પ્રપંચ દર્શાવવાનો છે. તેઓશ્રી કથાના પાત્રો દ્વારા, સંસારના મનોવિકારો અને ઈંદ્રિયજન્ય સ્ખલનમાંથી થતા દોષો દર્શાવે છે, અને બીજા પાત્રો દ્વારા તેમાંથી મુક્ત થવાના ઉપાયો પણ બતાવે છે. મનોવિચારને વાચા આપવાની તેઓશ્રીની શૈલી અદ્ભુત છે. માનવમનનું ઊંડાણ પીછાણી તેને રૂપક દ્વારા સરળ ભાષામાં રજૂ કરે છે. સંસારી જીવે પોતે જ, સંસાર પરના ચિત્તને આધ્યાત્મિક માર્ગે વાળવું જોઈએ.

આ ગ્રંથ ગુજરાતી અવતરણ છે. તેના અનુવાદક છે શ્રી મોતીચંદ ગીરધરલાલ કાપડીયાના સુપુત્ર શ્રી મૌક્તિક. ભાવનગરની શ્રી જૈન ધર્મપ્રચારક સભાએ આ ગ્રંથ પ્રસિદ્ધ કરેલ છે.

હવે કથા વિશે કહીએ તો તેનું નામ જ તેનો અર્થ સાર્થક કરે છે. શ્રી સિદ્ધર્ષિગણિ અંતરંગ અને બહિરંગ કથાવસ્તુ દ્વારા, દૃષ્ટાંત અને રૂપક દ્વારા ભવપ્રપંચનો વિસ્તાર દર્શાવી, તેનું ઉપમાન-તોલન કરવાનો સફળ પ્રયત્ન કરે છે. અંતરંગમાં આઠ વિસ્તાર છે. બહિરંગમાં તેને લગતા સ્પષ્ટીકરણ છે. આખો ગ્રંથ તેના દરેક પ્રકરણ, જીવનના અનેક પ્રસંગો સાથે ઓતપ્રોત થઈ, મનોવિચારોને વાચા આપતા જીવને નવી નવી દિશામાં ઉઘાડ આપે છે. જીવનનો હેતુ, તેના સાધનની ખોજ કરવાની પ્રેરણા આપે છે.

જૈન કથાનુયોગ, જે તે સમયના સમાજને પ્રતિબિંબિત કરે છે. જૈન કથાકારોએ યુગને અનુસાર, સર્જનાત્મક દૃષ્ટિકોણ અપનાવી, સામાજિક ને સાંસ્કૃતિક સિદ્ધાંતોને બોઝિલ બનાવ્યા વિના, નૂતન અને ભાવનાસભર કથાઓનું નિરૂપણ કર્યું, સમન્વયવાદી અને સમાધાનકારી વલણ અપનાવી કથા સાહિત્યને લોકભોગ્ય બનાવ્યું. ગ્રંથકારમાં દૃષ્ટિની સ્પષ્ટતા અને સાપેક્ષતા, પૃથક્કરણ અને સમુચ્ચય અવલોકન છે.

તેમના મતે જિંદગીને દિશા આપવાની જરૂર છે નહીં તો વામદેવની જેમ વ્યર્થ બેસવાનું થાય કે નિષ્પુણ્યકની જેમ ઠીંકરી ને એઠાજૂઠાની ચિંતા જ કરવાની રહે અને અમૂલ્ય એવી જિંદગી રેતની જેમ હાથમાંથી સરી જાય, માટે સ્વ સાથે વિચારવિમર્શ કરી જિંદગીને સાર્થક બનાવવાનો પ્રયત્ન કરવો જોઈએ.

સમાલોચના રૂપે જૈન અને જૈનેતર વિદ્વાનોના અભિપ્રાય ટાંકું. 'સંસ્કૃત સાહિત્યમાં આ ગ્રંથ અસાધારણ ગૌરવ ધરાવે છે. ગ્રંથમાં દર્શાવાતા ઊંડા ભાવો, અપૂર્વ વિચારપ્રૌઢતા, અને વસ્તુનિર્દેશનનો પ્રભાવ દર્શાવી આ ગ્રંથ કથાની અદ્ભુત સંકલના સાથે, આંતરધ્વનિમાં ઉપદેશ પણ એટલો જ આત્મસાત્ કરાવે છે અને તેથી તેઓ સર્વે આ ગ્રંથને સોના-રૂપા જેવી મૂલ્યવાન વસ્તુઓ સાથે પેટીમાં રાખવા યોગ્ય ગણ્યો છે.'

ત્રણ વિભાગ અને આઠ પ્રસ્તાવ અને એક એક પ્રસ્તાવના ૧૫ થી ૩૫ પ્રકરણોમાં આલેખાયેલી આ કથાવાર્તા, ૨૧૦૦ જેટલા પાના અંદાજે રોકે છે. તેમાં કથા અને આંતરકથાઓ આવ્યે જ જાય છે.

### પ્રથમ પ્રસ્તાવ

પીઠબંધ નામના પ્રથમ પ્રસ્તાવમાં ઉપોદ્ઘાતરૂપે જે દૃષ્ટાંતકથા છે તે છે અષ્ટમૂલ પર્યન્ત નામના નગરમાં રહેતા નિષ્પુણ્યક નામના ભિક્ષુકની. આખી કથા આદિથી અંત સુધી, આ સંસારીજીવ ભવાટવીમાં કેવી રીતે ભમ્યા કરે છે તેની છે. વાર્તા રૂપકકથા છે. તેમાં આવતા નામો પણ નામના અર્થના સૂચક છે.

નિષ્પુણ્યકની દરિદ્રતામાં તુચ્છતા, અધૈર્ય, શોક, ભ્રમ, લોલુપતા વગેરે હલકા ભાવો હતા. ભીખ માગવાનું ઠીકરૂં તેની આસક્તિ હતી જે પીડા પેદા કરતી હતી. તેવી જ રીતે રાગ, દ્વેષ, હર્ષ, શોક, ભાવ-પરભાવના પરસ્પર વિરોધી તત્ત્વો, કર્મ વિપાકથી ઉદયમાં આવતા અસાતાવેદનીય કર્મનો ઉદય થતા, જીવમાં પીડા પેદા કરે છે.

જીવ જ્યારે, લોકવ્યાપારની અવગણના કરી, પાંચ પ્રકારના સ્વાધ્યાયમાં જીવ પરોવી જ્ઞાનગોષ્ટિ કરે છે ને જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપી ત્રણ ઔષધનું સેવન કરે છે ત્યારે ધર્માચરણમાં પ્રીતિ વધતાં, વિકારી ભાવો દૂર થતાં જીવ ઉજ્જવળ બને છે, ને જે મળ્યું તેની પ્રભાવના સત્પાત્રોમાં કરતા રહે છે.

આ પહેલો પ્રસ્તાવ વિગતે કહ્યો પણ હવે પછીના પ્રસ્તાવની રજૂઆત તેનો બોધગ્રહણ કરવા પૂરતી જ રહેશે.

### દ્વિતીય પ્રસ્તાવ

સંસારીજીવના ચરિત્રને અંગે નિર્ણયગતિ વર્ણન નામના આ દ્વિતીય પ્રસ્તાવમાં સંસારનું વૈરાગ્ય વિસ્તારથી વર્ણવવામાં આવ્યું છે, જે સાંભળી સમજુ જીવો વૈરાગ્ય પામતાં વિરતિમાં આવે છે. પણ જે જીવો, કર્મવિપાકો સહન કરવા છતાં સંસાર તરફ આકર્ષિત જ છે તે જીવો મૂઢ છે.

અવ્યવહારી નિગોદના જીવો, કનિષ્ઠ અવસ્થામાં અવ્યક્તપણે પીડા ભોગવતા અનંતકાળ વ્યતીત કરે છે, ત્યાંથી નીકળી એકેન્દ્રિયની પાંચ ગતિ પૃથ્વી, અપ વગેરેમાં જન્મ લે છે. અને આગળ વધતાં અકામ નિર્જરા કરતા પંચેન્દ્રિય જીવ બને છે.

આખી કથા રૂપકકથા છે અને અને એક એક પાત્ર નામધારી રૂપક દ્વારા સમજાવવામાં આવ્યા છે. એક ભવમાં ભોગવવા યોગ્ય, ઉદયમાં આવનારા કર્મસમૂહને ભવવેદ્યગોળી કહી છે. આ જીવ અજરઅમર છે તેથી તે અનંતકાળ અવસ્થાન કરતો રહે છે. એવી

કોઈપણ યોની નથી કે જ્યાં જીવે જન્મ લીધો ન હોય અને એવું કોઈપણ ચારિત્ર નથી કે જે તેણે પાળ્યું ન હોય. સંસારીજીવના ભવભ્રમણની વાર્તા આગળ વધતી જ જાય છે.

**તૃતીય પ્રસ્તાવ**

ક્રોધ, હિંસા અને સ્પર્શેન્દ્રિયના વિપાકનું વર્ણન કરતા આ ત્રીજા પ્રસ્તાવમાં મૂળકથા સાથે અંતરકથાઓ પણ છે જે ૩૪ પ્રકરણનો વિસ્તાર લે છે. પ્રકરણ ૧ થી ૩૦ માં સંસારીજીવનું ભવભ્રમણ અને ક્રોધ અને હિંસાના વિપાકોદયથી અને ભવપ્રપંચોથી વ્યક્ત થતું તેનું દુઃખમય જીવન તેની વાત છે. પ્રકરણ ૩૨-૩૩-૩૪ ઉપસંહાર અને ઉદ્દેશ-રૂપે રૂપકના સ્વરૂપમાં છે.

ભવપ્રપંચ અને મનુષ્યભવની દુર્લભતા-તૃતીય પ્રકરણનો આ મુખ્ય ઉદ્દેશ છે. આગમશાસ્ત્રમાં બતાવ્યા છતાં, અણસમજુ જીવ સ્વસ્વરૂપ ન પામતાં, આત્મવેરી બની સ્પર્શેન્દ્રિય, સ્ત્રીસંગ અને લોલુપતાને વશ થઈ, અનંતીવાર મનુષ્ય પણુ ગુમાવે છે, તો બોધરૂપે અંતિમ નિવેદનનો તેનો શ્લોક–

ણતન્નવેદિતમિહ પ્રકટં તતો ભીસ્તાં સ્પર્શકોપપર તાપ મતિં વિહાય ।
શાન્તાઃ કુરૂધ્વમધુના કુશલાનુબન્ધમન્નાય લંઘયય યેન ભવપ્રપશ્ચમ્ ।।

શ્લોકનો ગૂઢ સંદેશ એ છે કે સ્પર્શેન્દ્રિયની પરવશતા, કોપ એટલે ક્રોધ અને પરતાપ એટલે હિંસાની બુદ્ધિ છોડી દઈને તમે હવે શાંત થઈને પુણ્યબંધ કરો જેથી કરીને સંસારના પ્રપંચને તમે ઓળખી, શીઘ્ર ઓળંગી શકો.

**ચતુર્થ પ્રસ્તાવ**

જ્ઞાન, મૃષાવાદ, રસનેન્દ્રિયના વિપાકને બતાવનાર ચોથા પ્રસ્તાવના ૪૦ પ્રકરણ છે, જે કથા અને અંતર કથા સાથે ૪૪૦ પાના રોકે છે. આ પ્રસ્તાવ આખા ગ્રંથના મધ્યબિંદુ જેવો હોઈ પ્રથમ સ્થાન હાંસિલ કરે છે. વર્તમાનકાળમાં આખી દુનિયાનો સમુચ્ચયે ખ્યાલ આપી શકે તેવો આ અલભ્ય ગ્રંથ છે, અનુભવ અને કવિત્વનો ઉપહાર છે. રૂપક કથામાં ચિત્તને પ્રસન્ન કરી દે તેવું નાવીન્ય છે.

આ પ્રસ્તાવ મુખ્યત્વે મૃષાવાદના ફળ, માનથી થતી હાનિ, રસનેન્દ્રિયની લુબ્ધતાના પરિણામે ઉત્પન્ન થતા ભયંકર પરિણામો દર્શાવી આત્મજાગૃતિ લાવવાનાં પ્રયાસ કરે છે. છેલ્લા પ્રકરણોમાં જૈનદર્શન અને ષડ્દર્શનની સિદ્ધાંતિક સમાલોચના કરે છે અને જૈનનગર વિવેક પર્વતના અપ્રમત્તત્વ શિખર ઉપર છે એમ રૂપકરૂપે કહી જૈનધર્મની સર્વોત્તમતા દર્શાવે છે.

**પંચમ પ્રસ્તાવ**

માયા, ચોરી અને ઘ્રાણેન્દ્રિયના વિપાકને અને તેના પરિણામને સમજાવનાર પંચમ પ્રસ્તાવ ૨૨ પ્રકરણ સાથે ૨૨૦ પાના રોકે છે. પાંચમા પરિશિષ્ટમાં જૈન સિદ્ધાંતો સમજાવ્યા છે. પ્રભાવક ચરિત્રમાંથી લીધેલ શ્રી સિદ્ધર્ષિપ્રબંધ પણ મૂળ અને ભાષાંતર સાથે આ પ્રસ્તાવમાં આપેલ છે.

**ષષ્ઠ પ્રસ્તાવ**

લોભ, મૈથુન, ચક્ષુરિંદ્રિયના વિપાકનું વર્ણન કરતો આ પ્રસ્તાવ ૧૬ પ્રકરણ સાથે ૧૮૦ પાનાની રૂપકકથા છે અને તે જ શૈલીમાં કહેવાઈ છે.

૩ શ્લોક દ્વારા તેઓ જીવનની વિષમતા સમજાવે છે કે અનેક પ્રકારની રખડપટ્ટીમાં, નયનથી આસક્ત થઈ, મૈથુનમાં તત્પર રહી, થોડા દ્રવ્યના લોભે મૂર્ખ જીવો, અતિ દુર્લભ એવું મનુષ્યપણું ગુમાવી બેસે છે. આવા ભ્રષ્ટ જીવો, મહાકર્મોને વેદતા, લાંબા કાળ સુધી ભવાટવીમાં મહાભયંકર દુઃખો ભોગવતા રહે છે તો આ લક્ષમાં રાખી લોભ, લોલુપતા, આસક્તિથી જીવે દૂર રહેવું જોઈએ.

અંતમાં શ્રી સિદ્ધર્ષિ ઉપદેશ આપે છે કે શ્રી જિનેન્દ્રના ઉપદેશ પ્રમાણે મધ્યસ્થભાવે મેં તમને આ આંતર ભાવ-સાર-રહસ્ય આપેલ છે તો નિર્મળચિત્ત અને વિશુદ્ધ બુદ્ધિથી તમે પણ આ આશય સમજો અને જૈનમત સંબંધમાં પ્રેમધારણ કરો. આ તમારું કર્તવ્ય અને અનંત, અવ્યાબાધ સુખપ્રાપ્તિનું નિમિત્તકેન્દ્ર છે. તમારી આત્મોન્નતિ તમને નિવૃત્તિનગર પ્રયાણ કરાવશે.

**સપ્તમ પ્રસ્તાવ**

મહામોહ, પરિગ્રહ, શ્રવણેન્દ્રિયના વિપાકનું વર્ણન કરતો ૭ મો પ્રસ્તાવ ૧૭ પ્રકરણ અને ૨૦૦ પાનાનો છે. શ્રી સિદ્ધર્ષિએ આ પ્રસ્તાવમાં વાર્તાની સાથે સાથે, આખી જૈન ફિલોસોફીની ગૂંથણી કરી છે. વાર્તાના ઉપસંહારમાં તેઓશ્રી કહે છે, મહામોહ ગોટાળા માત્રનો હેતુ છે. પરિગ્રહ લોભની સખા અને સર્વ દોષનું નિમિત્ત છે, સંસાર સમુદ્રમાં ડુબાડનાર છે માટે અનાસક્ત થઈ તેનો ત્યાગ કરો. આ બાબતો પર આત્મદૃષ્ટિએ વિચાર કરી હિતકારી લાગે તો તેને અમલમાં મૂકવાની યોજના કરો.

**અષ્ટમ પ્રસ્તાવ**

સાતે પ્રસ્તાવની કથાવાર્તાનો મેળ બેસાડે તેવો આ પૂર્વસૂચિત મીલકવર્ણન નામનો આઠમો પ્રસ્તાવ ૨૩ પ્રકરણ, ૨૨૦ પાનાનો છે. તે ત્રણ વિભાગમાં થઈ તત્ત્વચર્ચાને આગળ વધારે છે. સંસારમાં સુખ નથી, શાશ્વત સુખ અમૂર્તદશામાં છે જે સિદ્ધજીવોને જ પ્રાપ્ય છે. સાચો વૈદ સર્વજ્ઞ પરમાત્મા છે.

શ્રી સિદ્ધર્ષિગણિ વિશેષપણે કહે છે, 'આત્માનું અસ્તિત્વ સ્વીકારવા છતાં, આત્મા જો કર્મમળથી લિપ્ત હોય તો ત્યાં સંસાર છે, કર્મરહિત થતાં તેનો મોક્ષ છે. દશગુણથી યુક્ત હોવા છતાં ધર્મ એક જ છે અને સ્વર્ગમોક્ષને આપનાર છે. આવી હિતકારી બાબતોનું આચરણ, લક્ષની પરમ સિદ્ધિ છે.' આ અને આવા સિદ્ધાંતો જૈનદર્શનની વ્યાપકતા પૂરવાર કરે છે.

આમ આ આઠ પ્રસ્તાવની કથા આપણે બહુ જ ટૂંકામાં જોઈ. ૩ ભાગમાં વહેંચાયેલી ૨૧૦૦ પાનાની કથાનો ત્રણ જ પાનામાંથી પરિચય મેળવવો અતિ દુષ્કર કહેવાય. વાચકને રસ જાગે ને કથાવાંચન કરવા પ્રેરાય તો મને લાગશે કે મારો પ્રયત્ન લેખે લાગ્યો છે. તે સમયના સ્થળ-કાળ-સમાજ-રીતરિવાજ-ધર્મ વગેરેનું ઉત્તમ ઉદાહરણ ઉપમિતિ ભવપ્રપંચ કથા છે.

પોતાનું નામ અને ઉદ્દેશ સિવાય, શ્રી સિદ્ધર્ષિએ આ કથાવાર્તામાં પોતાને માટે બીજું કંઈ કહ્યું નથી. તે ક્યાં જન્મ્યા? તેઓના માતાપિતા કોણ હતા? અભ્યાસ, દીક્ષાપર્યાય વગેરેની વિગત ગ્રંથમાં બીજે ક્યાંય મળતી નથી. એટલી જ માહિતી પ્રાપ્ય છે કે, શ્રી વજ્રસેન સ્વામીના ચાર શિષ્યએ બનાવેલ ચાર ગચ્છમાંથી, પરંપરાએ આવતા એક ગચ્છના આચાર્ય વિદ્વાન દેલ્લમહત્તાચાર્યના એક શિષ્ય તે બ્રાહ્મણકુળ ધરાવતા દુર્ગસ્વામી, તેના બે શિષ્ય તે સદ્દષિ અને સિદ્ધર્ષિ. આ સિદ્ધર્ષિગણિ તેજ ઉપમિતિ ભવ પ્રપંચ કથાના રચયિતા.

એ સમયમાં અને આજે પણ જૈનધર્મના સાહિત્યમાં ઉપમિતિ ભવપ્રપંચ કથાનું સ્થાન અજોડ છે. શ્રી સિદ્ધર્ષિગણિએ નિતાંત ઉપકાર અને સ્વપરકલ્યાણાર્થે આ ગ્રંથની રચના કરી તે ધર્મકથા, રૂપકકથા છે અને તેની રચના ચમ્પૂ છે. આ કથાની રચના પછી, તેજ શૈલીને અનુસરતા મોહવિવેકરાસ, ભુવનભાનુ કેવલ ચરિત્ર, ભવભાવના, ભુવનભાનુ રાસ, વૈરાગ્યકલ્પલતા, કુવલયમાલા, સમરાઈચ્ચકહા, જૈનગ્રંથો અને કૃષ્ણગીતા વગેરે જૈનેતર સાહિત્યનાં રૂપક ગ્રંથો રચાયા પરંતુ તમામ પાત્રવરણી અને સમગ્ર કથા એક જ પ્રવાહમાં વહે તેવો અસ્ખલિત પ્રવાહબદ્ધ બીજો કોઈ ગ્રંથ અદ્યપિ રચાયો નથી. પંચસંગ્રહ વગેરે કર્મસાહિત્યના ગ્રંથોમાં તીર્થંકરનામકર્મ બાંધનાર શું વિચારે છે? કેવા અધ્યવસાય સેવે છે? વગેરેનું જે વર્ણન આમાં આવે છે તેનો તાદ્દશ વિચાર આમાંથી મળે છે.

મુનિશ્રી સિદ્ધર્ષિગણિએ પોતાના અદ્ભુત અને વિશાળ જ્ઞાન દ્વારા વિશ્વના પ્રત્યેક પ્રાણીઓના જીવનપ્રસંગોને આવરી લેનારી આ ઉપમિતિ ભવપ્રપંચ કથા બનાવી છે, જેમાં અનેક નાની નાની કથાઓ પણ છે. તેના વાંચનાર આપણે તેઓશ્રીના ઉપકારી છીએ. આવા સિદ્ધહસ્ત કથાલેખનકાર શ્રી સિદ્ધર્ષિમુનિવરને મારા ભાવભીના વંદન હોજો.

આ ગ્રંથ નામ પ્રમાણે કથાસાહિત્યનો ગ્રંથ છે છતાં તેમાં ચારે અનુયોગનું નિરૂપણ છે.

આ ગ્રંથમાં પુણ્ય, પાપ, ધર્મ, કાળ, સ્વભાવ, નિયતિ વગેરેના વર્ણનથી દ્રવ્યાનુયોગનો વિષય બને છે.

દેવગતિ, નરકગતિ વગેરેના વર્ણનથી તથા તેના પ્રમાણથી ગણિતાનુયોગનો વિષય બને છે.

સાધુ ધર્મ, શ્રાવક ધર્મ, અષ્ટ પ્રવચનમાતા વગેરેના વર્ણનથી અપેક્ષાએ ચરણ કરુણાનુયોગનો વિષય બને છે.

કથાનુયોગ તો છે જ. આ કથા પૂર્વે બનેલી ઘટનારૂપ ગ્રામ-સ્થળ-નગરવાળી નથી છતાં સદાકાળ સંસારમાં પ્રવર્તતી રહેતી હોય છે.

રૂપકકથાનો ઉદ્દેશ જીવમાત્રને વૈરાગ્ય તરફ વાળવાનો છે. જીવો જે માર્ગે પ્રતિબોધ પામે, કલ્યાણ સાધે તે માર્ગ વિચારી, ત્યાગ કરવા યોગ્યનો ત્યાગ અને કરવા યોગ્ય કરવું તેવી સમજણ આપી, તેમનું સ્વકલ્યાણ સધાય તેનો આમાં પ્રયત્ન છે. કાલ્પનિક કથા ગ્રંથ કરતાં તે વિશેષ એટલા માટે છે કે તે રૂપકકથા હોવા છતાં સ્વાનુભૂતિમાં આવે એવી એ ગુણયુક્ત કથા છે.

ગદ્ય-પદ્યના સુમેળવાળો આ ગ્રંથ આત્મદર્શનનો નિર્મળ આયનો છે. તેમાં આપણી ઉન્નતિ અને અવનતિનો ઈતિહાસ પ્રતિબિંબિત થાય છે. આત્માની વિભાવદશામાં થતા મનોવિકારો, કષાયો, તૃષ્ણાઓ અને તેને કારણે થતી યાતનાઓ વગેરેનો આબેહૂબ ચિતાર છે. તેનું વાંચન સંવેદ-નિર્વેદના ભાવો જાગૃત કરે છે.

જૈનેતરોમાં શ્રી હર્મન જેકોબી અને પીટરસન જેવા પાશ્ચાત્યોએ આ ગ્રંથની મુક્તમને પ્રશંસા કરી છે. વિદ્વાનો, ગ્રંથ અને ગ્રંથકારો તેઓનો આદર કરીને, તેમનું મસ્તક નમાવી, પ્રેરણા લે છે.

**સમાલોચના : સંદર્ભ ગ્રંથ–૧**

પૂજ્ય મુનિવર શ્રી સિદ્ધર્ષિગણિ વિરચિત ઉપમિતિ ભવપ્રપંચ કથા–સંસ્કૃત ભાષામાં લખાયેલ આ ગ્રંથ ૧૬૦૦૦ શ્લોકપ્રમાણ છે. પ્રવર, પુણ્યશ્લોક, સિદ્ધહસ્ત કથાકાર શ્રી સિદ્ધર્ષિએ આ ગ્રંથની રચના વીર સંવત ૯૬૨માં જેઠ સુદ પાંચમના કરી. સંસ્કૃતમાં લખાયેલ આ એક ચમ્પૂકાવ્ય છે. આ ગ્રંથનું વાંચન શ્રવણ પહેલી વખત, સભા સમક્ષ ભીન્નમાળના ચૈત્યમંડપમાં કરવામાં આવ્યું.

ગ્રંથકાર મહર્ષિ રૂપકકથા દ્વારા સર્વ સંસારીજીવોની દશાઅવદશાનું નિરૂપણ કરીને, જીવોના મનોભાવો, ઈંદ્રિયના પ્રલોભનો વગેરે રજૂ કરે છે, સાથે તેના ઉર્ધ્વીકરણની દિશા પણ દર્શાવે છે. ન્યાય, દર્શન, આયુર્વેદ, જ્યોતિષ, સામુદ્રિક, નિમિત્તશાસ્ત્ર, વ્યાપાર, રાજનીતિ, યુદ્ધનીતિ વગેરે ઘણા વ્યવહારિક વિષયો આ ગ્રંથમાં આવતા હોવા છતાં, પ્રવાહને ધર્મસાગર તરફ વાળ્યો હોવાથી, આ સમગ્ર ગ્રંથ એક ધર્મકથા બને છે. આ કથા દુષમકાળમાં પણ સુષમકાળનો આસ્વાદ કરાવે છે.

✷ ✷ ✷

મોબાઈલ : ૯૯૮૭૬૬૮૮૬૬.
Email-co2india@hotmail.com

# વરાંગચરિત

□ પ્રિતેશ વિનોદભાઈ શાહ

પ્રિતેશ વિનોદભાઈ શાહ, વિદ્યાર્થી (એમ. ફીલ.) આંતરરાષ્ટ્રીય જૈન વિદ્યા અધ્યયન કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

**ગ્રંથનું નામ :** વરાંગચરિત. **ગ્રંથના કર્તા :** શ્રી જટાસિંહનન્દિ આચાર્ય, અમરનામ શ્રી જટાચાર્ય અથવા શ્રી જટિલમુનિ. **ગ્રંથની ભાષા :** સંસ્કૃત. **ગ્રંથનો રચનાકાળ :** લગભગ ઈ. સ. ૬૭૫ થી ૭૦૦ સુધીનો ગણી શકાય. **ગ્રંથનો વિષય** :પૌરાણિક મહાકાવ્ય સહ ધર્મકથા **ગ્રંથના કર્તાની વિગત :** જન્મસ્થાનઃ કર્ણાટકમાં કોઈ એક પ્રદેશ હોવો જોઈએ. દેહવિલય સ્થાનઃકોપ્પણ ગામ પાસે 'પાલકીગુન્ડુ' નામની પહાડી.

જન્મજાત મહાકવિ, ઉગ્રતપસ્વી, નિરતિચાર, પરિપૂર્ણ સંયમી, પરમ પ્રતાપી, રંક અને રાજાના હિતોપદેશી સર્વસંમત આચાર્ય તથા સુપ્રસિદ્ધ જૈન મુનિ શ્રી જટાસિંહનન્દિએ આ વૈરાગ્યપ્રેરક વરાંગચરિતની રચના કરી હતી. તેઓશ્રી પુરાણકાર મહાકવિ, વ્યાકરણ પારંગત, જૈન સિદ્ધાંતોના પ્રગાઢ પંડિત હતા. પ્રસ્તુત ગ્રંથમાં જૈન દર્શનના તમામ સિદ્ધાંતોનું સંગોપાંગ વર્ણન કર્યું છે. તેમણે સૈદ્ધાંતિક અને દાર્શનિક ચર્ચાઓ ખૂબ સુંદર રીતે વર્ણવી છે. તેઓશ્રી ન્યાયશાસ્ત્રના પણ વિશાળ જ્ઞાતા હતા. તેઓશ્રીએ કાળવાદ, દૈવવાદ, શૂન્યવાદ, ગ્રહવાદ, નિયોગવાદ, નિયતીવાદ, પુરુષવાદ, ઈશ્વરવાદ વગેરે બધા જ વિકલ્પોને બતાવીને તેનું અકાટ્ય પ્રવૃત્તિઓ દ્વારા નિરાકરણ કર્યું છે. આચાર્ય દેવે જૈન સિદ્ધાતોનું નિરૂપણ કરવા માટે જ વરાંગચરિતમાં ૪ થી ૧૧, ૨૬ અને ૨૭મા સર્ગમાં અધિકાર લખેલા છે. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે જટિલ કવિ ધર્મ શિક્ષક તથા ઉપદેશક હતા.

શ્રી જટાચાર્યની વરાંગચરિત સિવાય અન્યકૃતિઓ પણ હોવી જોઈએ જેની પુષ્ટિ મુનિરાજ યોગીન્દુદેવ રચિત 'અમૃતાશીતિ' નામના ગ્રંથમાં લખેલ શ્લોક પરથી થાય છે. જેનો ઉલ્લેખ 'જટાસિંહનન્દિ આચાર્ય વૃતમ' શ્લોક આપી કરવામાં આવ્યો છે. આ શ્લોક વરાંગચરિતમાં નથી તેથી સ્પષ્ટ છે કે જટાચાર્ય લીખિત અન્ય ગ્રંથ લુપ્ત છે.

જિટાસિંહનન્દિ આચાર્ય' નામનો ઉલ્લેખ કરતો એક શીલાલેખ પણ છે. ડૉ. એ.એન. ઉપાધ્યાયના મત અનુસાર આ શિલાલેખ ઈ. સ. ૮૮૧ની આજુબાજુનો હોવો જોઈએ. અથવા આઠમી સદીનો પણ હોઈ શકે છે.

આચાર્યશ્રીની કવિત્વ શક્તિમાં માધુર્ય, સુકુમાર કલ્પના, સજીવ સંગોપાંગ ઉપમા, અલંકાર બહુલતા, ભાષાનો પ્રવાહ અને ઓજસ્વી વગેરે ગુણોને લીધે તત્ત્વ વિવેચન જેવા નિરસ પ્રકરણમાં કવિની પ્રતિભા તથા પાંડિત્યના દર્શન થાય છે. તેમના સદુપદેશ, યુદ્ધ, અટવી, દરબાર વગેરેના મૌલિક તથા સજીવ વર્ણન વાલ્મિકી અને વ્યાસની યાદ અપાવે છે.

**ગ્રંથનો વિષય :**

આ વરાંગચરિતની રચના સંસ્કૃત ભાષામાં પદ્યમાં થઈ છે, જે ૩૧ સર્ગ (અધિકાર)માં વિભાજીત થયેલ છે, જેની શ્લોક સંખ્યા ૩૮૧૯ છે. આ પ્રથમાનુયોગનો ગ્રંથ સંસ્કૃત ભાષાનું એક પૌરાણીક મહાકાવ્ય ગણી શકાય. દરેક સર્ગના અંતમાં આ વાક્ય આવે છે. 'ચારે વર્ગ સમન્વિત સરળ શબ્દ અર્થ રચનામય વરાંગચરિત્ર નામક ધર્મકથા'. આ ગ્રંથમાં મુખ્યપણે અનુષ્ટુપ, ઉપજાતિ, દ્રુતવિલમ્બિત, પુષ્પિતાગ્રા, પ્રહર્ષિણા, ભુજંગપ્રયાત, માલભારિણી, માલિની, વસંતતિલકા અને વંશસ્ય છંદનો ઉપયોગ કર્યો છે. જેમાં ઉપજાતિ છંદના વિશેષ ઉપયોગથી જણાય છે કે કવિને તે છંદ પ્રિય હતો.

બાવીસમા તીર્થંકર શ્રી નેમિનાથ અને શ્રીકૃષ્ણના સમકાલીન રાજા વરાંગ આ ગ્રંથના ચરિત્રનાયક છે. વરાંગની દાનવીરતા, ધર્મનિષ્ઠા, સદાચાર અને કર્તવ્ય પરાયણતા, શારીરિક અને માનસિક વિપત્તિ સમયે સહિષ્ણુતા, વિવેક, સાહસ, બાહ્ય તથા આંતરિક શત્રુ ઉપર વિજય ઇત્યાદિ ગુણોથી તેઓ સહજ ધર્મવીર ધીરોદત્ત નાયક બને છે.

વરાંગચરિત એક વૈરાગ્ય-પ્રેરક કથા છે. નિકટ મોક્ષગામી, મહાપુણ્યશાળી વરાંગને જીવનમાં અનેક પ્રકારની અશાતા ભોગવવી પડે છે છતાં સમતાપૂર્વક કેવી રીતે રહે છે. તેમજ શાતાના ઉદય વખતે કેટલી વૈરાગ્યભાવનાપૂર્વક દીક્ષિત થાય છે તેનું વર્ણન છે.

જૈન ધર્મના સિદ્ધાંતોનું નિરૂપણ કરવા માટે આચાર્યદેવે ચોથા સર્ગમાં કર્મ પ્રકરણ, પાંચમામાં લોકનું અને નરકનું, છઠ્ઠામાં તીર્યંચયોનીનું, સાતમામાં ભોગભૂમિનું, આઠમામાં કર્મભૂમિનું, નવમામાં સ્વર્ગલોકનું, દશમામાં મોક્ષનું સ્વરૂપ, અગિયારમામાં મિથ્યાત્વનું, પંદરમામાં બાર વ્રતોનો ઉપદેશ, બાવીસમામાં ગૃહસ્થાચારનું નિરૂપણ, તેવીસમામાં જિનેન્દ્ર પ્રતિષ્ઠા અને પૂજા, ચોવીસમામાં અન્યમત નિરાકરણ, પચ્ચીસમામાં જગત કતૃત્વ અને વેદ બ્રાહ્મણ વિવિધ તીર્થોની વ્યર્થતા, છવ્વીસમામાં દ્રવ્ય-ગુણનું સ્વરૂપ, પ્રમાણ-નયનું વિવેચન, સત્તાવીસમામાં ત્રેસઠ સલાકા પુરુષનું વર્ણન, અઠ્ઠાવીસમામાં બાર ભાવના તથા એકત્રીસમામાં મહાવ્રત સમિતિ, ગુપ્તિ, ધ્યાન આદિનું વિવેચન સ્પષ્ટપણે સિદ્ધ કરે છે કે આ ગ્રંથ માત્ર ધર્મકથા અર્થાત્ પ્રથમાનુયોગનો જ ગ્રંથ નથી પરંતુ તેમાં ચરણાનુયોગ, દ્રવ્યાનુયોગ અને કરણાનુયોગના વિષયો પણ આવરી લેવાયા છે.

વિવિધ પ્રસંગોએ આચાર્યદેવ સદુપદેશ પણ આપતા જ રહ્યા

છે, જેમ કે ૧૫મા સર્ગમાં રાજવધૂઓને ઉપદેશ. ૨૨મા સર્ગમાં રાણીઓને ઉપદેશ, ૨૮મા સર્ગમાં સાગરબુદ્ધિ પિતાને ઉપદેશ ઘટનાઓનું વર્ણન એટલુ બધું તાદૃશ, સજીવ અને સચિત્ર કર્યું છે, કે તે વાંચતા-વાંચતા પાઠકના માનસમાં તે પ્રસંગ સાક્ષાત ખડો થાય છે.

**આ ગ્રંથનું એ સમય-કાળમાં જૈન ધર્મ અને સાહિત્યમાં સ્થાન :**

વરાંગચરિતના વિવિધ સર્ગના વર્ણન દ્વારા આચાર્ય જટાચાર્યે દક્ષિણ ભારતમાં તે સમયમાં પ્રવર્તમાન જૈનધર્મનું એક સુંદર ચિત્રણ આપ્યું છે. તેમણે જૈનેતર દેવી-દેવતાઓની, વેદોના યાજ્ઞિક ધર્મની અને પુરોહિત વિધિવિધાનની ખૂબ ખબર લીધી હતી. પુરોહિતોને કેવી રીતે રાજદરબારમાંથી બહાર કાઢ્યા અને તેમના ક્રોધનો-શ્રાપનો કોઈ પ્રભાવ રાજાઓ પર ન પડ્યો. તેમણે જૈન મંદિરો, જૈન પ્રતિમાઓ તથા જૈન મહોત્સવનું સુંદર વર્ણન કર્યું છે. તેમના લેખ ઉપરથી જણાય છે કે મંદિરોની દિવાલ પર પુરાણિક ઉપાખ્યાત ચિત્રિત કરવામાં આવતા હતા. તેમણે રાજ્ય તરફથી મંદિરને ગ્રામ વગેરે પણ દાનમાં આપ્યાનો ઉલ્લેખ છે.

જટિલ મુનિ કર્ણાટકના વતની હતા અને તેમનો સમય લગભગ ઈ. સ. ૬૫૦ થી ઈ. સ. ૭૫૦નો હતો. જેથી ઉપર દર્શાવેલ વાતો દક્ષિણ ભારતની તે સમયની પરિસ્થિતિના પ્રકાશમાં દેખવી યોગ્ય છે કારણ કે તે સમય ચાલુક્ય વંશમાં જૈન ધર્મનો ખૂબ પ્રસાર થયો હતો. તે સમયમાં જ રવિકીર્તિએ મેગુટીકા મંદિર બનાવડાવી પ્રસિદ્ધ 'એહોલે શિલાલેખ'માં તેનો ઉલ્લેખ કર્યો. સાતમી શતાબ્દિના અંતમાં ચાલુક્ય અને ગંગવંશના રાજાને પણ પોતાના આધિન કર્યાં. ગંગરાજા પણ જૈનધર્મ રક્ષક હતો. આમ તેમના સમયમાં પણ જૈનધર્મ-રાજ્યધર્મ હતો.

ઈ. સ. ૬૪૦ના હ્યુઆનત્સંગે તેમના પ્રવાસ વર્ણનમાં દક્ષિણના પલ્લવ અને પાડ્ય રાજ્યમાં ઘણાં દિગમ્બર જૈન મંદિર અને દિગમ્બર જૈનોનો ઉલ્લેખ કર્યો છે. કદમ્બ, ચાલુક્ય અને બીજા રાજાઓ દ્વારા અપાયેલા દાનનો ઉલ્લેખ શિલાલેખો અને તામ્રપત્રમાં મળે છે.

ઉદ્યોતનસૂરિની પ્રખ્યાત કુવલયમાલાની (ઈ. સ. ૭૭૮) એક ગાથામાં વરાંગચરિતને 'જડિલ'ની રચના તથા પદ્મચરિતને 'રવિષેણ'ની રચના બતાવી છે. જિનસેન પ્રથમે પોતાના હરિવંશપુરાણ (ઈ. ૭૮૩)ના પદ્ય ૩૫માં વરાંગચરિતને તેના રચયિતાનો ઉલ્લેખ કર્યા વગર તેના ગુણગાન દર્શાવ્યા છે. આચાર્ય જિનસેન દ્વિતીય એ પોતાના આદિપુરાણ (લગભગ-ઈ.સં. ૮૩૮)ના એક ખુણામાં જટાચાર્યનું નામ સિહનંદિ લખ્યું છે. તેમના વરાંગચરિતની ઘણી ખરી સામગ્રી તેમણે લીધી છે. રાચમલ્લ મંત્રી અને સેનાપતિ એ ચામુંડપુરાણ (ઈ. સ. ૯૭૮)ની ગદ્યમાં રચના કરી હતી. જેમાં તેમણે વરાંગચરિતનો ઉપયોગ કર્યો હતો અને તેના કર્તાનો ઉલ્લેખ કરતા લખેલું કે 'જટાસિંહનન્દાચાર્ય વૃત્તમ' જેથી તે નિઃસંદેહ જણાય છે કે તેમની સામે તે ગ્રંથ ઉપલબ્ધ હતો. આમ ચામુંડરાયના ઉલ્લેખ અનુસાર જટાસિંહનંદ્યાચાર્ય જ વરાંગચરિતના રચયિતા છે. ધવલ કવિએ તેમના અપભ્રંશ ભાષાના હરિવંશપુરાણમાં (ઈ. ૧૧મી શતાબ્દી લગભગ) સ્પષ્ટ રીતે ઉલ્લેખ કર્યો છે કે સુલોચનાચરિત મહાસેનની, પદ્મચરિત રવિષેણની, હરિવંશપુરાણ જિનસેન પ્રથમની અને વરાંગચરિત જટિલમુનિની રચના છે.

**ફળશ્રુતિ**

આમ આચાર્યદેવ શ્રી જટાસિંહનન્દિએ વર્ણવેલ વરાંગ ચરિતના ઉપરોક્ત વિવરણ ઉપરથી એ ફલિત થાય છે કે જે જીવ સંસારિક સંપત્તિ અને ભોગ-ઉપભોગની સામગ્રીને પ્રાપ્ત કરવા માટે આવશ્યક બધા જ કુકર્મો ખૂબ જ ચાવથી અને તત્પરતાથી કરે છે તે જન્મ જન્માંતરોમાં પ્રાપ્ત થવાવાળા દુઃખોનો પાર નથી પામતા અને લાંબા સમય સુધી નરક ગતિમાં જ સબડે છે.

જે આત્મા આ ભવમાં મત દ્વારા સંસારની સમસ્ત વિભૂતિ તથા ભોગોપભોગ સામગ્રી વિશે વિચારતો રહે છે અને માનસિક પરિગ્રહ વધારે છે તે માનસિક કાયનાનો ચક્રવર્તી પણ સીધો નરકમાં જાય છે. પૂર્વ ભવમાં બાંધેલા શુભ કે અશુભ કર્મનું ફળ જીવને ક્યાંય છોડતું નથી. પછી ભલે તે પોતાના રાજ્યમાં રહે કે રાજ્ય બહાર, ધરતી પર રહે કે આકાશમાં, મિત્રોથી અને સગાંસંબંધીઓથી ઘેરાયેલો રહે, કર્મના ફળની અટલતાની એવી વિધિ છે કે કોઈપણ કારણ કે યોજનાથી તેનો પ્રતિકાર થઈ શકતો નથી. જે રાગાદિ વિકારીપર્યાય છે તેનો પણ તું કર્તા નથી, અરે કર્તા તો નથી પણ વાસ્તવમાં તે રાગાદિ વિકારી પર્યાયનો જ્ઞાતા પણ નથી. હું તો માત્ર મારા જ્ઞાનને જ જાણું છું. હું જ જ્ઞાન, જ્ઞાતાને જ્ઞેય હું જ છું.

પરદ્રવ્ય જીવને સુખી કે દુઃખી કરી શકતા નથી. દરેક દ્રવ્યનું દરેક સમયનું પરિણામન અનાદિથી નિશ્ચિત છે અને તે પરિણમનમાં આત્મા અનુકૂળ-પ્રતિકૂળની કલ્પના કરીને સુખ-દુઃખનો અનુભવ કરે છે પણ તે પર દ્રવ્યનું નિશ્ચિત-પરિણામન તો મારા જ્ઞાનનું જ્ઞેય છે, જીવ તો જાણનાર છે. શુદ્ધ નિશ્ચયથી તો આ પરદ્રવ્યને જાણનારું ઈન્દ્રિય જ્ઞાન ખંડ ખંડ જ્ઞાન છે. તે પણ પરદ્રવ્ય જ છે. કારણ દ્રવ્ય-ઈન્દ્રિયના નિમિત્ત વગર તેને જાણવું થતું નથી. અને જીવ સ્વતંત્ર-સ્વાધીન જ્ઞાતાદૃષ્ટા પૂર્ણ પરમાત્મા છે. જીવ જ્ઞાયક મતે જ જાણે છે અને પરને જાણે તે પરદ્રવ્ય છે.

**સંદર્ભ ગ્રંથ :** ૧. કુવલયમાલા અને શ્રીમદ્ રત્નપ્રભસૂરિ વિચરીત કુવલયમાલા કથા સંક્ષેપ, શ્રી સિદ્ધગિરિ ચાતુર્માસ-ઉપધાનતપ. આરાધક સમિતિ, પાલિતાણા. ૨. વરાંગચરિત, ડૉ. એ. એન. ઉપાધ્યાય માણિકચંદ દિગમ્બર જૈન ગ્રંથમાળા સમિતિ. ૩. પદ્મચતિ મેં પ્રતિપાદિત ભારતીય સંસ્કૃતિ, ડૉ. રમેશચંદ જૈન ભારતીય દિગંબર જૈન મહાસભા, લખનઉ. ૪. વરાંગચરિત પ્રો. ખુશાલચંદ ગોરાવાલા, ભારતીય દિગમ્બર જૈન સંગ, મથુરા. ૫. વરાંગચરિત ભારતવર્ષીય અનેકાંત વિદ્વદ્ પરિષદ, ભારતવર્ષીય અનેકાંત વિદ્વત પરિષદ.

✷ ✷ ✷

૫, ચિંતામણી સોસાયટી, રામનગર, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫.
મોબાઈલ નં. : ૦૯૪૨૭૩૮૦૭૪૩,

# 'યોગબિંદુ'

☐ રશ્મિ ભેદા

*લેખિકા B.Sc. (Physics), M.A. (Jainology) ની શૈક્ષણિક ઉપાધી ધરાવે છે. `મોક્ષ પ્રાપ્ત કરવાનો માર્ગ : યોગ' વિષય પર તેમણે શોધપ્રબંધ Ph.D. માટે પ્રસ્તુત કરેલ છે.*

'યોગબિંદુ' આ ગ્રંથ આચાર્ય હરિભદ્રસૂરિએ વિક્રમની આઠમી શતાબ્દીમાં લખેલો છે. જૈન સાહિત્ય ઈતિહાસમાં આ. હરિભદ્રસૂરિનું સ્થાન અતિ મહત્ત્વનું છે. તેઓ જૈન ધર્મ સાહિત્યના પૂર્વકાલીન અને ઉત્તરકાલીન ઈતિહાસના મધ્યવર્તી સીમાસ્તંભ સમાન છે. તેઓ ૧૪૪૪ ગ્રંથોના પ્રણેતા મનાય છે. તેઓએ પ્રાકૃત અને સંસ્કૃત બંને ભાષામાં તથા ગદ્ય અને પદ્ય બંને શૈલીમાં લખ્યું છે. ભવ્ય જીવોના શ્રેયાર્થે આત્માનું મોક્ષ સાથે સહયોજન કરનાર 'યોગ' આ વિષય પર અનેક ગ્રંથોનું નિર્માણ તેમણે કર્યું. 'જૈન યોગ' આ વિષય પર લખાયેલ સાહિત્યમાં આ. હરિભદ્રસૂરિએ નવો અધ્યાય શરૂ કર્યો. તેમણે પાતંજલ આદિ અન્ય દર્શનની યોગ પદ્ધતિઓ અને પરિભાષાઓનો જૈન યોગ પરિભાષા સાથે સમન્વય કરી જૈન યોગને નવી દિશા પ્રદાન કરી. એમના યોગવિષયક ૪ મુખ્ય ગ્રંથો છે- ૧. યોગબિન્દુ, ૨. યોગશતક, ૩. યોગવિંશિકા, ૪. યોગદૃષ્ટિસમુચ્ચય.

આ બધા ગ્રંથોમાં તેમની યોગાભિરૂચિ અને યોગવિષયક વ્યાપક જ્ઞાનના દર્શન થાય છે.

'યોગબિંદુ' ૫૨૭ શ્લોકોમાં સંસ્કૃતમાં લખાયેલ ગ્રંથ છે. આ ગ્રંથમાં જૈન માર્ગાનુસાર યોગના વર્ણન સાથે સાથે બીજા ધાર્મિક પરંપરા અનુસાર યોગની ચર્ચા કરી છે. અને એ યોગ પ્રક્રિયા અને યોગપરિભાષાઓ સાથે જૈન સંકેતોને સરખાવ્યા છે. યોગબિંદુ આ ગ્રંથ આત્માને સમ્યગ્ દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ યોગમાર્ગને બતાવી મોક્ષમાર્ગનો સરળ માર્ગ આપણી સમક્ષ રજૂ કરે છે.

જ્યારે આપણે 'યોગ' આ વિષયના ગ્રંથનું વિવેચન કરી રહ્યા છીએ ત્યારે ભારતીય ધર્મદર્શનોમાં 'યોગ' કયા કયા અર્થમાં લેવામાં આવ્યો છે એ પ્રથમ જોઈએ–

- ગીતામાં કર્મ કરવાની કુશળતાને તેમજ સમત્વ ભાવને 'યોગ' એમ કહ્યું છે.
- પાતંજલ યોગદર્શનમાં ચિત્તવૃત્તિ નિરોધને યોગ કહેલો છે.
- બોદ્ધ દર્શનમાં યોગને બોધિસત્ત્વની પ્રાપ્તિ માટે હેતુ તરીકે સ્વીકારવામાં આવે છે.
- જૈન દર્શન આત્માની શુદ્ધિ કરનારી ક્રિયાઓને યોગના રૂપે ઓળખે છે.

આમ યોગને સર્વ દર્શનમાં કોઈને કોઈ રૂપમાં આત્માના ઉત્તરોત્તર ક્રમિક વિકાસ સાધવાના સાધન તરીકે સ્વીકારવામાં આવ્યો છે. સર્વ ભારતીય દર્શનોનું અંતિમ ધ્યેય છે મુક્તિની પ્રાપ્તિ. નામમાં ભેદ મળશે પણ ભાવની ભૂમિકામાં બધા સમાન છે. યોગદર્શન જેને 'કૈવલ્ય' કહે છે, બૌદ્ધ દર્શન જેને નિર્વાણની સંજ્ઞા આપે છે, જૈન દર્શન એને જ મોક્ષ કહે છે. અર્થની દૃષ્ટિએ જોઈએ તો આ બધા શબ્દો સમાનાર્થી છે. ભિન્ન ભિન્ન દર્શનોના માર્ગ જુદા જુદા હોવા છતાં ફલિતાર્થ દરેકનો સરખો જ છે.

'યોગ' શબ્દ સંસ્કૃત ધાતુ 'યુજ' પરથી બનેલો છે. 'યુજ' ધાતુનો અર્થ થાય છે યોજવું, જોડવું. એટલે મોક્ષ સાથે યોજન, જોડાણ કરાવે તે યોગ કહેવાય છે. જે પ્રક્રિયા વડે આત્મા શુદ્ધ આત્મસિદ્ધિરૂપ મોક્ષપદ અથવા નિર્વાણપદને પામે તે યોગ છે. આત્માનું નિજ શુદ્ધ સ્વભાવ સાથે, સહજાત્મસ્વરૂપ સાથે જોડાણ થવું તે જ યોગનું સ્પષ્ટ સ્વરૂપ છે. મોક્ષરૂપ પરમ શાંતિ પામવાનો માર્ગ એ જ યોગ છે.

આવા 'યોગ'ને સમજવા માટે આ હરિભદ્રસૂરિએ સર્વ દર્શનોના યોગશાસ્ત્રોની અવગાહના કરી તેમના ભિન્ન ભિન્ન વિચારો અને મતોની સૂક્ષ્મ દૃષ્ટિપૂર્વક મીમાંસા કરી તેમાં આવતા વિસંવાદોને જુદા પાડીને, વીતરાગ તીર્થંકર દેવોએ પ્રરૂપેલા આગમ શાસ્ત્રને અનુસરીને આ 'યોગબિંદુ' ગ્રંથની રચના કરી. જેથી જગતના ભવ્ય જીવાત્માઓના સંસાર પરિભ્રમણના કારણરૂપ મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ અને કષાયનો નાશ થાય, રાગદ્વેષમોહરૂપ આવરણ દૂર થાય અને ભવ્યાત્માઓ હેય, જ્ઞેય, ઉપાદેય પદાર્થોને યથાસ્વરૂપ જાણે. બાહ્યાત્મપણાને ત્યાગી, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ અંતરાત્મભાવને પ્રાપ્ત કરી ઉત્તમ પુરુષાર્થથી ચારિત્ર યોગ વડે પરમાત્મભાવને પ્રાપ્ત કરે. આવો યોગમાર્ગ આ ગ્રંથમાં નિરૂપણ કરેલો છે.

આ. હરિભદ્રસૂરિ આત્મસ્વરૂપને પ્રગટાવનારા આ યોગમાર્ગના ભેદને જણાવતા 'યોગબિંદુ' ગ્રંથમાં કહે છે–

अध्यात्म भावना ध्यान समता वृत्तिसंशयः ।
मोक्षेण योजनाद्योग एव श्रेष्ठो ययोत्तरम् ।। ३ ।।

**અર્થ :** જે મોક્ષ સાથે જોડી આપે તે યોગ કહેવાય છે. અધ્યાત્મ, ભાવના, ધ્યાન, સમતા અને વૃત્તિસંશય આ યોગમાર્ગ (મોક્ષમાર્ગ)ના પાંચ અંગો છે. આ સકલક્ષયરૂપ મોક્ષ સાથે આત્માનું યોજન કરે છે તેથી યોગરૂપ છે. એમાં ઉત્તરોત્તર યોગ શ્રેષ્ઠ યોગ છે.

આ. હરિભદ્રસૂરિએ આ ગ્રંથમાં આત્મસ્વરૂપને પ્રગટાવનારા યોગના–અધ્યાત્મ, ભાવના, ધ્યાન, સમતા અને વૃત્તિસંશય એમ પાંચ વિભાગ કર્યા છે. તેમાં સમ્યગ્ દર્શન જ્ઞાન અધ્યાત્મયોગની વિચારણામાં ઘટે છે. ભાવના અને ધ્યાન સરાગ સંયમરૂપ ચારિત્રયોગમાં ઘટે છે. ધ્યાનમાં ધર્મધ્યાન સરાગ સંયમમાં ઘટે છે. અને શુક્લધ્યાન, સમતા અને વૃત્તિસંશય વીતરાગ ચારિત્રયોગમાં પ્રાપ્ત થાય છે. આ પાંચે પ્રકારના યોગ સંક્ષિપ્તમાં જોઈએ.

૧. અધ્યાત્મયોગ–ઉચિત પ્રવૃત્તિરૂપ આયુવ્રત, મહાવ્રતોથી યુક્ત થઈ મૈત્રી આદિ ભાવનાઓથી ભાવિત બની, શાસ્ત્રાનુસાર તત્ત્વચિંતન કરવું એ અધ્યાત્મયોગ કહેવાય. એનાથી પાપક્ષય, વીર્યોત્કર્ષ અને ચિત્ત સમાધિ આદિ પ્રાપ્ત થાય છે.

૨. ભાવના યોગ–આ અધ્યાત્મયોગનો પુનઃ પુનઃ અભ્યાસ કરવો તે ભાવનાયોગ છે. એનાથી કામ, ક્રોધ આદિ અશુદ્ધ ભાવોની નિવૃત્તિ અને જ્ઞાન આદિ શુભ ભાવોની પુષ્ટિ થાય છે.

૩. ધ્યાન યોગ– ભાવનાયોગથી ભાવિત થતા થતા ચિત્તને સૂક્ષ્મ ઉપયોગપૂર્વક કોઈ એક પ્રશસ્ત વિષય પર એકાગ્ર કરવામાં આવે એ ધ્યાનયોગ છે. આનાથી ચિત્તસ્થૈર્ય પ્રાપ્ત થાય છે અને ભવભ્રમણના કારણોનો વિચ્છેદ કરાય છે.

૪. સમતા યોગ–અવિદ્યાથી અતિશય કલ્પેલી ઈષ્ટ-અનિષ્ટ વસ્તુઓ પ્રત્યે વિવેકપૂર્વક ઈષ્ટ-અનિષ્ટ ભાવનો ત્યાગ કરી સમભાવની જે વૃત્તિ તે સમતાયોગ છે. આ યોગથી લબ્ધિઓ પ્રાપ્ત થાય છે.

૫. વૃત્તિ સંશય યોગ–વિજાતીય દ્રવ્ય સંયોગથી ઉદ્ભવેલી ચિત્તવૃત્તિઓનો જડમૂળથી નાશ કરવો, અર્થાત્ એ વૃત્તિઓ ફરીથી ક્યારેય ઉત્પન્ન ન થાય તેવો નિરોધ કરવો તે વૃત્તિસંશય યોગ છે. આવો નિરોધ કેવળજ્ઞાનની પ્રાપ્તિ સમયે અને અયોગી કેવળી ગુણસ્થાનકે થાય છે. આ યોગના ફળસ્વરૂપે કેવળજ્ઞાન અને મોક્ષપ્રાપ્તિ થાય છે.

યોગ એટલે જોડાવું, યોજવું. મોક્ષની પ્રાપ્તિ માટે કરાતી ક્રિયાઓમાં જોડાવું એ ઉત્તમ યોગ છે. જ્યારે મન, વચન, કાયા અને ઈન્દ્રિયોના વિષયમાં જોડાવું એ અપ્રશસ્ત અથવા કુયોગ છે. આ કુયોગનો ત્યાગ કરી એટલે ઈન્દ્રિયોના વિષય માટે મન, વચન, કાયાની પ્રવૃત્તિઓને રોકીને આત્મધ્યાનમાં જોડાવું તે પ્રશસ્ત ધ્યાનયોગ ઉત્તમ છે. આવા યોગનું મહાત્મ્ય 'યોગબિંદુ'માં વર્ણવતા આ. હરિભદ્રસૂરિ કહે છે–

योग: कल्पतरु: श्रेष्ठो, योगश्चिन्तामणि: पर: ।।
योग: प्रधानं धर्माणां, योग: सिद्धे स्वयंग्रह: ।।३७।।

**અર્થ :** યોગ શ્રેષ્ઠ કલ્પવૃક્ષ, યોગ ઉત્કૃષ્ટ ચિંતામણિ રત્ન છે. કારણ કલ્પવૃક્ષ અને ચિંતામણી ઈચ્છેલું, ચિંતવેલું તેમજ આ ભવ પૂરતું જ આપે છે. જ્યારે યોગરૂપ કલ્પવૃક્ષ તો નહીં ઈચ્છેલું અને નહીં ચિંતવેલું તેમજ ભવાંતરનું પણ આપે છે. કલ્પવૃક્ષ અને ચિંતામણી તો વિનાશી વસ્તુ આપે છે જ્યારે યોગ અવિનાશી વસ્તુ આપે છે. માટે યોગ આ બંનેથી ઉત્કૃષ્ટ છે. યોગથી આત્માનું પરમાત્મા સાથે એટલે મોક્ષ સાથે જોડાણ થાય છે એટલે બધા ધર્મોથી શ્રેષ્ઠ છે. યોગ મુક્તિનો સ્વયંગ્રહ છે.

આવા યોગનું સ્વરૂપ જણાવતા આ. હરિભદ્રસૂરિ કહે છે કે યોગ જન્મના બીજને ભસ્મીભૂત કરવા અગ્નિતુલ્ય છે. યોગ જરાની પણ ઉત્કૃષ્ટ જરા છે એટલે કે વૃદ્ધત્વનો નાશ કરવા માટે આ યોગ ઉત્કૃષ્ટ જરા સમાન છે. 'યોગ' એ પદનું સંકીર્તન અને શ્રવણ યથાયોગ્ય અને વિધિપૂર્વક કરવાથી સંચિત કર્મોનો ક્ષય થાય છે અને મલિન એવા આત્માની શુદ્ધિ થાય છે. યોગથી ધૃતિ, ક્ષમા, સદાચાર, યોગવૃદ્ધિ, અદેયતા, ગુરુતા અને અનુત્તર શમસુખની પ્રાપ્તિ થાય છે. આત્માદિનું જ્ઞાન અને સર્વજ્ઞતા આદિની પ્રાપ્તિ એ યોગનું મહાત્મ્ય છે. આત્મા-કર્મ આદિની પ્રતીતિનું યોગ જ કારણ છે. કારણ કે યોગથી નિશ્ચિત જ તત્ત્વસિદ્ધિ થાય છે. અપ્રમાદિ આત્માઓને મોક્ષના સાચા માર્ગમાં ગમન કરવા માટે અધ્યાત્મયોગ જ એક માત્ર ઉપાય છે. અધ્યાત્મ એટલે આત્મામાં રહેલા ગુણોનો વિકાસ કરવો. તેનાથી જ આત્માને જીવ, અજીવ, પુણ્ય, પાપ...આદિ નવ તત્ત્વ અને તેના લક્ષણોનો અનુભવ થાય અને આત્માને કર્મબંધથી છૂટવાનો ઉપાય વિચારાય.

અનાદિકાળથી જીવો ચતુર્ગતિમય સંસારમાં ફર્યા કરે છે. તેનો અંત પુરુષાર્થથી લાવી શકાય છે. આ પુરુષાર્થ અધ્યાત્મ આદિ યોગોની સાધના કરવાનો છે. અને આ અધ્યાત્મ આદિ યોગોની સાધના દુષ્કર છે. દરેક જીવ માટે આ યોગમાર્ગ સુલભ નથી. એટલે અહીં કયા જીવો આ યોગમાર્ગના અધિકારી અને અનધિકારી છે એ ગ્રંથકારે બતાવ્યું છે. જે જીવો ચરમાવર્તમાં વર્તતા હોય (અર્થાત્ જેઓના સંસાર પ્રવાહની અમુક મર્યાદા નક્કી થઈ હોય), શુક્લપાક્ષિક હોય (જે જીવનો અર્ધપુદ્ગલપરાવર્ત જેટલો જ સંસારકાળ બાકી રહે તે), ભિન્નગ્રંથી (સમ્યગ્દૃષ્ટિ), ચારિત્રી હોય, તેઓ જ અધ્યાત્મયોગ આદિની સાધના કરવાના અધિકારી છે. આપણા આપ્તપુરુષોએ મોક્ષની પ્રાપ્તિ માટે જે યોગમાર્ગ બતાવ્યો છે કે ચરમાવર્તમાં આવેલો આત્મા શુદ્ધ નિર્મળ મનવાળો હોય તે જ યોગના સ્વરૂપને શ્રદ્ધાપૂર્વક સાધી શકે છે. કારણ કે આ જીવો પરથી મોહનો તીવ્ર પ્રભાવ ઘટી ગયો હોય છે. આથી ઉલ્ટું અચરમાવર્તમાં રહેલા જીવો પર મોહનું દબાણ તીવ્રપણે હોવાથી તેઓ સંસારના ભોગોમાં રચ્યાપચ્યા રહે છે. આ જીવો યોગમાર્ગે ચાલવા માટે અનધિકારી છે. આ જીવોને આ. હરિભદ્રસૂરિએ ભવાભિનંદી કહ્યા છે.

આ યોગાધિકાર પ્રાપ્ત કરવા માટે પૂર્વતૈયારી રૂપ પૂર્વસેવા બતાવી છે. આ પૂર્વસેવામાં બતાવેલી ચાર વાતોને આચાર

વિચારમાં ઉતારનાર યોગમાર્ગનો અધિકારી બને છે. આ ચાર વાતો છે–

૧. ગુરુ–દેવ આદિનું પૂજન, ૨. સદાચાર, ૩. તપ, ૪. મુક્તિ પ્રત્યે અદ્વેષ.

૧. ગુરુસેવા–જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ તથા ક્રિયામાં અપ્રમાદી હોઈ સર્વ જીવોને મોક્ષમાર્ગ બતાવનારા જે હોય તે ગુરુ છે. તેવા પૂજ્ય ગુરુઓની શ્રદ્ધાપૂર્વક વિનય, ભક્તિ કરવી તે ગુરુસેવા.

દેવપૂજા–જે વીતરાગ, લોકોત્તર દેવો ઉત્તમ આત્મગુણોથી ભરપુર, તેમની પૂજા કરવી, સ્તુતિ કરવી તે દેવપૂજા.

૨. સદાચાર–યમ-વ્રત, નિયમ-ઈન્દ્રિય અને મનનો નિગ્રહ કરનારા અભિગ્રહ તેમજ દયા, દાન, બ્રહ્મચર્ય, ક્ષમા આદિ શુદ્ધ આચાર પાળવા.

૩. તપ–બાહ્યાંતર અને અભ્યંતર તપ

૪. મુક્તિનો અદ્વેષ–સર્વ કર્મનો ક્ષય કરી સચ્ચિદાનંદ આત્મસ્વરૂપને પ્રાપ્ત કરવું, એવા મોક્ષના સ્વરૂપ પ્રત્યે અનાદર ન કરતા પૂર્ણ શ્રદ્ધાથી મોક્ષ તરફ પ્રવૃત્તિ કરવી.

આ પૂર્વ સેવાના યોગે જે જીવો યોગાધિકાર પામ્યા છે એમને આ. હરિભદ્રસૂરિએ ચાર વિભાગમાં વહેંચેલા છે–

૧. અપુનર્બંધક, ૨. ભિન્નગ્રંથિ (સમ્યક્દૃષ્ટિ), ૩. દેશવિરતિ, ૪. સર્વવિરતિ.

અપુનર્બંધક જીવો, ભવાભિનંદી જીવોથી વિરોધી લક્ષણવાળા હોય છે. તેઓ ઉદારતા, નિર્લોભતા, અદીનતા, નિર્ભય, સરલતા, વિવેક, જ્ઞાન એવા ગુણોથી યુક્ત હોઈ આ ગુણોને વધારતા જઈ ક્રમશઃ યોગવૃદ્ધિ કરતા, ગ્રંથિભેદ કરવા સમર્થ બને છે.

બીજા યોગાધિકારી છે ભિન્નગ્રંથિ એવા સમ્યગ્દૃષ્ટિ જીવો. આ જીવોને ધર્મશાસ્ત્ર શ્રવણ કરવાની ઉત્કટ ઈચ્છા હોય છે અને ચારિત્રધર્મ પ્રત્યે તીવ્ર અનુરાગ હોય છે. તેમનું ચિત્ત મોક્ષાભિમુખ હોય છે. માત્ર દેહથી તેઓ સંસારમાં હોય છે.

સમ્યગ્દૃષ્ટિ જીવો ચિત્તના સંકલેશનો હ્રાસ કરતા કરતા ક્રમશઃ ચારિત્રી અવસ્થા પ્રાપ્ત કરે છે. આ ચારિત્રી મહાત્માઓ માર્ગાનુસારી (અર્થાત્ વીતરાગ પરમાત્માના ઉપદેશેલા શાસ્ત્રોમાં અત્યંત શ્રદ્ધાયુક્ત, ધર્મ-પ્રવૃત્તિમાં અત્યંત ઉત્સાહી અને શક્તિ પ્રમાણે ધર્મપ્રવૃત્તિ કરનારા, મહાન પુરુષોના ગુણાનુરાગી) હોય છે. અને શુભ પરિણામ વડે શક્ય તેટલો ધર્મપુરુષાર્થ કરનારા હોય છે. આ દેશ-વિરતિધર અને સર્વ-વિરતિધર ચારિત્રીના વર્ણનમાં અધ્યાત્મ આદિ પાંચ ભેદોનું વર્ણન કરેલું છે. પ્રથમ બે પ્રકારના યોગાધિકારી-અપુનર્બંધક અને સમ્યગ્દૃષ્ટિ જીવો પર ચારિત્રમોહનો વિશેષ પ્રભાવ હોવાથી આ યોગો 'યોગબીજ' રૂપે હોય છે.

શુભ પરિણામયુક્ત શુદ્ધ અનુષ્ઠાન આત્મસ્વરૂપની શુદ્ધતા કરતો હોવાથી અને મોક્ષ સાથે જોડતો હોવાથી યોગરૂપ છે. અહીં ગ્રંથકારે અનુષ્ઠાનના પાંચ પ્રકાર બતાવ્યા છે-

(૧) વિષ (૨) ગર (૩) અનુષ્ઠાન (૪) તદ્‌હેતુ (૫) અમૃત.

આમાંથી પ્રથમ ત્રણ અસદ્ અનુષ્ઠાન છે (અનુષ્ઠાન એટલે યોગમાં પ્રવૃત્તિ) એટલે જીવો જે અનુષ્ઠાન કરે છે તેમાં તેઓનો આશય કીર્તિ, ઐશ્વર્ય મેળવવાનો હોય છે, પરલોકમાં ફળની અપેક્ષા હોય છે તેથી તે સંસારની વૃદ્ધિમાં કારણભૂત થાય છે. કર્મની નિર્જરા માટે થતા નથી. જ્યારે છેલ્લા બે સદ્‌અનુષ્ઠાન છે. અપુનર્બંધક આદિ યોગાધિકારીઓને સદ્‌અનુષ્ઠાન જ હોય છે. આ શુદ્ધ અનુષ્ઠાન ત્રણ પ્રકારે છે-વિષયશુદ્ધ, સ્વરૂપશુદ્ધ, અનુબંધશુદ્ધ.

૧. વિષયશુદ્ધ–મુક્તિના ધ્યેયથી કરાતું અનુષ્ઠાન વિષયશુદ્ધ અનુષ્ઠાન છે.

૨. સ્વરૂપશુદ્ધ–જેનું પોતાનું સ્વરૂપ શુદ્ધ હોય તે સ્વરૂપશુદ્ધ અનુષ્ઠાન છે.

૩. અનુબંધશુદ્ધ–શાસ્ત્રની આજ્ઞા પ્રમાણે સમ્યગ્જ્ઞાનથી યુક્ત અને પ્રશાંત વૃત્તિવાળા અનુષ્ઠાન અનુબંધશુદ્ધ અનુષ્ઠાન હોય છે.

આ ત્રણ અનુષ્ઠાનમાં ઉત્તરોત્તર અનુષ્ઠાન શ્રેષ્ઠ છે.

જે આત્મા અપુનર્બંધક છે તેઓ વિષયાનુષ્ઠાન, સ્વરૂપ શુદ્ધાનુષ્ઠાન, અનુબંધશુદ્ધાનુષ્ઠાન આ ત્રણે અનુકુલ સામગ્રીના યોગે પ્રાપ્ત કરે છે. અને ગ્રંથીભેદ કરી શુદ્ધતાપૂર્વક સમ્યગ્દર્શનને પામે છે. પ્રશસ્ત રીતે યોગપ્રવૃત્તિમાં આગળ વધતો યથાપ્રવૃત્તિકરણને કરી અનુક્રમે અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ કરીને આગળ વધી સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે છે. આ ભવ્યાત્મા ગ્રંથિભેદ કરતા દેવપૂજા, ગુરુભક્તિ, વ્રત, પચ્ચખાણ, તપ, શાસ્ત્રશ્રવણ કરતા સમયગ્દર્શન અને દેશવિરતિરૂપ ચારિત્રભાવને પામે છે. જ્યારથી ગ્રંથિભેદ થયેલ છે ત્યારથી શુભ પરિણામની ધારાને અનુક્રમે વધારતો સંસારના હેતુભૂત કર્મમલને હણતો સર્વવિરતિ ચારિત્રને પામે છે. સર્વથી એટલે કે પૂર્ણ ભાવે, અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, એમ પાંચ મહાવ્રત પાળવા તેમજ રાત્રિભોજન ત્યાગ એવી અનેક પ્રકારની યોગ પ્રવૃત્તિ કરાય છે. પૂર્વે કહેલ અધ્યાત્મભાવ, ભાવના, ધ્યાન, સમતા, વૃત્તિસંશય આ યોગ ગ્રંથિભેદ કરનારા માર્ગાનુસારી આરાધતા અનુક્રમે અધ્યાત્મભાવ રૂપ આત્મસ્વરૂપનો લાભ થાય છે. અધ્યાત્મયોગ સમ્યગ્દર્શન અને જ્ઞાનથી યુક્ત હોય છે. આવા અધ્યાત્મ- યોગીઓ ભાવના, ધ્યાન અને સમતા આ ત્રણ યોગના અભ્યાસથી વૃત્તિસંશય નામના પાંચમા યોગભેદની પ્રાપ્તિ કરે છે. વૃત્તિસંશય એટલે રહેલી કર્મસંયોગના યોગ્યતાની નિવૃત્તિ. આત્માના કર્મ બાંધવાના હેતુરૂપ થનારા ચિત્તની રાગદ્વેષમય ક્લિષ્ટતાવાળી વૃત્તિઓનો નાશ ધર્મધ્યાન અને શુકલધ્યાનના યોગે

કરવો. અનાદિકાલથી આત્માની સાથે લાગેલા કર્મનો ક્ષય કરવા અપૂર્વ પુરુષાર્થ કરી સ્વયં પરમાત્મ સ્વરૂપે થવું. વૃત્તિસંશય યોગની પ્રાપ્તિ થતાં આત્મા મુક્તિપદને પામે છે.

આવી રીતે અધ્યાત્મયોગ, ભાવનાયોગ, ધ્યાનયોગ અને સમતાયોગના સતત અભ્યાસથી સમતારૂપ સમાધિયોગમાં સ્થિરતા પ્રાપ્ત થયેલ યોગી આ છેલ્લા એટલે કે ચરમ ભવમાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની અપ્રમત્તભાવે આરાધના કરતો ક્રમે ક્રમે ક્ષપક શ્રેણીને પામે છે. આત્મ સ્વરૂપના ઘાતક એવા ઘાતી કર્મોનો નાશ કરીને કેવલજ્ઞાન અને કેવલદર્શનને પ્રાપ્ત કરે છે.

**સંદર્ભ ગ્રંથ :**

૧. શ્રી હરિભદ્રસૂરિ પ્રણીત યોગબિંદુ અનુવાદક–શ્રી વિજય રાજશેખરસૂરિજી
૨. યોગબિંદુ (ભાવાનુવાદ) અનુવાદ : મુનિ શ્રી મનકવિજયજી
૩. યોગબિંદુ (વિવેચન સહ) લેખક : આ. ઋદ્ધિસાગરસૂરિજી

* * *

Mobile No. : 9867186440.

# પ્રબુદ્ધ રૌહિણેય

□ ડૉ. રૂપા ચાવડા

*પ્રા. ડૉ. રૂપા ચાવડા ગાંધીનગરની ઉમા આર્ટ્સ મહિલા કૉલેજમાં સંસ્કૃતના પ્રાધ્યાપિકા છે*

**ગ્રંથકર્તા તથા સમય–**

૧૨મી સદીમાં સંસ્કૃતમાં રચાયેલ છ અંકના આ રૂપકની પ્રસ્તાવનામાં કહ્યું છે-

'ચાહમાન (ચૌહાણ) વંશના ભૂષણરૂપ શ્રી પાર્શ્વચન્દ્રના કુળમાં શોભાયમાન યશોવીર અને અજયપાલે આદીશ્વર ભગવાનનું ભવ્ય ચૈત્ય નિર્માણ કરાવ્યું હતું. આ જ યાત્રા-ઉત્સવ પ્રસંગે જાલોરમાં પરવાદીઓને જીતનાર દેવસૂરીશ્વરના ગણમાં સૂરિ જયપ્રભના શિષ્ય વિદ્યાનિધાન, ગુણી રામભદ્ર મુનિ રચિત 'પ્રબુદ્ધ રૌહિણેય' પ્રકરણનું મંચન (ઈ. સ. ૧૧૮૬) કરવામાં આવ્યું હતું.'

સિદ્ધરાજની રાજસભામાં દિગંબર આચાર્ય મહાવાદી કુમુદચંદ્રને શાસ્ત્રાર્થમાં પરાજિત કરનાર વાદી દેવસૂરિના પ્રશિષ્ય તથા આ. જયપ્રભસૂરિના શિષ્ય રામભદ્રમુનિ (વિક્રમની ૧૩મી સદી)એ ઉત્તમ સર્જકતાનો પરિચય આપ્યો છે.

મુનિશ્રી પુણ્યવિજયજી સંપાદિત 'પ્રબુદ્ધ રૌહિણેય'ના નિવેદનમાં તેઓ કહે છે-सत्ता समयश्चेतेषां विक्रमीय त्रयोदश शताब्दी एव...। આમ, રામભદ્ર કવિનો સમય વિક્રમની ૧૩મી સદીનો કહી શકાય.

વિન્ટરનીટ્ઝ આ રચનાનો સમય ઈ. સ. ૧૧૮૫ માને છે.

**'પ્રબુદ્ધ રૌહિણેય'નું કથાવસ્તુ તથા કથાનિરૂપણ**

રૌહિણેય ચોરને તેના આસન્નમૃત્યુ પિતા લોહખુરે અંતિમ ઉપદેશ આપ્યો કે–'હે પુત્ર, તું વિવિધ શસ્ત્રોના પ્રયોગમાં નિપુણ છે, ચોરીની કલામાં નિષ્ણાત છે, પ્રતિભાવાન છે. આમ છતાં એક વાર કહેવા માગું છું. જો તું મારો પુત્ર હો, તો સુર-અસુર-મનુષ્યોની સભામાં સદ્ધર્મનો ઉપદેશ આપનાર મહાવીરની વાણી તારા કાને પડવા દઈશ નહીં. ચોરી તો આપણો પરંપરાગત કુલાચાર છે.'

પિતાના ઉપદેશનું પૂર્ણપણે પાલન કરતો રૌહિણેય નગરમાં ચોરી કરીને હાહાકાર મચાવી દે છે. વસંતોત્સવના સમયે ઉદ્યાનમાં પોતાના પ્રિયતમ સાથે વિહાર-ક્રીડા કરવા આવેલ ધન સાર્થવાહની પુત્રી મદનવતીનું પણ રૌહિણેય હરણ કરી લે છે.

નગરમાં સુભદ્રશેઠના પુત્ર મનોરથનો વિવાહ ધૂમધામથી થઈ રહ્યો છે. આ વિવાહોત્સવમાં રૌહિણેય સ્ત્રી વેશ ધારણ કરી નાચગાનમાં પોતાના સાથીદાર શબર સાથે જોડાય છે. ત્યારબાદ, કૃત્રિમ ચીરિકા સર્પ ફેંકીને લોકોની નાસભાગનો લાભ લઈ શ્રેષ્ઠિ-પુત્રને લઈ રૌહિણેય ભાગી છૂટે છે. પરિસ્થિતિની જાણ થતાં શ્રેષ્ઠિ તથા તેનો પરિવાર કલ્પાંત અને રુદન કરે છે.

ત્રીજા અંકમાં મહાજન-સમુદાય રાજા શ્રેણિક પાસે જઈ રૌહિણેયના કરતૂતોની ફરિયાદ નોંધાવે છે. રાજા કુપિત બની રૌહિણયને પકડવા માટે મંત્રી અભયકુમારને આદેશ આપે છે. અભયકુમાર ચોરને પકડવા સજ્જ થાય છે. તેવામાં, અંકને અંતે સમાચાર મળે છે કે–ભગવાન મહાવીરે મનોરમ ઉદ્યાનમાં સમવસરણ કર્યું છે.

ચતુર્થ અંકમાં, મંત્રી નગરના ચોરે અને ચૌટે જોઈ વળ્યા છે, પરંતુ ચોરનો ક્યાંય પત્તો નથી. છેવટે, અભયકુમાર નગરને ઘેરો ઘાલે છે. આ સમયે રૌહિણેય નગરમાં ચોરી કરવા માટે જાય છે. ભગવાન મહાવીરનો ધર્મોપદેશ જ્યાં ચાલી રહ્યો છે તે જ રસ્તેથી તે પસાર થાય છે. પિતાની અંતિમ આજ્ઞા અનુસાર કાનમાં આંગળીઓ નાંખીને ચાલે છે, જેથી ઉપદેશવાણી કાને પડે નહીં. કિન્તુ, અકસ્માત્ તેના પગે કાંટો વાગે છે. અસહ્ય પીડા થતાં તે કાન પરથી હાથ ઉઠાવી લઈ કાંટો કાઢવા લાગે છે. આ ક્ષણે ભગવાન મહાવીર પોતાના વ્યાખ્યાનમાં દેવતાઓનું સ્વરૂપ-વર્ણન કરી રહ્યા હતા. જેમકે–'દેવોના ચરણ પૃથ્વીને અડકતા નથી, નેત્ર નિમેષરહિત હોય છે, પુષ્પમાળા કરમાતી નથી અને શરીર પ્રસ્વેદ તથા રજથી રહિત હોય છે.'

મહાવીરના આ વચન સંભળાઈ ગયા બાદ રૌહિણેય ત્વરિત ત્યાંથી ચાલ્યો જાય છે પરંતુ, અંતે અભયકુમારના છટકામાં પકડાઈ જાય છે.

પાંચમા અંકમાં ચોર પકડાઈ જવાથી રાજા પ્રસન્ન છે અને ચોરને મૃત્યુ દંડ ફરમાવે છે, પરંતુ, અભયકુમારના કહેવાથી કે 'ચોર કાં તો મુદ્દામાલ સાથે પકડાય અથવા પોતાનો અપરાધ સ્વીકાર કરે, ત્યારે જ તેને દંડ દેવો ઉચિત છે'-ત્યારે રૌહિણેયને બંદી બનાવી લેવામાં આવે છે.

મંત્રી અભયકુમારે નાટ્યાચાર્ય ભરતની સહાયથી સ્વર્ગલોકની પ્રતિકૃતિ તૈયાર કરાવી છે જેમાં ગંધર્વો ગાન કરી રહ્યા છે, અપ્સરાઓ નૃત્ય અને ગીત કરી રહી છે. રૌહિણેયને લાગે છે કે તે ખરેખર સ્વર્ગલોકમાં દેવ બનીને ઉત્પન્ન થયો છે અને દેવાંગનાઓથી વીંટળાયેલ છે. તેવામાં પ્રતિહાર આવીને સ્વર્ગની આચાર મર્યાદા પ્રમાણે રૌહિણેયને પોતાના પૂર્વભવના સુકૃત અને દુષ્કૃત જણાવ્યા બાદ જ સ્વર્ગસુખ ભોગવી શકાશે-એવો નિયમ બતાવે છે. ત્યાં જ રૌહિણેયને દેવવર્ણન કરતી મહાવીરવાણીનું સ્મરણ થાય છે અને દેવોના તે લક્ષણો આ વ્યક્તિમાં ન દેખાતાં તે પોતાના સુકૃતો જ જણાવે છે. મંત્રી અભયકુમારની યોજના નિષ્ફળ જાય છે. રાજા દ્વારા અભયવચન આપવામાં આવતાં રૌહિણેય સત્ય જણાવી ચોરીનું ધન પાછું સોંપે છે. જિન-વચનોને કારણેતે બચી શક્યો-એવી પ્રતીતિ થતાં તેને પશ્ચાત્તાપ થાય છે અને તે જિન-શરણે જવાનો નિશ્ચય કરે છે.

હેમચંદ્રાચાર્ય રચિત ત્રિ.શ.પુ.ચ.માં રૌહિણેય કથાના અંતે 'શ્રેણિકરાજાએ જેનો નિષ્ક્રમણ મહોત્સવ કર્યો છે, એવો રૌહિણેય વીર પ્રભુ પાસે જઈ તપશ્ચર્યા કરી, ભાવ સંલેખના અને શુભધ્યાનપૂર્વક મનુષ્યદેહ ત્યજી સ્વર્ગે જાય છે.

**વિષય નિરૂપણ–**

નાટકમાં નાન્દીથી આરંભ કરી જૈનધર્મનં વિષય-વસ્તુ હોવા છતાં કથાની રમણીયતા અને નાટકની કલાત્મકતામાં સાંપ્રદાયિકતા ક્યાંય આડે આવી નથી. કથાનો મૂળ હેતુ ભગવાન મહાવીરનો મહિમા દર્શાવવાનો હોય, પરંતુ રૌહિણેય કથા-પ્રસંગોનું નિરૂપણ અત્યંત આહ્લાદક અને પ્રભાવક છે.

પ્રસ્તુત નાટકમાં આદ્યાન્ત દૃશ્ય સામગ્રી છે. કોઈ પાત્રની રંગમંચ પર એકોક્તિ-ભાવાભિવ્યક્તિ નાટ્યદૃષ્ટિએ આકર્ષક છે. પાત્રોની સંખ્યા અલ્પ છે. રામભદ્રે આ નાટકમાં નૃત્ય-ગીત-વાદ્યનો લોકોચિત વિનિયોગ કર્યો છે. નૃત્ય-સંગીતની દુનિયામાં સંસ્કૃતનું કોઈ રૂપક આટલું મનોરંજક નથી. બીજા અંકમાં શ્રેષ્ઠિપુત્રના વિવાહનું દૃશ્ય અતિ આહ્લાદક તેમજ નાટ્યાત્મક છે.

દેવભૂમિથી માંડી ગિરિ-ગુફાઓ, વસંતોત્સવ, ન્યાયાલય, સમવસરણ-જેવાં દૃશ્યો અત્યંત મનોહર અને વૈચિત્ર્યપૂર્ણ છે. નાટકમાં કૂટ ઘટનાઓનું પ્રાચુર્ય છે. ચોરને પકડવા માટે કપટ કર્મની યોજના કરવામાં આવે છે, તો ક્યાંક મદનવતીનું અપહરણ. નાટ્યકારે કાર્ય-કલાપની સૂક્ષ્મ બાબતો પર પણ ધ્યાન આપ્યું છે. ભાવોના પ્રકટીકરણમાં કવિનું નૈપુણ્ય જણાઈ આવે છે.

ચરિત-નાયક રૌહિણેયના ચરિત્રનો વિકાસ નાટ્યકલાની દૃષ્ટિએ મહત્ત્વ પૂર્ણ છે. મહાવીર-વાણી સાંભળ્યા બાદ તેનું ચરિત્ર સદ્‌વૃત્તિઓથી પૂરિત થાય છે; પોતાના ચૌર્ય-કર્મ પર તેને પશ્ચાત્તાપ થાય છે. 'મીઠા રસપૂર્ણ આમ્રફળને ત્યજીને મેં કટુ લીમડામાં મન લગાડ્યું'–અને તે વિરક્તિનો માર્ગ ગ્રહણ કરે છે.

ચોર હોવા છતાં તેનું વ્યક્તિત્વ કવિત્વપૂર્ણ છે. તે કહે છે-વાસંતિક ક્રીડાનો રસ લેવો એ નાગરિકોની સુકૃતિ રાશિનું ફળ છે.' વસંતોત્સવમાં છુપાઈને જ્યારે તે મદનવતીને જુએ છે, ત્યારે किं शृंगारमयी, किमु स्मरमयी, किं हर्ष लक्ष्मीमयी ?... એમ બોલી ઉઠે છે.

રૌહિણેય અત્યંત બુદ્ધિશાળી પણ છે. શાલિગ્રામના દુર્ગચંડ નામે ખેડૂત તરીકે તે પોતાનો પરિચય આપે છે. પોતાના સાથીદારને તેણે સાધી રાખ્યો છે જેથી અભયકુમાર દ્વારા તપાસ કરવામાં આવતાં તેની વાત સત્ય પુરવાર થાય. પ્રતિહારના વારંવારના અનુરોધ છતાં તે પોતાના દુષ્કૃત જણાવતો નથી. તે કહે છે-'સ્વર્ગ તો સુકૃતથી જ પ્રાપ્ત થાય છે. જો હું પુણ્ય-હીન છું, તો સ્વર્ગ કેવી રીતે પ્રાપ્ત થાય?'

**નાટ્યમંચન–**

આદિનાથના ચૈત્યનિર્માણ ઉત્સવ પ્રસંગે પ્રસ્તુત નાટકની ભજવણી કરવામાં આવી હતી. સંસ્કૃત રંગમંચની આ પરંપરા રહી છે-કોઈ યાત્રા-ઉત્સવ, મંદિર નિર્માણ મહોત્સવ, વસંતોત્સવ જેવા સમયે સામાજિકો સમક્ષ કે મંદિરના પ્રાંગણમાં સામાજિકોની રસ-રુચિ અનુસાર નિપુણ નટો દ્વારા નાટકોની ભજવણી કરવામાં આવતી હતી. 'દૂતાંગદ' નાટકનો સોમનાથના મંદિરના જીર્ણોદ્ધાર સંદર્ભે આયોજિત ઉત્સવમાં અભિનય કરવામાં આવ્યો હતો. તે જ રીતે બિલ્હણનું 'કર્ણસુંદરી' જિન મંદિર મહોત્સવ પ્રસંગ પર અભિનીત થયું હતું. ભવભૂતિના નાટકો પણ ભગવાન કાલપ્રિયાનાથના મહોત્સવ પ્રસંગે મંદિરના પ્રાંગણમાં ભજવાયા. 'ચંદ્રલેખા વિજય પ્રકરણ', 'મોહરાજ-પરાજય' પણ આવાં જ દૃષ્ટાન્ત છે.

શ્રી ગોવર્ધન પંચાલ દ્વારા ૧૯૯૪માં IIM Ahmedabad ના

---

**નોંધ–૧** શ્રી હસમુખ બારાડી કહે છે-'નાટ્ય મંચન બાબતે પાછળના સમયમાં જાગરૂકતા આવી, જેમાં શ્રી ગોવર્ધન પંચાલે પ્રશિષ્ટ નાટ્ય પરંપરા પર કામ કરવાની સાથે જ સંસ્કૃત નાટકોને મૂળ ભરત નાટ્યશાસ્ત્રની શૈલીમાં અભિનીત કર્યા. રાજુ બારોટ, હરકિસન વર્મા જેવા યુવા કલાકારો દ્વારા તેનું મંચન થયું. દૂતવાક્ય (૧૯૯૦) અને પ્ર. રૌ. (૧૯૯૩)નો અભિનય કરવામાં આવ્યો.' (ToI માંનો લેખ).

કેરાલામાં આજે પણ કુશળ નટસમૂહ દ્વારા નાટ્યશાસ્ત્ર અનુસાર નાટકોની ભજવણી થાય છે.

પ્રાંગણમાં આ નાટકનું મંચન થયું તે અપૂર્વ ઘટના છે.[૧] પ્રસિદ્ધ વિષય-વસ્તુ, પ્રસંગોની સમુચિત ગ્રથન-રચના, અલ્પ પાત્રસંખ્યા તેમજ બોલચાલની ભાષા-શૈલીને કારણે પ્રસ્તુત નાટક મંચનક્ષમ છે.

અનુવાદક શ્રી શીલચંદ્રવિજયજી મંચન વિષે નિર્દેશ કરે છે કે-અંક-૪માં મહાવીરની વાણી રૌહિણેયને સંભળાય છે, આ પ્રસંગે સ્ટેજ પર પડદા રૂપે સમવસરણ-ધર્મસભાનું ચિત્ર દેખાય અને નેપથ્યમાં માલકૌંસ રાગમાં મહાવીરનું ગાન સંભળાય, ગાયક દૃષ્ટિગોચર ન હોય, માત્ર તંતુ કે કંઠવાદ્ય દ્વારા સૂર છેડવામાં આવે. મંચ પર કાંટો દૂર કરતો રૌહિણેય હોય. આ પ્રકારે યોજના કરવાથી અભિનય અત્યંત ગરિમામય બની શકે છે. મૂળ સંસ્કૃત પદ્યનું ગાન વધુ પ્રભાવક બને.'

નાટ્યવિદ્ શ્રી એલ.એલ. ચિનિયારા જણાવે છે કે-'જો નાટકમાં ગેય તત્ત્વ રાખવું હોય તો પ્રસંગોચિત રાગનો વિનિયોગ કરવાથી પ્રસંગ વધુ પ્રભાવક બની શકે છે.'

**સ્વરૂપ અને શૈલી–**

પ્રસ્તુત નાટકમાં સંસ્કૃત પ્રશિષ્ટ નાટકોનું પરંપરાગત સ્વરૂપ (form) તેમજ નાટ્યલક્ષણ જળવાયાં છે. અવનતિ યુગમાં રસના પ્રાધાન્યને કારણે નાટકમાં નૃત્ય-ગાન જેવાં તત્ત્વો ઉમેરાયાં. આમ છતાં આ પૂર્ણપણે મંચ તથા અભિનય યોગ્ય કૃતિ છે. સંવિધાનકલા, નાન્દી, પ્રસ્તાવના, વિષ્કંભક જેવી યુક્તિઓનો પ્રયોગ કુશળતાપૂર્વક કરવામાં આવ્યો છે. કથાવસ્તુમાં વિકાસને અધિક તક ન હોવા છતાં એક ઘટના-માત્ર સુંદર નાટ્યકૃતિનો આકાર ધારણ કરે છે. શ્રવણ માત્રથી રસિકજનોના મનને મોહી લેનાર, સ-રસ ઉક્તિઓથી સભર, વિવિધ રસોથી છલકતું આ રૂપક છે.

ડૉ. ડે આને 'પ્રકરણ' પ્રકારનું રૂપક માને છે–નાટકમાં કર્તાએ પણ તેને 'પ્રકરણ' કહ્યું છે.

પ્રસ્તુત નાટકમાં સંસ્કૃત–પ્રાકૃત–માગધી ભાષાનો પ્રયોગ છે. મધ્યયુગમાં કર્તાઓએ સંસ્કૃત ભાષાને સર્વજનોચિત તેમજ જીવંત બનાવી રાખી. રૌહિણેય નિમ્નસ્તરનું પાત્ર હોવા છતાં સંસ્કૃત ભાષામાં સંવાદ કરે છે. નાટકમાં કહ્યું છે તેમ તે વિદ્યા-કલા સમ્પન્ન, સંપત્તિવાન અને બુદ્ધિશાળી છે. તેનો સાથી શબર તેમજ અન્ય પાત્રો માગધી કે શાબરીનો પ્રયોગ કરે છે. 'કૌમુદી મિત્રાણંદ'માં પણ લૂંટારા સંસ્કૃતમાં વાર્તાલાપ કરે છે.

'પ્રબુદ્ધ રૌહિણેય'ની શૈલી કંઈક અંશે ક્લિષ્ટ કે ગૌડીશૈલી છે. ડૉ. વિજય પંડ્યા કહે છે-'મધ્યકાલીન સંસ્કૃત નાટકકારોએ વિષયવસ્તુ અને શૈલીમાં ભવભૂતિનું અનુસરણ કર્યું છે.'

નૃત્ય-ગાન, પ્રહસન જેવું હાસ્યતત્વ પણ આ નાટકમાં મળે છે. વિવાહોત્સવનું દૃશ્ય કે વામનિકા-શબરનો વાર્તાલાપ ચિત્તાકર્ષક છે. પ્રકૃતિ વર્ણનમાં કલ્પના, ચમત્કૃતિ અને કાવ્યવૈભવ છે. નગરના ઉપવનમાં વસંતોત્સવમાં ડૂબેલા નગરજનોનું વર્ણન હોય કે પછી સૂર્યોદયનું આ નાવિન્યપૂર્ણ વર્ણન-'પૂર્વદિશામાં સૂર્ય ઉદય થવાથી કિરણો ફેલાયાં છે, શું સિંદૂરના બિન્દુ ટપકી રહ્યાં છે, કે કુસુમપૂંજ છે? શું કિંકલીતરુનાં પર્ણો ખરી રહ્યાં છે કે પ્રવાલના અંકુર વેરાયાં છે?...સૃષ્ટિ પર કુમકુમનો છંટકાવ થઈ રહ્યો છે કે શોણનહના કમળોનો પરાગ છે?'

'વિકસિત કમળરૂપી થાળ લઈને, હિમકણરૂપી અક્ષત લઈને, નલિની સજ્જ બની પ્રાતઃકાળે જાણે કે સૂર્યની આરતી ઉતારે છે. (૩/૨)'

સૂર્યાસ્ત થતાં ફેલાતા અંધકારનું વર્ણન-'વિશ્વનું ભક્ષણ કરવામાં વ્યાકુળ ઘોર અંધકાર સર્પના સમૂહ જેવો ફેલાયો છે. વિશ્વવિજેતા સૂર્ય ગગનમાં વ્યાપ્ત તેજ સૃષ્ટિ પર વેરતો...સાગરમાં સ્નાન કરવા ઉતર્યો છે...'

કવિના નવીન કલ્પનો કેટલો મનોહારી છે! જેમકે-'નૃત્ય કરતી સ્ત્રીઓના મોતીના હાર તૂટી જવાથી વેરાયેલા મોતી વડે ગૃહ-પ્રાંગણ સાગર તટ જેવું દેખાય છે.'

'સૂર્યોદય થતાં અંધકાર રૂપી કચરાના ઢગને પગ વડે ખોતરતો, તારક-કીટકોનો નાશ કરતો, ઉષાની કલગી ધારણ કરેલ, કુંકુમવર્ણ પિચ્છ ફેલાવતો સૂર્યરૂપી કૂકડો આવ્યો છે.' (૩/૨)

બીજા અંકમાં હાસ્ય-રસનો પ્રયોગ કંઈક ગ્રામ્ય સ્તરે હોવા છતાં મનોરંજક છે. એક પ્રસંગે રૌહિણેય શબરને કહે છે-'વસ્ત્ર, આભૂષણ અને એકાદ રૂપવતી નવયૌવના-આટલું મળી જાય તો દિવસ સફળ!'

નાટકમાં તત્કાલીન સમાજ, રીતિરિવાજ, દેવતાઓની પૂજા-ઉપાસના, પર્વ-ઉત્સવ, ભોજન-પાન, વસ્ત્રાલંકાર, શુકન-અપશુકનની માન્યતાઓ, વગેરે સામાજિક ચિત્રણની સાથે જ રાજકીય સ્થિતિ, ન્યાય-વ્યવહારુ ધાર્મિક સ્થિતિ, લોકજીવન વગેરે યથાતથ પ્રતિબિંબિત થયાં છે.

જૈન કથાઓમાં મોટેભાગે આવું કાવ્ય સૌન્દર્ય મળતું નથી. અવનતિ યુગમાં ઉત્તમ સર્જકતાનો વિનિયોગ પ્રસ્તુત નાટકમાં દેખાયો. નાટકની પ્રસ્તાવનામાં કહ્યું છે તેમ-રામભદ્રની કવિતા ચંદ્ર, સંગીત અને વનિતા કરતાંય મધુર છે.

सत्यं सन्त्येव शीतांशु संगीत वनितादयः ।
धुर्यं किमपि माधुर्यं रामभद्रगिरां पुनः ।। (૧/૬)

**કૃતિની મહત્તા–હેતુ તથા પ્રભાવ**

પ્રસ્તુત નાટકની રસપ્રદય કથાનું કેન્દ્ર છે–રૌહિણેય ચોરનું હૃદય પરિવર્તન. આ કથાઘટક જૈન પરંપરામાં પ્રચલિત છે. હેમચંદ્રાચાર્ય ત્રિષષ્ટિશલાકા પુરુષ-ચરિત (પર્વ-૧૦ સર્ગ-૧૧)માં મહાવીર

ચરિત અંતર્ગત રૌહિણેય કથા વિસ્તારથી આપે છે. હેમચંદ્ર રચિત યોગશાસ્ત્રમાં પણ चौरोऽपि त्यक्त चौर्य: स्यात् स्वर्गभाग् रौहिणेयवत्- એવો ઉલ્લેખ છે. આ પ્રચલિત કથા ઘટકને રામભદ્ર મુનિ કલાત્મક નાટ્યરૂપ આપે છે.

કથારસની પ્રચુરતાની સાથે મનોરંજન, કુતૂહલ અને ચરિત્રનો ઉત્કર્ષ પણ કથાનો ઉદ્દેશ્ય છે. અસહ્ય કર્મથી નિવૃત્ત થઈ શુભ કર્મમાં પ્રવૃત્તિની પ્રેરણા-એ જૈનકથાઓની વિશિષ્ટતા છે. વીતરાગવાણીનું શ્રવણ થવાથી, વૈરાગ્યભાવ જાગ્રત થતાં પ્રવ્રજ્યા ગ્રહણ કરી તપસાધના દ્વારા જીવ મુક્ત થાય છે. ઉપાધ્યાય દેવમૂર્તિ રચિત રૌહિણેય ચરિતમ્‌માં પણ કહ્યું છે–'द्वेषोऽपि बोधकवच: श्रवणं विधाय, स्याद्रौहिणेय इव जंतुरुदारलाभ:'

જૈનકથાઓમાં ચરિત્ર તો નિમિત્તમાત્ર હોય છે. જન પ્રચલિત કથાઓનો ઉપયોગ ઉપદેશાત્મક રૂપે થાય છે. ધર્મમાં શ્રદ્ધા ઉત્પન્ન કરવી, અર્હત્ ધર્મની મહત્તા, નૈતિકતા, સારા-ખોટા કર્મોનું ફળ દર્શાવવું–એ ઉદ્દેશ્ય હોય છે. પ્રસ્તુત નાટકની કથા વિકથા નથી, કેમકે તેની મૂળ પ્રેરણા પાપનું કુ-ફળ દર્શાવી વિરકિત ઉત્પન્ન કરવાની છે. જિનપ્રભુની વાણી અને દેશનાનું માહાત્મ્ય અને પ્રભાવ અહીં દર્શાવ્યાં છે.

પશ્ચાદ્‌વર્તીકાળમાં કથાઓનું સ્વરૂપ બદલાતું રહ્યું, પણ ભાવ એ જ રહ્યો. અભિનવ ધારાઓનો સમાવેશ થતો ગયો અને કથાઓ રોચક, ચમત્કૃતિપૂર્ણ તથા લોકભોગ્ય બનતી ગઈ. સામાન્ય જન જીવનનું ચિત્રણ પણ તેમાં આવ્યું અને તે મનોરંજક બની.

કાસદ્રહ ગચ્છના દેવચંદ્રસૂરિના શિષ્ય ઉપાધ્યાય દેવમૂર્તિએ 'रौहिणेयचरित'ની રચના કરી. (તેમની અન્ય રચના 'विक्रमचरित' છે. (સમય વિ. સં. ૧૪૭૧). American Oriental Society 1924 થી પ્રકાશિત લેખમાં H. M. Johnson દેવમૂર્તિ આચાર્યનો સમય ઈ. સ. ૧૪૪૦ આપે છે.[૧] દેવમૂર્તિની રચનાનો અનુવાદ તેઓએ ઈ. સ. ૧૯૩૦માં કર્યો છે.[૨] તેઓ જણાવે છે કે-કેટલીય હસ્તપ્રતોમાં રૌહિણેય કથાનક છે, જે પ્રકાશિત થયેલ નથી.

પછીના સમયમાં આ જ કથાનકના આધારે અન્ય રચનાઓ થઈ, જેમાં દેપાલ શ્રાવક રચિત રૌહિણેય રાસ ગુજરાતીમાં છે.[૩] તેનો સમય ૧૫૦૧થી ૧૫૩૪ ઈ. સ.નો માનવામાં આવ્યો છે.

વિનયસમુદ્ર રચિત રૌહિણેય રાસનો સમય ઈ. ૧૪૫૦ થી ૧૫૦૦ છે. હીરવિજયસૂરિના પ્રશિષ્ય તેમજ વિજયસેનસૂરિના શિષ્ય કનકકુશલે સં. ૧૬૫૭માં રૌહિણેય કથાનકની રચના કરી.[૪]

આ પ્રકારે, સંસ્કૃત નાટકથી લોકભાષામાં અવતરિત થતાં સર્જન આ યુગમાં થયા. યાત્રા, ભવાઈ જેવા સ્વરૂપો પ્રાદેશિક ભાષાઓમાં વિકસિત થયા.

'પ્રબુદ્ધ રૌહિણેય'નો ભાવાનુવાદ શ્રી શીલચંદ્ર વિજયજીએ કર્યો છે, જે અત્યંત સુગમ્ય, રસાત્મક હોવાની સાથે તેઓશ્રીની સર્જનાત્મક પ્રતિભાનો પરિચાયક છે (ઈ. ૨૦૦૩માં પ્રકાશિત).

આમ, પ્રશિષ્ટોત્તર સંસ્કૃત નાટ્ય સાહિત્યમાં મધ્યકાળમાં 'પ્રબુદ્ધ રૌહિણેય' નાટકનું અમૂલ્ય પ્રદાન છે. અવનતિકાળ કહેવાતા આ સમયમાં પણ ઉત્તમ સર્જકતાનું તે દ્યોતક છે.

જૈનધર્મના વસ્તુ અને વાતાવરણમાં વિકસિત થયું હોવા છતાં સાંપ્રદાયિકતાએ નાટ્યકલાને ક્યાંય ઝાંખી પાડી નથી. પ્રશિષ્ટ સંસ્કૃત નાટકની તાજગી આ મધ્યકાલીન નાટકમાં પણ જળવાઈ રહી છે.

**સંદર્ભ ગ્રન્થ-સૂચિ :**

(૧) પ્રબુદ્ધરૌહિણેય-અનુ. શીલચંદ્રવિજયસૂરિજી. પ્રકાશક-જૈન સા. અકાદમી, ગાંધીધામ. (૨) ત્રિષષ્ટિ શલાકાપુરુષ ચરિત-મૂળ તથા અનુવાદ-પર્વ–૧૦. આત્માનંદ જૈન પ્ર. સભા, ભાવનગર. (૩) Indian Kavya Literature-A. K. Warder ભાગ-૭-૮. M. B. દિલ્હી. (૪) જૈન સા.નો બૃહદ્ ઇતિહાસ ભાગ-૬. ગુલાબચંદ ચૌધરી-જૈન તીર્થ ભવન ટ્રસ્ટ, પાલીતાણા. (૫) જૈન સા.નો સંક્ષિપ્ત ઇતિહાસ : મોહનલાલ દેસાઈ, ૐકાર સૂરિ જ્ઞાન મંદિર, સુરત. (૬) પ્રબુદ્ધ રૌહિણેય–ભાવનગર. પુણ્યવિજયજી દ્વારા સંપાદિત. (૭) મધ્યકાલીન નાટક-રામજી ઉપાધ્યાય.
(૮) રૌહિણેય કથા-દેવમૂર્તિ આ. રચિત, મૂળ ગ્રંથ પ્રકાશક : જિન શાસન આરાધના ટ્રસ્ટ (૯) મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય કોષ (૧૦) સંસ્કૃત નાટકોનો પરિચય-ડૉ. નાન્દી ગુ. યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ (૧૧) જૈન કથા સાહિત્ય કી વિકાસ યાત્રા-ઉપાધ્યાય દેવેન્દ્રમુનિ–ઉદયપુર (૧૨) જૈન કથા સાહિત્ય-વિવિધ રૂપોં મેં–ડૉ. જગદીશચંદ્ર જૈન પ્રાકૃત ભારતી, જયપુર. (૧૩) History of Sanskrit Literature - ક્રિશ્નમાચારીયર. (૧૪) મહાઅમાત્ય વસ્તુપાલ કા સાહિત્ય મંડલ-ડૉ. સાંડેસરા-જૈન સંસ્કૃતિ શોધમંડળ-વારાણસી. (૧૫) જૈન ગૂર્જર કવિઓ–ભાગ-૧. (૧૬) જિન રત્નકોશ.

✷✷✷

ગાંધીનગર. મોબાઈલ : ૦૯૮૨૫૧૬૪૩૫૬

**નોંધ :** (૧) આ. દેવમૂર્તિનો સમય વિ. સં. ૧૪૨૧
(૨) અનુવાદ-Studies in honour of Maurice Bloomfield
(૩) લોહખરાનઉ બેટડઉ તિણિ શ્રેણીસુત કલિઉ
તાત આદેસઈ ઉવટિ ચાલતાં કંટકઉ એક ભાગ.
કાટઈ કાંટા આઠ કાઢ્યા, મોકલઉ થિઉ પાગ.
ચોર અદ્દષ્ટ સઉ સમોસરણિ જિણ
ચોરિયાં એ, એકલડાં અમર તણાં.

**નોંધ :** (૪) (અ) જૈન ગૂર્જર કવિઓ-ભાગ-૧ પૃ. ૧૩૪, ૨૮૫.
(બ) જૈન સાં.નો સંક્ષિપ્ત ઇતિહાસ-પૃ. ૩૨૪, ૩૮૭.
(ક) ગુજરાતી મધ્યકાળનો ઈતિહાસ.

# શ્રી શાલિભદ્ર ચરિત્રમ્

□ હિંમતલાલ કોઠારી

*લેખક નિવૃત્ત વિજ્ઞાન શિક્ષક છે.*

**પ્રસ્તાવના :**

આપણી પવિત્ર ભારતભૂમિ મહાપુરુષોની ભૂમિ છે. પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવથી માંડીને શ્રી મહાવીર પ્રભુના શાસન દરમ્યાન અનેક મહાપુરુષો, સંતો, મહાસતીઓ અને સાધુ મહાત્માઓ આ પવિત્ર દેશમાં થઈ ગયા છે.

આપણાં જૈન લોકો-વેપારીઓ ચોપડા પૂજન એટલે કે શારદા પૂજન કરતી વખતે દિવાળીના દિવસે પોતાના વેપાર ધંધાના ચોપડામાં પ્રથમ પાને આવા પુણ્યાત્માઓને યાદ કરી તેમના જેવી વિશેષ પ્રકારની શક્તિ-બુદ્ધિ અને સંપત્તિની માંગણી કરી તેમના શુભ નામો લખે છે. જેમાં એક નામ 'ધન્ના-શાલિભદ્રની ઋદ્ધિ હોજો' એમ લખવામાં આવે છે.

આપણો શ્રી સકળ સંઘ પ્રાતઃકાળના રાઈ-પ્રતિક્રમણમાં પણ આવા કેટલાંક મહાપુરુષોના નામનું સ્મરણ કરે છે અને તે માટે ભરહેસરની સજ્ઝાય બોલે છે.

પ્રભુ મહાવીર સ્વામીના સમયમાં રાજગૃહી નગરીમાં ધન્ના અને શાલિભદ્ર નામના અતિ સમૃદ્ધિવાન શ્રાવકો વસતા હતા. ધન્ના શેઠને આઠ પત્નીઓ હતી અને શાલિભદ્રને બત્રીસ પત્નીઓ હતી. આ બન્ને શ્રાવકો પોતાની ભૌતિક સુખ-સામગ્રી અને વૈભવ છોડી, પોતાની સ્વરૂપવાન પત્નીઓને છોડી પ્રભુ મહાવીરની દેશના સાંભળી પ્રભુ મહાવીર દેવ પાસે સંયમ સ્વીકારી દીક્ષા લઈ ચારિત્ર જીવનની ઉતકૃષ્ટ સાધના કરી અંતે અનશન કરી અનુત્તર વિમાનમાં ગયા અને દેવ થયા. ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્યપણું પ્રાપ્ત કરશે અને તેઓ મોક્ષમાં જશે.

આવા મહાપુરુષોના જીવનને વર્ણવતા ઘણા બધા કાવ્યો અને ગ્રંથો ઘણા બધા લેખકોએ અને કવિઓએ સંસ્કૃત તેમજ પ્રાકૃત ભાષામાં લખેલા છે. પાછળથી આવા ગ્રંથોનું અન્ય ભાષામાં ભાષાંતર તેમજ ટીકાઓ પણ લખાયેલી છે.

અઢી હજાર વર્ષોથી પણ વધુ સમય પહેલાં થઈ ગયેલા પ્રભુના શાસનકાળમાં આવા બે મહાપુરુષો ધન્ના અને શાલિભદ્રની કથા પણ એક સુંદર ગ્રંથમાં સચવાયેલી છે.

શાલિભદ્ર ચરિત્ર વિષે કાંઈક :

આ ગ્રંથનું નામ છે **શ્રી શાલિભદ્ર ચરિત્ર** અથવા મૂળ નામ **શ્રી શાલિભદ્ર મહાકાવ્યમ્.** આ એક અદ્ભુત ગ્રંથ છે. આ ગ્રંથ કાવ્યના કર્તા છે **શ્રી ધર્મકુમાર** અને ગ્રંથનો સમય છે **વિ. સ. ૧૩૩૪.** આ ગ્રંથ શાલિભદ્ર ચરિત્ર (શ્રી શાલિભદ્ર મહાકાવ્યમ્)ને સકલ કથા કાવ્ય તરીકે વર્ણવી શકાય. આ મહાકાવ્ય સંસ્કૃત/પ્રાકૃત ભાષામાં લખાયેલું છે જેમાં ધન્ના અને શાલિભદ્રની સંપૂર્ણ કથા સુંદર કાવ્યમાં આલેખાયેલી છે.

આ કથા કાવ્યની રચના નાગેન્દ્ર ગચ્છના આચાર્ય શ્રી હેમપ્રભ સૂરિજીના શિષ્ય શ્રી વિબુધ સૂરિજીની પ્રેરણાથી અને શ્રી સરસ્વતીદેવીના દિવ્ય આશીષથી ધ્યાન ધરીને વિ. સં. ૧૩૩૪માં કચ્છમાં આવેલ તીર્થાધિરાજ શ્રી ભદ્રેશ્વરમાં કરેલી છે. આ કાવ્યમાં ૧૨૨૪ શ્લોકો અનુષ્ટુપ છંદમાં આવેલા છે. આ કાવ્ય શબ્દાલંકાર તથા અર્થાલંકાર એમ બન્ને પ્રકારના અલંકારોથી વિભૂષિત કરાયેલ છે. આ સંપૂર્ણ ગ્રંથના સંશોધક છે પૂજ્ય આચાર્ય શ્રી કનકપ્રભુ સૂરિજીના શિષ્ય અને પ્રસિદ્ધ સંશોધક શ્રી પદ્યુમ્નસૂરિજી મહારાજ.

શાલિભદ્ર અને ધન્નાજી તો સાળા-બનેવીના સંબંધે બંધાયેલા હતા. શાલિભદ્ર-ધન્નાના જીવનને વર્ણવતા અનેક કાવ્યો સંસ્કૃત–પ્રાકૃત ભાષામાં લખાયેલા છે. મધ્યકાલીન સાહિત્યનો ઈતિહાસ જોતાં આપણને ખ્યાલ આવે છે કે ગુજરાતી ભાષામાં પણ ધન્ના-શાલિભદ્રના જીવન વિષે અનેક રાસ-ચોપાઈ અને રાસ તેમજ સજ્જાઈ જોવા મળે છે.

શ્રી ધર્મકુમાર પંડિત એક અપ્રસિદ્ધ કવિ ચૌદમી સદીના પૂર્વાર્ધ ભાગમાં થઈ ગયા. આ કવિવરે શ્રી શાલિભદ્ર કાવ્ય (શ્રી શાલિભદ્ર ચરિત) નામનો અદ્ભુત ગ્રંથ બનાવ્યો છે. તેઓ ઉચ્ચ કોટીના વિદ્વાન હતા. તેઓના આ ગ્રંથમાં દરેક શ્લોકમાં કંઈક ને કંઈક નવીનતા જોવા મળે છે. જ્યોતિષ, મંત્ર અને પૌરાણિક વાતો પણ તેઓએ પોતાની રચનામાં વણી લીધી છે. વર્તમાન કાળમાં આ ગ્રંથની સાનુવાદ ટીકા પૂજ્ય શ્રી મુનિન્દ્ર વિજયજી મહારાજે કરેલ છે.

**ગ્રંથનો વિગતે વિષય :**

પ્રસ્તુત શ્રી શાલિભદ્ર ચરિત્ર (શ્રી શાલિભદ્ર મહાકાવ્ય)માં શ્રી મહાવીર પરમાત્માના સમયમાં બનેલી ઘટનાને કથા કાવ્ય સ્વરૂપે રજૂ કરવામાં આવેલી છે. આ કાવ્ય ગ્રંથમાં જુદા જુદા વિભાગોમાં વિષય વસ્તુ વર્ણવેલી છે.

૧. મગધ દેશમાં તે સમયે શાલિગ્રામ નામનું એક નગર હતું ત્યાં ધન્ના નામે એક ગરીબ વિધવા બાઈ રહેતી હતી. તેણીને સંગમ નામનો એક પુત્ર હતો. ધનિકોના ઘરમાં કામ કરીને તે પોતાના વહાલા પુત્રનું પોષણ કરતી હતી. બાળક ચાર વર્ષની ઉંમરે પહોંચ્યા

બાદ ગોવાળ તરીકે ઉછર્યો. આઠ વર્ષની ઉંમરે ઢોર ચરાવવા જંગલમાં જતો. એક તહેવારના દિવસે સંગમ ગામમાં ઘરે-ઘરે દૂધની ખીર બનતાં જોઈને ઘરે આવીને પોતાની માતાને ખીર બનાવી આપવા વિનવે છે. આવી બેહુદી માંગણીથી મા બહુ ચિંતિત બને છે કારણ તેની પાસે ખીર માટે દૂધ કે ખાંડ હતા નહિ. પાડોશીના સહકારથી દૂધ અને ખાંડ માંગી લાવીને દૂધની ખીર બનાવે છે. માતા બહાર જાય છે અને બાળક સંગમ ખીર ખાવાની તૈયારી કરે છે ત્યાં જ માસ-ક્ષમણના તપસ્વી એક મુનિ આવે છે. મહાત્માને દેખી સંગમનું હૃદય નાચી ઊઠે છે અને વિચારે છે અહો! મારું સદ્ભાગ્ય આજે તો મારે ત્યાં ચિત્ત, વિત્ત અને પાત્રનો ત્રિવેણી સંગમ થયો છે અને વાદળ વિનાની વૃષ્ટિ થઈ છે. આ પ્રમાણે આનંદિત થયેલા સંગમે નિષ્કામ ભાવે મુનિને બધી ખીર વહોરાવી દીધી. મુનિ ધર્મ લાભ કહીને ચાલ્યા ગયા. મા ઘરે આવે છે અને વાત જાણે છે. મા ફરીથી ખીર બનાવી આપે છે. પ્રથમ વાર જ દૂધની ખીર જોઈને બાળક સંગમ બધી ખીર આરોગી જાય છે. પ્રથમવાર ખીર ખાવાથી તે પચી નહિ અને પેટમાં દર્દ ઉપડતા પોતાનું મૃત્યુ નજીક દેખાયું છતાં પણ ખીર-દાનની અનુમોદના કરતા કરતા બાળક સંગમ મૃત્યુ પામ્યો.

૨. આ જ મગધ દેશના પાટનગર રાજગૃહી નગરીમાં રાજા શ્રેણિકનું રાજ્ય હતું અને ચેલ્લણા રાજાની પટ્ટરાણી હતા. અભયકુમાર મહામંત્રી હતા. તે નગરમાં ગોભદ્ર નામના એક શેઠ હતા અને ભદ્રા નામની તેમની શેઠાણી હતા. ભદ્રા શેઠાણીની કુક્ષિએ આ સંગમ અવતર્યો. આ બાળક ગર્ભમાં હતો ત્યારે ભદ્રા માતાએ શાલિ (ચોખા)ના ખેતરને સ્વપ્નમાં જોયું તેથી બાળકનું નામ શાલિભદ્ર પાડ્યું. પિતાએ યુવાન પુત્રને બત્રીસ શ્રેષ્ઠ પુત્રીઓ સાથે પરણાવ્યો. દિવસ કે રાતની ખબર પડે નહિ તેવા સુખમાં શાલિભદ્રનો સંસાર પસાર થવા લાગ્યો.

૩. એક શુભ દિવસે ગોભદ્ર શેઠ વૈરાગ્યની વિચારધારામાં ચઢી પુત્રને ગૃહભાર સોંપી સંયમ લેવા ઉત્સુક બને છે. તે જ સમયે પ્રભુ મહાવીર રાજગૃહી નગરીમાં પધારે છે. ગોભદ્ર શેઠને તો જોઈતું હતું તે સામેથી મળ્યું. વૈભારગિરિ ઉપર પરિવાર સાથે પ્રભુની દેશના સાંભળી વૈરાગ્યના રંગે રંગાયેલા પત્ની અને પુત્રની પરવાનગી મેળવી સંયમના સંગાથી બનવા ઉત્સુક બન્યા અને ચર્ચાના અંતે દીક્ષા ગ્રહણ કરી. સંયમ જીવનની સુંદર આરાધના કરી અનશનપૂર્વક કાળધર્મ પામ્યા. અને ગોભદ્ર શેઠને અવધિજ્ઞાનના ઉપયોગથી પૂર્વ-ભવની જાણ થાય છે. અને પુત્ર ઉપર વાત્સલ્ય ભાવનો ધોધ વહેવા લાગે છે.

ગોભદ્ર શેઠ દરરોજ આભૂષણો, વસ્ત્રો, કલ્પવૃક્ષોના ફૂલની માળાઓ તથા ચંદનાદિના વિલોપનો વગેરેની ૯૯ પેટીઓ શાલિભદ્રને ત્યાં દેવલોકમાંથી ઉતારવા લાગ્યો. શાલિભદ્ર પણ દરરોજ નવા વસ્ત્રો પહેરી, અલંકારો પહેરી વિલોપનો લગાવી પોતાની બત્રીસ પત્નીઓ સાથે દિવ્ય સુખ માણવા લાગ્યો.

૪. એક સમયે રાજગૃહી નગરીમાં રત્ન કંબલ વેચનારા કેટલાક વેપારીઓ આવ્યા અને રાજા શ્રેણિકના મહેલમાં જઈને તે કંબલ ખરીદવા કહેવા લાગ્યા. શ્રેણિક મહારાજાએ કંબલનું મૂલ્ય પૂછતા વેપારીએ કહ્યું આ કંબલનું મૂલ્ય એક લાખ સોનામહોર છે. શ્રેણિક મહારાજાએ આ મૂલ્યવાન કંબલો ખરીદવાની અશક્તિ બતાવી. તેથી વેપારીઓ શાલિભદ્રને બંગલે જાય છે. અને ભદ્રા માતાને આ રત્ન કંબલો ખરીદવા કહ્યું. ભદ્રા શેઠાણીએ પોતાની બત્રીસ પુત્રવધૂઓ માટે બત્રીસ કંબલની માંગણી કરી પરંતુ આ વેપારીઓ પાસે માત્ર આઠ કંબલ જ હતી. ભદ્રાએ આ આઠે કંબલ ખરીદી લીધી અને દરેક કંબલના ચાર-ચાર ટૂકડા કરી દરેક ટૂકડો પગ લૂંછવાના રુમાલ તરીકે આપી દીધો. શ્રેણિક મહારાજાની મહારાણી ચેલ્લણાએ જ્યારે આ વાત સાંભળી ત્યારે રાજાને ગમે તેમ થાય તો પણ પોતાને એક કંબલ અપાવવા કહ્યું. તુરત જ શ્રેણિક રાજાએ વેપારીઓને બોલાવવા માણસ મોકલ્યો. વેપારીએ તો બધા કંબલ ભદ્રા શેઠાણીને વેચી દીધા હતા.

રાણીના મુખે શાલિભદ્રની પ્રશંસા સાંભળી રાજા શ્રેણિક આ શાલિભદ્રને પોતાના બંગલે મળવા બોલાવે છે. ભદ્રા શેઠાણી કહે છે, 'મારો પુત્ર બહાર નીળતો નથી. બગીચામાં પણ જતો નથી. જો આપ મળવા માંગતા હો તો મારે બંગલે પધારો.' રાજા શ્રેણિક શાલીભદ્રના બંગલે જાય છે. શેઠાણીએ ભવ્ય સ્વાગત કર્યું. અને ભદ્રા માતા શાલીભદ્રને બોલાવવા ઉપર ગઈ અને કહ્યું, 'બેટા, નીચે આવ, શ્રેણિક મળવા આવ્યા છે.' શાલિભદ્ર જવાબ આપે છેઃ 'મારે નીચે આવી શું કામ છે યોગ્ય કિંમત આપી કરીયાણું ખરીદી લ્યો.' (શ્રેણિક નામનું કરીયાણું આવે છે). ભદ્રા શેઠાણી કહે છે, 'બેટા, આ કરીયાણું નથી. આ તો આપણા નગરના માલિક છે.'

માતાની આ વાત સાંભળી શાલીભદ્ર આશ્ચર્ય પામે છે અને વિચારે છે શું મારા ઉપર હજુ કોઈ માલિક છે? જો ત્રણ ભુવનના નાથ વિદ્યમાન હોય તો નાથ બનવાની કોઈને શી જરૂર?

માલિક શબ્દથી જ શાલીભદ્રના હૃદયમાં ચિનગારી ચંપાઈ ગઈ. રાજાને મળવા નીચે ઉતર્યો પણ મન માનતું નથી. અતિશય રૂપવાન અને સૌભાગ્યવાન શાલિભદ્રને જોઈને શ્રેણિક રાજાને સંતોષ થયો.

શાલિભદ્રનો વૈભવ વર્ણવતી બીજી એક ઘટના બને છે.

ભદ્રા શેઠાણીના આગ્રહથી શ્રેણિક મહારાજ મહેલમાં સ્નાન કરે છે તેવા સમયે તેમની આંગળીમાંથી અંગુઠી-વીંટી ઉડીને બાજુના કૂવામાં જઈ પડે છે. રાજા નિરાશ થાય છે ત્યારે શેઠાણીએ કૂવાનું બધું પાણી બહાર ફેંકાવી કૂવો ખાલી કરાવ્યો. શ્રેણિક રાજા ખાલી

કૂવો જુએ છે તો તેના વિસ્મયનો પાર રહેતો નથી. કૂવામાં ઝળહળતા આભૂષણો વચ્ચે તેની વીંટી સાવ ઝાંખી નજરે પડે છે ત્યારે રાણીની દાસી કહે છે : અમારા સ્વામી શાલિભદ્ર માટે આ બધી વસ્તુ સાવ નકામી છે. તેઓ તો દરરોજ દેવે મોકલાવેલ નવા આભૂષણો પહેરે છે અને જૂના આભુષણો વસ્ત્રો આ કૂવામાં ફેંકી દે છે.

(૫) રાજા શ્રેણિક તો જાય છે પણ શાલિભદ્રના હૃદયમાં વિચાર ક્રાંતિ પેદા કરતો જાય છે. શાલિભદ્ર વિચારે છે રાજાઓના જીવનમાં શાનું સુખ?

શાલિભદ્રને સમજાય છે કે, આવું રાજાઓને મળતું સુખ માત્ર 'મમતા'નું જ છે. 'આ બધું મારું છે' આવા વિચારો જ રાજાને આનંદ આપે છે.

આવા મમતા-મૂલક સુખો કહો કે સ્વર્ગના સુખો મારે ન જોઈએ. બહારથી સુખનો દેખાવ છે પણ અંદર તો પરાધીનતાનું દુઃખ છે. હું હવે એવો કોઈ મંત્ર સાધીશ જે મારા આનંદને પરતંત્રતાની બેડીમાં ન જકડી શકે.

શાલિભદ્રનું મન સંસારમાંથી ઊઠી ગયું. તેવા સમયે શ્રી ધર્મઘોષ નામના આચાર્ય રાજગૃહી નગરીમાં આવે છે. શાલિભદ્ર તેમની દેશના સાંભળે છે. અને માતાની શિખામણથી તે દરરોજ એક એક પત્નીનો ત્યાગ કરી સુખ વૈભવ છોડવા લાગ્યો અને સંયમ જીવન સ્વીકારે છે.

રાજગૃહી નગરીમાં શાલિભદ્રની બહેન સુભદ્રા રહેતી હતી જેના લગ્ન ધન્ના સાથે થયેલા હતા. એક સમયે પતિને સ્નાન કરાવતા તેણીના આંસુ ધન્નાના ખભા ઉપર પડે છે. ધન્નાએ પૂછ્યું કેમ રડે છે? સુભદ્રાએ જવાબ આપ્યો, મારો ભાઈ દીક્ષા લેવાનો છે અને દરરોજ એક એક પ્રિયાનો ત્યાગ કરે છે. ધન્નાએ કટાક્ષ કર્યો, છોડવું જ છે તો બધું એક સાથે કેમ છોડતો નથી? તે કાયર છે, એક સાથે જ બધું છોડી દેવું જોઈએ.

આ સાંભળી સુભદ્રા ચૂપ થઈ જાય છે પણ બીજી પત્નીઓ બોલી ઊઠે છે કે તમો તો ખાલી ડોળ કરો છો. તમારે સંસારમાં ચીટકી રહેવું છે અને બીજાને ઉપદેશ આપો છો. તમે તો કાયરના સરદાર છો. બીજાને દીક્ષા અપાવવી સહેલી છે પણ પોતે લેવી અઘરી છે. તમે કેમ દીક્ષા લેતા નથી?

પત્નીઓની વાત સાંભળી ધન્નાને પણ સંયમ લેવાની ભાવના જાગી અને શ્રી અને સ્ત્રીના ત્યાગથી ઉત્તમ ફળ મળે છે તેમ વિચારી દીક્ષા ગ્રહણ કરે છે. 'જો આપ દીક્ષા લેશો તો, અમે બધા પણ સંયમ લઈશું, પતિ હોય ત્યાં જ સતી શોભે' અને બધા પ્રભુ મહાવીર દેવની રાહ જોવા લાગ્યાં.

૬. ભગવાન મહાવીર દેવ છેવટે રાજગૃહી નગરીમાં આવી પહોંચ્યા. આઠેય પત્નીઓ સહિત ધન્નાએ પ્રભુ પાસે દીક્ષા લીધી. આ જોઈને માતાને કહે છે, 'હજુ તું મને કેમ દીક્ષા લેવા રજા નથી આપતો?'

ભદ્રા શેઠાણી શાલિભદ્રને દીક્ષા લેવા રજા આપે છે. શ્રેણિક મહારાજાએ કહ્યું, 'હું પોતે જ શાલિભદ્રનો દીક્ષા મહોત્સવ કરીશ. તેણે અઠ્ઠાઈ મહોત્સવ કર્યો. સાત ક્ષેત્રોમાં પોતાની સંપત્તિ વાપરી. સોનૈયાઓનું દાન કરીને શુભ મુહુર્તે પ્રભુ મહાવીરે દીક્ષા આપી. દીક્ષા પર્યાયમાં બનેવી ધન્ના મુનિ સાથે મૈત્રી જામી જાય છે અને બંને સાધનામાં જોડાય છે.

દીક્ષા પર્યાયમાં ગુરુ ગૌતમે ધન્ના અને શાલિભદ્રને અગિયાર અંગો ભણાવ્યા. ગુરુ નિશ્રામાં તપ, તપવા લાગ્યા અને તપથી કાયા કરમાવા લાગી.

૧૨ વર્ષ બાદ ગુરુ સાથે તેઓ રાજગૃહી નગરીમાં પાછા આવે છે. માસક્ષમણની ઉગ્ર તપશ્ચર્યા કરે છે. પ્રભુ મહાવીર કહે છે, આજે તારી માતા પારણું કરાવશે. 'પ્રભુની આજ્ઞા લઈને ગોચરી માટે બધા મુનિઓ સાથે ભદ્રા શેઠાણીના મહેલમાં જાય છે. ધર્મ-લાભ કહી બધા મુનિઓ સાથે ઊભા રહે છે. પરંતુ કોઈનું ધ્યાન શાલિભદ્ર તરફ જતું નથી કારણ કે તે ઓળખી શકાય તેવા રહ્યા નથી.

નગરમાંથી બહાર નીકળતા રસ્તામાં એક દહીં વેચનારી મહિયારી સામે મળે છે. આ વૃદ્ધ સ્ત્રી શાલિભદ્રને જોઈ અત્યંત રોમાંચિત બની જાય છે. ઘડપણમાં પણ તેના સ્તનમાંથી દૂધની ધારા ઝરવા લાગી. તેણે દહીં શાલિભદ્રને પ્રેમથી વહોરાવ્યું.

ભગવાન પાસે આવીને શાલિભદ્ર બોલી ઊઠ્યા, 'મારી માતાએ પારણું ક્યાં કરાવ્યું? પ્રભુ મહાવીરે જવાબ આપ્યો, એ દહીં વેચનારી તારી પૂર્વ ભવની માતા જ હતી. પ્રભુએ પૂર્વભવની બધી વાત સમજાવી. શાલિભદ્ર તો વૈરાગ્ય ભાવમાં ઉછળી ઉઠે છે. પારણું કર્યું પણ મન તો આત્મભાવમાં રમતું હતું.

૭. પ્રભુ વીરની વાણી સાંભળી શાલિભદ્ર વિચાર કરતા રહે છે આ જન્મ મરણના ચક્કર ક્યાં સુધી ચાલશે? એક વખતનો સંગમ ગોવાળ, સાવ ગરીબ, આ ભવમાં ઋદ્ધિવાન શાલિભદ્ર અને આજે આ મુનિ! કર્મસત્તા બળવાન છે તે કેવા નાચ નચાવે છે, હવે તો મારે આ જંજાળોમાંથી મુક્ત બની અનશન કરી જલ્દીથી આત્મ કલ્યાણ સાધી લેવું છે. અનશનની ઈચ્છાવાળા બંન્ને મુનિઓ પ્રભુ મહાવીર પાસે પહોંચ્યા. પ્રભુએ આશીર્વાદ આપ્યા. ગુરુ ગૌતમ સાથે બન્ને મુનિઓ 'વૈભારગિરિ' ઉપર આવ્યાં.

ચાર આહારનો સંપૂર્ણ ત્યાગ કરી તેઓએ 'પાદયોગમ' નામનું અનશન સ્વીકાર્યું. માતા ભદ્રા સાથે શાલિભદ્ર મુનિના દર્શન કરવા ઉત્સુક બનીને પત્નીઓ જોવા લાગી. શાલિભદ્ર ક્યાંય નજરે ન પડ્યા. ભદ્રા માતાને ધ્રાસ્કો પડ્યો. અને પ્રભુને પૂછવા લાગી.

'મારા ઘરે શાલિભદ્ર મુનિને વહોરવા કેમ ન મોકલ્યા?' પ્રભુએ કહ્યું, 'તમારા ઘરે મુનિરાજ પધાર્યા હતા. પણ તમે ઓળખી ન શક્યા.' રસ્તામાં પૂર્વ ભવની માતા 'ધન્યાએ' દહીં વહોરાવ્યું હતું. દહીંથી માસ-ક્ષમણનું પારણું કરી મારી સંમતિ લઈ વૈભાર પર્વત ઉપર હમણાં જ ગયા છે અને અનશન સ્વીકારી લીધું છે. વૈભાર પર્વત ઉપર આવી પહોંચી, શ્રેણિક મહારાજા અને મંત્રી અભયકુમાર પણ ત્યાં આવી પહોંચે છે.

ધગધગતી શિલા ઉપર માખણના પિંડ જેવા ધન્ના અને શાલિભદ્ર મુનિને દેખીને ભદ્રા માતા હૈયાફાટ રુદન કરવા લાગી.

શ્રેણિક મહારાજા ભદ્રા શેઠાણી પાસે આવી કહેવા લાગ્યા, 'હે ભદ્રા! તું તો આ જગતમાં પરમ વંદનીય છે. તું તો રત્ન-કુક્ષિ છે. તું તો નંદનવનની ધરતી છે. તેં આવા કલ્પવૃક્ષ સમાન મહાન એવા આ ધન્ય બનેલા મહામુનિવરને જન્મ આપ્યો છે. લોકો જે મૃત્યુથી ડરે છે તે મૃત્યુને તારા આ મહાન તેજસ્વી પુત્ર-રત્ને સામે ચાલીને આમંત્રણ આપ્યું છે. તારે તો તેને કોટિ કોટિ વંદન કરી અંતરથી અભિનંદન આપવા જોઈએ.

શ્રેણિકની સમજાવટથી ભદ્રા માતા શાંત બની અને કહેવા લાગી, 'હે પ્રભુ મહાવીરના અને ગુરુ ગૌતમના શિષ્ય તું પરમ શાતા અનુભવ! બન્ને મુનિવરો તમારો માર્ગ કલ્યાણકારી બનો. ભદ્રા માતા અને રાજા શ્રેણિક પોતાના સ્વસ્થાને જાય છે અને તુરત જ બન્ને મુનિઓ સમાધિપૂર્વક કાળધર્મ પામીને 'સર્વાર્થસિદ્ધ' નામના વિમાનમાં તેઓ ઉત્તમ દેવ થયા, ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્યપણું પામી તેઓ મોક્ષમાં જશે. કોટિ કોટિ વંદના હોજો આ બન્ને મુનિરાજોને.

જય હો! જય હો! ધન્ના-શાલિભદ્ર મુનિવરોના દેવ-આત્માનો.

**આ ગ્રંથનું એ સમય-કાળમાં જૈન ધર્મ અને સાહિત્યમાં સ્થાન :**

પ્રભુ મહાવીરના સમયની આ કથા છે. મગધ દેશમાં પ્રભુ મહાવીર વિચરે છે. રાજા શ્રેણિકનું રાજ્ય છે. તે સમયે સમાજમાં દંભ, ક્રિયાકાંડ, પશુબલી અને અહિંસાનું સામ્રાજ્ય ફેલાયું હતું. લોકો વૈભવ વિલાસમાં ફસાયેલા છે. પ્રભુ એક નવો જ રાહ ચીંધે છે. પ્રસ્તુત કથામાં તે સમયની ધાર્મિક પરંપરાની ઝલક દેખાય છે. પ્રભુએ તપનો મહિમા બતાવ્યો અને સંયમ વડે સાધના કરી મુક્તિનો માર્ગ બતાવ્યો છે. જૈન સાહિત્ય હજારો ગ્રંથોમાં અને લાખો હસ્તપ્રતોમાં અનેક ભાષાઓમાં વિસ્તરેલું છે. આવા ગ્રંથો ખરેખર જૈન ધર્મના સિદ્ધાંતોને પુષ્ટિ આપે છે. તે સમયમાં સંયમનું અને જૈન શાસન આવા મહાપુરુષોથી પ્રભાવિત બનેલું છે. આવા ગ્રંથોનો શાસનમાં ખૂબ જ પ્રભાવશાળી મહિમા છે. જે તે સમયની સમાજ-ધર્મ-રાજકીય અને સામાજિક વ્યવસ્થાનો પરિચય કરાવે છે. સમાજમાં તે સમયે મહાવીર-પ્રભુની દેશનાથી શાલિભદ્ર અને ધન્ના જેવા વૈભવમાં આળોટતા ઋદ્ધિશાળી ધનિકો સંસાર છોડીને સંયમના પંથે કેવા નીકળી પડે છે તેનો ખ્યાલ આવા ગ્રંથોથી આવે છે. પચીસસો વર્ષ પહેલાની ઘટનાને કથા સ્વરૂપે સાંભળી આજના શ્રાવક-શ્રાવિકાઓ ધન્ય બને છે.

પ્રાચીન સમયમાં પંડિત ધર્મકુમાર વિરચિત શાલિભદ્ર ચરિત્ર ઉપર કોઈ ટીકા ગ્રંથ લખાયેલ જોવા મળતો નથી. કેટલીક હસ્તપ્રતો જોવા મળે છે. તેમાંથી એક અવચુરી મૂળ સાથે શ્રી યશોવિજયજી ગ્રંથમાળાએ વિ. સં. ૧૯૬૬માં પોતાના પંદરમા ગ્રંથ તરીકે પ્રકાશિત કરેલ જાણવા મળે છે.

**ગ્રંથનું ચિંતન :**

આજે લોકો શ્રી શાલિભદ્ર ચરિત્ર વાંચી મહાકાવ્યનો આનંદ માણી શાલિભદ્ર અને ધન્ના જેવા મહાપુરુષોને કોટિ કોટિ વંદન કરે છે. પ્રથમ તો પરમાત્મા પાસે ધન્ના-શાલિભદ્ર જેવી ઋદ્ધિ અને રિદ્ધિ-સિદ્ધિની માંગણી કરે છે અને છેવટે તેઓના ત્યાગની અને સમતાની વાત સાંભળી તેઓનો જય જયકાર બોલાવે છે.

પ્રસ્તુત મહાકાવ્યની ફળશ્રુતિ માત્ર આ ચાર લીટીની પ્રાર્થનામાં જ ટૂંકમાં વર્ણાવી શકાય.

આ લઘુ નિબંધની સમાપ્તિ નીચેની પ્રાર્થના લખી શાલિભદ્ર અને ધન્નાના જીવનને ટૂંકમાં ફળશ્રુતિરૂપે દર્શાવું છું.

**હે માનવ :**

*મમતા તું મેલ, મમતા તું મેલ, માયાવી દુનિયાની મમતા તું મેલ,*
*જુઠો આ ખેલ, જુઠો આ ખેલ, સંસારી દુનિયાનો જુઠો આ ખેલ,*
*જે તારું દેખાય, તે તારું ન થાય, ખાલી જંજાળોમાં ભમતો તું જાય,*
*જીવનમાં એક, રાખી લે 'ટેક', 'મુક્તિ'ને કાજે આ માનવનો દેહ..*

આ લઘુ નિબંધના લખાણમાં ક્યાંય શ્રી જિનાજ્ઞા વિરુદ્ધ લખાણ થઈ ગયું હોય એનું ત્રિવિધે, ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્.

**સંદર્ભ ગ્રંથો :**

(૧) ધન્ના-શાલિભદ્ર રાસ - જિન વિજય (૨) ધન્નાનો રાસ - શ્રી ગંગમુનિ (૩) શાલિભદ્ર શ્લોકો - ઉદય રત્ન (૪) ધન્નાઓઢાળીયું - શ્રી ગુણચંદ (૫) શાલિભદ્ર રાસ - જિન હર્ષસૂરિ (૬) ધન્ના-શાલિભદ્ર ચરિત્ર - ગુણ વિનય (૭) ધન્ના-સજ્ઝાય - શ્રી લક્ષ્મી કલ્લોલ (૮) શાલિભદ્ર ચોપાઈ - જિન વર્ધમાન (૯) ધન્ના-શાલિભદ્ર ચોપાઈ - શ્રી જિન વર્ધમાન (૧૦) શાલિભદ્ર ઓઢાળીયું - શ્રી પદ્મચન્દ્રસૂરિ (૧૧) ધન્ના-શાલિભદ્ર સજ્ઝાય - વિદ્યા કીર્તિ (૧૨) ધન્ના-શાલિભદ્ર રાસ - જિન વિજય (૧૩) ધન્ના-શાલિભદ્ર ચરિત્ર - શ્રી ત્રિલોકસૂરી (૧૪) ધન્ના-શાલિભદ્ર ચરિત્રમ (કાવ્ય) - શ્રી ધર્મકુમાર (૧) શાલિભદ્ર મહાકાવ્યમ્ - પંડિત ધર્મકુમાર રચિત ગુજરાતી અનુવાદ...ટીકા શ્રી મુનિચંદ્રવિજયજી મ. સાહેબ

✶ ✶ ✶

૩, કોઠારી નગર સોસાયટી, મેઘાણી માર્ગ,
સુરેન્દ્રનગર-૩૬૩૦૦૨. (ગુજરાત)
મોબાઈલ : ૦૯૪૨૮૪૭૪૦૪૫.

# અભિધાન ચિંતામણિનામમાલા

□ પ્રા. હિતેશ જાની

*લેખક છેલ્લા છ વર્ષથી શામળદાસ આર્ટ્સ કૉલેજ ભાવનગર ખાતે ગુજરાતી વિષયમાં મુલાકાતી વ્યાખ્યાતા તરીકે કાર્યરતછે. ઉપરાંત છેલ્લા છ વર્ષથી ભુતા કૉલેજ સિહોર ખાતે ગુજરાતી વિષયમાં ખંડ સમયના વ્યાખ્યાતા તરીકે કાર્યરત.*

**ગ્રંથનામ :** અધિભાન ચિંતામણિનામમાલા, **ગ્રંથકર્તા :** આચાર્ય હેમચંદ્ર, **ગ્રંથ સમય :** અંદાજે વિક્રમ સંવત ૧૨૦૭-૦૮. **ગ્રંથભાષા :** સંસ્કૃત. **ગ્રંથનો વિષય :** કોશ સાહિત્ય.

**ગ્રંથકર્તાનો વિગતે પરિચય :**

'પ્રભાવક ચરિત્ર' નામના પ્રાચીન ગ્રંથમાંથી આચાર્યશ્રીના પૂર્વજીવન અંગેની સત્તાવાર માહિતી મળે છે. તે ગ્રંથમાં જણાવ્યા પ્રમાણે આચાર્યશ્રી હેમચંદ્રનો જન્મ વિક્રમ સંવત ૧૧૪૫ના કારતક સુદ પૂર્ણિમા (તારીખ ૭-૧૧-૧૦૮૮)ના શુભ દિને ધંધુકામાં મોઢ વણિક જ્ઞાતિમાં થયો હતો. તેમના પિતાનું નામ ચાચિંગ અને માતાનું નામ પાહિણી હતું. શ્રી હેમચંદ્રાચાર્યનું સંસારી નામ ચંગદેવ હતું.

પિતા બહારગામ હોવાથી માતા પાસેથી શ્રી દેવચંદ્રસૂરિએ બાળક ચંગદેવની માંગણી કરી. માતાની સંમતિ લઈને આચાર્યશ્રીએ વિક્રમ સંવત ૧૧૫૦માં બાળક ચંગદેવને ખંભાત મુકામે જૈન સાધુ તરીકેની દીક્ષા આપી. નવદીક્ષિત ચંગદેવનું નામ 'સોમચંદ્ર' રાખવામાં આવ્યું.

થોડાક જ સમયમાં આ બાળક મુનિએ પોતાની બૌદ્ધિક પ્રતિભાથી કુશળતા હાંસલ કરી અને વિદ્યાકીય ક્ષેત્રે પ્રવીણતા મેળવી. વિદ્યાની સાથે-સાથે જ ત્યાગ, તપ અને સંયમ જેવા સદ્‌ગુણો પણ જીવનમાં ખીલવ્યા. તેમની યોગ્યતા જોઈ વિક્રમ સંવત ૧૧૬૬માં માત્ર ૨૧ વર્ષની ઉંમરે તેમને આચાર્યપદ આપવામાં આવ્યું. ચંગદેવ નામનો બાળક હવે આચાર્ય 'હેમચંદ્ર' નામથી ઓળખાવા લાગ્યા.

વિક્રમ સંવત ૧૧૯૨માં આચાર્યશ્રીની સિદ્ધરાજ જયસિંહ સાથે મુલાકાત થઈ. પ્રથમ મુલાકાતથી જ પ્રભાવિત થયેલા સિદ્ધરાજે આચાર્યશ્રીને કાયમ માટે પોતાના દરબારમાં માનભેર ઉચ્ચ સ્થાન આપ્યું. સિદ્ધરાજની વિનંતીથી જ આચાર્યશ્રીએ નવું વ્યાકરણ રચ્યું. સિદ્ધરાજ અને હેમચંદ્રાચાર્ય બંનેના નામોને અમર કરતા આ વ્યાકરણ ગ્રંથનું નામ 'સિદ્ધહેમ શબ્દાનુશાસન' રાખવામાં આવ્યું.

સિદ્ધરાજના અવસાન પછી કુમારપાળ ગાદી પર આવ્યો. કુમારપાળ શરૂથી જ આચાર્યને પોતાના સદ્‌ગુરુ માનતો હતો. સિદ્ધરાજ અને કુમારપાળનો શાસનકાળ સાચા અર્થમાં 'હેમયુગ' હતો. રાજકીય કાવાદાવાથી પર રહી ખૂનામરકી કર્યા વગર બે વિરોધી રાજવીઓ સાથે સુમેળ રાખનાર આ યુગપુરુષ એક વિરલ, વિરાટ વિભૂતિ હતા.

ગુજરાતના સમર્થ રાજવી સિદ્ધરાજ અને સંસ્કારી રાજવી કુમારપાળને ઈતિહાસમાં અમરસ્થાન આપવામાં શ્રી હેમચંદ્રાચાર્યના સાહિત્ય સર્જનનું જ બહુમૂલ્ય પ્રદાન છે.

'શ્રી સિદ્ધહેમ શબ્દાનુશાસન' રચી આચાર્યશ્રીએ સિદ્ધરાજને અમર બનાવ્યો. જ્યારે 'યોગશાસ્ત્ર', 'ત્રિષષ્ટિ શલાકા પુરુષચરિત' અને 'પરિશિષ્ટ પર્વ' જેવા ગ્રંથો રચી આચાર્યશ્રીએ કુમારપાળની ધાર્મિક તૃપ્તિને સહોદિત બનાવી અને જૈન ધર્મના સિદ્ધાંતો તથા તીર્થંકરો તેમજ પ્રાચીન સૂરિપુંગવોનું જ્ઞાન બક્ષ્યું. 'દ્વાયાશ્રય' મહાકાવ્ય રચી સિદ્ધરાજ અને કુમારપાળની યશ કીર્તિને ચિરંજીવી બનાવી.

સમગ્ર વિશ્વના સાહિત્યકારોમાં હેમચંદ્રાચાર્યનું સ્થાન અદ્વિતીય છે. સાહિત્યનું એક પણ ક્ષેત્ર એવું નથી જેમાં તેમણે પ્રદાન ન કર્યું હોય. વિવિધ પ્રકારના ગ્રંથો રચી તેમણે પોતાની વિદ્વતાના દર્શન વિશ્વને કરાવ્યાં.

જ્ઞાનના તમામ ક્ષેત્રોમાં પારંગત એવા શ્રી હેમચંદ્રાચાર્ય સાચા અર્થમાં જ 'કલિકાલસર્વજ્ઞ' કહેવાય છે. કનૈયાલાલ મુનશી આચાર્યશ્રી માટે યોગ્ય જ નોંધે છે કે, 'શ્રી હેમચંદ્રાચાર્ય ગુજરાતની અસ્મિતાના એક કર્ણધાર હતા.' તો કુમારપાળ દેસાઈ આચાર્યશ્રી માટે કહે છે તે સર્વથા યોગ્ય છેઃ 'ગુજરાતી ભાષાનું પ્રભાત કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યથી ઊઘડે છે.'

જન્મ, જરા, વ્યાધિ અને મૃત્યુ એ દેહનો ધર્મ છે એ મુજબ ૮૪ વર્ષનું આયુષ્ય ભોગવી વિક્રમ સંવત ૧૨૨૯માં આચાર્યશ્રી કાળધર્મ પામ્યા.

**આચાર્યશ્રી હેમચંદ્રએ રચેલ ગ્રંથો**

**(૧) વ્યાકરણ અને તેના અંગો**

| અનુક્રમ | નામ | શ્લોક પ્રમાણ |
|---|---|---|
| ૧. | સિદ્ધહેમ-લઘુવૃત્તિ | ૬૦૦૦ |
| ૨. | સિદ્ધહેમ-બૃહદ્‌વૃત્તિ (તત્ત્વ પ્રકાશિકા) | ૧૮૦૦૦ |
| ૩. | સિદ્ધહેમ-બૃહન્યાસ (શબ્દ મહાર્ણવન્યાસ) (અપૂર્ણ) | ૮૪૦૦ |
| ૪. | સિદ્ધહેમ-પ્રાકૃતવૃત્તિ | ૨૨૦૦ |
| ૫. | લિંગાનુશાસન-સટીક | ૩૬૮૪ |
| ૬. | ઉણાદિ ગણ વિવરણ | ૩૨૫૦ |
| ૭. | ધાતુ પારાયણ-વિવરણ | ૫૬૦૦ |
| **(૨) કોશ ગ્રંથો** | | |
| ૮. | અભિધાન ચિંતામણિ-સ્વોપજ્ઞ ટીકાસહિત | ૬૦૦૦ |

| | | |
|---|---|---|
| ૯. | અભિધાન ચિંતામણિ–પરિશિષ્ટ | ૨૦૪ |
| ૧૦. | અનેકાર્થ કોશ | ૧૮૨૪ |
| ૧૧. | નિઘંટુ શેષ (વનસ્પતિ વિષયક) | ૩૯૬ |
| ૧૨. | દેશી નામમાલા–સ્વોપજ્ઞ ટીકાસહિત | ૩૫૦૦ |
| **(૩) સાહિત્ય અલંકાર** | | |
| ૧૩. | કાવ્યાનુશાસન–સ્વોપજ્ઞ અલંકાર ચૂડામણિ અને 'વિવેક' વૃત્તિ સહિત | ૬૮૦૦ |
| **(૪) છંદ ગ્રંથો** | | |
| ૧૪. | છંદોનુશાસન–છંદચૂડામણિ ટીકાસહિત | ૩૦૦૦ |
| **(૪) દર્શન** | | |
| ૧૫. | પ્રમાણમીમાંસા–સ્વોપજ્ઞવૃત્તિ સહિત (અપૂર્ણ) | ૨૫૦૦ |
| ૧૬. | વેદાંકુશ (દ્વિજવદનચપેટા) | ૧૦૦૦ |
| **(૬) ઈતિહાસ કાવ્ય–વ્યાકરણ સહિત** | | |
| ૧૭. | સંસ્કૃત દ્વયાશ્રય મહાકાવ્ય | ૨૮૨૮ |
| ૧૮. | પ્રાકૃત દ્વયાશ્રય મહાકાવ્ય (ઉર્ફે કુમારપાલચરિત) | ૧૫૦૦ |
| **(૭) ઈતિહાસ કાવ્ય અને ઉપદેશ** | | |
| ૧૯. | ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત (મહાકાવ્ય-દશપર્વ) | ૩૨૦૦૦ |
| ૨૦. | પરિશિષ્ટ પર્વ | ૩૫૦૦ |
| **(૮) યોગ** | | |
| ૨૧. | યોગશાસ્ત્ર (સ્વોપજ્ઞ ટીકાસહિત) | ૧૨૫૭૦ |
| **(૯) સ્તુતિ સ્તોત્ર** | | |
| ૨૨. | વીતરાગસ્તોત્ર (પદ્ય) | ૧૮૮ |
| ૨૩. | મહાદેવ સ્તોત્ર (પદ્ય) | ૪૪ |
| ૨૪. | અન્યયોગવ્યવચ્છેદ દ્વાત્રિંશિકા (પદ્ય) | ૩૨ |
| ૨૫. | અયોગવ્યવચ્છેદ દ્વાત્રિંશિકા (પદ્ય) | ૩૨ |
| **(૧૦) નીતિશાસ્ત્ર** | | |
| ૨૬. | અર્હન્નીતિ | ૧૮૮ |

**અન્ય કૃતિઓ**

૧. મધ્યમ વૃત્તિ (સિદ્ધહેમ શબ્દાનુશાસનની ટીકા), ૨. રહસ્ય વૃત્તિ (સિદ્ધહેમ શબ્દાનુશાસનની ટીકા), ૩. અર્હનામ સમુચ્ચય તથા અર્હન્નીતિ, ૪. નાભેય–નેમિદ્વિસંધાન કાવ્ય, ૫. ન્યાય બલાબલ સૂત્ર, ૬. બલાબલસૂત્ર–બૃહદ વૃત્તિ, ૭. બાલભાષાવ્યાકરણ સૂત્ર કૃતિ.

**અભિધાન ચિંતામણિનામમાલા :**

શબ્દસમૃદ્ધિ કોઈપણ સુસંસ્કૃત, પરિમાર્જિત અને વિકસિત ભાષાનું ઉત્તમ લક્ષણ મનાય છે. માનવ મનમાં ઉપજતા સૂક્ષ્મતમ ભાવોની અભિવ્યક્તિ શબ્દથી થઈ શકે છે. તેમ છતાં વારંવાર એવું પ્રતિપાદન કરવામાં આવે છે કે શબ્દની શક્તિ સીમિત છે, તેનો અર્થ એટલો જ થઈ શકે કે શબ્દને અપરિમિત તરફ વિકાસ પામવાની પૂર્ણ ક્ષમતા છે. શબ્દ સતત પરિવર્તનશીલ રહ્યો છે. સમયના વહેણ અને આદાન-પ્રદાન પ્રક્રિયાની સાતત્યપૂર્ણ વિધિને કારણે શબ્દો વિસ્મૃતિના ગર્તમાં વિલીન થાય છે. કોઈકવાર અર્થસંદર્ભ બદલાઈ જાય છે, તો કોઈકવાર નવીન સ્વરૂપ પામે છે. માટે પ્રત્યેક યુગમાં અથવા કાલાન્તરે શબ્દસંગ્રહ થતા રહ્યા છે. જેને LEXICOGRAPHY કહેવાય છે. શબ્દ વૈજ્ઞાનિક અને શાસ્ત્રીય ગ્રંથોમાં પારિભાષિક બનતો હોવાથી વિશિષ્ટ અર્થ ધારણ કરે છે. તેથી વૈજ્ઞાનિક પારિભાષિક કોશ અને શબ્દકોશ અસ્તિત્વમાં આવ્યા.

શબ્દકોશના રચયિતાના આદાનપ્રદાન અને વર્ષો સુધીની અથાગ મહેનત તેમજ પૂર્વવર્તી શબ્દસંગ્રહોની સહાયથી નવી-નવી આવૃત્તિઓ સર્જાતી જાય છે. શાસ્ત્રીય પ્રચલિત, દેશ્ય અને અલ્પ પરિચિત શબ્દોનું વર્ગીકરણ પણ કરવામાં આવ્યું છે. જે કોઈ શબ્દો સચવાયા છે એની કરતા વધારે સંખ્યામાં શબ્દો વિસ્મૃત થઈ ગયા છે. અર્થશાસ્ત્રનો સિદ્ધાંત છે કે જે સંપત્તિ છૂપાયેલી છે અથવા અર્થોપાર્જનના હેતુ માટે નથી તે સંપત્તિ મૃત્ત છે, અનુપયોગી છે. પરંતુ જે વિધિપૂર્વક વ્યવસાયમાં લગાવેલી છે તે સાર્થક છે, જીવંત છે. એવી જ રીતે ભાષાના સંસારમાં જે શબ્દરાશિ અહીં તહીં વિખરાયેલી પડી છે તે પણ મૃત છે. અને જે પ્રયોગના અભાવે ભૂગર્ભમાં પડી છે તે પણ નિરુપયોગી છે. આથી આમ-તેમ વિખરાયેલી શબ્દસંપત્તિને વ્યવસ્થિત રૂપ આપીને તેના સામર્થ્યનો ઉપયોગ કરવો આવશ્યક છે. કોશકાર વૈજ્ઞાનિક પદ્ધતિથી સમાજમાં અત્ર-તત્ર વિખરાયેલ શબ્દરાશિને સંકલિત અથવા વ્યવસ્થિત કરીને કોશનિર્માણનું કાર્ય કરે છે, જેનાથી નિરુપયોગી એવમ્ મૃત શબ્દાવલિને ઉપયોગી બનાવી જીવંત બનાવે છે. આ જ કારણસર પ્રાચીન સમયથી જ કોશસાહિત્યની રચના થતી આવી છે.

સંસ્કૃત ભાષા મહાન શબ્દસંપત્તિથી યુક્ત છે. જેના શબ્દકોશ ક્યારેય ક્ષય ન પામવાવાળા નિધિની સમાન અક્ષય-અનંત છે. એના ભંડાર અનેક સદીઓથી સમૃદ્ધ થતાં રહ્યાં છે. શબ્દ ભાવને વહન કરતું વાહન છે. જ્યાં સુધી સંકેત ગ્રહણ ન થાય ત્યાં સુધી શબ્દની ઉપયોગિતા રહેતી નથી. એક જ શબ્દ સંકેતભેદ – ભેદથી ભિન્ન – ભિન્ન અર્થોના વાચક બને છે. કોશજ્ઞાન શબ્દસંકેત સમજવા માટે અતિ આવશ્યક છે. સાહિત્યમાં શબ્દ અને શબ્દના અર્થોના ઉચિત પ્રયોગને જાણવા માટે કોશજ્ઞાન, વ્યાકરણજ્ઞાન કરતાં અધિક ઉપયોગી છે. કોશ દ્વારા જ વાચ્યાર્થથી લક્ષણા તેમજ વ્યંગ્યાર્થનો બોધ મળે છે.

સંસ્કૃત ભાષામાં કોશગ્રંથની પરંપરા બહુ જ પ્રાચીન છે. વૈદિકયુગમાં જ કોશ વિષયક ગ્રંથ લખવાની શરૂઆત થઈ ગઈ હતી. વેદમંત્રોના દૃષ્ટા ઋષિ કોશકાર પણ હતા. પ્રાચીન કોશના અત્યારે માત્ર ઉદાહરણ જ મળે છે. તેના પરથી ખ્યાલ આવે છે કે પ્રાચીનકોશ અત્યારના કોશ કરતાં સર્વથા ભિન્ન હતા. પ્રાચીન સમયમાં વ્યાકરણ અને કોશ લગભગ એક જ શ્રેણીના હતા. તેમજ તે બંનેનો સમાવેશ

શબ્દશાસ્ત્ર અંતર્ગત થતો હતો. વિલુપ્ત કોશગ્રંથમાં સૌ પ્રથમ છે ભાગુરિ રચિત કોશ. ત્યારબાદ આપિશલ રચિત કોશ, શાકટાયન રચિત કોશ, વ્યાડિકૃત કોશના નામ પ્રાપ્ત થાય છે. ભારતીય ભાષામાં યાસ્ક સૌથી પ્રાચીન સર્વમાન્ય કોશકાર છે. તેમણે 'નિઘંટુ' (શબ્દસંગ્રહ), 'નિરુક્ત' (વ્યુત્પત્તિશાસ્ત્ર)ની રચના કરી હતી. તેમણે પોતાના બંને ગ્રંથોમાં પ્રામાણિકપણે પોતાના પુરોગામી ગાર્ગ્ય, શાકટાયન, ઔપમન્યુ આદિનો નિર્દેશ કરીને તેમના વિચારો પ્રગટ કર્યા છે.

આ ઉપરાંત પ્રાચીન અને ખ્યાતિપ્રાપ્ત એવો સંસ્કૃત ભાષામાં અમરસિંહ રચિત 'અમરકોશ' ઉપલબ્ધ બને છે. આ અમરસિંહ બૌદ્ધધર્મી હતા એવું કોઈક માને છે તો કોઈક તેમને જૈન માને છે. તેમની ગણના વિક્રમાદિત્યના નવરત્નોમાં કરવામાં આવેલી. આથી તેમનો સમય ઈ. સ.ની ચોથી સદી કહી શકાય. 'અમરકોશ'નો ચીની ભાષામાં અનુવાદ ઈ. સ.ની છઠ્ઠી સદી પહેલા થઈ ચૂક્યો હતો. કવિ-વ્યાકરણશાસ્ત્રી હલાયુધે 'અભિધાન રત્નમાલા' નામનો કોશગ્રંથ લખ્યો છે. જેમાં ૮૮૭ શ્લોકમાં પર્યાયવાચી અને સમાનાર્થક શબ્દોનો સંગ્રહ છે. આચાર્ય યાદવ પ્રકાશે વૈજ્ઞાનિક રીત મુજબ 'વૈજયન્તી' કોશ લખ્યો છે. જેમાં શબ્દના અક્ષર, લિંગ અને પ્રારંભિક વર્ણને ક્રમાનુસાર રજૂ કરવામાં આવ્યા છે. મહાકવિ ધનંજયે ત્રણ કોશ રચ્યા છેઃ 'નામમાલા', 'અનેકાર્થ-નામમાલા' અને 'અનેકાર્થ નિઘંટુ'. 'નામમાલા'માં ૨૦૦ શ્લોકમાં જ સંસ્કૃત ભાષાની આવશ્યક શબ્દાવલિનું ચયન કરવામાં આવ્યું છે. 'અનેકાર્થનામમાલા'માં ૬૬ શ્લોકમાં એક જ શબ્દના અનેક અર્થનું પ્રતિપાદન કરી અર્થસંકલન કરવામાં આવ્યું છે. 'અનેકાર્થનિઘંટુ'માં ૨૬૮ શબ્દોના વિભિન્ન અર્થ સંગ્રહિત કર્યા છે. જેમાં એક જ શબ્દના ત્રણ-ચાર અર્થો દર્શાવ્યા છે.

કોશસાહિત્યની સમૃદ્ધિ માટે બારમી સદી મહત્ત્વપૂર્ણ છે. જેમાં કેશવસ્વામી રચિત 'નાનાર્થાર્ણવ સંક્ષેપ' અને 'શબ્દકલ્પદ્રુમ' છે. અભયપાલ દ્વારા 'નાનાર્થ રત્નમાલા' નામનો નાનાર્થક કોશ રચવામાં આવ્યો છે. આચાર્ય હેમચંદ્ર દ્વારા 'અભિધાન ચિંતામણિ', 'અનેકાર્થસંગ્રહ', 'નિઘંટુ શેષ' અને 'દેશીનામમાલા' નામના ચતુર્થ કોશની રચના કરવામાં આવી. આ સમયમાં જ ભૈરવ કવિએ 'અનેકાર્થકોશ'નું નિર્માણ કર્યું. જ્યારે ચૌદમી સદીમાં મેદિનિકર દ્વારા 'અનેકાર્થ' શબ્દકોશની રચના કરવામાં આવી છે. શ્રીધરસેન દ્વારા 'વિશ્વલોચનકોશ'ની રચના કરવામાં આવી છે. સત્તરમી સદીમાં કેશવ દેવજ્ઞ 'કલ્પદ્રુમ' અને અપ્પય દીક્ષિતે 'નામસંગ્રહમાલા' નામના કોશગ્રંથ લખ્યા છે. આ ઉપરાંત ભોજનો 'નામમાલાકોશ', કર્ણપુરનો 'સંસ્કૃત પારસિક પ્રકાશ' અને શિવદત્તના 'વિશ્વકોશ' જેવો સન્માન્ય કોશ ગ્રંથ પણ મળે છે.

**અભિધાન ચિંતામણિનામમાલા :**

| કાંડ | કાંડ નામ | શ્લોક સંખ્યા | વિષય નોંધ |
|---|---|---|---|
| ૧ | દેવાધિદેવ કાંડ | ૧ થી ૮૬ (કુલ ૮૬) | અતીત, અનાગત, વર્તમાનના ૨૪ જૈન તીર્થંકર, ૧૧ ગણધર તેમના અતિશય વગેરેની નોંધ અહીં વર્ણિત થઈ છે. |
| ૨ | દેવકાંડ | ૮૭ થી ૩૩૬ (કુલ ૨૫૦) | દેવના નામ, દેવસંબંધી નગર વસ્તુઓ વગેરેને ગૂંથી લેવામાં આવ્યા છે. |
| ૩ | મર્ત્યકાંડ | ૩૩૭ થી ૯૩૪ (કુલ ૫૯૭) | મનુષ્યોના નામ, મનુષ્યના વ્યવહારમાં આવતા પદાર્થોનો, શબ્દોનો સંગ્રહ જોવા મળે છે. |
| ૪ | તિર્યકકાંડ | ૯૩૫ થી ૧૩૫૭ (કુલ ૪૨૩) | (૧) એકેન્દ્રિય પૃથ્વીકાય : ૯૩૫ થી ૧૦૬૮<br>(૨) એકેન્દ્રિય અપકાય : ૧૦૬૯ થી ૧૦૯૬<br>(૩) એકેન્દ્રિય તેજસ્કાય : ૧૦૯૭ થી ૧૧૦૫<br>(૪) એકેન્દ્રિય વાયુકાય : ૧૧૦૬ થી ૧૧૦૯<br>(૫) એકેન્દ્રિય વનસ્પતિકાય : ૧૧૧૦ થી ૧૨૦૧<br>(૬) દ્વીન્દ્રિયા : ૧૨૦૨ થી ૧૨૦૫<br>(૭) ત્રિન્દ્રિયા : ૧૨૦૬ થી ૧૨૦૯<br>(૮) ચતુરિન્દ્રિયા : ૧૨૧૦ થી ૧૨૧૫<br>(૯) પંચ્ચેન્દ્રિયા સ્થલચર : ૧૨૧૬ થી ૧૩૧૫<br>(૧૦) પંચ્ચેન્દ્રિયા ખચર : ૧૩૧૬ થી ૧૩૪૨<br>(૧૧) પંચ્ચેન્દ્રિયા જલચર : ૧૩૪૨ થી ૧૩૫૭ |
| ૫ | નારકકાંડ | ૧૩૫૮ થી ૧૩૬૪ (કુલ ૭) | નરકવાસી, નરક સંબંધી પદાર્થ અંગે વિવરણ |
| ૬ | સાધારણ કાંડ | ૧૩૬૫ થી ૧૫૪૨(કુલ ૧૭૮) | ધ્વનિ, સુગંધ, સામાન્ય પદાર્થો, બાકી રહેલા શબ્દો સર્વ અવયવ અંગે ચર્ચા કરવામાં આવી છે. |

**કુલ છ કાંડ કુલ શ્લોક : ૧૫૪૨**

'શેષાખ્યાનમાલા' અભિયાન ચિંતામણિનું પુનઃ નિરીક્ષણ સ્વયં આચાર્યશ્રીએ કરીને રચેલી પુરવણી

(૧) દેવાધિકાંડ ૧, (૨) દેવકાંડ ૮૯, (૩) મર્ત્યકાંડ ૬૩, (૪) તિર્યકકાંડ ૪૧, (૫) નારકકાંડ ૨, (૬) સાધારણકાંડ ૮. કુલ શ્લોક : ૨૦૪

**શબ્દ કોશ :**

રાજકોશની સરખામણી કરતા સંસ્કૃત સુભાષિતકાર કહે છેઃ

'कोशस्येय महीपानां कोशस्य विदुषामपि ।
उपयोगो महान् यस्मात् कलेशस्तेन विना भवेत् ।।'

રાજાઓની જેમ વિદ્વાનોને પણ કોષનો મહાઉપયોગ હોય

છે, કેમ કે તેના વિના કલેશ ઉત્પન્ન થાય છે. સંસ્કૃત જેવી લોકોમાં અતિ પ્રચલિત નહીં તેવી ભાષામાં કોશની ઉપયોગિતા શી? આચાર્ય કહે છે કે વિદ્યાર્થી વ્યાકરણ શીખે, પણ શબ્દસમૂહના જ્ઞાન વિના એ ઉપયોગી ન બને એ માટે શબ્દકોશ જોઈએ. શબ્દકોશમાં ગતિ થયા પછી ભાષા ઉપર પ્રભુત્વ આવે. આચાર્યશ્રીએ વ્યાકરણ ગ્રંથ 'સિદ્ધહેમ શબ્દાનુશાસન' રચીને ચાર કોશગ્રંથ સંકલિત કર્યા છે. આ કોશ સાહિત્યમાં સર્વાધિક લોકપ્રિય તેમજ ભાષા અને પ્રતિપાદનની વિશદતાની દૃષ્ટિએ જોતાં 'અભિધાન ચિંતામણિ નામમાલા' સર્વશ્રેષ્ઠ સાબિત થાય છે.

હેમચંદ્રાચાર્ય ગ્રંથારંભે અર્હતોને નમસ્કાર કરીને પાંચેય અંગ સહિત શબ્દાનુશાન પ્રતિષ્ઠા પામ્યા પછી પ્રતિજ્ઞા કરતા કહે છે કે, 'રુઢ, યૌગિક અને મિશ્રશબ્દોની પર્યાયવાચી શબ્દનું લેખન વિસ્તારું છું.'

આચાર્યશ્રી હેમચંદ્ર દ્વારા ઉપલબ્ધ ચાર ગ્રંથ 'અભિધાન ચિંતામણિનામમાલા', 'અનેકાર્થસંગ્રહ', 'નિઘંટુ' અને 'દેશી નામમાલા' અંતર્ગત અહીં 'અભિધાન ચિંતામણિનામમાલા' ગ્રંથનો પરિચય આપવાનો પ્રયત્ન કર્યો છે. કોશની ઉપયોગિતા વિશે 'અભિધાન ચિંતામણિ'ના મંગલશ્લોકની વિવૃત્તિમાં આચાર્ય કહે છે કે,

वकतृत्वं च कवित्वं च विद्वतायाः कलं विदुः ।
शब्दज्ञानादत्ते तनीद्वयमप्युपयद्यते ।।

વક્તૃત્વ અને કવિત્વને વિદ્વતાનું ફળ ગણવામાં આવે છે. પણ શબ્દજ્ઞાન વિના એ બંનેની પ્રાપ્તિ થઈ શકતી નથી.

'અમરકોશ'નો આદર્શ સ્વીકારીને આચાર્યશ્રી પોતાની ધાર્મિક પરંપરા અનુસાર ૬ કાંડમાં શબ્દને વિભાજિત કરે છે. તેમના વિભાજન પર જૈન દર્શનની સ્પષ્ટ છાપ છે, ઉપરાંત શબ્દોની આદાન-પ્રદાન પ્રવૃત્તિ અને પ્રચલિત દેશ્ય શબ્દોની સ્વીકૃતિ ધ્યાનાકર્ષક બની રહી છે.

સંસ્કૃત પર્યાયવાચી શબ્દોની જાણકારી માટે 'અભિધાન ચિંતામણિ' કોશનું મહત્ત્વ 'અમરકોશ'ની અપેક્ષાએ અધિક છે. આ ગ્રંથમાં સમાનાર્થક શબ્દોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. આ ગ્રંથ પદ્યમય શૈલીમાં ૬ કાંડમાં વિભક્ત છે. પ્રથમ દેવાધિદેવ નામના કાંડમાં ૮૬ પદ્ય છે. બીજા દેવકાંડમાં ૨૫૦ પદ્ય, ત્રીજા મર્ત્યકાંડમાં ૫૧૮ પદ્ય, ચોથા તિર્યકકાંડમાં ૪૨૩ પદ્ય, પાંચમા નારકકાંડમાં ૭ પદ્ય, અંતિમ છઠ્ઠાકાંડ સાધારણમાં ૧૭૮ પદ્ય છે. આમ આ કોશમાં ૬ કાંડમાં કુલ ૧૫૪૨ પદ્યનો સમાવેશ થાય છે.

સમાજમાં સિદ્ધહેમ પ્રતિષ્ઠિત થયા પછી આચાર્યશ્રીએ 'અભિધાન ચિંતામણિનામમાલા'ની રચના કરી છે. તેની રચનાનું સૂચન ત્રીજા કાંડના ૩૭૬માં શ્લોકમાં મળે છે.

कुमारपालश्चौलुकयो राजर्षि परमार्हतः।
मृतस्वमोक्ता धर्मात्मा मारिव्यसनवारकः।।

જૈન સિદ્ધાંતનો સ્વીકાર કરી કુમારપાલે આચાર્યનો ઉપદેશ ગ્રહણ કર્યો. તે સમયે આ ગ્રંથની રચના થઈ હશે તેમ આ શ્લોકથી જાણ થાય છે. અર્થાત્ વિક્રમ સંવત ૧૨૦૭-૦૮ ની આસપાસ આ ગ્રંથની રચના થઈ હોવી જોઈએ. એક બાજુ આચાર્યશ્રી દ્વારા યોગશાસ્ત્ર, બીજી બાજુ વીતરાગ સ્તુતિઓ અને પ્રકાંડ પુરાણગ્રંથ 'ત્રિષષ્ઠિ શલાકાપુરુષચરિત' એમ અનેકાનેક ગ્રંથની રચના થઈ હશે તે અરસામાં આ ગ્રંથ રચાયો હોવો જોઈએ અને તેની વિવૃત્તિ પણ આ સમયે જ રચાઈ ગઈ હશે. વિવૃત્તિ સાથે ગ્રંથનું પુનરાવલોકન તે સમયમાં જ થયું હોવું જોઈએ. અને તેથી કેટલાક વધારા એ સમયે જ ગ્રંથમાં થયા છે. જેમ કે ૨.૧૨માં સૂર્યના નામોના ત્રણ શ્લોક શેષશ્ચ કહીને મૂકવામાં આવ્યાં છે.

'અભિધાન ચિંતામણિનામમાલા'નો શબ્દશાસ્ત્રમાં ઘણો ઉપયોગ છે.

હેમચંદ્રાચાર્ય મૂળ શ્લોકોમાં જે શબ્દોનો સંગ્રહ કરે છે. એના સિવાય શેષશ્ચ કહીને અન્ય શબ્દોને (જે મૂળ શ્લોકમાં નથી હોતા) સ્થાન આપે છે. આ ઉપરાંત સ્વોપજ્ઞવૃત્તિમાં પણ રહી ગયેલા શબ્દોને સંગ્રહિત કરવાનો પ્રયાસ કરે છે. આ રીતે આ કોશમાં તે સમય સુધીના પ્રચલિત અને સાહિત્યમાં ઉપયોગી શબ્દોને સ્થાન આપવામાં આવ્યું છે. આ કારણથી આ કોશ સંસ્કૃત સાહિત્યમાં સર્વશ્રેષ્ઠ છે. આચાર્યશ્રી દ્વારા રચિત ૨૦૪ શ્લોકના પરિશિષ્ટ જે 'શેષાખ્યાનમાલા' તરીકે જાણીતું છે તેને બોટલિંક અને રયુ નામના જર્મન વિદ્વાનોએ 'અભિયાન ચિંતામણિ'ની સાથે યશોવિજય ગ્રંથમાળાની બનારસ આવૃત્તિમાં સંપાદિત કર્યું છે. આ સંપાદન હાલમાં દુર્લભ છે. 'કાવ્યમાલા'ના સંપાદક પંડિત શિવનાથ અને કાશીનાથે 'અભિધાન સંગ્રહ' નામે ગ્રંથમાં આચાર્યશ્રીના સંસ્કૃત કોશોનું સંપાદન કર્યું છે, તેમાં ૭મા કોશ તરીકે 'અભિધાન ચિંતામણિ'માં પરિશિષ્ટ તરીકે શેષ કોશ આપ્યો છે.

**રાજકીય દૃષ્ટિએ ગ્રંથની મહત્તા :**

'અભિધાન ચિંતામણિ' અનેક દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ ગ્રંથ છે. જિજ્ઞાસુઓ માટે માત્ર પર્યાયવાચી શબ્દોનું જ સંકલન માત્ર નથી. પરંતુ, અહીં રાજકીય દૃષ્ટિએ જે ભાષા-પ્રયોગ જોવા મળ્યો છે તે, તે સમયની રાજવ્યવસ્થાનો પરિચાયક બની રહે છે. કોશસાહિત્યનું મોટામાં મોટું કાર્ય જ એ છે કે નવા-નવા શબ્દોની આવશ્યકતાની સાથોસાથ નવીન તથા પ્રાચીન શબ્દોનું રક્ષણ અને પોષણ તેમાં પ્રસ્તુત થયેલું હોય છે. આચાર્યશ્રીએ આ કોશમાં વધારેમાં વધારે શબ્દોને સ્થાન આપ્યું છે. તો સાથે અર્વાચીન-પ્રાચીન શબ્દોનો સમન્વય પણ દર્શાવ્યો છે. જેમ કે ગુપ્તકાલમાં ભુક્તિ (પ્રાન્ત-રાજ્ય),

विषय (જિલ્લો), युक्त (જિલ્લાનો સર્વોચ્ચ અધિકારી), विषयपति (જિલ્લાધીશ), शौल्लिक (જકાતનાકાનો અધ્યક્ષ), गौल्मिक (જંગલ વિભાગનો અધ્યક્ષ), बलाधिकृत (સેનાધ્યક્ષ), महाबलाधिकृत (લશ્કરી ઉચ્ચ અમલદાર), अक्षपटल अधिपति (દફતરી) ઈત્યાદિ નવા શબ્દોનો સમન્વય જોવા મળે છે.

**ઐતિહાસિક દૃષ્ટિએ ગ્રંથની મહત્તા :**

ઈતિહાસની દૃષ્ટિએ આ કોશનું મહત્ત્વ અનન્ય છે. આચાર્યશ્રીએ સ્વોપજ્ઞવૃત્તિ નામની આ ગ્રંથની ટીકામાં પોતાના પૂર્વવર્તી ૫૬ ગ્રંથકારો તથા તેમના ૩૧ ગ્રંથોનો ઉલ્લેખ કર્યો છે. જેમ કે ગ્રંથકાર અમર, અલંકારકૃત, આગમવિદ, ઉત્પલ, કાત્ય, દુર્ગ, કામંદકિ, કાલિદાસ, કૌટિલ્ય, કૌશિક, ક્ષીરસ્વામી, ગૌડ, ચાણક્ય, ચાન્દ્ર, દંતિલ, દ્રમિલ, ધનપાલ, ધનવન્તરી, નંદી, નારદ, નૈરુક્ત, પદાર્થવિદ, બુદ્ધિસાગર, બૌદ્ધ, ભટ્ટ તૌત, ભરત, ભાગુરિ, ભોજ, મનુ, માઘ, મુનિ, યાજ્ઞવલ્કય, યાજ્ઞિક, લૌકિક, વાગ્ભટ્ટ, વાચસ્પતિ, વાસુકિ, વિશ્વદત્ત, વૈજયન્તીકાર, વ્યાડિ, શાશ્વત, શ્રીહર્ષ, શ્રૃતિજ્ઞ, સભ્ય, સ્માર્ત અને હલાયુધનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.

ગ્રંથનામમાં અમરકોશ, અમરટીકા, અમરશેષ, અર્થકાવ્ય, ધનુર્વેદ, ધાતુપારાયણ, નાટ્યશાસ્ત્ર, નિઘંટુ, પુરાણ, પ્રમાણમીમાંસા, ભારત, મહાભારતમાલા, યોગશાસ્ત્ર, લિંગાનુશાસન, વામનપુરાણ, વિષ્ણુપુરાણ, વેદ, વૈજયન્તી, શ્રુતિ, સંહિતા અને સ્મૃતિનો સમાવેશ થાય છે. આ બધા જ ગ્રંથકારો અને ગ્રંથનામો અહીં પ્રાપ્ત થાય છે. જેનાથી આ કોશનું ઐતિહાસિક મૂલ્ય સંવર્ધિત બને છે.

**વ્યાકરણ દૃષ્ટિએ ગ્રંથની મહત્તા :**

હેમચંદ્રાચાર્યએ જ્યાં શબ્દોના અર્થમાં મતભેદ ઉપસ્થિત થાય છે ત્યાં અન્ય ગ્રંથ-ગ્રંથકારોના વચનને ઉધ્ધૃત કરી મતભેદનું સ્પષ્ટીકરણ આપ્યું છે. દા. ત. ગુંગે નામને ઉપસ્થિત કર્યું છે. જેને તેઓ મૂક તથા અવાક નામ આપે છે. શેષશ્ચ કહીને તેઓ મૂક માટે જડ તથા કડ પર્યાય આપે છે. આ પ્રસંગમાં

अन्धो हयनेडमूकः स्यातु इति हलायुधः

अनेडमूकस्तु जडः इति वैजयन्ती ।

शठो हयनेडमूकः स्यात् इति भागुरिः।।

('અભિધાન ચિંતામણિનામમાલા' કાંડઃ ૩, શ્લોક ૧૨ની સ્વોપજ્ઞવૃત્તિ)

અર્થાત્ હલાયુધના મત મુજબ 'અંધ' અનેડમૂક કહેવાય છે. વૈજયન્તીકારના મત મુજબ 'જડ' ને અનેડમૂક કહેવાય છે. ભાગુરિના મત મુજબ 'શઠ'ને અનેડમૂક કહેવાય છે. આમ, 'અનેડમૂક' શબ્દના અનેકાર્થ આપણને જોવા મળે છે. હેમચંદ્રાચાર્ય મૂંગા-બહેરા માટે 'અનેડમૂક' શબ્દનો પ્રયોગ કરે છે. આથી તેમના મત મુજબ એડમૂક, અનેડમૂક, તથા અવાકશ્રુતિ આ ત્રણ પર્યાય શબ્દ મૂંગા-બહેરા માટે વાપરી શકાય છે.

**ભાષાવિજ્ઞાનની દૃષ્ટિએ ગ્રંથની મહત્તા :**

ભાષાવિજ્ઞાનની દૃષ્ટિએ આ કોશ ખૂબ જ મૂલ્યવાન છે. હેમચંદ્રાચાર્યે અહીં એવા શબ્દોનું સંકલન કર્યું છે જેના પર પ્રાકૃત, અપભ્રંશ તેમજ અન્ય દેશીભાષાઓના શબ્દોનો પૂર્ણ પ્રભાવ જોવા મળે છે. અનેક શબ્દો તો આધુનિક ભારતીય ભાષાઓમાં પણ જોવા મળે છે. જ્યારે કેટલાક એવા શબ્દો પણ છે જે ભાષાવિજ્ઞાનના સમીકરણ, વિષમીકરણના સિદ્ધાંતોથી પ્રભાવિત છે.

૧. पोलिका (૩/૬૨) ગુજરાતીમાં પોણી, વ્રજ ભાષામાં पोनी, ભોજનભાષામાં पुरी, હિન્દી ભાષામાં पियुनी
૨. मोदको लड्डुकश्च (૩/૬૪) : ગુજરાતીમાં લાડુ, હિન્દીમાં लड्डु રાજસ્થાનીમાં लाडू
૩. चोटी (૩/૩૩૧) : ગુજરાતીમાં ચોળી, હિન્દીમાં चोटी રાજસ્થાનીમાં चोडी/चुणिका
૪. तरवारि (૩/૪૪૬) : ગુજરાતમાં તરવાર, વ્રજ ભાષામાં तरवार, રાજસ્થાનીમાં तलवार
૫. निश्रेणी (૪/૭૯) : ગુજરાતીમાં નિસરણી, વ્રજભાષામાં नसेनी
૬. चालनी तितक (૪/૮૪) : ગુજરાતી, વ્રજભાષા અને રાજસ્થાનીમાં ચારણી, હિન્દીમાં चलनी/छलनी
૭. पेटा (૪/૮૧) : ગુજરાતીમાં પેટી, રાજસ્થાનીમાં પેટી, વ્રજભાષામાં पिटारी

ઉપર્યુક્ત શબ્દોથી ફલિત થાય છે કે 'અભિધાન ચિંતામણિ-નામમાલા'નો અભ્યાસ અર્વાચીન દેશ્ય ભાષા માટે અત્યંત આવશ્યક છે.

**સંસ્કૃતિ – સભ્યતાની દૃષ્ટિએ ગ્રંથની મહત્તા :**

સાંસ્કૃતિક દૃષ્ટિએ પણ આ ગ્રંથનું મહત્ત્વ છે. આ ગ્રંથમાં એવા અનેક શબ્દ મળે છે જે અન્ય કોશમાં પ્રાપ્ત થતા નથી, 'અમરકોશ' કરતાં દોઢ ગણી શબ્દ સંખ્યા આ ગ્રંથમાં સાંપડે છે. વળી પર્યાયવાચી શબ્દો પણ 'અમરકોશ' કરતાં વધુ મળે છે. 'અમરકોશ'માં સૂર્યના ૩૭ પર્યાય, કિરણના ૧૧ પર્યાય, ચંદ્રના ૨૦ પર્યાય, શિવના ૪૮ પર્યાય, બ્રહ્માના ૨૦ પર્યાય, વિષ્ણુના ૩૬ અને અગ્નિનાં ૩૪ પર્યાયવાચી નામ મળે છે. જ્યારે 'અભિધાન ચિંતામણિ'માં સૂર્યના ૭૨, કિરણના ૩૬, ચંદ્રના ૩૨, શિવના ૭૭, બ્રહ્માના ૪૦, વિષ્ણુના ૭૫ અને અગ્નિના ૫૧ પર્યાયો ઉપલબ્ધ છે.

'અમરકોશ'માં સુંદરના પર્યાયવાચી सुन्दरम्, रुचिरम्, चारु, सुषमम्, साधु, शोभनम्, कान्तम्, मनोरमम्, रुच्यम्, मनोरम्, मंजु અને मंजुलम् એમ બાર પર્યાયો આપ્યા છે. જ્યારે હેમચંદ્રાચાર્ય सुन्दरम्, चारु, हारि, रुचिरम्, मनोरहम्, वल्गु, कान्तम्, अभिरामम्, बन्धुरम्, वामम्, रुच्चम्, शुषमम्, शोभमम्, मंजु, मंजुलम्, मनोरमम्, साधु, रम्यम्, पेशलम्, हृद्यम्, काम्यम्,

કમનીયમ્, સૌમ્યમ્, મધુરમ્, પ્રિયમ્ જેવા ૨૫ શબ્દ ઉપરાંત લડહ નામનો દેશી શબ્દ સૌન્દર્યના પર્યાય રૂપે રજૂ કરે છે. આ ઉપરાંત જેના વર્ણ-પદ લુપ્ત થયા છે એવા શબ્દોનું સંકલન પણ કરવામાં આવ્યું છે.

'અભિધાન ચિંતામણિનામમાલા'નો ત્રીજો કાંડ મહત્ત્વપૂર્ણ છે. પ્રાચીન ભારતમાં પ્રસાધનના કેટલા પ્રકાર પ્રચલિત હતા તેનું વર્ણન અહીં મળે છે. સાંસ્કૃતિક અને સભ્યતાની દૃષ્ટિએ પણ આ કોશનું અત્યાધિક મૂલ્ય છે.

**ફલશ્રુતિ :**

આમ, આજથી લગભગ સાડા સાતસો–આઠસો વર્ષ પહેલાં રચાયેલ 'અભિધાન ચિંતામણિનામમાલા' ગ્રંથે તત્કાલીન સમયની કોશસાહિત્યની વિવિધતાને તો આપણા સમક્ષ ઉજાગર કરી જ છે પરંતુ સાથે સાથે સાહિત્યના પ્રત્યેક જ્ઞાનપિપાસુઓ સમક્ષ શબ્દની વિવિધ અર્થચ્છાયાઓનો ઉઘાડ પણ કરી આપ્યો છે તે જ દર્શાવે છે કે આચાર્ય હેમચન્દ્ર ખરા અર્થમાં વાગીશ્વરીના કર્ણફૂલ હતા. તેમનો આ બહુમૂલ્ય અને બહુપરિમાણીય કોશગ્રંથ ગત–અનાગત શબ્દવૈવિધ્યની તુલના માટે પણ એટલો જ ઉલ્લેખનીય બની શકવાની ક્ષમતા ધરાવે છે તેવું આ ગ્રંથમાંથી પસાર થયા પછી જણાય છે.

**સંદર્ભગ્રંથસૂચિ:**

1. शास्त्री, हरगोविंद (व्याख्याकार) : अभिधान्चिंतामाणी, प्रथम आवृत्ति, वाराणसी : चौखम्बा विद्याभवन, १९६४. 2. मुसलगांवकर, वि. भा.: आचार्य हेमचन्द्र, प्रथम संस्कारण, भोपाल : मध्यप्रदेश हिन्दीग्रंथ अकादमी, १९७१. 3. दुलरराज मुनि : संस्कृत-प्राकृत जैन व्याकरण और कोश की परंपरा, प्रथम संस्करण, छापर : कलागुणी जन्मशताब्दी समारोह समिति १९७७. 4. नगेन्द्र (संपा.) : भारतीय साहित्य कोश, प्रथम संस्करण, नई दिल्ली : नेशनल पब्लिशिंग हाउस, १९८१.
5. Vijaydharmasuri. (Ed.) : Abhidhanachintamani, First, Bhavnagar: Yashovijay Jain Granthalaya, 1920. 6. દેસાઈ, કુમારપાળ (સંપા.) : હૈમ સ્મૃતિ, પ્રથમ આવૃત્તિ, પાટણ : કલિકાલ સર્વજ્ઞ હેમચન્દ્રાચાર્ય નવમી જન્મશતાબ્દી મહોત્સવ સમિતિ, ૧૯૮૯.
7. નાન્દી, તપસ્વી અને નાણાવટી રાજેન્દ્ર (સંપા.) : હેમ વાઙ્ગમય વિમર્શ, પ્રથમ આવૃત્તિ, ગાંધીનગર : ગુજરાત સાહિત્ય અકાદમી, ૧૯૯૦.
8. મોદી, મધુસુદન : હેમસમીક્ષા, પ્રથમ આવૃત્તિ, મુંબઈ : મોહનલાલ દીપચંદ ચોકસી, ૧૯૪૨. 9. શેઠ, ચન્દ્રકાંત (સંપા.) : હેમચંદ્રાચાર્ય, પ્રથમ આવૃત્તિ, અમદાવાદ : ગુજરાતી સાહિત્ય પરિષદ, ૧૯૮૯.

***

ટેલિફોન : (R - (0278) 2517270, Mobile-9328952958)

# શ્રી શ્રાધ્ધ પ્રતિક્રમણ સૂત્ર

□ ડૉ. કવિન શાહ

*ડૉ. કવિન શાહ બારવ્રત ધારી શ્રાવક, નિવૃત્તિ પ્રાધ્યાપક, જૈન સાહિત્યના સંશોધક–સંપાદક-લેખક અને આરાધક છે.*

૧. ગ્રંથનું નામ : શ્રી પ્રતિક્રમણ સૂત્ર પ્રબોધ ટીકા.
(શ્રી શ્રાધ્ધ પ્રતિક્રમણ સૂત્ર)
૨. ગ્રંથકર્તા : પંડિત (શતાવધાની) ધીરજલાલ ટોકરશી શાહ
સહાયક : પ.પૂ. ભદ્રંકર વિજયજી ગણી, પ.પૂ. કલ્યાણ પ્રભ વિજયજી, પ.પૂ. ધુરંધર વિજયજી ગણી, પંડિત લાલચંદ ભગવાનદાસ ગાંધી
સંશોધક : સંશોધિત આવૃત્તિના પ્રયોજક અમૃતલાલ કાલીદાસ દોશી.
૩. ગ્રંથની ભાષા : પ્રાકૃત (અર્ધ માગધી), સંસ્કૃત, ગુજરાતી, અપભ્રંશ
૪. ગ્રંથનો રચનાકાળ : ૨૧મી સદીનો પ્રારંભ અર્વાચીનકાળ. પ્રથમ આવૃત્તિ સંવત ૨૦૦૭, દ્વિતીય આવૃત્તિ ૨૦૩૨.
૫. ગ્રંથનો વિષય : આવશ્યક ક્રિયાનાં નવકાર મંત્રથી સંતિકરં સુધીનાં ૧૦૮ સૂત્રોનું વિવેચન.
૬. ગ્રંથના સંપાદક : સંશોધક : શ્રી અમૃતલાલ કાલીદાસ દોશી.
સંપાદક : પંડિત નરોત્તમદાસ નગીનદાસ શાહ
પ્રકાશક : જૈન સાહિત્ય મંડળ, વિલેપાર્લા, મુંબઈ-૪૦૦ ૦૫૬

**૧. ગ્રંથ કર્તાનો પરિચય**

શ્રી શ્રાધ્ધ પ્રતિક્રમણ સૂત્ર-પ્રબોધ ટીકાના લેખક ધીરજલાલ ટોકરશી શાહનો પરિચય નીચે પ્રમાણે છે.

અર્વાચીન જૈન સાહિત્યના બહુમુખી પ્રતિભાશાળી સર્જક શ્રી ધીરજલાલભાઈનો જન્મ ઝાલાવાડના દાણાવાડા ગામમાં માતા મણિબહેન અને પિતા ટોકરશી શાહના સંસ્કાર સંપન્ન પરિવારમાં ઈ. સ. ૧૯૦૬ના માર્ચ માસની ૧૮મી તારીખે થયો હતો. પિતાની આર્થિક સ્થિતિ સારી ન હતી. વઢવાણ શહેરની હાઈસ્કૂલમાં અભ્યાસ કર્યા પછી પિતાના મિત્ર અમૃતલાલની ભલામણથી અમદાવાદમાં સી. એન. છાત્રાલયમાં ઈ.સ.૧૯૧૭માં દાખલ થયા. અમદાવાદમાં ગવર્નમેન્ટ મિડલ સ્કૂલમાં દાખલ થયા પછી રાષ્ટ્રીય ચળવળ શરૂ થઈ હતી તેમાં દેશભક્તિથી પ્રેરાઈને પ્રોપ્રાયટરી સ્કૂલમાં જોડાયા હતા. મેટ્રીકની પરીક્ષા પાસ કરી ધાર્મિક શિક્ષણ પ્રાપ્ત કર્યું અને પ્રભુ પૂજા ભક્તિમાં પણ ભાવથી ભાગ લીધો હતો.

અમદાવાદમાં ચિત્રકાર અને શિક્ષક તરીકે કામ કરીને જીવન નિર્વાહ કર્યો હતો. સમય જતાં ધાર્મિક શિક્ષક તરીકે કામ કર્યું. જીવવિચાર તત્ત્વાર્થ, નવતત્વ જેવા ગ્રંથોનો અભ્યાસ કર્યો.

ધીરજલાલભાઈનાં લગ્ન (ઈ.સ.૧૯૨૪) બોટાદના શેઠ લવજીભાઈની સંસ્કાર સંપન્ન પુત્રી ચંપાબેન સાથે થયાં હતાં. એક પુત્ર અને ચાર પુત્રીનો પરિવાર હતો. અમદાવાદમાં રહીને સાહિત્ય સર્જનનો પ્રારંભ કર્યો. બાળકોના ઘડતર માટે બાળ શ્રેણી (૨૦) એવી છ શ્રેણીઓ પ્રકાશિત કરી હતી. ત્યાર પછી વિદ્યાર્થી વાચનમાળા, કુમાર વાચનમાળાનાં પુસ્તકો પ્રગટ કર્યા હતાં. સાહસ-પરાક્રમી ને અજાયબી ભરેલી સર્જન પ્રવૃત્તિ સાથે કાવ્યોનું

સર્જન કરીને **'અજંટાનો યાત્રી'** જેવાં ઉત્તમ ખંડકાવ્યનું સર્જન કર્યું હતું.

પ્રવાસ વિષયક પુસ્તકો લખ્યાં હતાં. ગુજરાત, સૌરાષ્ટ્ર, મહારાષ્ટ્ર ઉપરાંત મંત્રવિદ્યાના સંદર્ભમાં બંગાળ-બિહાર-મધ્યપ્રદેશ અને રાજસ્થાનનો પ્રવાસ કર્યો હતો. ઈ. સ. ૧૯૩૦થી ૪૦ સુધી પત્રકારિત્વના ક્ષેત્રમાં પ્રવૃત્તિ કરી હતી. એમની સર્જન પ્રવૃત્તિમાં જૈનધર્મ, અધ્યાત્મ, મંત્રવિદ્યા, ગણિત, ચમત્કાર જેવા અવનવા વિષયોનો સમાવેશ થાય છે. અવધાનના પ્રયોગો કરીને શતાવધાનીનું બિરૂદ પ્રાપ્ત કર્યું હતું. આ માટે ધારણા શક્તિ અને સ્મરણ શક્તિ મહત્ત્વની હતી. એમના જીવનમાં સાધનાનો જાદુઈ ચમત્કાર નિહાળી શકાય છે. એક વર્ષમાં ૬૦ ઉપવાસ કરીને ઉવસગ્ગહરંનો જાપ કર્યો હતો. એઓશ્રી મુંબઈમાં સ્થાયી થયા. મુંબઈ વિધાનસભામાં ભિક્ષુકધારો અને બાળદીક્ષા વિરોધ બીલની મોરારજી દેસાઈ સાથે મંત્રણા કરીને પ્રતિકાર કર્યો હતો. અંતે બે ધારા રદ થયા હતા. ઈ. સ. ૧૯૮૧માં ધીરજલાલભાઈનો ભવ્ય સન્માન સમારંભ યોજાયો હતો. શતાવધાની, પંડિત, વિદ્યાભૂષણ, ગણિત દિનમણિ, સાહિત્ય વારિધિ, સરસ્વતી વરદપુત્ર, મંત્રમનીષી જેવાં બિરૂદ ઉપરાંત સુવર્ણચંદ્રકની પ્રાપ્તિ થઈ હતી. ધીરજલાલ-ભાઈનું જીવન પ્રચંડ પુરુષાર્થ, સાધના, કર્તવ્યપરાયણતા અને અપૂર્વ ધર્મશ્રદ્ધાની સાથે આત્મવિશ્વાસ જેવા ગુણોથી અલંકૃત હતું. ગ્રંથકર્તાનું અવસાન મુંબઈમાં ૨૭-૭-૮૫ના રોજ થયું હતું. પ્રબંધ ટીકાના સંશોધન અને લેખન માટે પ. પૂ. ધુરંધર વિજયજી, પૂ. પં. ભદ્રંકર વિજયજી ગણી, અમૃતલાલ કાલીદાસ દોશી તથા લાલચંદ ભગવાનદાસ પંડિતનો રૂબરૂ સંપર્ક અને પત્ર દ્વારા માર્ગદર્શન મેળવીને ગ્રંથ તૈયાર કર્યો હતો.

**૨. ગ્રંથનો વિગતે વિષય**

શ્રાધ્ધ પ્રતિક્રમણ સૂત્ર એ વિવેચન ગ્રંથ છે એટલે ચતુર્વિધ સંઘને માટે પ્રતિક્રમણની આવશ્યક ક્રિયાનાં સૂત્રોનું શબ્દાર્થ – વિશેષાર્થ દ્વારા નિરૂપણ કરવામાં આવ્યું છે.

**રચના :** ગણધર ભગવંતોએ રચેલા સૂત્રો ઉપરાંત પૂર્વાચાર્યોએ સૂત્રરચના કરી છે.

**ભાષા :** મોટા ભાગનાં સૂત્રો ગણધર ભગવંતોએ પ્રાકૃત ભાષામાં રચ્યાં છે. સંસ્કૃત ભાષામાં સંસાર દાવાનલ, પૂ. હરિભદ્રસૂરિ, લઘુશાંતિ પૂ. માનદેવસૂરિ સ્નાતસ્યા થોય–બાલચંદ્ર મુનિ, સકલાડહર્ત સ્તોત્ર–કલિકાલ સર્વજ્ઞ આ. હેમચંદ્રાચાર્યસૂરિ, નમોડસ્તુ વર્ધમાનાય–શ્રી તિલકાચાર્ય, બૃહદ-શાંતિ-શિવાદેવી માતા, વિશાલલોચન વગેરે સૂત્રો રચાયાં છે. અપભ્રંશ ભાષામાં ચઉક્કલ્સાય સૂત્ર (પ્રાચીન) છે. ગુજરાતી ભાષામાં જીવવિજયકૃત સકલતીર્થ, અતિચાર, સાતલાખ, અઢાર પાપ સ્થાનક વગેરે સૂત્રો છે.

**પ્રતિક્રમણના પ્રકાર :** પ્રતિક્રમણ–પાપ વિમોચનની પવિત્ર ક્રિયા એટલે પ્રતિક્રમણ છ આવશ્યકમાં ચોથું સ્થાન છે. તેના પાંચ પ્રકાર, રાઈ, દેવસિ, પ્રખ્ખી, ચૌમાસી અને સંવત્સરી. રાઈ પ્રતિક્રમણ પ્રભાતના સમયે, દેવસિ પ્રતિક્રમણ સૂર્યાસ્તના સમયે (પ્રતિદિન), પખ્ખી પ્રતિક્રમણ–ચૌદશના સૂર્યાસ્ત સમયે ચૌમાસી પ્રતિક્રમણ–કારતક સુદ-૧૪, ફાગણ સુદ-૧૪, અષાઢ સુદ-૧૪નું તથા વાર્ષિક સંવત્સરી ભાદરવા સુદ ૪નું કરવાનું વિધાનશાસ્ત્રમાં દર્શાવ્યું છે. પ્રતિક્રમણ શા માટે કરવાનું તેની માહિતી વંદિતુ સૂત્રની ૪૮મી ગાથામાંથી પ્રાપ્ત થાય છે.

પડિસિધ્ધાણંકરણે, કિચ્ચાણમકરણે અપડિક્કમણં
અસદ્ હણે અ તહા, વિવરીય પરૂવણાએય ।।૪૮।।

**અર્થ :** નિષેધ કરેલા અશુભ કર્મનું આચરણ કરવાથી કરવા યોગ્ય કાર્યોનું આચરણ ન કરવાથી, અશ્રધ્ધા ઉત્પન્ન થવાથી શાસ્ત્ર વિરૂધ્ધ પ્રરૂપણા કરવાથી પ્રતિક્રમણ કરવાનું હોય છે.

**સૂત્ર વિભાજન :**

પ્રબોધ ટીકાના ત્રણ ભાગમાં નવકાર થી સંતિકરં સુધીનાં સૂત્રોનું વિભાજન કરીને વિવેચન કરવામાં આવ્યું છે. ભા-૧માં નવકાર થી વેયાવચ્ચગરાણં. ભા-૨માં ભગવાનડહં થી ભરહેસરની સજ્ઝાય, ભા-૩માં મન્હજીણાણં થી સંતિકરં સુધીના કુલ ૧૦૮ સૂત્રો છે. સૂત્રોના વિષયો પ્રતિક્રમણને અનુલક્ષીને જોવા મળે છે.

**સૂત્રની વ્યાખ્યા :**

પ્રાકૃત ભાષાના 'સુત્તં' શબ્દ પરથી સૂત્ર શબ્દ પ્રચલિત થયો છે. તેનો સંસ્કૃત અને ગુજરાતી ભાષામાં પણ પ્રયોગ થાય છે.

સૂત્ર એટલે સંક્ષિપ્ત વાક્ય.

–સૂત્ર એટલે સંદેહ રહિત સારવાળું સર્વ તરફથી અર્થ થઈ શકે તેવું વાક્ય.

–સૂત્ર એટલે થોડા શબ્દો કે અક્ષરોમાં ઘણા અર્થ સમાયેલા હોય તેવી રીતે રચાયેલું વાક્ય.

–સૂત્ર એટલે અલ્પ શબ્દોમાં વિસ્તૃત ભાવ દર્શાવતું પદ.

–સૂત્ર એટલે પ્રાચીન શાસ્ત્રકારોએ સંસ્કૃતમાં રચેલા ગ્રંથો.

–સૂત્ર એટલે ગ્રંથ રચનાની શૈલીનો પ્રકાર.

**સૂત્રના નિયમો :**

પંચ પ્રતિક્રમણની આવશ્યક ક્રિયાને લક્ષમાં રાખીને સૂત્રો રચાયાં છે, તેમાં વિવિધ વિષયોનો સમાવેશ થયો છે.

દેવ-ગુરુને વંદના, પ્રાયશ્ચિત્ત, આચારશુધ્ધિ, ધ્યાન કાર્યોત્સર્ગ, વિરતિધર્મ, તીર્થ અને તીર્થંકરોને વંદના, મહાપુરુષો અને સતીઓનું પુણ્યસ્મરણ, શ્રાવકધર્મ, શાશ્વત, અશાશ્વત, જૈનચૈત્યો અને જિનબિંબને વંદન, શાંતિપાઠ યક્ષ, યક્ષિણા સ્મરણ, અતિચારની આલોચના, ચૈત્યવંદન-સ્તુતિ પ્રાર્થના, ક્ષમાપના વગેરે વિષયોને સ્પર્શતાં સૂત્રો રચાયાં છે.

**સૂત્ર રચનાની રીતિ :** પંચ પ્રતિક્રમણનાં સૂત્રો ગદ્ય અને પદ્યમાં

રચાયાં છે. કેટલાંક સૂત્રો પદ્યમાં છે તો કેટલાંક સૂત્રો ગદ્ય-પદ્યના મિશ્રણવાળાં છે.

દા.ત. જગચિંતામણિ સૂત્ર પદ્યમાં રચાયું છે, નમુત્થુણં સૂત્રનો આરંભ ગદ્યથી છે અને છેલ્લી ગાથા **'ગાથા'** છંદમાં રચાયેલી છે. બૃહદ્શાંતિ સૂત્રનો આરંભ સંસ્કૃત ભાષાના મન્દાક્રાન્તા છંદથી ત્યાર પછી પદ્યમાં ગાથા, છંદમાં ૧૫-૧૬,૨૨,૧૨-૧૪,૨૩,૨૪માં અનુષ્ટુપ છંદ, ગાથા-૨૦માં ઉપજાતિ છંદ અને ગદ્યમાં ૧૪ પરિચ્છેદ રચાયા છે. ઉવસગ્ગહરં, લોગસ્સ, સિધ્ધાણંબુધ્ધાણં, જયવિયરાય, વંદિતુ વગેરે સૂત્રો ગાથા છંદમાં છે. અજિતશાંતિ સ્તોત્રમાં પ્રાકૃત ભાષાના વિવિધ છંદનો પ્રયોગ થયો છે. ગાથા છંદ ઉપરાંત માગહિયા, સંગયયં, રાસાનંદિય, રયણમાલા, કસલયમાળા, સુમુર્હુ, ખિત્તયં, વગેરે છંદ પ્રયોગ જોવા મળે છે. ચિત્રાક્ષરા, લલિત, અપરાન્તિકા, નારાચ, જેવા સંસ્કૃત વૃતો પણ પ્રયોજાયેલા છે. ગદ્ય-પદ્યમાં રચાયેલાં સૂત્રો લયબધ્ધ છે. સૂત્રનાં નામ–દરેક સૂત્ર તેના પ્રથમ શબ્દથી ઓળખાય છે તેમ છતાં તેનું બીજું નામ પણ સૂત્રના વિષયને સ્પષ્ટ કરે છે. દા. ત. લોગસ્સ પ્રથમ શબ્દ ને બીજું નામ નામસ્તવ-૨૪ તીર્થંકરોના નામ સહિત ઉલ્લેખ છે. વંદિતુ–પ્રથમ શબ્દ શ્રાવક પ્રતિક્રમણ સૂત્ર આયરિયે–ક્ષમાપના સૂત્ર.

અન્નત્થ–આગારસૂત્ર–છીંક, બગાસું ઓડકાર જેવી વિકૃતિઓથી કાર્યોત્સર્ગનો ભંગ થતો નથી.

પુખ્ખરવરદી–શ્રુતસ્વ–શ્રુતજ્ઞાનની સ્તુતિ–ભરહેસર–મન્હજિણાણાં–સજ્ઝાય છે.

કલ્લાણકંદ, સંસારદાવા સ્નાતસ્યા–સ્તુતિથોય છે. લઘુશાંતિ, બૃહદ્શાંતિ શાંતિપાઠ છે. વાંદણાં-અબ્ભુઠિઓ, ગુરુવંદન સૂત્ર છે. સકલ તીર્થ–તીર્થ વંદના સૂત્ર છે. નાણંમિ–વંદિતુ–અતિચાર પાપની આલોચનાનાં સૂત્ર છે. અતિચારમાં વિસ્તારથી પાપની માહિતી છે. અતિચાર ગદ્યમાં ૨૨ પરિચ્છેદ રૂપ છે. લોગસ્સ–લઘુશાંતિ–ઉવસગહરં બૃહદ્શાંતિ એ મંત્ર ગર્ભિત સૂત્રો છે. અજિતશાંતિ–સંતિકરં સ્તોત્ર છે. જયવીરાય-પ્રાર્થનાસૂત્ર છે. આ રીતે સૂત્રોના નામ છે. શ્રાધ્ધ પ્રતિક્રમણ સૂત્રમાં વિવેચન પદ્ધતિ હોવાથી ગ્રંથમાં સૂત્રોનું આઠ વિભાગમાં વિવેચન કરવામાં આવ્યું છે એટલે અષ્ટાંગ વિવેચન કહેવાય છે. સાહિત્યની દૃષ્ટિએ વ્યાખ્યાત્મક વિવેચન પદ્ધતિ કહેવાય છે.

૧. સૂત્રનો મૂળપાઠ પ્રાકૃત ભાષામાં છે તેની માહિતી સૂત્રપાઠ.

૨. સંસ્કૃત છાયા–પ્રાકૃતમાં સૂત્રો છે તેનો સંસ્કૃતમાં પાઠ આવ્યો છે તે છાયા કહેવાય છે.

૩. સૂત્રનો ગુજરાતી ભાષામાં અનુવાદ–ગુજરાતી છાયા.

૪. સામાન્ય અને વિશેષાર્થ સૂત્રના પ્રત્યેક શબ્દના શબ્દાર્થ આપવામાં આવ્યા છે. વિશેષાર્થમાં શબ્દોના રહસ્યને પ્રગટ કરતા અન્ય સંદર્ભો સાથે સમજાવવામાં આવ્યા છે.

ખમાસમણ સૂત્ર વિષેની માહિતી નીચે મુજબ છે.

ખમાસમણનો અર્થ ક્ષમા શ્રમણ એટલે સાધુ શબ્દાર્થ થયો.

વિશેષ અર્થ–શત્રુ અને મિત્ર પ્રત્યે સમભાવ રાખે તે શ્રમણ–શ્રમણ એટલે તપસ્વી, સંયમી, વૈરાગી આવા ગુણોથી શોભતા હોવાથી શ્રમણ એટલે સાધુ કહેવાય છે. ઉત્તરાધ્યયન સૂત્રના ૨૫મા અધ્યયનમાં જણાવ્યું છે કે, સમતાથી સાધુ, બ્રહ્મચર્યથી બ્રાહ્મણ, જ્ઞાનથી મુનિ અને તપથી તાપસ કહેવાય છે. સમણ શબ્દ પ્રયોગ સાધુ માટે થાય છે.

ખમાસમણ સૂત્રમાં 'વંદન'નો ઉલ્લેખ છે. વંદનની ક્રિયા પંચાગ પ્રણિપાત એટલે કે બે હાથ, બે કોણી અને મસ્તક એમ પાંચ અંગનો જમીન સાથે સ્પર્શ થાય તેવી રીતે વંદન કરવામાં આવે છે.

વંદનાના ત્રણ પ્રકાર છે.

૧. ફિટ્ટ વંદન–બે હાથ જોડી મસ્તક નમાવવું તે ફિટ્ટા વંદન છે. (માર્ગમાં ગુરુ મળે તે વખતે)

૨. થોભ વંદન–ગુરુ મહારાજ ઊભા હોય અથવા આસન પર બેઠા હોય ત્યારે ઈચ્છાકારેણં અને અભુઠ્ઠિઓ દ્વારા વંદન કરવામાં આવે તે થોભવંદન કહેવાય છે. તીર્થંકરો અને ગણધરોને પણ થોભવંદન કરાય છે એટલે પંચાંગ પ્રણિપાત નામ આપવામાં આવ્યું છે. ગુરુને બે અને તીર્થંકરોને ત્રણ ખમાસમણથી વંદન થાય છે.

૩. દ્વાદશાવર્ત વંદન–ગુરુ ભગવંતને સુખશાતા પૂછીને બે વાંદણાં દ્વારા વંદન કરવામાં આવે છે તે દ્વાદશાવર્ત વંદન છે. અહોકાયં એ સૂત્ર બોલવાનું હોય છે. પૌષધમાં રાઈ મુહપતિ વખતે અને પ્રતિક્રમણમાં વાંદણાં વિધિ આ પ્રકારનું વંદન કહેવાય છે. પદાધિકારી અને આચાર્યોને આ વંદન કરાય છે. પ. પૂ. આ. દેવેન્દ્રસૂરિએ ગુરુવંદન ભાષ્યની રચના કરી છે તેમાં વંદન વિશે વિસ્તારથી માહિતી પ્રાપ્ત થાય છે.

૬. અર્થ સંકલના–મૂળ સૂત્રનો અર્થ પ્રગટ કરવામાં આવે છે.

હે ક્ષમા શ્રમણ! આપને હું નિર્વિકારી નિષ્પાપ કાયા વડે વંદન કરવાને ઈચ્છું છું. મસ્તકાદિ પાંચ અંગો નમાવીને વંદન કરું છું.

૭. સૂત્ર પરિચય–પૂજ્યોને, વડીલોને, દેવ અને ગુરુને વંદન કરવાનો આચાર શાશ્વત ધર્મ છે. આ અંગે ચૈત્યવંદન (દેવવંદન) ગુરુ વંદન ભાષ્યની કૃતિઓ છે તેમાં વિસ્તારથી માહિતી પ્રાપ્ત થાય છે.

૮. આ સૂત્રનું આધાર સ્થાન આવશ્યકસૂત્રના પાંચમા, ત્રીજા વંદન આવશ્યકમાં છે.

ઓઘનિર્યુક્તિ દ્રોણીયાવૃત્તિ આ રીતે અન્યસૂત્રોનું વિવેચન કરવામાં આવ્યું છે. દરેક સૂત્રમાં એક કરતાં વિશેષ શબ્દો હોય છે તેથી માહિતી આપીને રહસ્યને પ્રગટ કરવામાં આવે છે. આ અષ્ટાંગ વિવેચન ક્રિયાને મિષ્ટાન્ન બનાવીને કર્મ નિર્જરા દ્વારા આત્માની શુદ્ધિ કરે છે.

સંશોધિત નવી આવૃત્તિના લેખક-સંપાદક–અમૃતલાલ કાલિદાસ દોશીએ સપ્તાંગ વિવેચન કર્યું છે તેમાં ગુજરાતી છાયાનો સમાવેશ કર્યો નથી. મૂળકર્તાએ આધાર સ્થાન શબ્દ પ્રયોગ કર્યો છે તેને સંશોધકે પ્રકીર્ણક નામ આપ્યું છે.

**પરિશિષ્ટ**

આ ગ્રંથમાં સૂત્રોના વિવચન ઉપરાંત પરિશિષ્ટમાં આવશ્યક ક્રિયા અંગની વિશેષ માહિતીનો સંચય થયો છે.

સામાયિક લેવાની–પારવાની, મુહપતિ પડિલેહણ ચૈત્યવંદન અને પૂજા વિધિ, છ આવશ્યક, સામાયિકની સાધના, અનાનુપૂર્વી-નવકારમંત્ર જાપ, ધ્યાન, ચાર ભાવના, ચતુર્વિંશતિ રહસ્ય અને ધર્મોપકરણો ગુરુવંદનનો મહિમા, પ્રતિક્રમણ આવશ્યક હેતુ બત્રીસી, પ્રતિક્રમણના દૃષ્ટાંતો, કાયોત્સર્ગ ધ્યાન પ્રત્યાખ્યાન જેવા વિષયોનો સમાવેશ થયો છે. તદુપરાંત ચૈત્યવંદન, સ્તવન, સ્તુતિ, સજ્ઝાય, ગહુંલી, છંદ, બાર વ્રત, માર્ગાનુસારીના ૩૫ બોલ, પુણ્યપ્રકાશના સ્તવનનો સંચય થયો છે. પરિશિષ્ટમાં પણ શ્રાવકની આવશ્યક ક્રિયામાં નવો પ્રાણ પૂરે તેવી માહિતીનો સમાવેશ થયો છે. જ્ઞાન ક્રિયાના સમન્વયથી આ વિગતો આત્માની ઊર્ધ્વગતિમાં માર્ગદર્શક છે. ગ્રંથના સૂત્રો અને પરિશિષ્ટ એટલે આચાર ધર્મનો શાસ્ત્રીય ગ્રંથ. પરિશિષ્ટની વૈવિધ્યપૂર્ણ માહિતી સૂત્રાર્થના રહસ્યને પ્રગટ કરવામાં મહત્ત્વની ગણાય છે. આ વિગતોનો વિવેચનના સંદર્ભમાં સમાવેશ થાય છે.

**૩. આ ગ્રંથનું એ સમયકાળમાં જૈન ધર્મ અને સાહિત્યમાં સ્થાન**

આગમ કાળથી જીવનની ઊર્ધ્વગતિ માટે ગણધર ભગવંતોએ સૂત્રો રચ્યાં હતાં. તેનું વિવેચન જૈન સમાજ માટે સદાકાળ ઉપયોગી છે. ભૌતિકવાદના પ્રભાવથી ઈર્ષા અને અસંતોષથી જીવન સમસ્યા પ્રધાન બન્યું છે તેમાં શાંતિ પ્રાપ્ત કરવા માટે છ આવશ્યકનું વિધિસર પાલન કરવા માટેનો રાજમાર્ગ આ ગ્રંથની મહત્તા છે. જડ ક્રિયા કે ક્રિયાશૂન્ય જ્ઞાનમાંથી આગળ વધીને જ્ઞાન અને ક્રિયાનો સમન્વય કરી આત્મા કર્મથી મુક્ત થાય તેવો સારભૂત વિચાર પ્રગટ થાય છે. ભૌતિક સુખ કરતાં આત્માનું શાશ્વત સુખ મેળવવા માટે આ સૂત્રોનું જ્ઞાન અનિવાર્ય છે. ધર્મનું સાચું જ્ઞાન, શ્રધ્ધા, વિધિવત્ ક્રિયા, સમકિતની શુદ્ધિ વૃદ્ધિ, વિરતિ ધર્મની તાલીમ, પાપકર્મોનું પ્રાયશ્ચિત્ત, આત્મોન્નતિ, ભાવધર્મનું પાલન, છ આવશ્યકનું પાલન, આચારની શુદ્ધિ જેવી આત્મોન્નતિકારક વિગતો સમાજને ઉન્માર્ગથી સન્માર્ગે લઈ જવામાં જીવનનો સાચો રાહ દર્શાવે છે. પ્રતિક્રમણથી પંચાચારની શુદ્ધિ અને આત્માનો વિકાસ થાય છે. ઉત્તરાધ્યયન સૂત્રના ૨૯મા અધ્યયનમાંથી માહિતી મળે છે.

**સમાલોચના : લેખકનું ચિંતન**

શ્રી પ્રતિક્રમણ સૂત્ર પ્રબોધ ટીકા ગ્રંથ સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા વર્ગને પ્રતિક્રમણની આવશ્યક ક્રિયામાં ભાવોલ્લાસની શુદ્ધિ અને વૃદ્ધિ માટે અનુભવસિધ્ધ રાજમાર્ગ દર્શાવે છે.

આ ગ્રંથની સામગ્રી જ્ઞાન અને ક્રિયાયોગના સુભગ સમન્વય દ્વારા આત્માના ઊર્ધ્વગમન–વિકાસ માટે કર્મ નિર્જરાની સાથે પ્રાયશ્ચિત્ત રૂપે સ્થાન ધરાવીને મૂલ્યનિષ્ઠ નિમિત્ત બને છે. વિધિનો મહિમા સમજીને વિનયપૂર્વક પ્રતિક્રમણની ક્રિયાથી આત્મા નિર્મળ બનીને મોક્ષ પ્રાપ્તિ માટે યોગ્ય બને છે. આગમ ગ્રંથોના પ્રારંભમાં આચારાંગ સૂત્ર છે એટલે આચારધર્મનું ઉત્કૃષ્ટ મૂલ્ય સમજીને જ્ઞાનક્રિયાનો સુયોગ સાધી આત્મવિકાસ કરવો જોઈએ એવો સર્વ સામાન્ય વિચાર પ્રગટ થાય છે.

આ ગ્રંથના વિચારો આત્મનિરીક્ષણ કરવા માટેનો માર્ગ દર્શાવે છે. આત્માની કેવી સ્થિતિ છે? આત્માની મૂળ સ્થિતિ કેવી રીતે પ્રાપ્ત થાય તે માટે પણ અનન્ય પ્રેરક બને છે. જ્ઞાન અને ક્રિયા જડતા નથી પણ આત્માની અજ્ઞાનતાને કારણે એકપક્ષીય વર્તનથી જડતા આવે છે. તે આ સૂત્રોના જ્ઞાનથી જડતા નિર્મૂળ થાય અને આત્મા જ્ઞાન અને ક્રિયામાં નિમગ્ન બની કલ્યાણ કરે, આત્મા સિદ્ધિ સાધે એ જ શ્રેયસ્કર વિચાર દુર્લભ માનવ જન્મનું નજરાણું છે.

માત્ર પોટપિયા રટણને સ્થાને, ચિંતન, મનન અને સ્વાધ્યાયના ત્રિવેણી સંગમમાં આત્મા શુચિ સ્નાન દ્વારા સિધ્ધ-બુધ્ધ બને તેવી પરમોચ્ચ ભાવનાની ફળશ્રુતિ એ આ ગ્રંથનું નિમિત્ત છે.

**સંદર્ભ સૂચિ :**

• **પંચ પ્રતિક્રમણ સાર્થ** – ગોડીજી જૈન દેરાસર ટ્રસ્ટ મુંબઈ. સૂત્ર-શબ્દાર્થ-ભાવાર્થ-ગાથાર્થ અને સૂત્રનું બીજું નામ. • **શ્રી પંચ પ્રતિક્રમણ સૂત્રો:** પંડિત પ્રભુદાસ બેચરદાસ પારેખ. ભૂમિકા પા. ૮ થી ૫૪. સંપાદકીય પા. ૫૫, શ્રી પ્રતિક્રમણ હેતુ ગર્ભિત સ્વાધ્યાય, પા. ૭૩૫, પ્રતિક્રમણ વિધિ-પા. ૭૮૭.
• **હરિભદ્રીય આવશ્યક વૃત્તિ** અને લલિત વિસ્તરાનો વિવેચનમાં આધાર.
• **શ્રાવક પ્રતિક્રમણ સૂત્રો** (બાલાવબોધ) સં. ૧૫૬૯ની હસ્તપ્રત. આ દેવસુંદરસૂરિના શિષ્ય પૂ. કિર્તીસુંદરજી. • **શ્રાવક પ્રતિક્રમણ** અજ્ઞાત કવિકૃત સં. ૧૫૯૦ • **શ્રાવક પ્રતિક્રમણ સૂત્ર** (ષડાવશ્યક) (ખરતર ગચ્છ) સં. ૧૫૨૫, પૂ. મુનિ સુંદરજી. • **ગુરુવંદન ભાષ્ય :** પૂ. આ. દેવેન્દ્રસૂરિ, પ્રાચીન આધારભૂત ગ્રંથોની સૂચિ પ્રબોધટીકા ભાગ-૧ પા. ૧૯ થી ૩૦ માં પ્રગટ થયેલ છે.
• ભારતની એક વિરલ વિભૂતિ રૂદ્રદેવ ત્રિપાઠી (કર્તાનું જીવન) **પંડિત ધીરજલાલ ટોકરશી શાહ** • **કાર્યોત્સર્ગ ધ્યાન :** પ. પૂ. પં. શ્રી ભદ્રંકર વિજયજીનો પરિચય પા–૧૦. **લેખક : અમૃતલાલ કાલીદાસ દોશી.** • શ્રી શ્રાધ્ધ પ્રતિક્રમણ સૂત્ર, પ્રબોધટીકા ભાગ–૧. સંશોધક અમૃતલાલ કાલીદાસ દોશી. પા. ૩
• **કાવ્ય શાસ્ત્ર વિનોદન**–લેખક ડૉ. કવિન શાહ. સૂત્રાર્થ રહસ્ય પા. ૧૭૧, પ્રતિક્રમણ શા માટે પા. ૧૯૯ • **ભાવ પ્રતિક્રમણ તાળું ખોલો.** પ. પૂ. પુણ્ય કીર્તિ વિજયજી અને પ. પૂ. દિવ્યકીર્તિ વિજયજી મ.સા.

✷✷✷

સી–૧૦૩ જીવનજ્યોત એપાર્ટમેન્ટ
વખારીયા બંદર રોડ, બીલીમોરા–૩૯૬ ૩૨૧
ફોન : (૦૨૬૩૪) ૨૮૮૭૯૨

# ગૌતમ – પૃચ્છા

□ ડૉ. ધનવંતી નવીનચંદ્ર મોદી

*લેખિકા એમ.એ.,પીએચ.ડી. છે. 'દરિયાપુરી સ્થા. જૈન સંપ્રદાયના સ્થાપક શ્રી ધર્મસિંહજી મુનિનું જીવન સાહિત્ય અને તત્ત્વજ્ઞાન' વિષય ઉપર શોધપ્રબંધ લખ્યો છે. તેમને ૪૨ વર્ષનો શાળાના શિક્ષક, આચાર્યા તેમજ કૉલેજના પ્રાધ્યાપક તરીકેનો અનુભવ છે.*

**(૧) ગ્રંથનું નામ – ગૌતમ પૃચ્છા**

ગ્રંથનું નામ શીર્ષક – સંક્ષિપ્ત સુંદર, આકર્ષક, જિજ્ઞાસાપ્રેરક અને સમગ્ર પુસ્તકના સારરૂપ છે. શીર્ષક વાંચતાં જ ગૌતમસ્વામીએ વીરપ્રભુને પૂછેલા અનેકાનેક પ્રશ્નોમાંથી પુસ્તકમાં કેટલા અને કયા પ્રશ્નો હશે? વળી વીરના ઉત્તરો પણ તેમાંથી જાણવા મળશે કે કેમ – વગેરે જાણવાની જિજ્ઞાસા પુસ્તક હાથમાં લેતાં જ થાય છે અને પુસ્તક વાંચ્યા પછી નામની યથાર્થતા મનમંદિરમાં છવાઈ જાય છે કે સમગ્ર ગ્રંથના વિષય-નિરૂપણને જોતાં તદ્દન યોગ્ય એવું આ શીર્ષક છે.

ગૌતમ અને પૃચ્છા–આ બે સામાસિક શબ્દોથી આ ગ્રંથનું નામ બન્યું છે. ગૌતમ શબ્દના વિવિધ અર્થ છે.

ગૌતમ–ગગ્ગે કામ ગવી ભલી, ન તે સુરતરુ વૃક્ષ.

મમ્મે મણિ ચિંતામણિ, ગૌતમ સ્વામી પ્રત્યક્ષ.

ગૌ એટલે કામધેનુ ગાય, ત એટલે કલ્પતરુ અને મ એટલે ચિંતામણી રત્ન – આવા ત્રણ મહાપ્રભાવક શબ્દો જેમાં સમાવિષ્ટ છે, તેમની પુણ્ય-ગાથાનું શું કહેવું?

વળી ગૌ એટલે ઈંદ્રિય, તપ એટલે અંધકાર. ઈંદ્રિય પ્રત્યેનો રાગ રૂપી અંધકાર દૂર કરે તે ગૌતમ. આપણે બોલીએ છીએ કે

'અંગૂઠે અમૃત વસે, લબ્ધિ તણા ભંડાર.'

અંગ એટલે કાયાના રાગ પરથી જે ઉપર ઊઠ્યા છે તે ગૌતમ. આ ગૌતમ-ઈંદ્રભૂતિ બ્રાહ્મણ, પહેલાં તો હતા અહંકારનું પૂતળું. સર્વજ્ઞ મહાવીરને હરાવવા અહંકારી ઈંદ્રભૂતિ ચાલી નીકળ્યા. તેઓ નીકળ્યા પ્રભુનો તાગ લેવા પણ ત્યાગના બાગ ખીલી ઊઠ્યા. સૂર્ય સામે મીણ ઓગળે એમ ઈંદ્રભૂતિનો ગર્વ ઓગળી ગયો. લોઢાની છરી પારસમણિને કાપવા ગઈ પણ સોનાની બની ગઈ.

ગૌતમ શબ્દ વડે વીતરાગી ચરમ તીર્થંકર મહાવીર પ્રભુએ યથાર્થ સ્વરૂપે ઈંદ્રભૂતિને તેમના ઉત્તમ ગોત્રના ભાવવિશેષ રૂપ નામ વડે સંબોધન કરેલું છે. તેમાં 'ગો' શબ્દ વાણીવાચક છે અને તમ પ્રત્યય શ્રેષ્ઠતા, સર્વોત્તમતા સૂચવે છે. જેમની વાણી જગતના સર્વ જીવોને મંગળકારી, કલ્યાણકારી, હિતકારી એવી વિશેષતા વાળી છે, એવી અમૃતતુલ્ય વાણીનો શ્રી મહાવીર સ્વામી પ્રતિનો પૃચ્છા રૂપ વિનિયોગ તે ગૌતમ-પૃચ્છા છે.

પૃચ્છા શબ્દ પણ ઘણો મહત્ત્વનો છે. બાર પ્રકારના તપમાં 'સ્વાધ્યાય' એ આભ્યંતર તપ છે. સ્વાધ્યાયના પાંચ ભેદ છે. વાંચના, પૃચ્છના, પરિપટ્ટણા, અનુપ્રેક્ષા અને ધર્મકથા–આમાં બીજો ભેદ તે પૃચ્છના–જ્યારે સૂત્ર કે અર્થના વિષયમાં શિષ્યને સંદેહ ઉત્પન્ન થાય ત્યારે ગુરુદેવને પૂછીને શિષ્ય સમાધાન મેળવીને પોતાના શ્રુતજ્ઞાનને વિશુદ્ધ કરી લે છે. સૂત્રાર્થ વિશુદ્ધ થતાં મિથ્યાત્વ મોહનીય (કાંક્ષા મોહનીય) કર્મનો ક્ષય થાય છે. ગુરુદેવ જ્યારે મૂળપાઠ સમજાવે ત્યારે તેના અનુસંધાનમાં શિષ્યને જિજ્ઞાસા થતાં જે પ્રશ્નો પૂછે તેને પ્રતિપૃચ્છના કહેવાય. તેનાથી શિષ્યના અંતરમાં મૂળપાઠ, અર્થ સ્પષ્ટ થાય છે. શંકાઓનું સમાધાન થતાં તેનું શ્રુતજ્ઞાન નિર્મળ થતાં, તે જીવને જિનવાણી પ્રત્યે શ્રદ્ધા, ભક્તિ અને બહુમાન થાય છે, તેના દર્શન મોહનીય કર્મનાં દલિકો નષ્ટ થઈ જતાં જીવ ક્ષાયિક સમકિતને પ્રાપ્ત કરે છે.

'ગૌતમ–પૃચ્છા' ગ્રંથ તે ભગવતી સૂત્રની ગંગામાંથી નીકળતું એક ઝરણું છે. પાંચમું અંગસૂત્ર–ભગવતી સૂત્ર એ મસ્તક સમાન છે. જેમ મસ્તકમાં અનેક સ્ક્રુ, નાડી, કોશિકાઓ છે. તેમ ભગવતી સૂત્રમાં અનેક વ્યક્તિ–ઈંદ્રભૂતિ, અગ્નિભૂતિ, જયંતિશ્રાવિકા, રોહા અણગાર અને કેટલીક અજૈન વ્યક્તિ દ્વારા પુછાયેલા ૩૬૦૦૦ પ્રશ્નો છે. જાણે ભવ-ભવાંતરમાં થયેલા જ્ઞાનાવરણીય આદિ કર્મોના ક્ષયોપશમે ઊભરાતી પ્રશ્નોની જુદી જુદી તિજોરીઓ–એમાંની મુખ્ય તિજોરી તે ગૌતમ દ્વારા પુછાયેલા પ્રશ્નો. આ પુસ્તકમાં માત્ર ગૌતમ દ્વારા પુછાયેલા જ પ્રશ્નો લીધા છે એટલે આ પુસ્તકનું નામ 'ગૌતમ–પૃચ્છા' તદ્દન યથાર્થ છે.

**(૨) ગ્રંથના કર્તા :**

ગૌતમ-પૃચ્છા ગ્રંથના કર્તા સંબંધી ફક્ત એટલો જ ઉલ્લેખ મળે છે કે તે પૂર્વાચાર્ય પ્રણીત મહાન ગ્રંથ છે. આમ તેના કર્તા વિશે ચોક્કસ માહિતી ઉપલબ્ધ નથી. મુનિ શ્રી પુણ્યવિજયજી જેમણે 'ગૌતમ–પૃચ્છા' ગ્રંથનું સંયોજન કરી, ગ્રંથના અનુકર્તા મુનિશ્રી નિરંજન વિજયજીના ગુજરાતી-હિન્દી નવલ વિવરણ ગ્રંથને પ્રસિદ્ધ કરવામાં મદદ કરી છે, તેઓ લખે છે, 'મૂળ ગ્રંથના કર્તા સંબંધી શોધખોળ કરવા છતાં પણ તેની માહિતી મળતી નથી. તે સંબંધી કોઈ પણ મહાનુભાવને માહિતી મળે તો મને જણાવવા નમ્ર વિનંતી.' ઘણી વાર ગ્રંથમાં છેલ્લી ગાથામાં કર્તાના નામ–ગામ-સમયનો ઉલ્લેખ હોય છે. અહીં તે પણ જોવા મળતો નથી.

**(૩) ગ્રંથની ભાષા :**

આ ગ્રંથ મૂળ પ્રાકૃત ભાષામાં લખાયેલો છે. પણ તેનો અનુવાદ સંસ્કૃત અને હિન્દીમાં જોવા મળે છે. સંસ્કૃત ટીકાઓ ઉપલબ્ધ છે. સ્વાભાવિક છે કે ગૌતમ-મહાવીર પ્રશ્નોત્તર મૂળ તો પ્રાકૃત ભાષામાં જ હોય પણ

સમયના વહેણ સાથે, જમાનાની માંગ પ્રમાણે તે અન્ય ભાષાઓમાં અનુવાદિત થયા હોય.

**(૪) ગ્રંથનો રચના કાળ :**

ગ્રંથના મૂળ કર્તાની જેમ તેના રચનાકાળ વિશે પણ ચોક્કસ માહિતી મળતી નથી. પણ તે પ્રાચીન સાહિત્યનો એક ગ્રંથ છે, એટલું તો જરૂર કહી શકાય.

વીર પ્રભુ મહાવીર સ્વામી ઈ. સ. પૂર્વે ૫૫૭ માં સર્વજ્ઞ બન્યા. બીજે દિવસે એમણે બુદ્ધિમાં બૃહસ્પતિ, વિદ્યાના વાચસ્પતિ એવા ૧૧ વેદમૂર્તિ બ્રાહ્મણોને દીક્ષા આપી ગણધરની માનવંતી પદવીથી નવાજ્યા, સાથે મહામૂલી ત્રિપદી આપી. જેના ઉપર સર્વ ગણધરોએ દ્વાદશાંગી રચી. ત્યાર બાદ ગીતાર્થ સ્થવિરોએ એ વિષય ગર્ભિત હજારો પ્રકીર્ણકોની રચના કરી. આમાંથી કેટલાયે ખોવાઈ ગયાં. ત્યારબાદ પૂર્વાચાર્યોએ વિવિધ વિષયો જેવાં કે દાર્શનિક મિમાંસા, કર્મવાદ, જીવવાદ, ખગોળવિષયક, આચારવિષયક–વગરે ૫૨ કુલકો, પ્રકરણો લખ્યાં. આ ગૌતમ-પૃચ્છા પણ કર્મવાદ સમજાવતો પૂર્વાચાર્ય લિખિત ગ્રંથ છે. તેનો રચનાકાળ અનિશ્ચિત છે.

**(૫) ગ્રંથનો વિષય :**

ગ્રંથનું મૂળ હાર્દ-કર્મવાદના સિદ્ધાંત છે. એટલે કે તત્ત્વજ્ઞાન છે. પણ તેનું નિરૂપણ ૬૪ શ્લોક દ્વારા પ્રશ્નોત્તર રૂપે થયું છે. ગણધર ગૌતમે પૂછેલા ૪૮ પ્રશ્નો અને તેના ઉત્તરો–આ ૬૪ શ્લોકમાં છે. સાથે એક એક પ્રશ્નના ઉત્તર સાથે દૃષ્ટાંત રૂપે એક એક કથા છે. આમ તત્ત્વજ્ઞાન, કવિતા અને કથાનો ત્રિવેણીસંગમ આ ગ્રંથમાં છે. વળી ૯૦ સુંદર ચિત્રોથી ગ્રંથ સુશોભિત બન્યો છે.

**(૬) વર્તમાન કાળમાં ગ્રંથનું ક્યારે, કોણે સંપાદન–પ્રકાશન કર્યું ?**

આ ગ્રંથ પર સંસ્કૃત ટીકાઓ, ટબા, ગદ્ય આવૃત્તિઓ જોવા મળે છે. પણ વર્તમાને શ્રી નેમિ–અમૃત–ખાંતિ–નિરંજન ગ્રંથ માળા (અમદાવાદ) તરફથી પ્રસિદ્ધ થયેલ અનુકર્તા શ્રી નિરંજન વિજયજીના ગુજરાતી તેમજ હિન્દી પુસ્તકો અને તેની આવૃત્તિઓ જ પ્રાયઃ કરીને બધાં પુસ્તકાલયોમાં છે. જેની પ્રથમ આવૃત્તિ સંવત ૨૦૧૫ માં પ્રકાશિત થઈ. બીજી આવૃત્તિ સંવત ૨૦૧૮માં, ત્રીજી આવૃત્તિ સંવત ૨૦૩૦માં અને અદ્યતન છેલ્લી આવૃત્તિ સંવત ૨૦૬૫માં બહાર પડી છે. નવી આવૃત્તિમાં પુસ્તકનું કલેવર–કદ બદલાયું છે, પુસ્તક વધુ સુંદર, આકર્ષક બન્યું છે. છેલ્લે મહાનુભાવો, મુનિશ્રીઓના અભિપ્રાયો મૂક્યા છે. જે નવી આવૃત્તિનું આગવું અંગ છે.

**(૧) અનુકર્તાની વિગત :**

**અનુકર્તા શ્રી નિરંજનવિજયજી મુનિ-જીવન કવન-એક ઝાંખી.**

વિક્રમ સંવત ૧૯૭૪માં ધર્મપ્રેમી સુશ્રાવક મારવાડના બાલીનિવાસી, ન્યાયનીતિપ્રિય, હજારીમલજી અમીચંદ શાહના ૪થા પુત્ર નવલમલજી તરીકે જન્મ.

**વૈરાગ્ય બીજ :**

વડીલ બીજાનંબરના ભાઈ મૂળચંદજી, જેઓ વિક્રમ સંવત ૧૯૮૬માં દીક્ષિત થઈ મુનિવર્યખાંતિજી નામે પ્રસિદ્ધ હતા. નવલમલજી તેમને વંદનાર્થ અમદાવાદ આવતા, ત્યાં સૂરિસમ્રાટ વિજયનેમિસૂરીશ્વરજી પ્રભાવશાળી મુખમુદ્રાના દર્શન થતાં, પ્રવચન સાંભળતાં વૈરાગ્ય બીજ રોપાયું. તેમની પુણ્યનિશ્રામાં દોઢ વર્ષ રહેતા વૈરાગ્યની પૃષ્ટિ થઈ.

**દીક્ષા :**

૧૭ વર્ષની ઉંમરે વિ. સં. ૧૯૯૧માં ચૈત્ર વદ બીજના કદમગિરિ મહાતીર્થમાં સૂરિસમ્રાટના પવિત્ર કરકમળે દીક્ષા. તેઓ શ્રી શાંતિ વિજયજીના શિષ્ય નિરંજન વિજયજી તરીકે ઓળખાયા.

**સંયમજીવન :**

ગુરુની નિશ્રામાં સૂત્રવાચના, તપ અને ધર્મયાત્રા ચાલુ. સંવત ૨૦૧૦ થી સ્વતંત્ર ચાતુર્માસ કરી અનન્ય શાસનપ્રભાવના કરી.

**સાહિત્ય સેવા :**

આજનો બાળક આવતી કાલનો સુશ્રાવક છે એટલે બાળકોમાં મૂળથી જ ધાર્મિક સંસ્કારનું સિંચન કરવા મુનિશ્રીએ અથાગ પરિશ્રમ કર્યો છે. બાળમાનસના જાણકાર એવા આ મુનિશ્રીએ બાળભોગ્ય શૈલી પર પ્રભુત્વ મેળવ્યું છે. બાળકોને ગમી જાય, વાંચવાનું મન થાય, પીપરમીંટની જેમ ચગળ્યા કરવાનું મન થાય એવા સચિત્ર કથાનકોથી ભરપૂર બાળસાહિત્યનું સર્જન અને સંયોજન કરવામાં સિદ્ધ હસ્ત બન્યા. તેઓશ્રી માત્ર બાળસાહિત્યનું સર્જન કરી અટક્યા નથી. તેમણે સંસ્કૃત ગૌતમ-પૃચ્છાનું ટીપ્પણ સાથે સંપાદન કરી, ગૌતમ–પૃચ્છાનો હિન્દી અને ગુજરાતીમાં ભાવાનુવાદ કર્યો છે. વળી હિન્દી ભાષામાં ૧૨૦૦ પૃષ્ઠનું વિક્રમ ચરિત્ર તેમજ શ્રીપાળનો ૭૦૦ પાનાનો સચિત્ર ગ્રંથ તૈયાર કર્યો છે. ભગવાન આદિનાથ તેમજ નેમિનાથ સચિત્ર, સમાજોપયોગી નાનાં મોટાં ૫૫ પુસ્તકો તૈયાર કર્યાં છે. દ્વિમાસિક 'કથાભારતી' તેમના માર્ગદર્શન નીચે પ્રગટ થતું હતું. આ બધું જોતાં સમગ્ર જૈન સમાજે તેમને 'સાહિત્ય પ્રેમી'નું આપેલું બિરુદ યથાર્થ છે. અથાગ પરિશ્રમી લગભગ ૫૦૦૦ જેટલા પુસ્તકોનું વાંચન-ચિંતન મનન કરનાર મુનિશ્રી વિજયજી સ્થૂળ દેહે આજે આપણી વચ્ચે નથી પણ તેમનો અક્ષર દેહ, સાહિત્ય દેહ અમર છે.

**(૨) ગ્રંથનો વિગતે વિષય :**

ભગવતી સૂત્ર એટલે જ્ઞાનનો, પ્રશ્નોત્તરનો ઊછળતો મહાસાગર. આ સૂત્રના મુખ્ય બે વિષય છે. પરમાણુપદ અને કર્મવાદ.

પોતાના અહંકારને કારણે જ ઈંદ્રભૂતિ મહાવીર સ્વામીને એક પણ પ્રશ્ન નહોતા પૂછી શક્યા તે જ ઈંદ્રભૂતિએ મહાવીર પ્રભુને સમર્પિત થઈ અનેક પ્રશ્નોની સચોટ ધારા વહાવી. તેમાંથી મુખ્ય કર્મવાદ પર આધારિત આયુષ્ય બંધ વખતે બંધાતા છ બોલ આદિના

પ્રશ્નો અહીં મુખ્ય છે.

રસમય પ્રશ્નોત્તર શૈલીની પોતાની સ્વતંત્ર આગવી મહત્તા છે. આ શૈલીમાં વિષયનો બોધ અત્યંત સુલભ બની જાય છે. વિજ્ઞાન How અને Why આ બે સૂત્રોને લઈને વસ્તુના અંતર સુધી પ્રવેશ કરે છે. પાશ્ચાત્ય તત્ત્વચિંતક સોક્રેટીસની પ્રશ્નપદ્ધતિનું અત્રે સ્મરણ થયા વગર રહેતું નથી. આજની નવી શિક્ષણ તાલીમ પદ્ધતિમાં શિક્ષક પ્રશ્નોત્તર પદ્ધતિ દ્વારા વિષયના હાર્દ સુધી છાત્રોને પહોંચાડે છે. આ ગૌતમ-પૃચ્છામાં પ્રશ્નકર્તા ગૌતમ સ્વામી છે અને ઉત્તરદાતા ખુદ સર્વજ્ઞ મહાવીર પ્રભુ છે એટલે આ પદ્ધતિને વિશેષ ગૌરવ મળ્યું છે અને વિષયનું તલસ્પર્શી જ્ઞાન બાળજીવોને મળે છે.

આપણને પ્રશ્ન થાય છે કે ચાર જ્ઞાનના ધણી એવા ગૌતમસ્વામી પોતે બધું જાણતા હોવા છતાં શા માટે પ્રશ્નો પૂછે છે? કારણ ગૌતમ માને છે કે ભગવાન પોતાથી વિશેષ છે. વળી પોતાના જ્ઞાન પર ભગવાનના સહી-સિક્કા થઈ જાય, સ્ટેમ્પ મરાઈ જાય તો જ પોતાના જ્ઞાનના ચેકની કિંમત. વળી તીર્થંકરની વાણીનો અતિશય પ્રભાવ પડે–સૌ સૌની ભાષામાં સૌ સમજી જાય–ખરેખર ગૌતમ સ્વામીએ અબુધ જીવોને બોધ પમાડવા માટે પ્રભુને પ્રશ્નો પૂછી જગત પર ઉપકાર કર્યો છે.

આ ગ્રંથમાં પૂર્વાચાર્ય રચિત મૂળ ૬૪ ગાથાઓ છે. ૧ થી ૧૦ ગાથામાં મંગળાચરણ અને ગૌતમે પૂછેલા ૪૮ પ્રશ્નો છે. ગાથા ૧૧ થી ૬૪માં મહાવીરે આપેલા ઉત્તરો છે.

**પ્રશ્ન ૧ :** હે ભગવાન જીવ નરકે કેમ જાય છે?

**ઉત્તર ૧:** ભગવાને ઉત્તર આપતાં ચાર ગતિનું સ્વરૂપ સમજાવતાં કહ્યું છે પોતાના કર્માનુસાર જીવ ચાર ગતિમાં જાય છે. પાંચ અણુવ્રતોનો વિરાધક. અતિશય ક્રોધી, માયાવી, લોભી, રૌદ્ર સ્વભાવી, કૃતઘ્ની જીવ નરકે જાય.

**સાર :** હિંસા દુઃખની ખાણ છે, લોભ પાપનો બાપ છે, દુર્ગતિનો દરવાજો છે.

**પ્રશ્ન ૨:** જીવ સ્વર્ગે કયા કારણથી જાય છે?

**ઉત્તર ૨:** તપ, સંયમ, દાનની રુચિવાળો, રત્નત્રયનો આરાધક, અત્યંત શ્રદ્ધાવંત, ભદ્ર, સરળ પરિણામી દેવલોકે જાય છે.

**સાર :** રત્નત્રયમાં અજોડ નિષ્ઠા રાખો. ભૂલનો એકરાર કરી માફી માગો. સરળ બનો.

**પ્રશ્ન ૩, ૪ :** કયા કર્મે જીવ તિર્યંચ બને? મનુષ્ય થાય?

**ઉત્તર ૩, ૪ :** જે જીવ નિર્દયી, માયાવી, મિત્રદ્રોહી હોય તે મરીને તિર્યંચ થાય. સરળ સ્વભાવી, નિરાભિમાની, મંદ કષાયી, સંતોષી, અલ્પ પરિગ્રહી, દેવ, ગુરુ, ધર્મનો ભક્ત મરીને મનુષ્ય થાય.

**સાર :** બુદ્ધિની વક્રતા છોડી સરળ બનો.

**પ્રશ્ન ૫ :** પુરુષ મરીને સ્ત્રી શાથી થાય? સ્ત્રી મરીને પુરુષ શાથી થાય?

**ઉત્તર ૫ :** ચપળ સ્વભાવી, મૂર્ખ, કદાગ્રહી, વિશ્વાસઘાતી પુરુષ મરીને સ્ત્રી થાય. સંતોષી, વિનયવાદી સ્ત્રી મરીને પુરુષ થાય.

**સાર :** જૂઠું ન બોલો. આળ ન ચડાવો.

**પ્રશ્ન ૭ :** કયા કર્મથી જીવ નપુંસક થાય?

**ઉત્તર ૭ :** જે પુરુષ પશુઓને નિર્લાંછન કરે (પુરુષ ચિહ્નથી રહિત કરે તેમના કાન, ગલકંબલ વગેરે અવયવો છેદે, જીવહિંસા કરે તે પુરુષ મરીને નપુંસક થાય.)

**સાર :** નિષ્ઠુરપણે પશુઓના અંગો કાપવા તે કડવી તુંબીમાં ઝેરનો વઘાર કરવા જેવું છે.

**પ્રશ્ન ૮ :** કયા કારણથી જીવ અલ્પ આયુષ્ય વાળો થાય છે?

**ઉત્તર ૮ :** નિર્દયી, જીવહિંસા કરનાર, પરલોકમાં ન માનનાર, સંક્લેશ પરિણામી અલ્પ આયુષી થાય.

**સાર :** જીવહિંસા, કામવાસનાથી દૂર રહો.

**પ્રશ્ન ૯ :** કયા કર્મના ઉદયથી જીવ પરભવે દીર્ઘ આયુષી થાય છે?

**ઉત્તર ૯ :** દયાળુ અને બીજાને અભયદાન આપનાર, પરભવે દીર્ઘાયુષી થાય.

**સાર :** નિષ્કપટ ભાવે જીવદયા પાળો અને પરભવે લાંબુ આયુષ્ય ભોગવો.

**પ્રશ્ન ૧૦, ૧૧ :** કયા કર્મથી જીવ અભોગી અને કયા કર્મથી ભોગી, મહાસુખી થાય?

**ઉત્તર ૧૦, ૧૧ :** દાન ન આપનાર, દાન આપીને પસ્તાવો કરનાર, બીજાને દાન આપતાં રોકનાર ભોગ-સુખ વિનાનો થાય. ઉલ્લસિત ભાવે સુપાત્રે દાન આપનાર ભોગ સુખવાળો થાય.

**સાર :** દાન આપો – નાદાન ન બનો.

**પ્રશ્ન ૧૨, ૧૩ :** કયા કર્મના ઉદયથી જીવ સૌભાગી લોકપ્રિય થાય છે અને કયા કર્મે જીવ દુર્ભાગી થાય છે?

**ઉત્તર ૧૨, ૧૩ :** જે દેવ ગુરુ, સાધુનો વિનય કરે, કટુ વચન ન બોલે તે દર્શનીય થાય છે. અહંકારી, દેવ-ગુરુ-સાધુની નિંદા કરે, પરને પીડે તે દુર્ભાગી થાય.

**સાર :** પરગુણની અનુમોદના, સ્વદોષની ગર્હા કરો.

**પ્રશ્ન ૧૪, ૧૫ :** કયા કર્મે જીવ બુદ્ધિશાળી અને કયા કર્મે દુર્બુદ્ધિ/ મૂર્ખ બને?

**ઉત્તર ૧૪, ૧૫ :** શ્રુતજ્ઞાનની ભક્તિ કરનાર, શાસ્ત્રોનું પઠન-પાઠન, કરનાર-કરાવનાર બુદ્ધિશાળી થાય. તપસ્વી જ્ઞાની ગુરુની નિંદા કરનાર તે બુદ્ધિ વગરનો થાય.

**સાર :** ભણે, ભણાવે જ્ઞાન તે થાય નિર્મળ બુદ્ધિ, નિંદક બને દુર્બુદ્ધિ.

**પ્રશ્ન ૧૬, ૧૭ :** કયા કર્મથી જીવ પંડિત થાય? કયા કર્મથી મૂરખ થાય?

**ઉત્તર ૧૬, ૧૭ :** વડીલોની સેવા કરનાર, તત્ત્વોનો જિજ્ઞાસુ,

શ્રુતજ્ઞાનની ભક્તિ કરે, તે મરીને પંડિત થાય. જે બીજાને કહે, 'જીવોને મારો, માંસ-મદિરાનું ભક્ષણ કરો.' તે મૂર્ખ-મૂંગો થાય.

**સાર :** શ્રુત સેવા કરો, દેવગુરુ ધર્મના અવર્ણવાદ ન બોલો.

**પ્રશ્ન ૧૮, ૧૯ :** જીવ ધીર, સાહસિક શાથી થાય? જીવ બીકણ શાથી થાય?

**ઉત્તર ૧૮, ૧૯ :** જે બીજાને ત્રાસ ન આપે, માનવસેવા અને પરોપકાર કરે તે ધીર-સાહસિક બને. જે પશુ-પક્ષીને પાંજરે પૂરે, ત્રાસ આપે તે બીકણ થાય.

**સાર :** જીવનમાં અભય માણવા, પરાક્રમી બનવા બીજાને અભય આપો.

**પ્રશ્ન ૨૦ :** કયા કર્મને લીધે જીવની ભણેલી વિદ્યા નિષ્ફળ જાય?

**ઉત્તર ૨૦ :** જે ગુરુ પાસે કપટથી ભણે, ગુરુનું નામ છુપાવે તેની વિદ્યા નિષ્ફળ જાય.

**સાર :** જ્ઞાનદાતા ગુરુનો આભાર માનો.

**પ્રશ્ન ૨૧ :** કયા કર્મને લીધે ભણેલી વિદ્યા સફળ થાય?

**ઉત્તર ૨૧ :** ગુરુનો વિનય કરવાથી ભણેલી વિદ્યા સફળ થાય.

**સાર :** વિનય–નમ્રતા મહત્તાનો પાયો છે.

**પ્રશ્ન ૨૨, ૨૩ :** કયા કર્મથી માણસનું દ્રવ્ય નાશ પામે છે? કયા કર્મથી માણસને લક્ષ્મી આવી ફરી મળે છે?

**ઉત્તર ૨૨, ૨૩ :** દાન આપી પસ્તાવો કરનારની લક્ષ્મી ચાલી જાય. શક્તિ અનુસાર સુપાત્રે દાન આપનારને બીજા ભવે લક્ષ્મી ફરી મળે.

**સાર :** દાન આપો-અપાવો.

**પ્રશ્ન ૨૪ :** કયા કર્મથી લક્ષ્મી મળીને સ્થિર થાય?

**ઉત્તર ૨૪ :** ગમતી વસ્તુ સાધુને ઉત્કટ ભાવે વહોરાવે, પછી પણ મનમાં રાજી થાય તેની લક્ષ્મી સ્થિર થાય.

**સાર :** સુપાત્રે દાનમાં શૂરાતન કેળવો.

**પ્રશ્ન ૨૫, ૨૬ :** કયા કર્મથી કોઈ વ્યક્તિનો પુત્ર જીવતો નથી? કયા કર્મને લીધે જીવ ઘણા પુત્રવાળો થાય છે?

**ઉત્તર ૨૫, ૨૬ :** પશુ, પક્ષી અને મનુષ્યના બાળકનો વિયોગ કરનારને ત્યાં પુત્ર જીવે નહિ. પરમ દયાવાન વ્યક્તિને પરભવે ઘણા પુત્રો થાય.

**સાર :** ધર્મથી સંતાન મળે ને છેવટે અવ્યાબાધ શિવસુખ મળે.

**પ્રશ્ન ૨૭, ૨૮ :** કયા કર્મથી જીવ બહેરો થાય? કયા કર્મથી જન્માંધ થાય?

**ઉત્તર ૨૭, ૨૮ :** સાંભળ્યું ન હોય છતાં કહે મેં સાંભળ્યું છે, એમ ગપ મારે. જોયું ન હોય છતાં નિશ્ચયથી મેં જોયું છે એમ કહે તે અનુક્રમે બહેરા અને જન્માંધ થાય.

**સાર :** ઈંદ્રિયોનો દુરુપયોગ ન કરો.

**પ્રશ્ન ૨૯ :** કયા કર્મને લીધે ખાધેલું અન્ન પચે નહિ?

**ઉત્તર ૨૯ :** જાણી જોઈને સંતોને બગડેલું, અશુદ્ધ ભોજન વહોરાવે તેને ખાધેલું અન્ન પચે નહિ.

**સાર :** રોહિણી વ્રત કરો. શુદ્ધ ભાવે વહોરાવો.

**પ્રશ્ન ૩૦ :** કયા કર્મથી જીવ કોઢી થાય?

**ઉત્તર ૩૦ :** જે વનને બાળે, મધપુડા પાડે, વગર કારણે વનસ્પતિ તોડે તે કોઢિયો થાય.

**સાર :** બે ઘડીની મોજ માટે ના હણો અન્ય જીવોને, રક્ષા કરો.

**પ્રશ્ન ૩૧ :** કયા ક્રમને લીધે જીવ કુબડો થાય?

**ઉત્તર ૩૧ :** પશુઓ પર ગજા ઉપરાંતનો ભાર ભરનાર જીવ કુબડો થાય.

**સાર :** માઠાં કર્મના માઠાં ફળ.

**પ્રશ્ન ૩૨ :** કયા કર્મને લીધે જીવને દાસત્વ પ્રાપ્ત થાય છે?

**ઉત્તર ૩૨ :** જાતિ મદ કરનાર., પશુ-પક્ષીનો ક્રય-વિક્રય કરનાર, કૃતઘ્ની પરભવે દાસત્વ પામે.

**સાર :** પુણ્યોદયથી મળેલ જાતિ-કુળનો મદ ન કરો.

**પ્રશ્ન ૩૩ :** કયા કર્મનૈ લીધે જીવ દરિદ્રી બને?

**ઉત્તર ૩૩ :** ચારિત્ર, દાન, ધર્મ, વિનય રહિત અને મન-વચન-કાયાના દંડ સહિત હોય તે દરિદ્રી થાય.

**સાર :** બાવળ વાવી, કેરીની આશા ન રાખો.

**પ્રશ્ન ૩૪ :** કયા કર્મને લીધે જીવ ઋદ્ધિવાળો થાય છે?

**ઉત્તર ૩૪ :** દાનેશ્વરી, વિનયી, ગુણવાન જીવ મરીને ઋદ્ધિવાન થાય.

**સાર :** દયા અને દાન બે છે પવન પાહુડા–જે મોક્ષે લઈ જાય.

**પ્રશ્ન ૩૫, ૩૬ :** કયા કર્મને કારણે જીવ રોગી થાય? નીરોગી થાય?

**ઉત્તર ૩૫, ૩૬ :** વિશ્વાસઘાતી, શુદ્ધ આલોચના ન કરનાર રોગી થાય. જે ગુરુ પાસે સર્વ પાપની આલોચના કરે, આપેલ પ્રાયશ્ચિત્ત પૂર્ણ કરે તે નીરોગી બને.

**સાર :** પાપને પ્રકાશો–ઢાંકવાથી પાપ વધે.

**પ્રશ્ન ૩૭ :** જીવ હીન અંગવાળો શાથી થાય?

**ઉત્તર ૩૭ :** કપટી પુરુષ, ખોટા માપ તોલા અને ભેળસેળ કરેલી વસ્તુનો વેપાર કરનાર, માયા-કપટ કરનાર હીન અંગવાળો મનુષ્ય થાય.

**સાર :** ખોડખાંપણવાળું શરીર ન ગમે તો તેના કારણરૂપ કપટ ન કરો.

**પ્રશ્ન ૩૮, ૩૯ :** કયા કર્મને લીધે જીવ મૂંગો થાય? ઠૂંઠો થાય?

**ઉત્તર ૩૮, ૩૯ :** શીલવાન-ગુણવાન સાધુની નિંદા કરનાર મૂંગો થાય. સાધુને પગથી પ્રહાર કરનાર ઠૂંઠો થાય છે.

**સાર :** ઈંદ્રિયોનો સદુપયોગ કરો.

**પ્રશ્ન ૪૦ :** કયા કર્મથી જીવ પાંગળો થાય છે?

**ઉત્તર ૪૦ :** નિર્દયતાથી પશુ પર વધુ ભાર કરનાર, પશુના નાક-

કાન છેદનાર પાંગળો થાય છે.

**સાર :** જીવદયા વગરનું જીવન પશુથી બદતર છે.

**પ્રશ્ન ૪૧, ૪૨ :** કયા કર્મથી જીવ સુરૂપ થાય? કયા કર્મથી કુરૂપ થાય?

**ઉત્તર ૪૧, ૪૨ :** છત્રના દંડની જેમ સીધો સરળ સ્વભાવી, દેવ-ગુરુ-ધર્મનો ભક્ત સુરૂપ થાય. પાપી, દ્વેષી, નિંદક જીવ કુરૂપ થાય.

**સાર :** સરળતા ત્યાં શુભ નામ કર્મ.

**પ્રશ્ન ૪૩ :** કયા કર્મથી જીવ વેદનાયુક્ત જીવન ભોગવે છે?

**ઉત્તર ૪૩ :** પ્રાણીઓને હાથ વડે કે લાકડી, દંડ, ભાલાથી મારે તે વેદનાયુક્ત જીવન ભોગવે.

**સાર :** જેવા બીજ વાવો તેવા ઝાડ ઊગે.

**પ્રશ્ન ૪૪ :** કયા કર્મે જીવ વેદનામુક્ત થાય?

**ઉત્તર ૪૪ :** બીજાને બંધનમુક્ત કરનારને બીજા ભવે વેદનામુક્ત જીવન મળે.

**સાર :** જીવ દયા રાખો, પરને છેતરો નહિ.

**પ્રશ્ન ૪૫ :** કયા કર્મે પંચેન્દ્રિય જીવ એકેન્દ્રિય પણું પામે?

**ઉત્તર ૪૫ :** મોહનીય કર્મના તીવ્ર ઉદયથી, કુટુંબની અતિશય મૂર્ચ્છા રાખનાર શાતાવેદનીય કર્મ થોડું હોય તે એકેન્દ્રિય પણું મેળવે.

**સાર :** મારું-મારું કરવાથી મારું (આતમધન) ચાલ્યું જાય છે.

**પ્રશ્ન ૪૬, ૪૭ :** કયા કર્મથી જીવનો સંસાર વધે-શ્રદ્ધાવંતનો પરિત થાય.

**ઉત્તર ૪૬, ૪૭ :** નાસ્તિકનો સંસાર વધે-શ્રદ્ધાવંતનો પરિત થાય.

**સાર :** ધર્મ-કર્મ-નવ તત્ત્વનો અનાદર ન કરો. સ્વીકાર કરો.

**પ્રશ્ન ૪૮ :** કયા કારણથી જીવ સંસાર સમુદ્ર તરી મોક્ષનગરી પહોંચે છે?

**ઉત્તર ૪૮ :** નિર્મળ, સમ્યક્જ્ઞાન-દર્શન-ચારિત્રવાળો મોક્ષે જાય.

**સાર :** લેવા જેવા સંયમની ઝંખના કરો. છોડવા જેવા સંસારમાં લીન ન બનો. જીવનની સાર્થકતા ધર્મ-આરાધનામાં છે–આ આપણું જીવનસૂત્ર બનો. ખરેખર ક્રમશઃ સોપાન ચઢતાં આ છેલ્લા પ્રશ્ને અંતિમ સોપાને પહોંચાડી દીધા. છેલ્લી બે ગાથામાં ગ્રંથકર્તા જણાવે છે કે પાપ-પુણ્યના ફળ વિશે ગૌતમે જે પ્રશ્નો પૂછ્યા તેના ઉત્તરો વીર પ્રભુએ આપ્યા. ભવ્ય જીવો! તે વાંચી, ચિંતન કરી ધર્મ-અધર્મના ફળ પ્રગટપણે વિચારી ધર્મ આદરજો. છેલ્લે ગ્રંથકાર કહે છે ૪૮ પ્રશ્નો અને ૬૪ ગાથા રૂપ આ ગૌતમ-પૃચ્છા ગ્રંથ ગંભીર અર્થથી ભરપૂર છે. જે પૂર્વાચાર્ય ભગવંતે કહ્યો છે.

**(૩) ગૌતમ-પૃચ્છા ગ્રંથનું એ સમય-કાળમાં જૈનધર્મ અને સાહિત્યમાં સ્થાન**

સાહિત્ય એ તત્કાલીન સમાજનું દર્પણ છે અને તેની દીવાદાંડી પણ છે. તે સમયની રાજકીય, સામાજિક, ન્યાયવિષયક કે આર્થિક પરિસ્થિતિનો ખ્યાલ આ ગ્રંથના કથાનકોમાંથી મળે જ છે. વળી આ ગ્રંથનો જૈન ધર્મ અને સાહિત્ય પર ઘણો પ્રભાવ છે. જૈન ધર્મનો કર્મવાદ અતિ સૂક્ષ્મ છે. વિશ્વની તમામ વિસંગતિનું મૂળ કર્મસિદ્ધાંત છે. સામાન્ય કક્ષાની બાળજનતાને કર્મવાદની ઊંડી વિચારણામાં રસ નથી હોતો. છતાં એટલી જિજ્ઞાસા જરૂર હોય છે કે ખુલ્લી આંખે દેખાતી વિસંગતિ, સારું-નરસું શાને આભારી છે, તે માટે યથાયોગ્ય કાર્ય કરવા, આરાધના કરવા તેમનું મન તૈયાર હોય છે, તે બાળજીવો માટે આ ગ્રંથ મહત્ત્વનો ગ્રંથ છે.

'કડણ કમ્મ ન મોક્ખ અત્થિ' કર્મવાદની આ ફિલૉસોફી અત્યંત સરળ પ્રશ્નોત્તર શૈલી, રસમય કથાનકોથી અહીં કરી છે.

આ ગ્રંથનું જૈન સાહિત્યમાં એક આગવું સ્થાન છે, કારણ જૈન ધર્મ અતિ પ્રાચીન છે, છતાં એના સિદ્ધાંતોથી ઘણા ઓછા લોકો પરિચિત છે. જૈનધર્મને સમજી શકાય અને સર્વ સાધારણને ઉપયોગી એવું સાહિત્ય-સર્જન બહુ ઓછું છે, ત્યારે આ ગ્રંથ બહુ ઉપયોગી થઈ પડે એવો છે. આ ગ્રંથનું વારંવાર પુનર્મુદ્રણ અને આવૃત્તિઓ એ તેના પ્રભાવની, ઉપયોગિતાની, લોકપ્રિયતાની અને આદરણીયતાની સાબિતી છે.

**સમાલોચના, મહાનુભાવોના અભિપ્રાય-લેખકનું ચિંતન વગેરે:**

મુનિશ્રી યશોવિજયજી ત્રીજી આવૃત્તિના પુનર્મુદ્રણ પ્રસંગે લખે છેઃ ' આ ગ્રંથ જીવનમાં ઉત્પન્ન થતી અનેક શંકાવાળી બાબતોમાં મૂળભૂત કારણો દર્શાવે છે, અને વિષમ સમસ્યાઓ હલ કરવામાં સમાધાન પણ આપે છે. આ કારણે આધિદૈવિક કે આધ્યાત્મિક દર્દો મિટાવવા આ ગ્રંથ એક અનુભવી આધ્યાત્મિક ડૉક્ટર જેવો છે.'

મુનિશ્રી મિત્રાનંદ વિજયજી લખે છેઃ 'આ 'ગૌતમ-પૃચ્છા'ને મનોવિજ્ઞાન, માનસશાસ્ત્રના નિયમોના પાલન અને ખંડનથી આવતા સારા નરસાં પરિણામોની પારાશીશી કહેવામાં હરકત નથી.' ચોમાસા દરમિયાન બપોરે સામાયિક કરવા આવતાં અનેક આબાલ–વૃદ્ધોને 'ગૌતમ-પૃચ્છા' વાંચી અખૂટ રસ અનુભવતાં અજ્ઞાનવશ આચરેલા પાપોના પશ્ચાત્તાપ કરતાં જોયાં છે, જીવનમાં કેળવેલી પાપ બુદ્ધિને ધિક્કારતા નિહાળ્યા છે.

પાપને પંથે ચઢેલો માનવી જો 'ગૌતમ-પૃચ્છા' વાંચે તો તેને આ ગ્રંથ પ્રાયઃ કાંઈને કાંઈ અસર કર્યા વિના નહીં રહે. અરે ! ઘણાને આ ગ્રંથ માની હૂંફ જેવો પણ લાગશે.

આ ગ્રંથ સાધુ સાધ્વી માટે વ્યાખ્યાનમાં ઉપયોગી છે. શ્રાવક–શ્રાવિકા માટે ગુરુ મહારાજ જેવો છે. કથાઓ યાદ રાખી પ્રસંગોપાત કહેવાથી સુંદર વાતાવરણ સર્જી શકે એમ છે. પ્રત્યેક જૈને આ ગ્રંથ વાંચવો જોઈએ અને જૈનેતરોને વંચાવવો જોઈએ.

અંતમાં આ ગ્રંથ સૌ વાચકના જીવનમાં પ્રકાશ પાથરે, ઉનાળાની ભરબપોરે થાકેલા સંસારયાત્રીઓને સુકૃતની આ પરબ પોતાના શીતળ જળથી શાતા પમાડે એજ અભ્યર્થના. ✷✷✷

મોબાઈલ : ૯૮૧૯૮૨૨૬૨૦૬. ટેલિ. ૦૨૨ ૨૫૦૦૧૬૩૩

# તત્ત્વાર્થ સૂત્ર

□ ઈલાબેન શાહ

*લેખિકા જૈન ધર્મના અભ્યાસી અને પ્રચારક છે.*

કુશાગ્ર બુદ્ધિના ધણી, વિસ્તૃત આગમિક વિષયોનું સંક્ષિપ્તમાં સંકલન કરવાવાળા, 'વાચકવય' બિરુદ ધારણ કરવાવાળા શ્રીમાન ઉમાસ્વાતિ રચિત 'તત્ત્વાર્થ સૂત્ર' માટે લખવું કે કહેવું મારા જેવા અલ્પબુદ્ધિવાળા માટે મુશ્કેલ છે એટલા માટે આ લખાણ એક પ્રયાસ છે. 'अल्पाक्षरेर्बह्वर्थान् सूत्रयतीति सूत्रं' આ વ્યુત્પત્તિ તત્ત્વાર્થ સૂત્ર માટે સર્વથા ઉચિત છે. શ્રી ઉમાસ્વાતિએ આગમશાસ્ત્રોનું દોહન કરીને લગભગ સર્વ વિષયોનો સમાવેશ તત્ત્વાર્થસૂત્રમાં નાના નાના સૂત્રો દ્વારા ૧૦ અધ્યાયોમાં કર્યો છે. તત્ત્વાર્થસૂત્ર અને એના રચયિતા ઉમાસ્વાતિ બધા જ જૈન સંપ્રદાયોમાં ભક્તિ અને બહુમાનપૂર્વક સ્વીકાર્ય છે. કારણ કે શ્વેતાંબર અને દિગંબર બંને સંપ્રદાયોના સન્માનિત આચાર્યોએ એના પર ટીકા લખી છે. શ્રી ઉમાસ્વાતિનો કાર્યકાળ વિક્રમની બીજી શતાબ્દી માનવામાં આવે છે. પરંતુ સત્યસંપૂર્ણ એવી ઐતિહાસિક સામગ્રી ઉપલબ્ધ નથી. ઘણાં વિદ્વાનો એમનો કાર્યકાળ વિક્રમની પાંચમી શતાબ્દી પહેલાં માને છે. એમનો જન્મ શૈવધર્મી બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. એમના માતાજીનું નામ ઉમા અને પિતાજીનું નામ સ્વાતિ હતું તેથી ત્યારના પ્રચલિત રિવાજ પ્રમાણે એમનું નામ ઉમાસ્વાતિ રાખવામાં આવ્યું. કદાચ બ્રાહ્મણ પરિવારના હોવાને લીધે સંસ્કૃત એમને જીભને ટેરવે હતી. લગભગ બધા આગમિક વિષયોનું સૂક્ષ્મ અવલોકન કરી વિધ વિધ તાત્ત્વિક વિષયોના અવતરણ તત્ત્વાર્થ સૂત્રમાં સંસ્કૃત ભાષામાં કર્યા. શ્રી ઉમાસ્વાતિને સંસ્કૃત ભાષાના 'પ્રધાન સંગ્રાહક' (આદ્યલેખક) માનવામાં આવે છે. કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજી આપને 'સંગ્રહકાર' તરીકે ઉચ્ચતમ સ્થાન ઉપર બિરાજમાન કરે છે. સંસ્કૃત ભાષાનું ચલન પ્રાચીન સમયમાં હશે કારણ કે દ્વાદશઅંગ – દૃષ્ટિવાદના તૃતીય ભેદરૂપ ચૌદ પૂર્વ કહેવાય છે જે સંસ્કૃતમાં હતાં એવું જૈન શાસ્ત્રોમાં લખ્યું છે. ચાર મૂલ સૂત્રમાંનો એક 'અનુયોગદ્વાર' પણ પ્રાકૃત અને સંસ્કૃતમાં હોવાનો ઉલ્લેખ છે.

શ્રી ઉમાસ્વાતિના પરિચયમાં કહેવાનું કે, પૂર્વે વાચકવંશ વિદ્યમાન હતો જે વિદ્યાપ્રિય હોવાથી આગમિક શાસ્ત્રોના અધ્યયન અને કંઠસ્થ કરવા પશ્ચાત્ એના પઠન-પાઠનમાં તલ્લીન રહેવાવાળો હતો. આ વાચકવંશ શ્વેતાંબર અને દિગંબર સંપ્રદાયમાં ઉદ્ભવતા તીવ્ર મતભેદો વખતે તટસ્થ રહીને આગમિક પરંપરાને સંપૂર્ણ સમર્પિત હોવાનું કથન પટ્ટાવલીમાં મળે છે. આવશ્યક વૃત્તિમાં વાચકવંશને નમસ્કાર કરતાં લખાયું છે 'एक्कारसवि गणहरे, पवायए पवयणस्स वंदामि। सव्वं गणहरवंस, वायगवंस पवयणं च' ।। તત્ત્વાર્થસૂત્ર પર અનેક ટીકા લખાઈ છે પરંતુ વિદ્વાન આચાર્યગણ ભાષ્યના રચયિતા તરીકે સ્વયં ઉમાસ્વાતિને જ માને છે. કારણ કે ભાષ્યની રચના મૂળ ગ્રંથને અનુલક્ષીને લખાઈ છે. કારણ કે અંતમાં લખેલી પ્રશસ્તિમાં ઉમાસ્વાતીના ગુરુ, પ્રગુરુનું વર્ણન મળે છે. (સ્થળ સંકોચના કારણે પ્રશસ્તિ અહીં આપી નથી) શ્રી ઉમાસ્વાતિના એકદશાંગધારક 'ઘોષનંદી' નામે ગુરુ તથા વાચક મુખ્ય 'શિવશ્રી' નામે પ્રગુરુ હતા. મહાન કીર્તિવર્ય મહાવાચક 'શ્રી મુંડપાદ' ક્ષમણના શિષ્ય વાચકાચાર્ય 'મૂલ' પાસેથી શ્રી ઉમાસ્વાતિએ આગમવાચના પ્રાપ્ત કરી હતી. શ્રી ઉમાસ્વાતિના કુસુમપુરમાં રહેવાવાળા 'કૌભીષણ' ગોત્રવાળા માતા-પિતા હતા જેમના સુપુત્રે વીતરાગવાણીને હૃદયમાં ધારણ કરીને સંસારી જીવોની મુક્તિ માટે તત્ત્વાર્થસૂત્રની રચના કરી.

શ્રી તત્ત્વાર્થસૂત્રની અનેક હસ્તપ્રતો ઉપલબ્ધ છે. પરંતુ મૂળ પ્રતનું નિરૂપણ કરવું મુશ્કેલ છે. તત્ત્વાર્થસૂત્રની ભાષ્ય સાથે, ભાષ્ય વગરની પ્રતો ભારતની જે જે સંસ્થાઓમાં ઉપલબ્ધ છે એમાંની છે 'એલ.ડી. ઈન્સ્ટિટ્યુટ-અમદાવાદ', હેમચંદ્રાચાર્ય જ્ઞાનમંદિર-પાટણ, લીંબડી જૈન જ્ઞાનમંદિર–લીંબડી અને ભાંડારકર ઓરિએન્ટલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ–પુના છે. વિ. સં. ૧૩૦૩માં તાડપત્ર ઉપર લખાયેલી હસ્તપ્રતની બે આવૃત્તિઓ પાટણમાં ઉપલબ્ધ છે જે અત્યંત ક્ષીણ અવસ્થામાં છે અને કોઈ પણ ક્ષણે ટુકડાઓમાં પરિવર્તિત થઈ શકે છે. બાકીની પ્રતો કાગળ ઉપર લખાયેલી જે, ૧૬ થી લઈને ૨૦મી શતાબ્દિ સુધીની છે. ગુજરાતમાં મળતી પ્રતો મુખ્યતયા શ્વેતાંબર પરંપરાને અનુરૂપ છે જ્યારે ભાંડારકર ઓરિએન્ટલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ–પુનાની પ્રતો દિગંબર પરંપરાને અનુરૂપ છે. પાટણના સંઘવી પાડામાં સ્થિત કૃતિ તાડપત્ર પર લખાયેલી છે જે શ્વેતાંબર પરંપરાને અનુરૂપ છે પણ એમાં દિગંબર પરંપરા અનુસાર ત્રીજા અધ્યાયનો સમાવેશ કરવામાં આવ્યો છે. કદાચ લેખકે આવી સ્વતંત્રતા લઈ લીધી હશે.

શ્રી તત્ત્વાર્થસૂત્ર ઉપર અનેક વિવરણ લખાયા છે જેમાંથી ચાર વિવરણ જે અત્યારે ઉપલબ્ધ છે, જેનું જૈન તત્ત્વદર્શનમાં બહુ મહત્ત્વ છે, એમાંના ત્રણ દિગંબર છે જેની રચના દિગંબર વિદ્વાનોએ કરી છે અને એક શ્રી ઉમાસ્વાતિએ પોતે લખ્યું છે જેનું ઐતિહાસિક મૂલ્ય છે. અહીં એક વાત ધ્યાનાકર્ષક છે કે મૂલતઃ સૂત્ર એક જ પણ સંપ્રદાય ભેદના લીધે બે પ્રવાહ બન્યા–શ્વેતાંબર જે ભાષ્યની ખૂબ જ નજીક છે એ 'ભાષ્ય માન્ય' અને દિગંબરોના સર્વાર્થસિદ્ધિથી સામ્યતા રાખવાવાળો 'સર્વાર્થસિદ્ધિ' માન્ય. બંનેમાં મુખ્ય ત્રણ ભેદ છે-

(૧) સૂત્રોની સંખ્યા 'ભાષ્ય' માન્યમાં ૩૪૪ છે અને 'સર્વાર્થસિદ્ધિ' માન્યમાં ૩૫૭ છે. (૨) સૂત્રોની સંખ્યાભેદ હોવા છતાં પણ અર્થભેદ નથી સિવાય કે દેવલોક (શ્વેતાંબર ૧૨ દિગંબર ૧૬) કાળ અને હાસ્યનું પુણ્ય કર્મમાં સમાવેશ (૩) પૂજ્યપાદ દ્વારા લખેલ સર્વાર્થસિદ્ધિને એમના પછી થયેલ દિગંબર વિદ્વાનોએ માન્ય રાખ્યું. સર્વાર્થસિદ્ધિમાં ધ્યાનાકર્ષક વાત એ હતી કે પૂજ્યપાદે અન્ય દર્શનની માન્યતાનું ખુલ્લેઆમ ખંડન કર્યું હતું. જેમ કે મોક્ષમાર્ગ–સંલેખના-આત્મહત્યા નથી ઈત્યાદિ. સર્વાર્થસિદ્ધિની બીજી ખાસિયત એ હતી કે જ્યારે દક્ષિણમાં ત્રીજી વલ્લભી વાચનાને અમાન્ય કરવામાં આવી ત્યારે, ભાષ્ય આધારિત સર્વાર્થસિદ્ધિને અનેક નવી ટીપ્પણીઓ સાથે પ્રસ્તુત કરવામાં આવ્યું, જે કદાચ સમયની માંગ હતી. એટલું જ નહીં પણ રાજવાર્તિક અને શ્લોકવાર્તિક માટે પણ ભૂમિકા તૈયાર કરવામાં આવી. આપણને આશ્ચર્ય થાય કે ભાષ્ય તથા વાર્તિક નામ કેમ પડ્યા હશે! પતંજલિનો વ્યાકરણ ગ્રંથ મહાભાષ્ય નામથી પ્રસિદ્ધ હતો. તેથી શ્રી ઉમાસ્વાતિએ પણ ભાષ્યના નામનો ઉપયોગ કર્યો. ભારતીય સાહિત્યમાં એક યુગ આવ્યો કે અનેક સંપ્રદાયમાં વાર્તિકના નામથી લખવામાં આવ્યું. એની અસર તત્ત્વાર્થ ઉપર લખાયેલા વિવરણ ઉપર પણ થઈ. શ્રી અકલંકનું તત્ત્વાર્થવાર્તિક જે પછીથી રાજવાર્તિકના નામથી મશહુર થયું અને શ્રી વિદ્યાનંદે શ્લોકવાર્તિક નામક ટીકા તત્ત્વાર્થસૂત્ર પર લખી જેની પ્રેરણા કુમારિલના શ્લોકવાર્તિકથી મળી. રાજવાર્તિક અને શ્લોકવાર્તિક નિશ્ચિત રૂપથી સ્વાર્થસિદ્ધિના ઋણી છે. છતાં પણ ગ્રંથની દૃષ્ટિએ બંને સર્વાર્થસિદ્ધિથી ચડિયાતા છે. રાજવાર્તિકની નવીનતા અને તેજસ્વીતા આપણને પ્રભાવિત કર્યા વગર રહેતી નથી. ભાષ્યનો ઉપયોગ દક્ષિણમાં પૂજ્યપાદે સર્વાર્થસિદ્ધિમાં, શ્રી અકલંકે રાજવાર્તિકમાં અને શ્રી વીરસેને ધવલામાં કર્યો છે પણ ત્યારબાદ ૧૨ મી સદીના શ્રી ભાષ્કરાનંદી અને શ્રી વિદ્યાનંદીએ એનો ઉલ્લેખ સુદ્ધાં કર્યો નથી.

તત્ત્વાર્થસૂત્ર પર ટીકાકાર

(૧) શ્રી ઉમાસ્વાતિ – ભાષ્ય રૂપે

(૨) ગંધહસ્તી – આ અલંકાર છે જેનાથી શ્વેતાંબરમાં વૃદ્ધવાદીના શિષ્ય સિદ્ધસેન દિવાકર અને દિગંબરના શ્રી સમંતભદ્રને વિભૂષિત કરવામાં આવ્યા હતા. એમણે પણ ટીકા લખી છે. સિદ્ધસેને તો ૧૮૦૦૦ શ્લોક પ્રમાણ ટીકા લખી છે જે સહુથી મોટી છે.

(૩) શ્રી હરિભદ્ર – શ્રી હરિભદ્રની સાથે શ્રી યશોભદ્ર અને યશોભદ્રના અજ્ઞાત શિષ્ય, એ ત્રણેએ મળીને ટીકા લખી. (અત્યારે એ રીશભદેવ કેસરીમલ ટ્રસ્ટ-રતલામમાં ઉપલબ્ધ છે.)

(૪) શ્રી દેવગુપ્ત – શ્રી દેવગુપ્તે ભાષ્યની કારિકા પર ટીકા લખી.

(એટલા માટે ઉમાસ્વાતિનો કાર્યકાળ ભગવાન મહાવીર પછી ૪૭૧નો માનવામાં આવે છે. જે વીર સંવતની શરૂઆત પણ હતી. સહુથી પહેલી ટીકા સર્વાર્થસિદ્ધિ જે પૂજ્યપાદે લખી હતી, જે પાંચમી શતાબ્દીમાં થયા હતા.)

(૫) શ્રી મલયગીરી – શ્રી મલયગીરી ૧૨–૧૩ સદીના ખૂબ જ મોટા વિદ્વાન હતા પણ એમણે લખેલી ભાષ્ય પરની ટીકા મળતી નથી.

(૬) શ્રી ચિરંતનમુનિ – ૧૪મી શતાબ્દીમાં થયેલા આ અજ્ઞાત મુનિએ, જે શ્વેતાંબર હતા તત્ત્વાર્થ પર ટિપ્પણી લખી છે.

(૭) શ્રી વાચક યશોવિજયજી – એમણે લખેલા ભાષ્યની ટીકાનું પહેલું અપૂર્ણ અધ્યાય અત્યારે ઉપલબ્ધ છે.

(૮) શ્રી ગણિ યશોવિજયજી – એમના દ્વારા લખવામાં આવેલી ગુજરાતીમાં તબા–ટિપ્પણી ઉપલબ્ધ છે જેમાં બે વાતો ધ્યાનાકર્ષક છે. એમણે વાચક યશોવિજયજીની જેમ સર્વાર્થસિદ્ધિ પર ટિપ્પણી લખી અને પહેલીવાર ગુજરાતીમાં ટિપ્પણી લખાઈ.

(૯) શ્રી પૂજ્યપાદ – પાંચમી શતાબ્દિમાં થયેલ શ્રી પૂજ્યપાદે સર્વાર્થસિદ્ધિ નામક ટીકા લખી.

(૧૦) ભટ્ટ અકલંક – લગભગ સાતમી શતાબ્દીમાં થયેલ ભટ્ટ અકલંકે તત્ત્વાર્થ પર રાજવાર્તિક નામે ટીકા લખી.

(૧૧) શ્રી વિદ્યાનંદ – લગભગ ૯-૧૦મી શતાબ્દીના શ્રી વિદ્યાનંદે શ્લોકવાર્તિક નામક ટીકા લખી.

તત્ત્વાર્થસૂત્ર સદીઓથી અભ્યાસુઓ માટે એવો ગ્રંથ છે જેમાં આગમોનો સમગ્ર સાર અતિ સંક્ષેપમાં કહેવામાં આવ્યો છે. મોક્ષમાર્ગનું નિરૂપણ નવ અથવા સાત તત્ત્વોથી એ જૈન ઈતિહાસમાં શ્રી ઉમાસ્વાતિનો પહેલો પ્રયાસ હતો. જીવના કર્મબંધનથી સર્વથા મુક્ત થઈ મોક્ષ પ્રાપ્ત કરવાની પ્રરુપણા તત્ત્વાર્થસૂત્રમાં કરવામાં આવી છે. શ્રી ઉમાસ્વાતિએ ઉત્તરાધ્યાનના નવ તત્ત્વને સાત તત્ત્વોમાં સમાવિષ્ટ કરીને મોક્ષમાર્ગની કેડી બતાવી છે. તત્ત્વાર્થસૂત્રના બીજાથી સાતમા અધ્યાયમાં સાત તત્ત્વોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જ્યારે જ્ઞાનને પ્રથમ અધ્યાયમાં જ લેવામાં આવ્યું છે કારણ કે 'જ્ઞાન' 'તત્ત્વ'ના વર્ગમાં નથી આવતો. બીજાથી પાંચમા અધ્યાયમાં ચૌદ રાજલોક, એના ઉર્ધ્વ, મધ્ય અને તિરછો એમ ત્રણ ભાગ, કર્માનુસાર જીવની ગતિ અને જન્મ, શરીર અને ઈન્દ્રિયની રચના, એમની ખાસિયત આદિ સાંસારિક જીવોનું વર્ણન છે. જંબુદ્વિપના વચ્ચે મેરુપર્વત, એનો વિસ્તાર, મનુષ્યોનો નિવાસ, દેવતાઓના નિવાસ, એમની લેશ્યાઓ, આયુષ્ય ઈત્યાદિનું વર્ણન છે. આ અધ્યાયનો આધાર પન્નવણા, સ્થાનાંગ તથા જંબુદ્વિપપન્નતી છે. છઠ્ઠા અધ્યાયમાં આશ્રવ એના ભેદ, પ્રભેદ, પુણ્યપાપ, આશ્રવના કારણ અને એની આઠ મૂળ પ્રકૃતિઓનું વર્ણન છે. અહીં એ જાણવું રસપ્રદ છે કે આ અધ્યાય લખવા માટે શ્રી ઉમાસ્વાતિને વિષયની કોઈ તૈયાર સૂચિ ઉપલબ્ધ નહોતી.

સાતથી નવ તત્ત્વોનું વિવરણ બીજાથી દસમા અધ્યાયમાં કર્યું

છે જ્યારે જ્ઞાનમીમાંસાનું વિવરણ પ્રથમ પાંચમા અધ્યાયમાં છે. જ્ઞાનને પ્રાથમિકતા આપવાનું કારણ કે એમનું તત્ત્વોની સાથે નિરૂપણ કરવું શક્ય નહોતું. બીજું એનાથી બાકીના અધ્યાયોની તત્ત્વાર્થાધિગમ તરીકે સિદ્ધિ થાય છે. પ્રથમ અધ્યાયનો આરંભ 'સમ્યક્ દર્શન' શબ્દથી થાય છે. મિથ્યાત્વ અને અજ્ઞાનથી મુક્ત થઈ આત્માનો જ્ઞાન ગુણ પ્રગટ થાય છે જે જીવનું મૂળ સ્વરૂપ છે. જ્ઞાનને પ્રમાણ તરીકે સ્થાપવાનું શ્રેય પણ ઉમાસ્વાતિને જાય છે. અન્ય દર્શનોમાં ન્યાય અને પ્રમાણ વિષે ખૂબ લખાયું હતું તેથી શ્રી ઉમાસ્વાતિએ પણ જૈનદર્શનમાં પ્રચલિત પાંચ જ્ઞાનને પ્રત્યક્ષ અને પરોક્ષ રૂપ આપીને એને જ પ્રમાણ તરીકે માન્યતા અપાવી. જ્ઞાનની પરિભાષા કરતાં પ્રથમ અધ્યાયના ૯મા સૂત્રમાં કહે છે– 'मति-श्रुतावधि-मन: पर्याय-केवलानि ज्ञानम्' અને પછી ૧૦મા સૂત્રમાં એને જ પ્રમાણનું બિરૂદ આપતા કહે છે 'तत्प्रमाणे'. પ્રથમ બે જ્ઞાન પરોક્ષ પ્રમાણ છે અને બાકીના ત્રણ પ્રત્યક્ષ પ્રમાણ છે. આમ જ્ઞાન ને પ્રમાણ તરીકે પ્રથમ વખત માન્યતા અપાવવાનું શ્રેય પણ શ્રી ઉમાસ્વાતિને ફાળે જાય છે. ત્રીજા તથા ચોથા અધ્યાયમાં જીવતત્ત્વ, કર્મબંધનું કારણ, એ પ્રમાણે વર્ગીકરણ, સ્વભાવ, શરીર, ચાર ગતિમાં ભ્રમણ, જંબૂદ્વિપ અને મેરૂ પર્વત, મનુષ્ય, તિર્યંચ, નારક અને દેવતા, લેશ્યા, આયુષ્યનું વર્ણન છે. આ અધ્યાયમાં સંસારી જીવોનું અને દસમા અધ્યાયમાં મુક્ત જીવોનું વર્ણન છે. પાંચમા અધ્યાયમાં પાંચ અસ્તિકાય અને ૬ દ્રવ્યનું વર્ણન છે. છઠ્ઠા અધ્યાયમાં આવતા આશ્રવ તત્ત્વના ચિંતન માટે આગમમાં કોઈ તૈયાર સામગ્રી નથી મળતી. વિશાળ આગમ ગ્રંથોનું અધ્યયન કરીને શ્રી ઉમાસ્વાતિએ પોતાની યોજના અનુસાર એક રૂપરેખા બનાવી. સમગ્ર આગમમાં આવતા ત્રણ યોગ 'મન, વાક, કાય'ને શ્રી ઉમાસ્વાતિએ 'કાય, વાક, મન'માં બદલી નાંખ્યું. (આ સમગ્ર અધ્યાયમાં અલગ અલગ ક્રિયાઓનું વિવરણ છે.) કારણ કે પ્રાણાતિપાતના સંદર્ભમાં થવાવાળી ક્રિયાનો સંબંધ કાયાથી છે એટલા માટે કાયા જ બધા આશ્રવોનું મૂળ છે. એટલે એને પહેલા રાખ્યું. ત્રણ યોગ ને આશ્રવની વ્યાખ્યા પણ પ્રથમ શ્રી ઉમાસ્વાતિએ જ આપી. એમણે યોગને જ આશ્રવ કીધો. એ યુગમાં આ ધારણા સાવ નવી હતી. જ્યાં સુધી જીવ તેરમા ગુણસ્થાન સુધી નથી પહોંચતો ત્યાં સુધી શુભ અશુભ યોગ જીવમાં પ્રવર્તે છે. સાતમા અધ્યાયમાં વ્રત, વ્રતી તથા મહાવ્રતોનો સંબંધ સંવર અને વ્રતોનો સંબંધ નિર્જરા તત્ત્વ સાથે બતાવવામાં આવ્યો છે. આઠમા અધ્યાયમાં કર્મ, એની વ્યાખ્યા, કારણ, કર્મપ્રકૃતિનું વર્ણન છે. નવમા અધ્યાયમાં સાધુજીવનની આચારસંહિતાનું વિવરણ સંવર અને નિર્જરા તત્ત્વ દ્વારા કરવામાં આવ્યું છે. બુદ્ધ ધર્મમાં પણ સંવર અને આશ્રવનો ઉલ્લેખ મળે છે એટલે રચયિતાની જવાબદારી હતી કે આ બે તત્ત્વોની જૈનદર્શન પ્રમાણે વિશિષ્ટ ઓળખાણ કરાવે. એમાં ઉલ્લેખિત ૬ સંવરદ્વાર–સમિતિ, ગુપ્તિ, ધર્મ, અનુપ્રેક્ષા, પરિષહજય અને ચારિત્રનો ઔપચારિક ઉલ્લેખ આગમોમાં નથી મળતો. આ ઉમાસ્વાતિની પોતાની ઉપજ હશે કે મહાવ્રતના ઉલ્લેખ વગર સંવરદ્વાર દ્વારા આ અધ્યાયને લખવો. તપના બાર પ્રકારમાંથી ધ્યાનને તત્ત્વાર્થસૂત્રમાં ખૂબ જ અલગ રીતે પ્રસ્તુત કરવામાં આવ્યો છે.

અહીં એક પ્રશ્ન થાય છે કે શ્રી ઉમાસ્વાતિને તત્ત્વાર્થસૂત્ર લખવાની પ્રેરણા શા માટે થઈ! સાધારણ રીતે આપણે જોયું છે કે કોઈપણ વિષય હોય, પછી તે અર્થશાસ્ત્ર, શૃંગારશાસ્ત્ર, ખગોળશાસ્ત્ર કે આરોગ્ય યા અધ્યાત્મ, એની શરૂઆત અને અંત હંમેશા મોક્ષથી થતી હતી. જ્યારે વૈશેષિકના કણાદ, ન્યાયદર્શનના ગૌતમ, સાંખ્યદર્શનના કપિલ ઈત્યાદિએ મોક્ષ પ્રાપ્ત કરવાનો ઉપાય પણ સૂચવ્યો હતો. શ્રી ઉમાસ્વાતિએ પણ મોક્ષને અંતિમ લક્ષ્ય બતાવતા તત્ત્વાર્થસૂત્રમાં દસ અધ્યાય દ્વારા એને પ્રાપ્ત કરવાનો ઉપાય બતાવ્યો. જૈન દર્શન સાથે એમણે વેદો અને બુદ્ધ ધર્મનો પણ ગહન અભ્યાસ કર્યો હતો. એની અસર હતી કે એમણે સમકાલીન શૈલીનો ઉપયોગ કરીને જૈન દર્શનને સંક્ષિપ્ત અને નવા ઢંગથી પ્રસ્તુત કર્યો જે ત્યારના યુગ માટે બિલકુલ નવી શૈલી હતી. પછીથી શ્વેતાંબર અને દિગંબર બંને સંપ્રદાયના વિદ્વાનોએ આ શૈલી અપનાવી. વાચક ઉમાસ્વાતિએ નવ તત્ત્વોને જ લેખનનો વિષય બનાવ્યો કેમકે ભગવાને પણ નવ તત્ત્વના જ્ઞાન અને એના પ્રત્યે અખૂટ શ્રદ્ધાને જ જૈન થવાની રીત બતાવી છે પછી ભલે તે સંસારી હોય કે સાધુ. એમણે જ્ઞાનની સાથે આચરણની મહત્તા પણ સમજાવી. આ બધી વાતો સાથે સાથે શ્રી ઉમાસ્વાતિની નીજી પ્રતિભા હતી કે એમને આ ગ્રંથ લખવાની પ્રેરણા થઈ.

અગણિત જીવો આ સંસારમાં છે જેમની એક જ ઈચ્છા છે-સુખ પ્રાપ્તિ. આ જીવોને બે વિભાગમાં વહેંચી શકાય. એક, જેમના સુખનો આધાર બહાર છે અને બીજા, જેમના સુખનો આધાર બહારની વસ્તુઓ ન હોતા અધ્યાત્મની ઊંચાઈઓને આંબવાનો છે. જેમનું સુખ બહાર છે એને કામ અને જેનું સુખ પોતાનામાં છે એને મોક્ષ કહેવાય છે. જ્યારે અર્થ અને સંપત્તિ અને ધર્મ અથવા ધાર્મિક આચારસંહિતા પુરુષાર્થમાં ભળે છે ત્યારે કામ અને મોક્ષની પ્રાપ્તિ થાય છે. બેશક, અર્થ કામનું અને ધર્મ મોક્ષનું કારણ છે. તત્ત્વાર્થસૂત્રનો મુખ્ય વિષય મોક્ષ છે એટલે 'ધર્મ' મોક્ષ માર્ગ છે એ સહુથી પહેલું સૂત્ર છે. સમ્યક્ દર્શન, સમ્યક્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર મોક્ષ માર્ગ છે. એ ત્રણેના સંગમથી જ મોક્ષ પ્રાપ્ત થઈ શકે છે અન્યથા નહીં. જેમ તેરમા ગુણસ્થાન ઉપર સમ્યક્ દર્શન અને જ્ઞાન હોવા છતાં પણ મોક્ષ પ્રાપ્ત નથી થતો કારણ કે યોગની હાજરીમાં સમ્યક્ ચારિત્ર ન થઈ શકે. ✷✷✷

૨૦૧, ભૈરવ દર્શન, જે. બી. માર્ગ, મુંબઈ-૪૦૦૦૧૩
મોબાઈલ : ૯૮૨૦૬૯૭૬૫૭. ટેલિફોન : ૦૨૨-૨૪૩૮૩૩૫૭.

# પંથે પંથે પાથેય...

## નવકાર મંત્રમાં આસ્થા અને આત્મશક્તિનો અનુભવ

❑ સુધા એસ. શાહ

જૂન ૨૦૦૪ બપોરે ૪ વાગે ઉપાશ્રયથી પાછા ફરતાં કાર ચલાવતાં ચલાવતાં આંખોના પોપચાં બંધ થવાની માત્રા વધતી ગઈ. ઘરે આવીને કહી દીધું, 'હું માંગુ તો પણ મને ગાડી ચલાવવા નહીં આપતાં. મારી આંખ વારે-વારે બંધ થઈ જાય છે, જેથી અકસ્માત થવાની શક્યતા વધી જાય.' પહેલેથી જ મનમાં એક સંકલ્પ કર્યો હતો કે હું ૩૦ વર્ષથી ગાડી ચલાવું છું પરંતુ (૧) અભિમાન નહીં આવવા દેવું અને (૨) અકસ્માત ન થવા દેવો...અને એવું થવાની શક્યતા લાગે તો હે પ્રભુ સૌથી પ્રથમ કાર ચલાવવાનું બંધ કરાવી દેજે.

આંખ અચાનક જ બંધ થઈ ગઈ, થયું કે તેમાં પણ કંઈક સંકેત હશે? શું કરવું? તેની કાંઈ સમજ નહોતી પડતી. જેમ જેમ સર્વજન સાંભળે તેમ જોવા આવે, પૂછે 'એમ આંખ બંધ થાય ખરી?' સર્વને આશ્ચર્ય લાગે. નવા-નવા પ્રયોગો અને ટ્રીટમેન્ટ બતાવે, જ્યાં જે કહે ત્યાં ફોન કરીને પહોંચી જઈએ પરંતુ પૈસાના પાણી, હાલાકીનો પાર ન રહે, અને પરિણામ શૂન્ય.

મને તો હાથ પકડીને લઈ જવી પડે. મગજના ડૉક્ટરને બતાવ્યું. કહે, 'આ બિમારીનું નામ Blafro Spasm છે, આનો હજી સુધી કોઈ ઉપાય શોધાયો નથી.' સાંભળીને તો થોડા નાસીપાસ થઈ ગયા.

નદીના પ્રવાહમાં લાકડું અથડાતું-કુટાતું જેમ આગળ વહેતું રહે તેમ અમારી જીવનનૈયા સમયના પ્રવાહમાં ઈલાજના અખતરાં કરવામાં, ચડાવ-ઉતાર સાથે અથડાતા-કૂટાતા અંધકારમાં આશાના કિરણની શોધમાં અમે જીવી રહ્યાં હતાં. મૃત્યુએ ટકોરા માર્યાં. ડાયાબિટિસ ૩૦૦ ઉપર થઈ ગયું. આવા સંજોગોમાં પણ એક નિશ્ચય કરવાની શક્તિ સાંપડી. મેં મારા મગજના ડૉક્ટરને કહી દીધું: 'મારે હવે કોઈ અખતરા નથી કરવા, આંખને માટે જે દવા ચાલુ રાખું તે મારી દૃષ્ટિ ખરાબ કરે, તે લેવાથી સારું તો નથી જ થવાનું. તેથી મારે તે દવા નથી લેવી. હું મારી રીતે ધર્મના સહારે શાંતિથી જીવવા માંગુ છું.'

મારા અંતરાત્માનો અવાજ મને કહે-'મેં પૂર્વે કોઈ ભવમાં રમતાં-રમતાં માછલીઓની આંખો બંધ કરી હતી. જે કર્મ બે ઘડીનું બંધાયું હતું, જેથી મારી આંખો ૨થી ૩ વર્ષ બંધ રહેશે.

બાળપણથી જ જન્મના તથા માવતરના સંસ્કારનાં કારણે જૈન ધર્મની શ્રદ્ધા મજબૂત હતી. કોઈએ કહ્યું તે મુજબ એક જ સમય અને સ્થળે બેસી બાંધી નવકારવાળી અને ૧૧ શાંતિનાથ ભગવાનની માળા ૨૧ દિવસ કરી. તે સમયે મારી આંખો બરાબર ખુલ્લી રહેતી હતી. પ્રતિક્રમણ કરવા ઉપાશ્રય જતી. પ્રતિક્રમણ બોલું તેટલો સમય આંખો બરાબર ખુલ્લી રહેતી. સાયનના માવડીઓનો, તેમાં પણ જયાબાનો કેટલો મોટો ઉપકાર હતો, તેઓ કહે- 'બેટા! તું જ આખું પ્રતિક્રમણ બોલાવ, ભલે ભૂલ પડે અમે સુધારીશું. ઉપરાંત તેટલો સમય તારી આંખ ખુલ્લી તો રહેશેને? બંધ આંખે તને કેટલી મૂંઝવણ થતી હશે?'

આંખો બંધ થઈ તેના આગલા વર્ષે પહેલી વખત હું ભગવાન મહાવીર સ્વામીની સ્તુતિ, સમૂહ જાપ કરવા ઉપાશ્રય ગઈ. મને તો પુસ્તકમાં જોઈને પણ શબ્દો પકડતાં વાર લાગે અને બધા તો જલ્દી જલ્દી બોલે. ત્યાર બાદ ગાથા શીખવાનું શરૂ કર્યું. ૯ ગાથા જ મોઢે થઈ હતી. આ વખતે પણ સમૂહ-જાપ માટે સવારે ઘરકામ કરતી દીકરી મને મૂકવા આવી પરંતુ સમૂહ જાપ ન હતા. નિરાશ થઈ ઘરે આવી. આંખમાં પશ્ચાત્તાપના બે આંસુ આવી ગયાં. મનની પ્રબળ ઈચ્છાએ જોર પકડ્યું. જૈન સ્તુતિ હાથમાં લીધી. અંતરાત્માએ ઠપકો આપ્યો, 'અરે? મૂર્ખી તું જોઈ નથી શકતી, આવડતું પણ નથી. તો પછીનું પુસ્તક હાથમાં શા માટે પકડે છે? મન કહેતું રહ્યું અને ૯ ગાથા સુધી બોલીને પુસ્તકમાં જોવાનો પ્રયત્ન કર્યો. આંખ ખુલ-બંધ થતાં થતાં ૧૦મી, ૧૧મી, તે રીતે ૨૯ ગાથા પૂરી કરી. આંખ સરસ ખુલી ગઈ અને ત્રણ દિવસ સવાસો ગાથા કરી. ઉપાશ્રય એકલી જતી આવતી. નવા વર્ષે વહેલી સવારે પ્રાર્થનામાં ગઈ. ઘરે આવી અને ફરીથી આંખો બંધ થવા માંડી!

પુચ્છિસુણં અને પ્રતિક્રમણ બન્ને બરાબર આવડી ગયા છે. પુચ્છિસુણં બોલવાની ૧ વર્ષ માટે બાધા કરી.

કોઈનો પણ સહારો લેવાનો બંધ કરી, પોતાની જાતે જીવવાનું શરૂ કર્યું. હિંમત કરીને નવકાર-મંત્રના સ્મરણ સાથે ડગલું માંડતી. ઉપાશ્રય જતી, ઘરનાં દરેક કાર્ય નવકારના સ્મરણ તથા મહાવિદેહ રૂડું તે સ્તવનના સ્મરણ સાથે એકે એક કાર્ય સાવધાનીથી કરતી. આંખ તો સતત ખુલ બંધ થતી તેની સાથે માથું હાથ બધું ખેંચાણના કારણે હલી જાય. સવારે ચા-દૂધ વિગેરે કાર્યો અઘરાં પડતાં હતાં, પરંતુ દેવ-ગુરુ-ધર્મની કૃપાથી મારું આત્મિકબળ વધતું ગયું. બસ-ટ્રેનમાં જવું, રોડ ક્રોસ કરવા વિગેરે નવકાર મંત્રના સ્મરણથી હિંમતથી કરવા લાગી. આજે ૬ વર્ષ બાદ પણ આંખો ખુલ-બંધ થાય જ છે. છતાં હું મારા જીવનની નૌકા ખૂબ સરસ રીતે, જરાપણ ઢીલા પડ્યા વિના ચલાવી શકું છું. જો હું હિંમત હારીને મનથી તૂટી પડી હોત તો ડિપ્રેશનમાં જતી રહેત અને મારું ઘર તથા જીવન ચલાવવું તો મુશ્કેલ થઈ પડત, ઉપરાંત ઘરમાં બીજું કોઈ નહીં હોવાના કારણે પતિ-દેવની માનસિક હાલત બગડી જાય.

હજુ તો આ બધું ઓછું હતું તેમાં પતિ સુરેશ લિફ્ટના ખાડામાં પડી ગયા, તે સમયે તો બચવાની કોઈ જ શક્યતા ન હતી. લોખંડની સ્પ્રીંગ ઘૂંટણમાં ઘુસી ટુકડા કરી નાખ્યા. તેમની સેવા માટે ડૉક્ટર પાસે લઈ જવા વિગેરે નવકાર-મંત્રના સ્તવન સાથે કાર ડ્રાઈવીંગ પણ કરી શકી છું.

એક તરફ મારું આત્મિક-બળ તથા મનોબળ વધતું ગયું તેની સાથે સાથે શરીરનો ઉપદ્રવ પણ વધતો જ જતો હતો. મન કહે આધ્યાત્મિક રસ્તે આગળ વધવું જ છે, ત્યારે તન થતા બાહ્ય સંજોગો કહે, 'હું જરાપણ તને સાથ નહીં આપું.' આજ કર્મ તથા આજ જીવ અને અજીવના-તત્ત્વનું યુદ્ધ મને જણાયું.

આ બધી કસોટીમાંથી પસાર થતાં થતાં-ભગવાનની ગુણ-સ્તુતિ, નામ-સ્મરણ, શ્રદ્ધા, નવકાર-મંત્ર પરની આસ્થા મજબૂત બનતી ગઈ અને મારા જીવે-જીવમાત્ર સાથેની ક્ષમાપના હરપળ કરવા માંડી.

આને ચમત્કાર કહો? કે પછી મારી શ્રદ્ધા કહો? કે પછી પુણ્યનો ઉદય કહો? કે પછી જિન-શાસન દેવની સહાય કહો? કે પછી મારા ઉપર કોઈનો મોટો ઉપકાર કહો? આ બધું જ મને તેનું ફળ લાગે છે.

આ અનુપ્રેક્ષાનાં આધારે જ-એ શ્રદ્ધા, એ શક્તિ, એ આસ્થા, એ આત્મ-બળ તથા એ મનોબળ દૃઢ થતાં ગયા તથા લેખન-કાર્ય, વાંચનકાર્ય, એકાંતમાં રહેવાની આદત, જાત સાથે, પશુ-પંખી સાથે વાતો કરવાની અને કુદરતના ખોળે રહેવાની આદત વધુ ને વધુ કેળવાતી ગઈ. જેથી મને અનેક કષ્ટો વચ્ચે પણ અંદરથી જે આનંદની અનુભૂતિ થાય છે તે અનુભવ્યા બાદ મારું સુખ અને ખુશીમાં વધારો થતો ગયો.

પ્રભુ પાસે એ જ પ્રાર્થના કે જેમ હું જીવનના ઝંઝાવાતમાં પણ આત્માના ઉત્થાન અર્થે આત્મ-બળ કેળવી શકી છું અને આત્માના ગુણને ઓળખવા, અનુભવવા અને વધુ ને વધુ ખીલવવાને સમર્થ બનતી ગઈ છું તેવી શક્તિ તથા આત્મબળ સર્વ જન કેળવી શકે.

'પ્રભુ! સર્વ જીવોને એ શક્તિ પ્રાપ્ત કરાવે.'

સર્વથા સૌ સુખી થાઓ, સર્વત્ર શાંતિ વિસ્તરો.

ઓમ શાંતિ: શાંતિ: શાંતિ: ✱ ✱ ✱

પ્લોટ નં. ૮૮/એ, 'આશા' બિલ્ડિંગ,
અભિનંદન સ્વામી માર્ગ, સાયન (પશ્ચિમ),
મુંબઈ-૪૦૦ ૦૨૪. Mobile :9987902866

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57.
Licence to post without prepayment.No.MR/Tech/ WPP-290/South – 290/2009-11
Posted at Patrika Channel sorting office Mumbai-400 001 On 16th of every month • Regd. No. MH / MR / SOUTH-146 / 2009-11



# પર્યુષણ વ્યાખ્યાનમાળા – ૨૦૧૦

## આર્થિક સહયોગ : સેવંતીલાલ કાન્તિલાલ ટ્રસ્ટ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી પ્રત્યેક વર્ષે યોજાતી **વ્યાખ્યાનમાળા આ વર્ષે ૭૬મા વર્ષમાં પ્રવેશે છે.**
શનિવાર, ૪-૯-૨૦૧૦ થી શનિવાર તા. ૧૧-૯-૨૦૧૦ સુધી રોજ બે વ્યાખ્યાનો.
સ્થળ : પાટકર હૉલ, ન્યુ મરીન લાઈન્સ, મુંબઈ-૪૦૦ ૦૨૦.
પ્રથમ વ્યાખ્યાન : સવારે ૮-૩૦ થી ૦૯-૧૫. દ્વિતીય વ્યાખ્યાન : સવારે ૯-૩૦ થી ૧૦-૧૫
**પ્રમુખ સ્થાન : ડૉ. ધનવંત શાહ**

| દિવસ તારીખ | સમય | વ્યાખ્યાતાનું નામ | વિષય |
|---|---|---|---|
| શનિવાર ૪-૯-૨૦૧૦ | ૮-૩૦ થી ૯-૧૫<br>૯-૩૦ થી ૧૦-૧૫ | પૂ. શ્રમણીજી વિપૂલ પ્રજ્ઞાજી<br>ડૉ. સર્વેશ વોરા | આચાર્ય ગુરુદેવ મહાપ્રજ્ઞજીની વિચારધારા<br>લોગસ્સ સૂત્ર–વિશ્વ ઝંખના |
| રવિવાર ૫-૯-૨૦૧૦ | ૮-૩૦ થી ૯-૧૫<br>૯-૩૦ થી ૧૦-૧૫ | ડૉ. નલિની મડગાંવકર<br>ડૉ. ગુણવંત શાહ | ગીતાંજલિની આધ્યાત્મિકતા<br>ધર્મના ખોળામાં માનવતા |
| સોમવાર ૬-૯-૨૦૧૦ | ૮-૩૦ થી ૯-૧૫<br>૯-૩૦ થી ૧૦-૧૫ | પ. પૂ. આ. વાત્સલ્યદીપજી મ.સા.<br>શ્રી વલ્લભભાઈ ભંશાલી | આરાધના અને પ્રભાવના<br>વ્યાપાર, ધર્મ અને વિજ્ઞાન |
| મંગળવાર ૭-૯-૨૦૧૦ | ૮-૩૦ થી ૯-૧૫<br>૯-૩૦ થી ૧૦-૧૫ | શ્રીમતી રૂપા મધુ શાહ<br>શ્રી અજય ઉમટ | સમવસરણ<br>ધર્મ : બાવીસમી સદીમાં |
| બુધવાર ૮-૯-૨૦૧૦ | ૮-૩૦ થી ૯-૧૫<br>૯-૩૦ થી ૧૦-૧૫ | શ્રીમતી શૈલજા ચેતન શાહ<br>ડૉ. નરેશ વેદ | જૈન ધર્મની ચાર – ભાવના<br>કપિલ ગીતા |
| ગુરુવાર ૯-૯-૨૦૧૦ | ૮-૩૦ થી ૯-૧૫<br>૯-૩૦ થી ૧૦-૧૫ | શ્રીમતી ઝેના સોરાબજી<br>શ્રી ભાગ્યેશ જહા | બહાઈ ધર્મ<br>સત્ય ધર્માય |
| શુક્રવાર ૧૦-૯-૨૦૧૦ | ૮-૩૦ થી ૯-૧૫<br>૯-૩૦ થી ૧૦-૧૫ | પૂ.યતિવર્ય ડૉ.વસંત વિજયજી મ.સા.<br>શ્રી પ્રકાશ ન. શાહ | जैन धर्म के अनुष्ठानों में छिपा हुआ रहस्यमय विज्ञान<br>ટૉલ્સટોયથીગાંધી – અભિનવ ધમ યાત્રા |
| શનિવાર ૧૧-૯-૨૦૧૦ | ૮-૩૦ થી ૯-૧૫<br><br><br>૯-૩૦ થી ૧૦-૧૫ | પ. પૂ. સંતશીરોમણી ૧૦૮ આચાર્ય<br>શ્રી વિદ્યાસાગરજી મહારાજની સુશિષ્યા<br>બા. બ્ર. સુશીલા દીદી<br>ડૉ. કુમારપાળ દેસાઈ | <br><br>સમયસાર<br>ક્ષમાપનાનું હાર્દ |

ભજનો સવારે ૭-૩૦ થી ૮-૨૫. **સંચાલન : શ્રીમતી નીરૂબેન એસ. શાહ.** ભજનો રજૂ કરશે અનુક્રમે (૧) શ્રીમતી ઉર્વશી શાહ (૨) શ્રીમતી અનુરાધા દામલે (૩) લલિતભાઈ દમણિયા (૪) શ્રીમતી ઉષાબેન ગોસલિયા (૫) શ્રીમતી અલકા શાહ (૬) શ્રી ગૌતમ કામત (૭) શ્રીમતી સીમા ગોસલિયા અને (૮) શ્રીમતી શ્રીમતી ગાયત્રી કામત.

પ્રત્યેક દિવસના બન્ને વ્યાખ્યાનો તેમ જ ભક્તિ સંગીતની સી. ડી. શ્રી કાંતિલાલ રમણલાલ પરીખ (દિલ્હીવાળા) તરફથી બીજે દિવસે પધારનાર સર્વ શ્રોતાઓને પ્રભાવના સ્વરૂપે અર્પણ કરવામાં આવશે. આ સર્વ વ્યાખ્યાનો યુવક સંઘની વેબ સાઈટ ઉપર આપ સાંભળી શકશો.

**આ વ્યાખ્યાનોનો લાભ લેવા સંઘના સર્વ શુભેચ્છકો અને મિત્રોને ભાવભર્યું નિમંત્રણ છે.**

| | | | | |
|---|---|---|---|---|
| ભૂપેન્દ્ર ડી. જવેરી | ચંદ્રકાન્ત દીપચંદ શાહ | રસિકલાલ લહેરચંદ શાહ | નિરુબેન એસ. શાહ<br>ધનવંત ટી. શાહ | વર્ષાબહેન રજજુભાઈ શાહ |
| કોષાધ્યક્ષ | ઉપપ્રમુખ | પ્રમુખ | મંત્રીઓ | સહમંત્રી |

- પર્યુષણ પર્વ દરમ્યાન દર વર્ષે સંઘની કાર્યવાહક સમિતિએ નક્કી કરેલી સંસ્થા માટે અનુદાન કરવાની વિનંતિ કરવામાં આવે છે.
- આ વર્ષે સંઘે **સ્વરાજ આશ્રમ વેડછી, તા. વાલોડ જિલ્લો સુરત**ને આર્થિક સહાય કરવી એમ ઠરાવ્યું છે તેના માટે ટહેલ નાખવામાં આવે છે.
- સંઘ તરફથી ૧૯૮૫ થી આ પ્રથા શરૂ કરી, ૨૫ સંસ્થાઓને આજ સુધી આશરે ત્રણ કરોડ ઉપર જેવી માતબર રકમ સહાય તરીકે મેળવી આપી છે.
- દાન આપનારને આવકવેરાની કલમ 80 G અન્વયે કરમુક્તિનું પ્રમાણપત્ર આપવામાં આવે છે.

Printed & Published by Nirooben Subhodbhai Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temporary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.